स्व. भाई शांतिलाल मणिलाल झवेरीना स्मरणार्थ

ॐ

# श्रीउडुदायप्रदीपः

अथवा

## लघुपाराशरी

---

विवरणसहितभाषांतरकर्ता


शास्त्री तुलजाशङ्कर धीरजराम पंड्या

( सनातनधर्ममार्तंडः )

( राजपीपलासंस्थानान्तवर्तिनर्मदातटस्थ "भालोद" ग्रामनिवासी )



( सर्व हक भाषान्तरकर्ताने स्वाधीन छे. )


---


प्रकाशकः

श्री. कनैयालाल मणिलाल झवेरी

मूल्यः- रु. [illegible]५०

आवृत्ति १ ली प्रत २०००

संवत् २०१० सन १९५४ शाक १८७६

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ... ... ૨
**અર્પણપત્રિકા** ... ... ૫
સુભાષિતાનિ ... ... ૬
પ્રાસ્તાવિકમ્ ... ... ૭
સ્વ. શાંતિલાલની લઘુ જીવનરૂપરેખા ૧૩
મંગલાચરણ, નિવેદન ... ૧૭

**૧ સંજ્ઞાધ્યાય**

મંગલ ... ... ... ૧
વિંશોત્તરી દશાનો ક્રમ ... ૪
વિંશોત્તરી મહાદશામાં અંતર્દશાના કોઠાઓ ... ... ૮
અષ્ટોત્તરી દશાનો ક્રમ ... ૯
અષ્ટોત્તરી મહાદશામાં અન્તર્દશાઓના કોઠા ... ... ૧૨
લગ્નાદિ બાર ભુવનનાં નામો ... ૧૫
દરેક ભુવનમાં જોવાની બાબતો ૧૬
દરેક ભાવમાં જોવામાં આવતી વિશેષ બાબતો ... ૧૭
રાશિસંબંધી વિવેચન ... ૧૯
રાશિઓના વર્ણાદિનો કોઠો ... ૨૧
ગ્રહો સંબંધી વિશેષ વિવેચન ૨૨
ગ્રહોના મિત્રાદિનો કોઠો ... ૨૪
ગ્રહોના ઉચ્ચ, નીચ તથા મૂલ–ત્રિકોણ ... ... ૨૫
ગ્રહોનું રાશ્યાદિકદર્શક કોષ્ટક ... ૨૬
ગ્રહોની ધાતુઓ વિગેરે, દાન અને જપ સંખ્યા ... ... ૨૯
(દૃષ્ટિ) ગ્રંથાંતરની ચરણદૃષ્ટિ ૩૧
ગ્રહોની દૃષ્ટિનો કોઠો ... ૩૨
ગ્રહોનું અધિપતિ તરીકેનું ફળ ,,
શુભ અને ક્રૂર ગ્રહોનું વિપરીત ફળ અને પ્રાબલ્ય ... ૩૩
બીજા અને બારમાના સ્વામીઓનું ફળ ... ... ... ૩૫
ગ્રહોના દીપ્તાદિ ભેદ અને ફળ ... ૩૬
ગ્રહોની બાલાદિ અવસ્થા અને ગર્વિતાદિ ભાવ ... ... ૪૧
બાલાદિ અવસ્થાનું કોષ્ટક ... ,,
ગર્વિતાદિ ભાવોનું કોષ્ટક ... ,,
દીપ્તાદિ ગ્રહોનાં લક્ષણ અને ફળો ૪૨
ગર્વિતાદિ ગ્રહોનાં લક્ષણ અને ફળો ૪૩
બાલાદિ ગ્રહોનું ફળ ... ... ,,
અષ્ટમસ્થાનના અધિપતિસંબંધી શુભાશુભ ફળ ... ... ૪૪
શુભ ફળ આપનાર અષ્ટમેશ કુંડલી ,,
ગુરુ અને શુક્ર ક્યારે હાનિકારક થાય ? ... ... ૪૫
ગુરુના મારકત્વ તથા કેન્દ્રાધિપતિત્વની કુંડલીઓ ... ૪૬
શુક્રનું મારકત્વ તથા કેન્દ્રાધિપતિત્વની કુંડલી ... ... ૪૭
કયા કયા ગ્રહોનો કોનાથી ઓછો દોષ છે ? ... ... ,,
મારકેશ તથા કેન્દ્રાધિપતિ બુધ–કુંડલી ... ... ૪૮
મારકેશ તથા કેન્દ્રાધિપતિ ચંદ્ર તથા અષ્ટમેશ સૂર્ય–કુંડલી ... ,,
અષ્ટમેશ તરીકે ચંદ્ર–કુંડલી ... ૪૯
મંગલ ક્યારે શુભાશુભ ફળ આપે ? ,,
મંગળનું કર્મ ત્રિકોણાધિપતિત્વ-કુંડલી ૫૦

**મેષાદિ લગ્નોના યોગફળનો વિચાર**

મેષાદિ લગ્નોમાં કયા કયા ગ્રહ કેવાં શુભાશુભ ફળ આપે (ગ્રંથાંતર) ૫૧
મેષલગ્નમાં ગ્રહોનું ફળ ... ૫૨

મેષલગ્નની કુંડલી ... ... ૫૩
મેષલગ્નના શુભાશુભ યોગો ... ૫૪
વૃષભલગ્નમાં ગ્રહોનું ફળ ... ૫૬
વૃષભલગ્નની કુંડલી ... ... ,,
વૃષભલગ્નના શુભાશુભ યોગો ... ૫૮
મિથુનલગ્નના ગ્રહોનું ફલાદેશ ... ૫૯
મિથુનલગ્નની કુંડલી ... ,,
મિથુનલગ્નના શુભાશુભ યોગો ... ૬૧
કર્કલગ્નમાં ગ્રહોનું ફળ ... ,,
કર્કલગ્નની કુંડલી ... ... ૬૨
કર્કલગ્નના શુભાશુભ યોગો ... ૬૩
સિંહલગ્નમાં ગ્રહોનું શુભાશુભ ફળ ૬૪
સિંહલગ્નની કુંડલી ... ... ,,
સિંહલગ્નના શુભાશુભ યોગો ... ૬૬
કન્યાલગ્નમાં ગ્રહોનું ફળ ... ,,
કન્યાલગ્નની કુંડલી ... ... ૬૭
કન્યાલગ્નના શુભાશુભ યોગો ... ૬૯
તુલાલગ્નમાં ગ્રહોનાં શુભાશુભ ફળ ,,
તુલાલગ્નની કુંડલી ... ... ૭૦
તુલાલગ્નના શુભાશુભ યોગો ... ૭૨
વૃશ્ચિકલગ્નમાં ગ્રહોનાં ફળ ... ૭૩
વૃશ્ચિકલગ્નની કુંડલી ... ,,
વૃશ્ચિકલગ્નના શુભાશુભ યોગો ... ૭૫
ધનલગ્નમાં ગ્રહોનાં શુભાશુભ ફળ ૭૬
ધનલગ્નની કુંડલી ... ... ,,
ધનલગ્નના શુભાશુભ યોગો ... ૭૮
મકરલગ્નમાં ગ્રહોનાં ફળ ... ૭૯
મકરલગ્નની કુંડલી ... ... ૮૦
મકરલગ્નના શુભાશુભ યોગો ... ૮૧
કુંભલગ્નમાં ગ્રહોનાં ફળ ... ૮૨
કુંભલગ્નની કુંડલી ... ... ,,
કુંભલગ્નના શુભાશુભ યોગો ... ૮૪
મીનલગ્નમાં ગ્રહોનાં ફળ ... ૮૫
મીનલગ્નની કુંડલી ... ... ૮૬
મીનલગ્નના શુભાશુભ યોગો ... ૮૯
રાહુકેતુ સંબંધી સંયોગપરત્વે ફળ ૯૨


## ૨ राजयोगाध्यायः


**ગ્રહોના પરસ્પરના સંબંધો** ૯૫
અન્યોન્ય રાશિસ્થિત સંબંધ-કુંડલી ૯૬
પરસ્પરદૃષ્ટિસંબંધ–કુંડલી ... ૯૭
અન્યતરદૃષ્ટિસંબંધ–કુંડલી ... ,,
સહાવસ્થાનસંબંધ–કુંડલી ... ૯૮
સહસ્થાનસ્થિતાધિપત્ય–કુંડલી ... ૯૯
**અન્ય યોગો**
સહસ્થાનસ્થિતાધિપત્યસંબંધ–કુંડલી ૧૦૦
અનેક યોગની ધનભુવનની કુંડલી ૧૦૧
ઉપરોક્ત ત્રણ યોગોની કુંડલીઓ ૧૦૨
કેન્દ્રત્રિકોણના અધિપતિઓના યોગ ૧૦૩
યોગકારક ગ્રહોની દશામાં ગ્રહોની અંતર્દશા બાબતનો યોગ ... ૧૦૪
કેન્દ્રત્રિકોણાધિપતિના યોગમાં યોગકારકત્રિકોણાધિપતિનો યોગ ૧૦૬
મતાન્તરની કુંડલી ... ... ,,
શ્લોકોક્ત રાજયોગની કુંડલી ... ૧૦૭
રાહુકેતુનો અન્ય ગ્રહ સાથેનો ઉત્તમ પ્રકારનો રાજયોગ ... ,,
રાહુના રાજયોગની કુંડલી ... ૧૦૮
નવમા અને દશમાના અધિપતિઓનો થતો યોગભંગ ... ૧૦૯
રાજયોગભંગની કુંડલી (જુદી કુંડલી) ૧૧૦
ગ્રંથાંતરમાંના રાજયોગો (૧૩૫) ૧૧૨
રાજયોગોનું ફળ ક્યારે મળે ?... ૧૨૩
રાજયોગોના ભંગકારક યોગો ... ૧૨૪


## ૩ आयुर्दायाध्यायः



આયુષ્યસ્થાન અને મારકસ્થાનની સંજ્ઞા ... ... ... ૧૨૭

આયુષ્યસ્થાન અને મારકસ્થાનની કુંડલી. ... ... ૧૨૭
મારકસ્થાન સંબંધમાં કંઈક વિશેષતા ૧૨૯
ગ્રહાદિ ક્યારે અશુભ ફળ આપે ? ૧૩૧
અનિષ્ટ ફળ માટેનો અન્ય સમય ૧૩૨
બીજા યોગથી થતો મૃત્યુનો યોગ ૧૩૩
મારક ગ્રહોના યોગોમાં શનિસંબંધમાં ખાસ મારક યોગ ... ૧૩૫
શનિના મારકયોગની કુંડલી ... ૧૩૬
**આયુષ્યસંબંધી ગ્રંથાંતરના યોગો ( ૧૧૭ )... ... ૧૩૮**
પૂર્ણ આયુષ્યના યોગો ... ૧૪૭

**૪ अन्तर्दशाध्यायः**

ગ્રહોના શુભાશુભ ફલોનો સમય ૧૪૮
કયા ગ્રહોની મહાદશા અથવા અંતર્દશામાં ગ્રહો પોતાની દશાનું શુભાશુભ ફળ આપે ... ૧૫૦
દશાના સ્વામીથી વિરુદ્ધ ફળ આપનાર બીજા ગ્રહોનું ફલાનુસંધાન ૧૫૧
કેંદ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિની અંતર્દશામાં ક્યારે શુભાશુભ ફળ મળે ... ... ૧૫૨
મારક ગ્રહોની દશામાં મળતાં શુભાશુભ ફળો ... ... ૧૫૩
દશાના સ્વામિસંબંધિત અન્ય ગ્રહોની દશાઅંતર્દશામાં કેવું ફળ મળે ... ... ૧૫૪
રાજયોગ કરનાર ગ્રહનું રાજયોગનું ફળ પોતાની દશામાં ક્યારે મળે? ૧૫૬
રાહુ તથા કેતુ જ્યારે યોગકારક થાય ત્યારે તેનું ફળ ક્યારે મળે? ૧૫૭
પાપી દશાના સ્વામીઓનું ફળ તથા બીજા ગ્રહોની દશાનું મિશ્ર ફળ ૧૫૮
મારક ગ્રહની મહાદશામાં અન્ય શુભ ગ્રહોની અંતર્દશા આવતાં કેવું ફળ મળે? ... ... ૧૬૦
શનિ તથા શુક્રની દશા અંતર્દશાનું ક્યારે કેવું ફળ મળે ? ... ૧૬૧
બીજા કેટલાક રાજયોગનું કથન ૧૬૩
ગ્રહની દશા ન આવી હોય ત્યાં સુધી ગ્રહનું શુભાશુભ ફળ મળતું નથી ૧૬૪
ખાસ કરીને વિશેષ યોગ ... ૧૬૫
અન્ય રાજયોગોનું કથન ... ૧૬૬
ગ્રહો શુભાશુભ ફળ કયારે આપે ? ૧૬૭
**વિંશોત્તરી મહાદશા માટે ગ્રંથાંતર વિભાગ ... ૧૬૮**
ગ્રહોની વિંશોત્તરી મહાદશાઓનું ફળ ,,
અંતર્દશા બાબત ... ... ૧૬૯
વિંશોત્તરી મહાદશામાં દરેક ગ્રહની અંતર્દશાનું ફળ ... ... ૧૭૦
સૂર્યની મહાદશામાં અંતર્દશાનું ફળ ,,
ચંદ્રની મહાદશામાં અંતર્દશાનું ફળ ૧૭૧
મંગળની મહાદશામાં અંતર્દશાનું ફળ ૧૭૨
રાહુની મહાદશામાં અંતર્દશાનું ફળ ,,
ગુરુની મહાદશામાં અંતર્દશાનું ફળ ૧૭૩
શનિની મહાદશામાં અંતર્દશાનું ફળ ,,
બુધની મહાદશામાં અંતર્દશાનું ફળ ૧૭૪
કેતુની મહાદશામાં અંતર્દશાનું ફળ ,,
શુક્રની મહાદશામાં અંતર્દશાનું ફળ ૧૭૫
ગ્રંથકારનું નિરભિમાનપણું ... ૧૭૬
ગ્રંથકારનું નામ વિગેરે ... ,,

उड्डदायप्रदीपना भाषांतरकर्ता



शास्त्री तुलजाशंकर धीरजराम पंड्या

सनातनधर्ममार्तंड.

| ગ્રંથ અર્પણ કરનાર | ગ્રંથ જેમને અર્પણ કરવામાં આવેલો છે તેઓ | | |
|---|---|---|---|
| **તુલજાશંકર** | **સ્વ. ધનસુખરામ** | **શ્રી. વસંતરામ** | **સ્વ. બાલાશંકર** |



| | | | |
|---|---|---|---|
| જન્મ સંવત્ ૧૯૪૬ દ્વિ. ભાદરવા વદ ૧૩ શનિવાર તા. ૧૧-૧૦-૧૮૯૦ | જન્મ સં. ૧૯૩૪ ચૈત્ર વદ ૭ મંગળવાર તા. ૩૦-૪-૧૮૭૮ સ્વ. સં. ૨૦૦૩ માઘ વદ ૧૨ સોમવાર તા. ૧૭-૨-૧૯૪૭ | જન્મ સંવત્ ૧૯૩૭ ભાદરવા વદ ૭ બુધવાર તા. ૨૧-૯-૧૮૮૧ | જન્મ સં. ૧૯૪૩ જેઠ વદ ૧૩ રવિવાર તા. ૧૯-૬-૧૮૮૭ સ્વ સં ૨૦૦૦ વૈશાખ શુદ ૧૦ બુધવાર તા. ૩-૫-૧૯૪૪ |

॥ શ્રીઃ ॥

# અર્પણપત્રિકા

## પરમપૂજ્ય જ્યેષ્ઠબંધુઓ

### સ્વ. ધનસુખરામ, શ્રી. વસંતરામ તથા સ્વ. બાલાશંકર !

બંધુપ્રેમની દૃઢગ્રંથિથી બંધાયલાં અને રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન જેવા આદર્શ ભ્રાતૃભાવથી ઓતપ્રોત થએલાં આપણાં જીવનમાં પ. પૂ. માતાપિતાજીની પવિત્ર છાયામાં રહીને પણ ભ્રાતૃભાવના અપૂર્વસ્નેહથી જ્યેષ્ઠબંધુઓ તરીકે તમે તમારો ધર્મ બજાવતાં મારા તરફના લઘુબંધુત્વના અપૂર્વવાત્સલ્યપ્રેમથી મારા જીવનને ઉત્કૃષ્ટતાની પરમ કોટિ તરફ લઈ જવા જે અપૂર્વ ભાગ ભજવ્યો છે, અને યુગધર્મ પ્રમાણે વ્યક્તિમાત્રની માનસિક વૃત્તિઓનું પરિવર્તન થાય છે છતાં પણ દૃઢતાથી એ ગ્રથિત થએલા હૃદયૈક્યના પ્રેમહ્રદમાંથી વિશુદ્ધભાવનામૃતનું સિંચન કરતાં અમીદૃષ્ટિથી મારા પ્રત્યે ભ્રાતૃપ્રેમનો જે આદર્શભાવ બતાવેલો છે તે મારા પ્રત્યેના એ અપૂર્વ પ્રેમના ઋણમાંથી મુક્ત થવા હું કોઈ પણ રીતે સમર્થ નથી, તો પણ તમારા તે ઋણમાંથી કિંચિત્ અંશે પણ મુક્ત થવાની ઇચ્છાથી મારી હૃદ્ગત સદ્ભાવનાને–પૂજ્યભાવને–જો કોઈ પણ રીતે હું વ્યક્ત કરી શકતો હોઉં તો તમારા એ બંધુપ્રેમના સ્મારક તરીકે આ જ્યોતિષનો ઉત્તમ ગ્રંથ "**ઉડુદાયપ્રદીપ**" અથવા "**લઘુપારાશરી**" આપ બંધુત્રયીને જ વંદનપૂર્વક અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

મુંબઈ, સં. ૨૦૧૦ વૈશાખ શુકલ ૩
અક્ષયતૃતીયા બુધવાર,
તા. ૫–૫–૧૯૫૪

તમારો ઋણી લઘુબંધુ
**તુલજાશંકર**

॥ श्रीगणेशाय नमः ॥

# ॥ सुभाषितानि ॥

एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान् परित्यज्य ये
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ॥
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥ १ ॥

गुणायन्ते दोषाः सुजनवदने दुर्जनमुखे
गुणा दोषायन्ते किमिह जगतां विस्मयपदम् ॥
यथा जीमूतोऽयं लवणजलधेर्वारि मधुरं
फणी पीत्वा तोयं वमति गरलं दुःसहतरम् ॥ २ ॥

स्वार्थो विश्वासघातश्च मित्रद्रोहः कृतघ्नता ॥
महापापानि चत्वारि प्राज्ञस्तानि विवर्जयेत् ॥ ३ ॥

भवन्ति नम्रास्तरवः फलोद्गमै-
र्नवाम्बुभिर्भूरि विलम्बिनो घनाः ॥
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥ ४ ॥

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ ५ ॥

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां
जानन्तु ते किमपि तान् प्रति नैष यत्नः
उत्पत्स्यते हि मम कोऽपि समानधर्मा
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ ६ ॥

॥ श्रीगणेशाय नमः ॥

# " પ્રાસ્તાવિકમ્ "

**यस्य लीलां न जानन्ति लीलामात्रविनोदिनः ॥**
**तं वन्दे परमानन्दं श्रीकृष्णं सर्ववल्लभम् ॥ १ ॥**

પરમાત્માની સૃષ્ટિ ક્યારથી ઉત્પન્ન થઈ તે જાણવાને માટે કોઈ શક્તિમાન્ નથી, અનાદિ કાળથી એ ચાલી આવે છે એમ શાસ્ત્રો દ્વારા અટકળથી કહેવામાં આવે છે અને એમ કહ્યા સિવાય આપણો છૂટકો નથી. છતાં જ્યારથી કંઈપણ જાણવામાં આવ્યું છે તે સ્મૃત્યાદિક શાસ્ત્રોને આધારે જ જાણવામાં આવ્યું છે.

બ્રહ્માના મુખમાંથી વેદો નીકળ્યા અને તેથી તે અપૌરુષેય કહેવાય છે. એનાં ૭ અંગો શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ છે. એટલે વેદો અને એનાં અંગો ઉપરાંત બીજી વિદ્યાઓ મળી ચૌદ વિદ્યા માનવામાં આવેલી છે. ભગવાન્ મનુ કહે છે કે, " **पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः ॥ वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥ मनुस्मृति.**—પુરાણ, ન્યાયશાસ્ત્ર, મીમાંસા, ધર્મશાસ્ત્ર, ૭ અંગ અને ચાર વેદ મળી ધર્મ જાણવા માટેની વિદ્યાનાં ચૌદ સ્થાનો છે અર્થાત્ એ ચૌદ વિદ્યા છે. એટલે જ્યોતિષ શાસ્ત્ર એ વેદનું અંગ હોવા સાથે ચૌદ વિદ્યાઓમાં એનું સ્થાન છે.

અત્યારનાં પાઠ્યપુસ્તકોમાં પાશ્ચાત્ય સંસ્કારોથી ઓતપ્રોત થએલા કેટલાક ઇતિહાસકારો કે જેમને ભારતની પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસનું જ્ઞાન હશે કે કેમ તે સમજી શકાતું નથી તેવા ભારતના પ્રાચીન ઇતિહાસને જાણ્યા સિવાય કેવળ પરાશ્રિત વૃત્તિથી વેદો વિગેરે ઈ. સ. પૂર્વે અમુક વર્ષે ઉત્પન્ન થયા અને આર્યો અમુક ઠેકાણેથી અમુક વખતે અહીં આવ્યા એવો ભારતની પ્રાચીન સંસ્કૃતિનો નાશ કરનાર ગપોળીયો ઇતિહાસ ભારતની અત્યારની સંદિગ્ધ જેવી પ્રજાને શીખવીને તેને નાસ્તિકતાના ઊંડા ગર્તમાં ધકેલી મહાઅન્યાય કરી રહેલા છે, અત્યારના એ ઇતિહાસકારોએ ભારતની પ્રાચીન સંસ્કૃતિના ઇતિહાસનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ અને પછી જ લખવું જોઈએ પણ પરંપરાગત ગાડરીઆ પ્રવાહની માફક ચાલવું ન જોઈએ.

અર્થાત્ પ્રસ્તુત વિષયમાં જ્યોતિષ એ વેદાઙ્ગ હોવાથી જ્ઞેય છે, કારણકે કાલનું જ્ઞાન એનાથી જ થાય છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, " **कालः कलयतामस्मि**—સમયની ગણનામાં કાળ એ મારૂં સ્વરૂપ છે, અને તેથી તેવા ભગવાન્‌ના કાલસ્વરૂપનું જ્ઞાન એના સિવાય થઈ શકે તેમ નથી. વળી ભૂગોળ અને ખગોળ એ ઈશ્વરી સૃષ્ટિના વિશિષ્ટ જ્ઞાન માટે પણ જ્યોતિષની જરૂરીઆત છે, કારણ

ભૂગોળમાં ઉત્પન્ન થએલા પ્રાણીઓ પર ખગોળમાં રહેલા ગ્રહાદિકની શી અસર થાય છે તે જ્યોતિષ વિના જાણી શકાતું નથી. આથી જ નારદસંહિતામાં કહેવામાં આવ્યું છે કે, "**सिद्धान्तसंहिताहोरारूपं स्कन्धत्रयात्मकम् ॥ वेदस्य निर्मलं चक्षुः ज्योतिःशास्त्रमनुत्तमम् ॥** સિદ્ધાન્ત, સંહિતા અને હોરા એ ત્રણ શાખારૂપે વેદનું નિર્મળ નેત્ર જો હોય તો તે માત્ર સર્વથી ઉત્તમ એવું જ્યોતિષ શાસ્ત્ર છે." વરાહભટ્ટે પણ કહ્યું છે કે, "**ज्योतिःशास्त्रमनेकभेद-विषयं स्कन्धत्रयाधिष्ठितम्**—જ્યોતિષ શાસ્ત્ર અનેક વિભાગાત્મક અને અનેક વિષયોવાળું છે છતાં મુખ્ય ત્રણ વિભાગરૂપે રહેલું છે.

આ પ્રમાણે જ્યોતિષશાસ્ત્ર એ લૌકિક અને અલૌકિક જ્ઞાન મેળવવા માટે એક દિવ્ય ચક્ષુરૂપ છે એમાં સંશય નથી. ઉપર કહ્યા પ્રમાણે એના મુખ્યત્વે ત્રણ વિભાગ છે: **સિદ્ધાન્ત, સંહિતા** અને **હોરા.**

**૧ સિદ્ધાન્ત :**—સિદ્ધાન્તવિભાગમાં ગણિતનો વિષય આપવામાં આવેલો છે, કે જેના પણ સિદ્ધાન્ત, તંત્ર અને કરણ એમ ત્રણ વિભાગ માનવામાં આવેલા છે.

**૨ સંહિતા :**—સંહિતાવિભાગમાં ગ્રહ, નક્ષત્ર વિગેરેનાં શુભાશુભ ફળ તથા મુહૂર્તાદિકનું વર્ણન આપવામાં આવેલું છે.

**૩ હોરા :**—હોરાવિભાગમાં મનુષ્યોના જન્મસમયે ગ્રહોની જેવી જેવી સ્થિતિ હોય તેને આધારે મનુષ્યો પર તેની જેવી જેવી સારી માઠી અસર થતી હોય અને તેને આધારે તેમના પ્રારબ્ધમાં જે સુખદુ:ખાદિક નિર્માણ કર્યું હોય તેનું દિગ્દર્શન કરવા સંબંધી વિવેચન કરવામાં આવેલું હોય છે અને એનેજ "**જાતક**" અથવા "**ફલાદેશ**" કહેવામાં આવે છે.

સારાવલિમાં એને માટે કહ્યું છે કે "**अर्थार्जने सहायः पुरुषाणामापदार्णवे पोतः ॥ यात्रासमये मंत्री जातकमपहाय नास्त्यपरः**—મનુષ્યોને દ્રવ્ય મેળવવામાં સહાયક, *આપત્તિઓના સમુદ્રમાંથી ઉગરવાનું નાવ અને પ્રવાસમાં મંત્રિ-*સમાન "જાતક" ને છોડીને બીજું એક પણ નથી."

આ પ્રમાણે આ જાતકશાસ્ત્રના અનેક મહાન્ મહાન્ સુપ્રસિદ્ધ ગ્રંથો છે. તેમાં પણ લઘુગ્રંથ હોવા છતાં પારાશર હોરાના તત્ત્વરૂપે ફલાદેશનો આ "**ઉડુદાયપ્રદીપ**" નામનો ગ્રંથ કે જેને "**લઘુપારાશરી**" પણ કહેવામાં આવે છે તે અત્યંત લોકપ્રિય હોવાથી અને એમાં આવેલા યોગો અનુભવજન્યજ્ઞાનના પ્રતીકરૂપ હોવાથી એનું આ વિવરણસહિત ભાષાંતર આપવામાં આવેલું છે.

એના ચાર અધ્યાયો અનુક્રમે ૧. સંજ્ઞાધ્યાય, ૨. રાજયોગાધ્યાય, ૩. આયુ-ર્દાયાધ્યાય, અને ૪. અંતર્દશાધ્યાય છે.

**૧ સંજ્ઞાધ્યાય :**—આમાં ગ્રંથકારે પોતાના પારિભાષિક શબ્દરૂપે ગ્રંથના ફલાદેશ માટે જે જે સંજ્ઞાઓનો જેવી રીતે ઉપયોગ કરવાનો હોય છે તેનું વર્ણન કરેલું છે.

**૨ રાજયોગાધ્યાય :**—આમાં કયા કયા સ્થાનોના અધિપતિઓના યોગથી રાજયોગો થાય છે અને તેનું ફળ કયારે મળે છે અથવા કયા ગ્રહોની દશામાં મળે છે તે સંબંધી કથન કરવામાં આવેલું છે. જાતકીના તથા બીજા રાજયોગો તથા તેવા રાજયોગોનું ફળ તેમજ કારકપ્રકરણ અંગેની કંઇક વિશેષતા તેમજ રાજયોગોના ભંગકારક યોગો પણ ગ્રંથાંતરમાંથી ફલની વિશેષ ઉપયોગિતા માટે આપવામાં આવેલા છે.

**૩ આયુર્દાયાધ્યાય :**—આ અધ્યાયમાં કયા ગ્રહને આધારે કયા ગ્રહની દશામાં મનુષ્યને અનિષ્ટકારક એટલે મૃત્યુકારક યોગ થાય છે તે સંબંધી કથન કરવામાં આવ્યું છે.

**૪ અંતર્દશાધ્યાય :**—આ અધ્યાયમાં દરેક ગ્રહની મહાદશામાં આવતી અંતર્દશા કેવા પ્રકારનું ફળ આપે છે તે સંબંધી વિવેચન કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે આ લઘુ ગ્રંથ હોવા છતાં એના યોગાનુયોગ એવા ઉત્તમ પ્રકારના છે કે એના અનુભવીઓ એની પ્રશંસા કર્યા સિવાય રહેતા નથી. એમાં આવશ્યક જ્ઞાન માટે દરેક યોગોની શકય તેટલી કુંડલીઓ આપવામાં આવી છે કે જેથી ફલાદેશ જોવા માટેની વધારે અનુકૂળતા પડે.

ફળ જોવાની રીતિ વ્યક્તિગત માન્યતા પ્રમાણે અનુભવ પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. કેટલાક સ્થાનને આધારે, કેટલાક ગ્રહોને આધારે, કેટલાક સ્થાનાધિપતિઓ અને તેમના યોગાનુયોગ વિગેરેથી એમ અનેક પ્રકારની દૃષ્ટિઓથી ફલાદેશ જોવાનો હોવાથી અનુભવજન્ય જ્ઞાનથી ઉત્પન્ન થએલા યોગાનુયોગ ગ્રંથકારે આમાં આપેલા છે.

ગ્રંથકારને વિંશોત્તરી દશા માન્ય હોય તેમ જણાય છે અને તેથી ગ્રંથકારે એમાં વિંશોત્તરી દશાનું જ ફળકથન કરેલું છે, તો પણ ગૌરીજાતકમાં કહ્યું છે કે, કલિયુગમાં અષ્ટોત્તરી દશા લેવી; તેમાં પણ વિશેષમાં સારોદ્ધારમાં કહ્યું છે કે, "**गुर्जरे कच्छसौराष्ट्रे पाञ्चाले सिन्धुमण्डले ॥ एतेष्वष्टोत्तरी ग्राह्या ह्यन्यदेशेऽन्यथा भवेत् ॥** ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, પાંચાળ અને સિંધુ દેશમાં અષ્ટોત્તરી દશા લેવી અને બીજા દેશોમાં બીજી દશા લેવી." આથી ગ્રંથકારે જો કે વિંશોત્તરી દશા માનેલી છતાં જ્યોતિર્વિદોને ફલ જોવા માટે કંઇક અનુકૂળતા આવે એટલા માટે અષ્ટોત્તરી દશાનો પ્રકાર પણ આમાં આપવામાં આવ્યો છે.

આમાં પ્રકરણવશાત્ અનુકૂળતા પ્રમાણે ફલાદેશ જોવા માટે સુગમતા પડે એટલા માટે બહારના વિષયો પણ ઉપયોગિતાને અંગે આપવામાં આવ્યા છે. જેમ

કે " **बुधैर्भावाद्यः** "–એવા ચોથા શ્લોક પર બારભુવનનાં નામ, તેઓમાં જોવામાં આવતી બાબત તેમ વિશેષ બાબતો વિગેરે વિસ્તારપૂર્વક આપવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રસંગોપાત્ત રાશિસંબંધી વિવેચન, તેમનાં નામ, વર્ણાદિના કોઠા, ગ્રહો સંબંધી વિવેચન, ગ્રહોનાં વિશેષ નામ, શત્રુમિત્ર, તેના કોઠા, ઉચ્ચનીચમૂલ-ત્રિકોણ સંબંધી વિવેચન અને ગ્રહો તથા ગ્રહોની રાશ્યાદિક સંબંધી ઘણી બાબતો જાણવા માટેનો કોઠો આપવામાં આવેલો છે કે જેમાં લગભગ ૨૩ બાબતો આપવામાં આવેલી છે. તેમ દાનાદિનો કોઠો પણ આપવામાં આવ્યો છે. આ કોઠાઓમાં ગ્રહોનાં **રાશિ, ઉચ્ચ, નીચ, મૂળત્રિકોણ, સ્વગૃહીના અંશ, મિત્રાદિ, દૃષ્ટિ, રહેવાનો સમય, પુરુષાદિસંજ્ઞા, પાપાદિસંજ્ઞા, સત્ત્વાદિગુણ, ફલનો સમય, ચરાદિસંજ્ઞા, સ્વામી, દિશા, ઉદય, ઉદયાસ્તના અંશ, રંગ, વેદનું આધિપત્ય, ધાત્વાદિસંજ્ઞા, શારીરિક ધાતુઓ, કયો વિકાર કરે, કયા વિકારથી કયો રોગ કરે, નબળા ગ્રહોથી થતા રોગો, વસ્તુ પરનું સ્વામિત્વ, દાન વિગેરે.**

આ સર્વ સંજ્ઞાધ્યાયમાં આપવામાં આવેલું છે અને ૩ જા આયુર્દાયાધ્યાયમાં ગ્રંથાન્તરોના પણ લગભગ ૧૨૧ યોગો આપવામાં આવેલા છે, તેમ વિંશોત્તરી દશાના ફલાદેશ સંબંધમાં પણ ગ્રંથાન્તરમાંથી કેટલોક વિભાગ આપવામાં આવેલો છે.

આ ઉપરાંત દૃષ્ટિની વિશેષતા, ગ્રહોના દીપ્તાદિભેદ, તેમનાં ફલ અને ફલ-સહિત કોષ્ટક, ગ્રહોની બાલાદિ અવસ્થા, ગર્વિતાદિભાવ, તેમનાં લક્ષણ તથા ફલ, ફળસહિત કોષ્ટક તેમજ " મેષાદિલગ્નોના યોગફળનો વિચાર અને તેમનાં શુભાશુભ ફળો કુંડલીઓસહિત " આપવામાં આવ્યાં છે. આ લગ્નોના યોગ ફળનું આખું પ્રકરણ ગ્રંથાંતરમાંનું ગ્રહણ કરી આમાં આપવામાં આવ્યું છે. અને તે ૨૦ શ્લોકોનું જૂદું જ છે.

વળી આ પ્રમાણે આ ગ્રંથની વિશેષતા સમજવા માટે યથાશક્તિ વિવરણ કરવામાં આવ્યું છે કે જેમાં કુંડલીઓના યોગો બરાબર રીતે સમજી ગ્રંથકારના આશયને સમજી શકાય, ઉપરાંત મૂળ ગ્રંથના શ્લોકોને આધારે પ્રસંગે પ્રસંગે જે વસ્તુની જરૂર જણાઈ તે વસ્તુ ગ્રંથાન્તરમાંથી લઈ તેને શકય તેટલી સંપૂર્ણ બતાવી ગ્રંથ વિશેષ ઉપયોગી કેમ થાય તેને માટે શકય તેટલી કાળજી રાખવામાં આવી છે.

આ ગ્રંથનું ભાષાંતર ખાસ કરી મારા બાલસ્નેહી અને " મુંબઈ સમાચાર "ના પંચાંગકર્તા જ્યોતિર્વિદ્ ભાઈ મણિશંકર હરિશંકર નડીઆદકર સન ૧૯૨૨ માં " **જ્યોતિષચંદ્રોદય** " નામનું એક માસિક કાઢતા હતા તેને માટે તૈયાર કરવામાં આવ્યું હતું. સ્વ. શ્રી. વિષ્ણુ ગોપાળ નવાથેના **"जातकशिरोमणि भाग १ ला"**માં અનેક નાનામોટા ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાંના એક **"जातकी"**

નામના લઘુ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર વિવરણસહિત ઉપરોક્ત માસિકમાં સંપૂર્ણ રીતે આપવામાં આવ્યું હતું અને ત્યારપછી આ "**उडुदायप्रदीप**" અથવા "**लघुपाराशरी**" નામનો લઘુ ગ્રંથ ઉત્તમ લાગવાથી એનું વિવરણસહિત ભાષાંતર માસિકમાં આપવા તૈયાર કર્યું હતું. પરંતુ માસિકમાં બે ત્રણ માસ એનો કેટલોક વિભાગ આવ્યા બાદ માસિક બંધ પડ્યું એટલે એનો વિવરણસહિત ભાષાંતર કરેલો બાકીનો વિભાગ મારી પાસે પડી રહેલો હતો. આમ કેટલાંક વર્ષ એ લખેલો ગ્રંથ પડી રહ્યા પછી એક સમયે અનાયાસે જ્યોતિષના પરમ રસજ્ઞ અને વૈદ્યવિદ્યામાં પ્રવીણ મારા સ્નેહી વૈદ્યરાજ **દ્વારકાપ્રસાદ અંબાશંકર** ત્રિવેદી પાસે પ્રસંગોપાત વાત નીકળતાં તેમના દ્વારા મારા પણ પરિચિત અને વૈદ્યરાજના પરમ મિત્ર ભાઈ **કનૈયાલાલ મણિલાલ ઝવેરી**એ એ ગ્રંથ પોતાના સ્વ. ભાઈ શાંતિલાલના સ્મરણાર્થે છપાવવાનો નિશ્ચય કર્યો. સ્વ. ભાઈ **શાંતિલાલ**ને થોડો વખત મેં સંસ્કૃતનો અભ્યાસ કરાવેલો એટલે અને તેમની મધુર પ્રકૃતિને અંગે મને પણ તેમના તરફ પ્રેમભાવ હોવાથી તેમના સ્મરણાર્થે આ ગ્રંથ છપાય તે વસ્તુ મને પણ ઇષ્ટ લાગી અને તેથી મેં પણ નિરપેક્ષ વૃત્તિથી એ ગ્રંથ છપાવવા માટે અનુમતિ આપી અને તેને આધારે જ આ ગ્રંથ અત્યારે છપાઈ જનસમાજમાં બહાર પડ્યો છે.

આ ગ્રંથ બહાર પાડવામાં પુસ્તકને અંગે ઉપયોગમાં આવતી કેટલીક વસ્તુ અન્ય ગ્રંથોમાંથી પણ લેવામાં આવી છે કે જે ઉપર જણાવવામાં આવી છે તે માટે તે તે ગ્રંથકારોનો તેમજ ખાસ કરી મૂળ ગ્રંથ જેમાંથી લેવામાં આવ્યો છે તે "**जातकशिरोमणि**"ના કર્તા સ્વ. **વિષ્ણુ ગોપાળ નવાથે**નો આભારમાનવો હું વિસરી શકું નહિ. તેમજ આ ગ્રંથનો ઉદ્ધાર કરવામાં સહાયક બનેલા મારા સ્નેહી રા. રા. વૈદ્યરાજ **દ્વારકાપ્રસાદ ત્રિવેદી**ને તથા રા. રા. ભાઈ શ્રી **કનૈયાલાલ મણિલાલ ઝવેરી**ને પણ સાભાર અભિનંદન આપ્યા સિવાય હું રહી શકતો નથી.

મારા સિદ્ધાન્ત પ્રમાણે મારો કોઈપણ વિશિષ્ટ ગ્રંથ પહેલાં મારી પરમપૂજ્ય કૌટુમ્બિક વ્યક્તિને અર્પણ કરવો. એ પ્રમાણે મારો પ્રથમ ગ્રથ "**स्तोत्रचिन्तामणिः ભાગ ૧ લો**" મારા કૈ. વા. પ. પૂ. પિતાશ્રીને, અને બીજો ગ્રંથ "**માર્કંડેય પુરાણ–ગુજરાતી ભાષાંતર**" મારાં સ્વ. પ. પૂ. માતુશ્રીને અર્પણ કર્યો હતો. અને આ ગ્રંથ મારા પ. પૂ. મોટાભાઈઓ બે સ્વર્ગસ્થ અને એક જીવિત એમ બંધુત્રયીને અર્પણ કરી હું મને કૃતાર્થ માનું છું.

પ. પૂ. માતાપિતા કે જ્યેષ્ઠ બંધુઓની સેવા કરવાનો અમૂલ્ય લાભ પ્રવૃત્તિમય જીવનમાં ન મળે એ ભાગ્યહીનતા જ કહેવાય, છતાં પણ આવી ગ્રંથાર્પણની કિંચિત્ પણ સદ્‌ભાવનાના અંશને સેવા સમજી સંતોષ માનું તો એટલું પણ હું મારું સદ્‌ભાગ્ય સમજું છું અને તે પણ પરમાત્માની કૃપાનું જ ફળ છે.

પરમાત્માની કૃપા હશે તો હવે પછીનો મારો ગ્રંથ મારા પ. પૂ. સ્વ. ગુરુપંચકને એટલે કે, ૧. **સ્વ. વેદમૂર્તિ શાસ્ત્રીજી જમીયતરામ** (ભરૂચ), ૨. **સ્વ. વિષ્ણુશાસ્ત્રી વ્યાકરણાચાર્ય** (કામરેજ), ૩. **સ્વ. ત્રિભુવનશાસ્ત્રીજી** (ધ્રોલ), ૪. **સ્વ. જીવરામ શાસ્ત્રીજી** (બામણગામ–વડોદરા), અને ૫. **સ્વ. પ્રાણજીવન શાસ્ત્રીજી** (ખીલખા), જેમાં છેલ્લા ત્રણ મુંબઈમાં રહેતા હતા તેમને અર્પણ કરવાની ઇચ્છા છે. પ્રભુને પ્રાર્થું છું કે પરમાત્મા મારી તે સદ્‌ભાવનાત્મક ઇચ્છાને પરિપૂર્ણ કરે !!!

ઈશ્વર સિવાય કોઈ સર્વજ્ઞ નથી અને જ્યોતિષ એ અનુભવજન્યજ્ઞાનનો વિષય છે એથી મેં અનેક ગ્રંથોમાંથી ઉપયુક્ત સંગ્રહ લઈ સાથે કવચિત્ સ્વતંત્ર વિચારો પણ દર્શાવી પુસ્તકની વિશિષ્ટતા માટે યથાશક્તિ આનું વિવરણ કરેલું છે, એટલે એમાં જો કંઈ પણ વિશિષ્ટતા હોય તો તે તે ગ્રંથકારોની છે અને તેથી જ મેં મારા મંગલાચરણના અંતિમ શ્લોકમાં જણાવ્યું છે કે, "**वैशिष्ट्यं नास्ति मे किंचिद् ग्रंथकारककर्मणि ॥ विद्वद्भ्यो विदुषामेव ह्यर्प्यते प्रेमपूर्वकम् ॥**— આ ગ્રંથ બનાવવામાં એના વિવરણસહિત ભાષાંતરમાં મારી કોઈપણ વિશિષ્ટતા નથી, પરંતુ જે વિદ્વાનોનું છે તે જ વિદ્વાનોને પ્રેમપૂર્વક અર્પણ કરવામાં આવ્યું છે, આથી વાચકવર્ગને વિશેષ જણાવવાની આવશ્યકતા નથી.

હું કોઈ મહાન્ જ્યોતિષી નથી અથવા જ્યોતિર્વિદ્ તરીકે મને કહેવડાવતો નથી માત્ર મને જ્યોતિષ શાસ્ત્રને અંગે હાર્દિક રસ હોવાથી જ પૂર્વે '**જાતકી**' નું ભાષાંતર બહાર પાડ્યું હતું, અને અત્યારે આ "**ઉડુદાયપ્રદીપ**" નું ભાષાંતર યથામતિ બહાર પાડેલું છે. આ ગ્રંથનાં ભાષાંતર બીજા પણ અનેક વિદ્વાનોએ જૂદી જૂદી ભાષામાં બહાર પાડેલાં છે કે જેમાંનાં કેટલાંક તો વિવરણને આધારે ઉત્તમમાં ઉત્તમ માનવામાં આવેલાં છે. એટલે જેમના બુદ્ધિતત્ત્વમાં જ્યોતિર્વિદ્યા ઓતપ્રોત થએલી છે એવા મહાન્ અનુભવી જ્યોતિર્વિદોને કવચિત્ આ મારા ભાષાંતરમાં સ્ખલન પણ જણાય પરંતુ તેઓ હંસના નીરક્ષીર ન્યાયે આ પુસ્તક તરફ દૃષ્ટિપાત કરશે એવી આશા રાખું તો અનુચિત નથી. અંતમાં જણાવીશ કે અનુભવી અથવા અનુભવેચ્છુ કે જિજ્ઞાસુ જ્યોતિર્વિદો કે જનસમુદાય જો આ ગ્રંથનો સદુપયોગ કરશે તો મારો આ પ્રયત્ન તથા પ્રકાશકની સદ્‌ભાવના સફળ થઈ માનીશ.

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ॥**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ॥**

મુંબઈ, સંવત્ ૨૦૧૦ વૈશાખ
શુદ ૩ અક્ષયતૃતીયા બુધવાર
તા. ૫-૫-૧૯૫૪


ભગવત્કૃપાભિલાષી
ભાષાંતરકર્તા
**તુલજાશંકર ધીરજરામ શાસ્ત્રી**

पोताना स्व. भाई शांतिलालना स्मरणनिमित्तक
आ पुस्तकना प्रकाशक



श्री. कनैयालाल मणिलाल झवेरी.

जेमना स्मरणार्थ आ पुस्तक छपाव्युं छे ते
स्व. शांतिलाल मणिलाल झवेरी



| जन्म | स्वर्गवास |
|---|---|
| संवत् १९७९ माघ शुद २ | संवत् २००४ श्रावण शुद १ |
| शुक्रवार ता. १५-१-१९२३ | शुक्रवार ता. ६-८-१९४९ |

## ॥ ॐ ॥

## સ્વ. ભાઈ શાંતિલાલના જીવનની લઘુ રૂપરેખા

" **मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः** " – જ્ઞાનીઓ પ્રાણીઓના મરણને "પ્રકૃતિ" કહે છે અને જીવનને "વિકૃતિ" કહે છે "એ પ્રમાણે ઈશ્વરની સૃષ્ટિમાં અનેક જીવાત્મા વિકૃતિને પામી પછી પ્રકૃતિને પામતા જોવામાં આવે છે અને સંસારનો એ અબાધિત નિયમ છે. પરંતુ વિકૃતિમાંથી પ્રકૃતિને પામેલા કેટલાક મનુષ્યજીવાત્માઓ એવા હોય છે કે જેઓ તેઓના સદ્ગુણોની મધુર સુગંધ આ લોકમાં એટલે કે કુટુંબમાં, ગામમાં, નગરમાં કે દેશમાં પણ એવી ફેલાવી ગએલા હોય છે કે, જેને માટે જનસમાજ અથવા તેના કુટુંબીઓ તેમના અનુકરણીય ગુણોને માટે કોઈ પણ નિમિત્તે તેમનું નાનું કે મોટું પણ સ્મારક કરે છે. તેમાં પણ કેટલાંકનાં નાનાં અથવા મોટાં પણ જીવનવૃત્તાન્તરૂપી સ્મારક એવાં હોય છે કે જેમાંથી તેમના સદ્ગુણોનું બીજાઓ અનુકરણ કરી શકે અને તેથી જ કોઈ પણ નાની અથવા મોટી પણ ગુણવતી વ્યક્તિનો લઘુ જીવનવૃતાન્ત એટલે કે તેમના જીવનની ટૂંકી રૂપરેખા લખવામાં આવે છે, અને તે જ રીતે સ્વ. ભાઈ **શાંતિલાલ**ના જીવનની આ લઘુ રૂપરેખા તેમના સ્મારક તરીકે આપવામાં આવી છે.

સ્વ. ભાઈ **શાંતિલાલ**નો જન્મ સંવત્ ૧૯૭૯ માઘ શુદ ૨ શુક્રવાર તા. ૧૯–૧–૧૯૨૩ ને દિવસે પાટણના મુંબાઈમાં ઝવેરાતનો ધંધો કરતા સ્વ. શ્રી. **મણિલાલ લલ્લુભાઈ** ઝવેરીને ત્યાં સ્વ. સૌ. **મણિબેન**થી થયો હતો. બાલ્યાવસ્થાથી જ એ આનંદિત અને હસમુખા ચહેરાના હતા. એમને જોઈ ઘરનાં તેમજ સગાંવહાલાં પણ પરમ આનંદ પામતાં હતાં. કેટલાંક બાળકો કુદરતી રીતે જ એવાં હોય છે કે જેમને જોતામાત્રમાં જ મનુષ્યોનો તેના તરફ પ્રેમાવિર્ભાવ થાય છે. એ પ્રમાણે ભાઈ શાંતિલાલને જોતામાત્રમાં જ તેમના તરફ જોનારને પ્રેમ ઉત્પન્ન થતો હતો.

આ પ્રમાણે બહોળા કુટુંબના હાથમાં આનંદથી ઉછરતાં કુટુમ્બિજનોને હર્ષાબ્ધિમાં લીન કરતાં કરતાં એમનું વય લગભગ પાંચ વરસનું થતાં એમને ત્યાં પાટણમાં જ નિશાળમાં બેસાડવામાં આવ્યા. નાનપણથી જ બુદ્ધિની વિશિષ્ટતાને અંગે અભ્યાસ કરતાં કરતાં પણ શિક્ષકોનો પ્રેમ મેળવી બે ત્રણ ચોપડીનો અભ્યાસ તેમણે પાટણમાં જ કર્યો અને પછી યોગ્ય ઉમ્મર થતાં એમને નર્મદાકિનારે આવેલા શુક્લતીર્થ ગામમાં વિદ્યાર્થીઓને રહેવા, ખાવાપીવા તથા અભ્યાસની સવડ માટે ખોલવામાં આવેલા એક આશ્રમમાં દાખલ કર્યા. ત્યાં પણ એમણે નાની ઉમ્મર છતાં પોતાના ઉત્તમ ચારિત્ર્યથી અધ્યાપકોનો પ્રેમ મેળવી બે વર્ષ ગાળી સારો અભ્યાસ કર્યો. એમના પિતા મણિલાલ ઝવેરી મુંબાઈમાં જ ઝવેરાતનો ધંધો

કરતા હોવાથી એમની યોગ્ય ઉમ્મર થતાં એમને મુંબાઈ બોલાવી ત્યાં જ અભ્યાસ કરાવવાનો એમનાં માતાપિતાની ઇચ્છા થઈ અને તેથી તેમને મુંબાઈ લાવ્યા અને સેન્ડહર્સ્ટ રોડ પર આવેલા "સ્વ. લીલાવતી લાલજી દયાળ હાઈસ્કૂલમાં" દાખલ કર્યા. ત્યાં એમણે ત્રણેક વર્ષ અભ્યાસ કર્યો અને પછી એમને "સેન્ટ ઝેવીઅર હાઈસ્કૂલ" માં દાખલ કર્યા. ત્યાં અભ્યાસ કરતાં યોગ્યતાને અંગે એમણે ઘણા મિત્રો અને અધ્યાપકોનો સ્નેહ સંપાદિત કર્યો હતો.

એ પ્રમાણે મેટ્રીક સુધીનો અભ્યાસ એ હાઈસ્કૂલમાં પૂરો કરી વિશેષ અભ્યાસ માટે એઓ "સેન્ટ ઝેવીઅર કોલેજ"માં દાખલ થયા અને ત્યાં ઇન્ટરસાયન્સ સુધીનો અભ્યાસ સારી રીતે કર્યો. અભ્યાસ કરવામાં એમનો સ્વભાવ ખંતીલો અને એકાગ્ર બુદ્ધિવાળો હતો અને એ રીતે જ એઓ અભ્યાસ કરતા. આધુનિક સમયમાં સહશિક્ષણને આધારે કેટલાક વિદ્યાર્થીઓમાં જે ચંચળ અને વિકારી મનોદશા રહે છે તેવી મનોદશા એમની ન હતી, પરંતુ શાંત રીતે એકાગ્ર મનોવૃત્તિથી એઓ અભ્યાસ કરતા હતા. આ અરસામાં પણ એમણે એમની વિશુદ્ધ અને આનંદિત પ્રકૃતિને અંગે ઘણા મિત્રો કરેલા હતા કે જેથી મિત્રો પણ એમના ગુણોથી આકર્ષાઈ એમની સાથેની પોતાની મિત્રતાને જાળવી રહ્યા હતા. પાછળથી એમણે એમ. બી. બી. એસ. નો અભ્યાસ શરૂ કર્યો હતો.

સંસ્કૃત ભાષા તરફ એમને અપૂર્વ પ્રેમ હતો અને તેથી અભ્યાસમાં પણ બીજી ભાષા તરીકે સંસ્કૃતને જ લીધી હતી. એટલું જ નહિ પરંતુ ખાનગી રીતે પણ એમણે સંસ્કૃતનો અભ્યાસ સારો કર્યો હતો. અભ્યાસ કરતી વખતે પણ એમનો સ્વભાવ આનંદી અને વિનયશીલ રહેતો કે જેને આધારે એમને અભ્યાસ કરાવનારની મનોવૃત્તિ પણ એમને શિખવવા માટે આતુર અને પ્રેમભરી રહેતી.

આ પ્રમાણે જીવન ગાળતાં યુવાવસ્થામાં પણ ધનિકતા હોવા છતાં તેઓ કદી અવિવેકી બન્યા ન હતા. એક કવિએ કહ્યું છે કે "**यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता ॥ एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥** યુવાવસ્થા, ધનસંપત્તિ, મહત્તા અને અવિવેક આ ચારમાંની એક પણ વસ્તુ મનુષ્યની અધોગતિ કરે છે તો જો એ ચારે ભેગાં મનુષ્યમાં હોય તો શું ન કરે ?" એટલે એમનામાં યુવાવસ્થા, ધનિકતા અને મહત્તા હોવા છતાં એમનામાં અવિવેક કદી આવ્યો ન હતો અને તેથી યૌવનાદિ ત્રણ વસ્તુઓ એમને માટે આદર્શ ગુણરૂપે બની હતી અને તેથી જ એમના એ ગુણો અન્યને માટે અનુકરણીય થયા હતા.

આમ ધાર્મિક સિદ્ધાન્તોમાં પણ એ માનતા હતા એટલું જ નહિ પરંતુ આધ્યાત્મિક જ્ઞાન તરફ પણ એમને વિશેષ પક્ષપાત હતો અને તેથી રાજસ્થાનમાં આવેલા ઉજ્જનમાંથી નીકળતા આધ્યાત્મિક માસિક "કલ્પવૃક્ષ" ના તંત્રી શ્રીયુત દુર્ગાશંકર નાગરની પાસેથી આધ્યાત્મિક જ્ઞાન પણ તેમની પાસે રહી એમણે મેળવ્યું હતું,

વળી તે જ્ઞાન નિરંતરના અભ્યાસથી પોતાનામાં ઓતપ્રોત કેમ થાય તેને માટે એઓ યત્ન કરતા, અને તેથી એવાં આધ્યાત્મિક દૃષ્ટિવાળાં માસિકોને મંગાવી તેમાંના આધ્યાત્મિક લેખોનો અભ્યાસ કરી તે સિદ્ધાન્તો પોતાનામાં ઉતારવાનો એઓ પ્રયત્ન કરતા અને તેથી જ એમની આવી આધ્યાત્મિક દૃષ્ટિને આધારે તેમ કુદરતી આનંદી સ્વભાવથી એમને કોઈની સાથે વિરોધ કે શત્રુતા હોય તેવું જોવામાં આવ્યું નથી.

કુટુંબમાં પણ એઓ જે જે વ્યક્તિઓ સાથે જેવા જેવા સદ્‌ભાવથી રહેવું જોઈએ તે પ્રમાણે રહેતા. એમની અમુક ઉમ્મર થવા પછી એમનાં માતુશ્રી સ્વર્ગવાસી થતાં એમને ઓરમાન માતાના હાથ નીચે રહેવાનું હોવા છતાં અને ઓરમાન બહેનોના સહવાસમાં સમય વ્યતીત કરવાનો હોવા છતાં તે દરેકની સાથે એ પ્રેમભાવથી વર્તતા અને એમના સુસ્વભાવને અંગે તેઓ પણ એમની સાથે એવી રીતે વર્તતાં કે કુટુંબમાં પરસ્પર ઓરમાન સંબંધવાળી વ્યક્તિઓ રહે છે એવું કદી કોઈને જણાતું નહિ. એટલે એ પોતે એવા સ્વભાવના હતા કે જેથી સર્વની સાથે વિશુદ્ધ હૃદયથી વર્તતાં જનસમાજમાં પણ ઓરમાનપણું જણાવા જેવું દૃષ્ટિગોચર થતું નહિ. આ પ્રમાણે સર્વ કુટુંબ એમની સાથે અને એઓ કુટુંબ સાથે પ્રેમભાવથી રહેતા. આ પ્રમાણે ઓરમાન કુટુંબમાં પણ પ્રેમપૂર્વક રહેવાનો એમનો આદર્શભૂત ગુણ અત્યારે ઓરમાન કુટુંબોમાં જે કુસંપની જ્વાલાઓ સળગેલી જોવામાં આવે છે અને તેનાં જે માઠાં પરિણામ જણાય છે તે જોતાં કુટુંબની એકેએક વ્યક્તિઓ માટે સાથે સંપથી રહેવા માટે ખરેખર અનુકરણીય ગણાય. અર્થાત્ સ્વ. ભાઈ શાંતિલાલે સહનશીલતા, ક્ષમા, ધીરજ, પ્રેમભાવ, પૂજ્યતા, વિનય, નમ્રતા, ઉચિત લજ્જા વિગેરે ઉત્તમોત્તમ ગુણો પોતાનામાં એવી રીતે કેળવેલા હતા કે જે ગુણો એમના જીવનની ઉત્કૃષ્ટતા જણાવી રહ્યા છે.

એમના મોટાભાઈ **કનુભાઈ** અને એમના નાનાભાઈ **બાબુભાઈ** એઓ પણ એમના જેવા કુદરતી જ આનંદી સ્વભાવના હોવાથી એ બંને ભાઈ અને ભાઈ શાંતિલાલનો પણ પરસ્પરનો પ્રેમ એવો અનિર્વચનીય હતો કે પરસ્પરની ઉચિત મર્યાદા સાચવવા છતાં પણ જાણે પરસ્પર મિત્રો હોય તેવી રીતે આનંદથી એઓ પરસ્પર વિશુદ્ધ ભાવથી પોતાનું જીવન વ્યતીત કરતા હતા.

એમનામાં એવા સદ્‌ગુણો હતા કે જેમ એક કવિએ કહ્યું છે કે, " **प्रिया न्याय्या वृत्तिर्विनयमधुरो वाचि नियमः, प्रकृत्या कल्याणी मधुरनवगीतः परिचयः ॥ पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते** ॥–આનંદમય વૃત્તિ, વિનયથી મધુર એવો વાણીનો નિયમ એટલે વિનયયુક્ત મધુર વાણી, સ્વાભાવિક રીતે જ ઉત્તમ બુદ્ધિ અને કોઈ પણ માણસ નિન્દા ન કરી શકે એવો પરિચય, એવા ગુણવાળું સજ્જનોનું ચરિત્ર પહેલાં

અને પછીથી પણ સંસારમાં ઉપાધિરહિત અને વિશુદ્ધરૂપે વ્યતીત થતું વિજય પામે છે." અર્થાત્ સજ્જનોનું ચરિત્ર હમેશાં ઉપાધિરહિત અને વિશુદ્ધ એવું ઉપરના ગુણોયુક્ત હોય છે.

આ પ્રમાણે ભાઈ શાંતિલાલે પણ પોતાના જીવનને ઉપરના આદર્શ ગુણોયુક્ત બનાવ્યું હતું, અને તેમાં પણ આધ્યાત્મિક જ્ઞાનનો સુમેળ પણ એમણે સાધેલો હોવાથી એમનું જીવન સન્માર્ગગામી હતું અને તેને માટે એમનું આખું કુટુંબ મગરૂર હતું.

એમનાં લગ્ન એમની યોગ્ય ઉમ્મરે પાટણમાં જ થયાં હતાં, પરંતુ સુખદુ:ખ એ પ્રાક્તન કર્મને આધીન હોવાથી સાંસારિક સુખ ભોગવવા એઓ શક્તિમાન્ થયા ન હતા. કારણ વિધાતાએ એ સુખ એમને માટે નિર્માણ કર્યું ન હતું એટલે સંસારમાં આધ્યાત્મિક માર્ગનાં સોપાન ચઢતાં ચઢતાં એઓ પોતાના કુટુંબમાં પોતાનું ઉત્તમોત્તમ જીવન વ્યતીત કરતા હતા.

પરંતુ વિધાતાની અઘટિતઘટનાપટીયસી લીલામાં વિકૃતિમય જીવનમાંથી મરણરૂપ પ્રકૃતિના સ્વરૂપમાં મનુષ્યને ક્યારે જવાનું હોય છે તે કોણ જાણી શકે છે? અર્થાત્ કોઈ પણ સમજી શકતું નથી અને તેથી અનાદિકાળથી જેના વિક્રાળ મુખમાં અનેક પ્રાણીઓ હોમાઈ ગયાં, હોમાય છે અને હોમાશે તેવા વિક્રાળ કાળને કોની શરમ છે? તે તો રાજા કે પ્રજા, મોટો કે નાનો, સ્ત્રી કે પુરુષ, વૃદ્ધ, યુવાન કે બાળ, મનુષ્ય કે પશુ પક્ષી ગમે તે હોય તો પણ તેનું પોતાના વિક્રાળ મુખમાં ભક્ષણ કરી જાય છે. તેને તે પ્રાણીની કે તેનાં સગાંવહાલાંની કોઈની પણ દયા હોતી નથી. બીજાઓનું રુદન એ એનું અટ્ટહાસ્ય છે અને એવું અટ્ટહાસ્ય કરતા કાળે, ભાઈ શાંતિલાલ કે જે પોતાનું નિર્દોષ જીવન વ્યતીત કરતા હતા તેના પર પોતાનો ભયંકર દૃષ્ટિપાત કરી તેમને પણ તેમની ભર યુવાવસ્થામાં જ પોતાના આવરણમાં લીધા અને સંવત્ ૨૦૦૪ શ્રાવણ શુદ ૧ શુક્રવાર તા. ૬–૮–૧૯૪૮ ના દિવસે એ ભાઈ શાંતિલાલનો અમર આત્મા કુટુંબી જનોને "આ સંસાર અનિત્ય છે" એવું જ વિમળ જ્ઞાન આપતો પરમાત્માના પરમ ધામમાં પહોંચી ગયો. કુટુંબીઓ રડતાં કકળતાં રહ્યાં, પણ કાળના મુખમાં ગએલું કોઈ પાછું આવ્યું છે? નહિ જ. એ પ્રમાણે ભાઈ શાંતિલાલનો દેહ ભસ્મીભૂત થઈ ગયો પરંતુ એમના સદ્‌ગુણોની એઓ એટલી સુગંધ ફેલાવી ગયા છે કે જેને અંગે નિરંતર સ્મરણ થતાં એમનું સ્મરણ કાયમ રાખવા માટે તેમના મોટાભાઈ શ્રી. **કનુભાઈ** તરફથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. પરમાત્મા ભાઈ **શાંતિલાલ**ના અમર આત્માને શાશ્વત શાંતિ આપો !!!

મુંબઈ
તા. ૧–૫–૫૪

**વૈદ્ય દ્વારકાપ્રસાદ અંબાશંકર ત્રિવેદી.**

॥ श्रीगणेशाय नमः ॥

# ॥ उड्डुदायप्रदीपः ॥



## ॥ मङ्गलाचरणम् ॥

सिद्ध्या बुद्ध्या समेतो गणपतिरथ यः शंकरः शं विधत्ते
लोकानां कल्मषारिप्रदहनकुशलो यो विभुर्विष्णुनामा ॥
अज्ञानध्वान्तहारी दिनपतिरथ या शक्तिदा चाद्यशक्ति-
र्वन्दे पञ्चस्वरूपं ह्यगुणगुणमयं सच्चिदानन्दभक्त्या ॥ १ ॥

સિદ્ધિબુદ્ધિસહિત ગણોના સ્વામી ગણપતિ, સર્વનું કલ્યાણ કરનાર ભગવાન્ શંકર, લોકોનાં પાપરૂપી શત્રુઓને બાળી નાખવામાં કુશળ એવા સર્વવ્યાપક વિષ્ણુ, અજ્ઞાનની સમાન અંધકારનો નાશ કરનાર દિનપતિ સૂર્ય, અને સર્વને શક્તિ આપનાર મહાદેવી આદ્યશક્તિ એ સગુણ અને નિર્ગુણ સ્વરૂપે રહેલાં દેવોનાં સ્વરૂપને સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મની ભક્તિથી એટલે તે રૂપે માનીને જ હું વંદન કરું છું. ૧

श्रीगणेशं शिवं दुर्गां विष्णुं सूर्यं च शारदाम् ॥
मातापितृगुरून् नित्यं वन्दे भक्त्या मुहुर्मुहुः ॥ २ ॥

શ્રીગણેશ, શંકર, દુર્ગા, વિષ્ણુ, સૂર્ય, સરસ્વતી અને માતા, પિતા તથા ગુરુઓને નિરંતર હું ભક્તિથી વારંવાર વંદન કરું છું. ૨

## ॥ निवेदनम् ॥

राजपिप्पलसंस्थाने गुर्जरे नर्मदातटे ॥
मुम्बापुरीस्थ एवापि " भालोद " ग्रामवास्यहम् ॥ ३ ॥

रुक्मिण्या धैर्यरामस्य तुलजाशंकरः सुतः ॥
पंड्योपाह्वो द्विजो नित्यं ग्रन्थभाषान्तरे रतः ॥ ४ ॥

विद्वज्जनाननुसृत्य प्राक्तनान् विदुषां मुदे ॥
" उडुदायप्रदीपं " वै कुर्वे गुर्जरभाषया ॥ ५ ॥

ગુજરાતમાં રાજપીપલા સંસ્થાનમાં નર્મદાકિનારે આવેલા "**ભાલોદ**" ગામનો રહેવાશી હોવા છતાં હમણાં મુંબાઈમાં નિવાસ કરતો; નિરંતર ગ્રંથોનું ભાષાંતર કરવામાં પ્રીતિવાળો, **રુક્મિણી** માતા અને **ધીરજરામ** પિતાનો પુત્ર પંડ્યા **તુલજાશંકર** નામનો હું, પ્રાચીન વિદ્વાનોને અનુસરીને વિદ્વાનોના આનંદની ખાતર "**ઉડુદાયપ્રદીપ**" નામના આ ગ્રંથને ગુજરાતી ભાષામાં કરું છું. ૩–૫

नाहं कार्तान्तिकः कश्चिन्महानपि वितन्यते ॥
उडुदायप्रदीपोऽयं मया गुर्जरभाषया ॥ ६ ॥

હું કોઈ મહાન્ જ્યોતિષી નથી છતાં પણ ( શક્તિ પ્રમાણે ) આ "**ઉડુદાયપ્રદીપ**" નામના ગ્રંથને ગુર્જર ભાષામાં બનાવું છું. ૬

ज्योतिर्विदामनुभवप्रचुरप्रयोगा-
नालोच्य तान् समनुसृत्य विविच्य मत्या ॥
कुर्वे सुगुर्जरगिरा प्रथितां तु लघ्वीं
पाराशरीं रसिकसज्जनताहिताय ॥ ७ ॥

પ્રાચીન જ્યોતિષીઓના અનુભવથી પ્રસિદ્ધ એવા અનેક યોગોને જોઈ, તેમનું જ સારી રીતે અનુકરણ કરી, બુદ્ધિ પ્રમાણે વિવેચન કરી, ઉત્તમ એવી (જ્યોતિષમાં) રસિક જનતાના હિત માટે આ પ્રસિદ્ધ એવા "**લઘુપારાશરી**" નામના ગ્રંથને હું ગુર્જર ભાષામાં કરું છું. ૭

वैशिष्ट्यं नास्ति मे किंचिद् ग्रन्थकारककर्मणि ॥
विद्वद्भ्यो विदुषामेव ह्यर्प्यते प्रेमपूर्वकम् ॥ ८ ॥

આ ગ્રંથરચનાના કાર્યમાં મારી કંઈ પણ વિશિષ્ટતા નથી, માત્ર વિદ્વાનોનું જે છે તે જ પ્રેમપૂર્વક હું વિદ્વાનોને અર્પણ કરું છું. ૮

श्रीगणेशाय नमः ॥

# उडुदायप्रदीपः

अथवा

# लघुपाराशरी

## अथ संज्ञाध्यायः

॥ मङ्गलम् ॥

स जयति सिन्धुरवदनो देवो यत्पादपङ्कजस्मरणम् ।
वासरमणिरिव तमसां राशिन्नाशयति विघ्नानाम् ॥ १ ॥

सिद्धया बुद्धया समेतो गणपतिरथ यः शंकरः शं विधत्ते
लोकानां कल्मषारिप्रदहनकुशलो यो विभुर्विष्णुनामा ॥
अज्ञानध्वान्तहारी दिनपतिरथ या शक्तिदा चाद्यशक्ति-
र्वन्दे पञ्चस्वरूपं ह्यगुणगुणमयं सच्चिदानन्दभक्त्या ॥ २ ॥

सिद्धान्तमौपनिषदं शुद्धान्तं परमेष्ठिनः ॥
शोणाधरं महः किंचिद्वीणाधरमुपास्महे ॥१॥

ઉપનિષદ્‌ના સિદ્ધાન્તરૂપ, બ્રહ્મદેવના શુદ્ધ અન્તઃપુરરૂપ, લાલ જેનો અધર છે એવા અને વીણાને ધારણ કરવાવાળા કોઈ એક (અલૌકિક) તેજને અમે ભજીએ છીએ.

આ શ્લોકમાં ગ્રંથકારે ગ્રંથના આરંભના મંગલાચરણ માટે શબ્દબ્રહ્મરૂપ સરસ્વતી દેવીની ઉપાસના કરેલી છે. અહીંઆં ગ્રંથકારે તેજનું ઉપાસન કરવા માટે જણાવેલું છે અને તે તેજને શોણાધર અને વીણાધર એવાં બે વિશેષણો આપેલાં છે. આથી તે રકત અધરવાળું અને વીણાને ધારણ કરવાવાળું જે તેજ તે દેવી સરસ્વતીનુંજ છે, અર્થાત્ તે સરસ્વતીદેવીરૂપ જે અલૌકિક તેજ છે તેનીજ સ્તુતિરૂપે મંગલાચરણ કરેલું છે.

પહેલાં આ શ્લોકમાં ઉપનિષદ્‌ના સિદ્ધાન્તરૂપ એટલે કે ઉપનિષદ્‌માં જેનો નિશ્ચય કરવામાં આવેલો છે એવા નિર્વિષય બ્રહ્મની ઉપાસના કરવાનું ગ્રંથકારે પોતે જણાવ્યું છે; પરંતુ તે નિર્વિષય બ્રહ્મ નિરાકાર હોવાથી ધ્યાનમાં આવી શકે એમ નથી તેથી તે નિર્વિષય બ્રહ્મના સગુણ સ્વરૂપે

રહેલાં શબ્દબ્રહ્મરૂપ વાણીની ઉપાસનાનું પોતે પાછળથી કથન કરેલું છે. અર્થાત્ ઉપનિષદ્‌ના સિદ્ધાન્તરૂપ જે બ્રહ્મ તે બ્રહ્મસ્વરૂપ જે પરમેષ્ઠી એટલે જગતની ઉત્પત્તિ કરનાર બ્રહ્મદેવ તેના શુદ્ધાન્ત–અન્ત:પુરરૂપ જે રક્ત અધરવાળાં અને વીણા ધારણ કરનાર સરસ્વતી દેવી તે રૂપ જે તેજ તેનું અમે ધ્યાન કરીએ છીએ એમ ગ્રંથકારે કહ્યું છે.

સામાન્ય રીતે ગ્રંથકારોમાં વિવિધ પ્રકારનાં મંગલાચરણો કરવાની રીતિ હોય છે. જે જે ગ્રંથકારોના જે જે ઇષ્ટદેવ હોય તે તે ઇષ્ટદેવનું મંગલાચરણ તે તે ગ્રંથકાર કરે છે, તોપણ સરસ્વતી દેવી એ કોઈ પણ ગ્રંથકારને માટે ખાસ ઇષ્ટ દેવ હોવાથી તેનું મંગલાચરણ આરંભમાં કરવું એ વધારે શ્રેયસ્કર છે એમ માની ગ્રંથકારે સરસ્વતી દેવીનું મંગલાચરણ કર્યું લાગે છે. અને તેમાં પણ તેના અન્તરૂપ જે અન્તિમ ધ્યેય બ્રહ્મ તેનું પણ મંગલાચરણ વક્તવ્ય સ્વરૂપે આવી જાય છે અને તેથી ગ્રંથકારે આમાં બ્રહ્મના સગુણ અને નિર્ગુણ બન્ને સ્વરૂપોનું મંગલાચરણ કરી પોતાનું શુદ્ધ ઇષ્ટ વસ્તુ જણાવી પછીથી ગ્રંથનો આરંભ કરેલો છે.

**वयं पाराशरीं होरामनुसृत्य यथामति ।**
**उडुदायप्रदीपाख्यं कुर्मो दैवविदां मुदे ॥२॥**

**પરાશર ઋષિના હોરાશાસ્ત્રને અનુસરીને પ્રારબ્ધને જાણનારા જ્યોતિષીઓના આનંદને માટે મારી બુદ્ધિ અનુસાર હું ‘ ઉડુદાયપ્રદીપ ’ નામના ગ્રંથને કરૂં છું.**

આ ગ્રંથમાં ગ્રંથકારે પોતાના ગ્રંથનું પ્રમાણ તેમજ તેની મહત્તા દર્શાવેલી છે. ગ્રંથકારનો આ ગ્રંથ માત્ર પોતાનીજ વિદ્વત્તાથી બનાવેલો એટલે અન્ય મનુષ્યો તેની અપ્રામાણિકતાનો સંભવ રાખે તેવો નથી; પરંતુ પરંપરાગત મહર્ષિઓએ જે જે ગ્રંથો બનાવેલા છે તે ગ્રંથોમાં પણ જ્યોતિષવિષયને લગતું મહર્ષિ પરાશરનું જે હોરાશાસ્ત્ર છે તેને અનુસરીને બનાવેલો છે, એટલે આ ગ્રંથની કોઇપણ રીતે અપ્રામાણિકતા સિધ્ધ થઇ શકે તેમ નથી, અને તેથી ગ્રંથકારની માન્યતા એવી લાગે છે કે આ ગ્રંથ પરથી જે કાંઈ ફલાદેશ જોવામાં આવે તે જો જોનાર માણસ જ્ઞાતા હોય તો એમાં આપેલી બાબત બરાબર સત્યરૂપે ફલિત થાય એમાં સંશય નથી; તે સાથે એ એમ પણ જણાવતા લાગે છે કે આ ગ્રંથ માત્ર સામાન્ય માણસને ઉપયોગી નથી, કારણ કે તે માણસો આ ગ્રંથથી આનંદ પામે તેમ નથી, પરંતુ જે દૈવવિદ્ સત્ય રીતે મનુષ્યના ભાગ્યને

જાણનાર છે. અર્થાત્ જેઓએ જ્યોતિષવિષયક એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય કે ગણિતના સત્ય સિદ્ધાન્તથી ગણત્રી કરી સંબંધિત ફલ બરાબર મેળવી મનુષ્યના સ્પષ્ટ ભાગ્યને પારખી શકતા હોય તેઓજ આ ગ્રંથથી આનંદ પામી શકે, એટલે કે તેઓજ આનું ખરૂં રહસ્ય સમજી શકે, અને તેથી જે તેવા હોય તે જ્યોતિષીઓ (સામાન્ય રીતે માત્ર કામ પુરતુંજ અધ્યયન કરી સામયિક બલને માન આપી પોતાના જીવનવ્યવસાયનીધાંસરી માંજ તેનો મિથ્યા વ્યય કરતા હોય તેવા નહીં એવા) જો આ ગ્રંથ પર ધ્યાન આપે તો તેઓ પોતાને આનંદિત કરી શકે અને તેવીજ રીતે પોતાના સત્ય દૈવવિદ્‌પણાથી જનસમાજને પણ આનંદિત કરી શકે અને તેથી તેવા પવિત્ર આશયથી યથામતિ-બુદ્ધિ અનુસાર-એવા નિરભિમાનપણાથી ગ્રંથકર્તા આ ગ્રંથનો આરંભ કરે છે.

**फलानि नक्षत्रदशाप्रकारेण विवृण्महे ॥**
**दशा विंशोत्तरी चात्र ग्राह्या नाष्टोत्तरी मता॥ ३ ॥**

**નક્ષત્ર ઉપરથી થતી દશાના પ્રકારથી હું ફલોનું વર્ણન કરૂં છું, પરંતુ તેમાં આ ઠેકાણે અષ્ટોત્તરી દશા ન લેતાં વિંશોત્તરી દશા લેવી એટલે કે અહિંઆં જે ફલ આપવામાં આવ્યાં છે તે નક્ષત્ર પરથી થતી ગ્રહોની વિંશોત્તરી દશા પ્રમાણે છે, એમ સમજવું.**

વિંશોત્તરી અથવા અષ્ટોત્તરી દશા હમેશાં નક્ષત્રોના વિભાગપરથી થાય છે. અમુક ગ્રહની અમુક દશાનાં અમુક અમુક નક્ષત્રો હોય છે અને તે વિભાગ પ્રમાણે નક્ષત્ર પર અમુક વર્ષ અથવા માસ કે દિવસની ગણત્રી કરવામાં આવે છે, અને તેટલાં વર્ષ વિગેરે તે ગ્રહની દશા મનુષ્યની ચાલે છે અને તે પ્રમાણે જન્મના નક્ષત્ર પરથી આરંભ કરવામાં આવે છે. તેમાં જે ગ્રહનાં જેટલાં નક્ષત્રો હોય અનેતેના જન્મના નક્ષત્ર પહેલાં જેટલાં નક્ષત્રો ગયાં હોય તેનાં વર્ષાદિ તે ગ્રહનાં વર્ષોની સંખ્યામાંથી બાદ કરવામાં આવે છે (આ અષ્ટોત્તરી દશામાં છે.) અને તે જન્મનક્ષત્ર જે ગ્રહનું હોય તે ગ્રહની દશા આરંભથી મનાય છે.

આ પ્રમાણે દશાઓનો ક્રમ હોતાં ગ્રંથકારે વિંશોત્તરી દશા માનેલી હોવાથી વિંશોત્તરી દશામાં એટલે જે દશામાં ૧૨૦ વર્ષની ગણત્રી છે અને જેમાં નવે ગ્રહોનાં વર્ષોનો સમાવેશ થઈ જાય છે તે દશામાં કયા કયા ગ્રહનાં કયાં નક્ષત્રો છે અને તે નક્ષત્રો પ્રમાણે દરેક ગ્રહની દશા કેટલાં વર્ષ પર્યંત રહે છે તે તરફ જરા પ્રથમ વિચાર કરીએ.

## વિંશોત્તરી દશાનો ક્રમ આ પ્રમાણે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| રવિ | ૬ | વર્ષ | કૃત્તિકા. | ઉત્તરાફાલ્ગુની. | ઉત્તરાષાઢા. |
| સોમ | ૧૦ | ,, | રોહિણી. | હસ્ત. | શ્રવણ. |
| મંગળ | ૭ | ,, | મૃગશીર્ષ. | ચિત્રા. | ધનિષ્ઠા, |
| રાહુ | ૧૮ | ,, | આર્દ્રા. | સ્વાતી. | શતભિષા |
| ગુરૂ | ૧૬ | ,, | પુનર્વસુ. | વિશાખા, | પૂર્વાભાદ્રપદા. |
| શનિ | ૧૯ | ,, | પુષ્ય. | અનુરાધા. | ઉત્તરાભાદ્રપદા. |
| બુધ | ૧૭ | ,, | આશ્લેષા. | જયેષ્ઠા. | રેવતી. |
| કેતુ | ૭ | ,, | મઘા. | મૂલ. | અશ્વિની. |
| શુક્ર | ૨૦ | ,, | પૂર્વાફાલ્ગુની. | પૂર્વાષાઢા. | ભરણી. |

આ પ્રમાણે દરેક ગ્રહનાં વર્ષો અને તેનાં નક્ષત્રો છે, એટલે જન્મનું જે નક્ષત્ર હોય તે પરથી કયા ગ્રહની દશામાં જન્મ છે તે સ્પષ્ટ સમજી શકાશે. આના વિશેષ ખુલાસા માટે નીચે એક કોઠો આપવામાં આવ્યો છે તે જોશો એટલે સ્પષ્ટ રીતે સમજાશે.

| ગ્રહો. | રવિ | સોમ | મંગળ | રાહુ | ગુરૂ | શનિ | બુધ | કેતુ | શુક્ર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નક્ષત્રો | કૃત્તિકા<br>ઉત્તરા ફાલ્ગુની<br>ઉત્તરા-પાઢા | રોહિણી<br>હસ્ત<br>શ્રવણ | મૃગશીર્ષ<br>ચિત્રા<br>ધનિષ્ઠા | આર્દ્રા<br>સ્વાતી<br>શત-ભિષા | પુન-ર્વસુ<br>વિશા-ખા<br>પૂર્વા ભાદ્ર-પદા | પુષ્ય<br>અનુ-રાધા<br>ઉત્તરા ભાદ્ર-પદા | આશ્લે-ષા<br>જયે-ષ્ઠા<br>રેવતી | મઘા<br>મૂલ<br>અશ્વિ-ની | પૂર્વાફા-લ્ગુની<br>પૂર્વાષા-ઢા<br>ભરણી |
| દરેક નક્ષત્રની દશાનાં વર્ષ | ૬ | ૧૦ | ૭ | ૧૮ | ૧૬ | ૧૯ | ૧૭ | ૭ | ૨૦ |
| ઘટીમાં દિવસો | ૩૬ | ૬૦ | ૪૨ | ૧૦૮ | ૯૬ | ૧૧૪ | ૧૦૨ | ૪૨ | ૧૨૦ |
| પલમાં ઘટીઓ | ૩૬ | ૬૦ | ૪૨ | ૧૦૮ | ૯૬ | ૧૧૪ | ૧૦૨ | ૪૨ | ૧૨૦ |

હવે અત્રે દશાપ્રકરણ ચાલતું હોવાથી અને દશાનાં ભુક્તભોગ્ય એટલે જન્મસમયે કેટલાં વર્ષ એ દશાનાં ગયાં અને કેટલાં બાકી રહ્યાં એ બરાબર સમજવા માટે થોડા ગણિતની પણ અત્રે જરૂર હોવાથી

તે આપવું અનુચિત નહીં ગણાય એમ માની સમજુતી માટે તે આપવામાં આવે છે. જેમકે દાખલા તરીકે—

એક માણસનો જન્મ ચિત્રા નક્ષત્રમાં થયેલો છે અને ચિત્રા નક્ષત્ર બધું મળીને ૬૩ ઘટીનું છે. તેમાંથી જન્મસમયે ૪૨ ઘટી ચાલી ગયું છે અને બાકી ૨૧ ઘટી રહ્યું છે. હવે એ ચિત્રા નક્ષત્ર પરથી મંગળની દશામાં જન્મ થયો એમ કહેવાય, પરંતુ તે મંગળની દશાનાં કેટલાં વર્ષ ગયાં અને કેટલાં બાકી છે એમ દશાનું ભુક્તભોગ્ય સમજવા ત્રિરાશિથી ગણિત કરવું જોઈએ તો તે ત્રિરાશિની રીતે આ પ્રમાણે ગણી શકાય.

| ઘ. | ઘ. | વર્ષ |
|---|---|---|
| ૬૩ | ૪૨ | ૭ |

(૭ × ૪૨ [૨]) / (૬૩ [૩]) = ૧૪/૩ = ૪ વ ૨/૩ × ૧૨ [૪]/૧ = મા. ૮ = વ. ૪ મા. ૮

આ પ્રમાણે નક્ષત્રની જે ૪૨ ઘટી ગએલી છે તેનાં દશાનાં વર્ષાદિ કાઢતાં ૪ વર્ષ અને ૮ માસ થાય છે એટલે મંગલની દશાનાં એટલાં વર્ષાદિ ચાલ્યાં ગયાં છે, એટલે ચિત્રા નક્ષત્રનાં કુલ ૭ વર્ષમાંથી બાદ કરતાં ૨ વર્ષ ને ૪ માસ બાકી રહે છે અને તે

| વ. | મા. |
|---|---|
| ૭ | ૦ |
| ૪ | ૮ |
| ૨ | ૪ |

નક્ષત્રની જન્મસમય પછીની બાકી રહેલી ૨૧ ઘટીનો હિસાબ કરતાં બરાબર છે. એટલે ચિત્રા નક્ષત્રમાં મંગલની દશા ગણાતી હોવાથી મંગલની દશાનાં ૪ વર્ષ ૮ માસ ગયા જન્મમાં ભોગવાઇ ગયાં અને જન્મ પછીથી ૨ વર્ષ અને ૪ માસ ભોગવવાનાં બાકી છે. અર્થાત્ મંગલની મહાદશામાં આ માણસનો જન્મ થયો એમ સમજવું અને ત્યાર પછી જે જે ગ્રહોની જેટલાં જેટલાં વર્ષની મહાદશા હોય તેટલાં વર્ષો તે તે ગ્રહોની દશા સારી અથવા માઠી ગ્રહોના પ્રમાણમાં આવે એમ સમજવું.

જેઓને વર્ષોની ગણત્રી મુખથી થતી હોય તેઓને તેમ કરવું સુગમતા ભરેલું છે તેથી સમય તથા ગણિતની મહેનત બચી જાય છે, પરંતુ જ્યાં સૂક્ષ્મ ગણત્રી બરાબર કરવી પડે તેમ હોય તો તે પુરતું ગણિત કરવું વધારે યોગ્ય છે કે જેથી ભૂલ આવવાનો સંભવ રહેતો નથી.

પહેલાં બતાવેલા કોઠાપરથી સામાન્યતઃ વિંશોત્તરી દશા જન્મનક્ષત્ર

પરથી કાઢવી હોય તો તે સુલભ થાય તેટલા માટે પ્રસંગવશાત્ તે જાણવાની રીત આપવામાં આવે છે અને તે આ પ્રમાણે છેઃ—

**नयनो २ नजनुर्भतोंक ९ हृत् क्रमशोर्केंदुकुजागुसूरयः ॥**
**शनिचंद्रजकेतुभार्गवाः परिशेषास्तु दशाधिपाः स्मृताः ॥ १ ॥**

જન્મસમયનું જે નક્ષત્ર હોય તે નક્ષત્રની સંખ્યામાંથી ૨ બાદ કરવા. એ બાદ કરતાં જે રહે તેને ૯ થી ભાગવા અને તેમ ભાગતાં જે સંખ્યા બાકી રહે તે સંખ્યાપરથી આગલના કોઠા પ્રમાણેના ગ્રહની દશા જાણવી, એટલે ૧ બાકી રહે તો સૂર્યની, ૨ રહે તો ચંદ્રની, ૩ રહે તો મંગલની, ૪ રહે તો રાહુની, ૫ રહે તો ગુરૂની, ૬ રહે તો શનિની, ૭ રહે તો બુધની ૮ રહે તો કેતુની, અને ૯ રહે તો શુક્રની દશા જાણવી.

ઉદાહરણ તરીકે આપણે જોઈએ કે એક માણસનો જન્મ વિશાખા નક્ષત્રમાં છે તો તે અશ્વિનીથી ગણતાં સોલમું નક્ષત્ર છે, તેનાથી ઉપર કહેલી રીતે પ્રમાણે ૨ બાદ કરતાં ૧૪ રહે, તેને ૯ થી ભાગતાં બાકી ૫ રહે તો તે મનુષ્યનો જન્મ કોઠાના આંક પ્રમાણે પાંચમે ગુરૂની દશામાં થયો એમ સમજવું. વળી નક્ષત્રની સંખ્યામાંથી ૨ બાદ કરતાં નવ રહે ત્યાં સુધી તો આંક પ્રમાણેજ સમજી લેવું, કારણ ત્યાં સુધી ભાગ લઈ શકાતો નથી પણ નવથી જ્યાં વધારે સંખ્યા હોય ત્યાં ૯ થી ભાગ ચલાવી બાકી રહેલા પ્રમાણે ગણત્રી સમજી લેવી.

હવે મહાદશાના સંબંધમાં નક્ષત્રપરથી ગ્રહોની દશા જાણવાની રીત તથા તેનાં વર્ષોમાંથી નક્ષત્રોની ઘટી પલ પરથી ગત જન્મમાં કેટલાં વર્ષની દશા ભોગવાઈ અને હવે કેટલાં વર્ષ બાકી છે, તે પણ બતાવવામાં આવ્યું છે, પણ હવે એ મહાદશામાંથી અંતર્દશાઓ જાણવી ઉપયોગી હોવાથી તે કેવી રીતે કાઢવામાં આવે છે તે પણ વાંચકવર્ગની જાણ માટે લખવું અત્રે યોગ થઈ પડશે.

જે ગ્રહની મહાદશામાં જે ગ્રહની અંતર્દશા કાઢવી હોય તે ગ્રહોનાં વર્ષોની સંખ્યાનો ગુણાકાર કરવો અને તેને ૧૦ થી ભાગતાં લબ્ધિ જે આવે તે માસ, અને ત્યારપછી શેષ રહેલી રકમને ૩૦ થી ગુણી ૧૦ થી ભાગતાં જે લબ્ધિ આવે તે દિવસ, પછી શેષ રહયા હોય તો તેને ૬૦ થી ગુણી ૧૦ થી ભાગતાં જે લબ્ધિ આવે તે ઘટી અને બાકી જે રહેલા હોય તેને ૬૦ થી ગુણી ૧૦ થી ભાગતાં જે આવે તે પળ

સમજવી. માસ ૧૨ થી વધારે હોય તો તેનાં વર્ષ કરવાં. એ પ્રમાણે આવેલાં વર્ષ, માસ, દિવસ, ઘટી અને પળ એ જે ગ્રહની અંતર્દશા કરવી છે તેનાં વર્ષાદિ જાણવાં.

જેમકે મંગળની મહાદશામાં ગુરૂની અંતર્દશા કરવી છે તો એ બંનેનાં વર્ષોના અંક અનુક્રમે ૭ અને ૧૬ ને ગુણ્યા તો ૧૧૨ થયા તેને ૧૦ થી ભાગ્યા તો લબ્ધિ ૧૧ માસ અને બાકી ૨ રહ્યા તેને ૩૦ થી ગુણતાં ૬૦ થયા તેને ૧૦ થી ભાગતાં લબ્ધિ ૬ આવી તે દિવસ, એ પ્રમાણે ૧૧ માસ ૬ દિવસ એ મંગલની મહાદશામાં ગુરૂની અંતર્દશા થઇ એમ જે જે ગ્રહોની અંતર્દશા કાઢવી હોય તે કાઢી લેવી.

આ પ્રમાણે મહાદશાવાળા ગ્રહમાંથી અનુક્રમે દરેક ગ્રહની અંતર્દશાઓ કાઢતાં કયા ગ્રહની મહાદશામાં કયા ગ્રહની અંતર્દશા ચાલે છે તે સમજાઈ જશે, વિશેષ ખુલાસા માટે બાજુનો કોઠો જોવાથી સમજાશે.

હવે દશાઓને વધારે સૂક્ષ્મ રીતે સમજવા માટે અંતર્દશાઓમાંથી ઉપદશાઓ કાઢવામાં આવે છે અને તેથી તે ઉપદશાઓ જાણવી પણ ઉપયોગી હોવાથી અંતર્દશાઓમાંથી તે કેવી રીતે કાઢવી તે કહેવામાં આવે છે.

જે ગ્રહની અન્તર્દશામાં ઉપદશા બનાવવી હોય તે ગ્રહની અંતર્દશાનાં વર્ષનાં દિવસ વિગેરે બનાવવાં અને પછી તેને જે ગ્રહની ઉપદશા કરવી હોય તે ગ્રહની મહાદશાનાં વર્ષોથી ગુણી તેને ૧૨૦ થી ભાગવા તો તેમાં જે લબ્ધિ આવે તે દિવસ સમજવા અને જે શેષ રહેલા હોય તેને ૬૦ થી ગુણી ૧૨૦ થી ભાગતાં જે લબ્ધિ આવે તે ઘટી અને તેમાંથી જે શેષ રહેલું હોય તેને ૬૦ ગુણી ૧૨૦ થી ભાગતાં જે લબ્ધિ આવે તે પળ સમજવી. આ પ્રમાણે જે દિવસ, ઘટી વિગેરે આવેલાં હોય તેના માસ અને વર્ષ કરવાં અને એમ કરતાં જે વર્ષ માસ વિગેરે થાય તે તેની અન્તર્દશામાં ઉપદશા સમજવી.

જેમ કે મંગળની મહાદશામાં ગુરૂની અંતર્દશા ૦–૧૧–૬–૦ વર્ષાદિ એટલે ૧૧ માસ ૬ દિવસની છે. હવે એ ૧૧ માસ ૬ દિવસની ગુરૂની અંતર્દશામાં ચંદ્રની ઉપદશા કરવી છે તો ગુરૂની અંતર્દશાના ૧૧ માસ ને ૬ દિવસના દિવસ કરતાં ૩૩૬ દિવસ થયા. હવે એ દિવસોને ચંદ્રની ઉપદશા કરવાની હોવાથી ચંદ્રની મહાદશાનાં વર્ષ ૧૦ થી ગુણ્યા તો ૩૩૬૦ થયા, એ સંખ્યાને ૧૨૦ થી ભાગ્યા તો લબ્ધિ ૨૮ દિવસ આવ્યા એટલે ૨૮ દિવસ તે મંગલની મહાદશામાં ગુરૂની અંતર્દશામાં ચંદ્રની ઉપદશાના થયા સમજવા. આ પ્રમાણે દરેક ગ્રહની ઉપદશા કાઢી લેવી કે તે પરથી સૂક્ષ્મ દશાઓનો ફળાદેશ સમજી શકાશે.

# વિંશોત્તરી મહાદશામાં અંતર્દશાઓના કોઠાઓ.

## ૧ સૂર્યમહાદશામાં અંતર્દશાઓ. (૬)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| સૂ. | ૦ | ૩ | ૧૮ | ૦ | ૦ |
| ચં | ૦ | ૬ | ૦ | ૦ | ૦ |
| મં | ૦ | ૪ | ૬ | ૦ | ૦ |
| રા | ૦ | ૧૦ | ૨૪ | ૦ | ૦ |
| ગુ. | ૦ | ૯ | ૧૮ | ૦ | ૦ |
| શ | ૦ | ૧૧ | ૧૨ | ૦ | ૦ |
| બુ | ૦ | ૧૦ | ૬ | ૦ | ૦ |
| કે. | ૦ | ૪ | ૬ | ૦ | ૦ |
| શુ. | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |

## ૨ ચંદ્રમહાદશામાં અંતર્દશાઓ. (૧૦)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| ચં | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ |
| મં | ૦ | ૭ | ૦ | ૦ | ૦ |
| રા | ૧ | ૬ | ૦ | ૦ | ૦ |
| ગુ | ૧ | ૪ | ૦ | ૦ | ૦ |
| શ. | ૧ | ૭ | ૦ | ૦ | ૦ |
| બુ. | ૧ | ૫ | ૦ | ૦ | ૦ |
| કે. | ૦ | ૭ | ૦ | ૦ | ૦ |
| શુ. | ૧ | ૮ | ૦ | ૦ | ૦ |
| સૂ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ |

## ૩ મંગલમહાદશામાં અંતર્દશાઓ (૭)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| મં | ૦ | ૪ | ૨૭ | ૦ | ૦ |
| રા | ૧ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ગુ. | ૦ | ૧૧ | ૬ | ૦ | ૦ |
| શ. | ૧ | ૧ | ૯ | ૦ | ૦ |
| બુ. | ૦ | ૧૧ | ૨૭ | ૦ | ૦ |
| કે. | ૦ | ૪ | ૨૭ | ૦ | ૦ |
| શુ. | ૧ | ૨ | ૦ | ૦ | ૦ |
| સૂ | ૦ | ૪ | ૬ | ૦ | ૦ |
| ચ. | ૦ | ૭ | ૦ | ૦ | ૦ |

## ૪ રાહુમહાદશામાં અંતર્દશાઓ (૧૮)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| રા | ૨ | ૮ | ૧૨ | ૦ | ૦ |
| ગુ. | ૨ | ૪ | ૨૪ | ૦ | ૦ |
| શ. | ૨ | ૧૦ | ૬ | ૦ | ૦ |
| બુ. | ૨ | ૬ | ૧૮ | ૦ | ૦ |
| કે. | ૧ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| શુ. | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૦ | ૧૦ | ૨૪ | ૦ | ૦ |
| ચં. | ૧ | ૬ | ૦ | ૦ | ૦ |
| મ. | ૧ | ૦ | ૧૮ | ૦ | ૦ |

## ૫ ગુરૂમહાદશામાં અંતર્દશાઓ (૧૬)

| ગ્ર | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| ગુ. | ૨ | ૧ | ૧૮ | ૦ | ૦ |
| શ. | ૨ | ૬ | ૧૨ | ૦ | ૦ |
| બુ. | ૨ | ૩ | ૬ | ૦ | ૦ |
| કે. | ૦ | ૧૧ | ૬ | ૦ | ૦ |
| શુ. | ૨ | ૮ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૦ | ૯ | ૧૮ | ૦ | ૦ |
| ચં. | ૧ | ૪ | ૦ | ૦ | ૦ |
| મં. | ૦ | ૧૧ | ૬ | ૦ | ૦ |
| રા. | ૨ | ૪ | ૨૪ | ૦ | ૦ |

## ૬ શનિમહાદશામાં અંતર્દશાઓ (૧૯)

| ગ્ર. | વ. | મા | દિ | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| શ. | ૩ | ૦ | ૩ | ૦ | ૦ |
| બુ. | ૨ | ૮ | ૯ | ૦ | ૦ |
| કે. | ૧ | ૧ | ૯ | ૦ | ૦ |
| શુ. | ૩ | ૨ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૦ | ૧૧ | ૧૨ | ૦ | ૦ |
| ચ. | ૧ | ૭ | ૦ | ૦ | ૦ |
| મં | ૧ | ૧ | ૯ | ૦ | ૦ |
| રા. | ૨ | ૧૦ | ૬ | ૦ | ૦ |
| ગુ. | ૨ | ૬ | ૧૨ | ૦ | ૦ |

## ૭ બુધમહાદશામાં અંતર્દશાઓ (૧૭)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| બુ. | ૨ | ૪ | ૨૭ | ૦ | ૦ |
| કે. | ૦ | ૧૧ | ૨૭ | ૦ | ૦ |
| શુ. | ૨ | ૧૦ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૦ | ૧૦ | ૬ | ૦ | ૦ |
| ચ. | ૧ | ૫ | ૦ | ૦ | ૦ |
| મ | ૦ | ૧૧ | ૨૭ | ૦ | ૦ |
| રા. | ૨ | ૬ | ૧૮ | ૦ | ૦ |
| ગુ. | ૨ | ૩ | ૬ | ૦ | ૦ |
| શ. | ૨ | ૮ | ૯ | ૦ | ૦ |

## ૮ કેતુમહાદશામાં અંતર્દશાઓ (૭)

| ગ્ર. | વ. | મા. | દિ | ઘ. | પ. |
|---|---|---|---|---|---|
| કે. | ૦ | ૪ | ૨૭ | ૦ | ૦ |
| શુ. | ૧ | ૨ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૦ | ૪ | ૬ | ૦ | ૦ |
| ચં. | ૦ | ૭ | ૦ | ૦ | ૦ |
| મં. | ૦ | ૪ | ૨૭ | ૦ | ૦ |
| રા. | ૧ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ગુ. | ૦ | ૧૧ | ૬ | ૦ | ૦ |
| શ. | ૧ | ૧ | ૯ | ૦ | ૦ |
| બુ. | ૦ | ૧૧ | ૨૭ | ૦ | ૦ |

## ૯ શુક્રમહાદશામાં અંતર્દશાઓ (૨૦)

| ગ્ર. | વ. | મા. | દિ. | ઘ. | પ |
|---|---|---|---|---|---|
| શુ. | ૩ | ૪ | ૦ | ૦ | ૦ |
| સૂ. | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ચં. | ૧ | ૮ | ૦ | ૦ | ૦ |
| મં. | ૧ | ૨ | ૦ | ૦ | ૦ |
| રા. | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગુ. | ૨ | ૮ | ૦ | ૦ | ૦ |
| શ. | ૩ | ૨ | ૦ | ૦ | ૦ |
| બુ. | ૨ | ૧૦ | ૦ | ૦ | ૦ |
| કે. | ૧ | ૨ | ૦ | ૦ | ૦ |

હવે ગ્રંથકારે આ ગ્રંથમાં વિંશોત્તરી દશા લેવી એ પ્રમાણે કહયું છે, પણ **गुर्जरे कच्छसौराष्ट्रे पांचाले सिन्धुमण्डले । एतेष्वष्टोत्तरी ग्राह्या ह्यन्यदेशेऽन्यथा भवेत् ॥** ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, પાંચાલ અને સિંધુ પ્રદેશમાં અષ્ટોત્તરી દશાઅનેબીજા દેશોમાં વિંશોત્તરી દશા લેવી. આ પ્રમાણે ગુજરાતમાં અષ્ટોત્તરી દશા માન્ય હોવાથી એ સંબંધની સમજણ આપવામાં આવે છે.

**અષ્ટોત્તરી દશાનો ક્રમ આ પ્રમાણે છે.**

| | | | |
|---|---|---|---|
| રવિ | ૬ | વર્ષ | આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા. |
| ચંદ્ર | ૧૫ | ,, | મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની. |
| મંગળ | ૮ | ,, | હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા. |
| બુધ | ૧૭ | ,, | અનુરાધા, જયેષ્ઠા, મૂલ. |
| શનિ | ૧૦ | ,, | પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજીત, શ્રવણ. |
| ગુરૂ | ૧૯ | ,, | ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદા. |
| રાહુ | ૧૨ | ,, | ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી. |
| શુક્ર | ૨૧ | ,, | કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ. |

આ પ્રમાણે અષ્ટોત્તરી દશામાં નવ ગ્રહની ન આવતાં આઠ ગ્રહની દશા આવે છે, અને તેનાં વર્ષ તથા નક્ષત્રો ઉપર પ્રમાણે છે, છતાં પણ સ્પષ્ટ સમજ માટે એનો કોઠો નીચે આપવામાં આવે છે.

| ગ્રહો | રવિ | ચંદ્ર | મંગળ | બુધ | શનિ | ગુરૂ | રાહુ | શુક્ર |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૬ | ૧૫ | ૮ | ૧૭ | ૧૦ | ૧૯ | ૧૨ | ૨૧ |
| નક્ષત્રસંખ્યા | ૪ | ૩ | ૪ | ૩ | ૪ | ૩ | ૪ | ૩ |
| નક્ષત્રો | આર્દ્રા પુનર્વસુ પુષ્ય આશ્લેષા | મઘા પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની | હસ્ત ચિત્રા સ્વાતી વિશાખા | અનુરાધા જયેષ્ઠા મૂલ | પૂર્વાષાઢા ઉત્તરાષાઢા અભિજીત્ શ્રવણ | ધનિષ્ઠા શતભિષા પૂર્વાભાદ્રપદા | ઉત્તરાભાદ્ર૦ રેવતી અશ્વિની ભરણી | કૃત્તિકા રોહિણી મૃગશીર્ષ |
| દરેક નક્ષત્રના માસ | ૧૮ | ૬૦ | ૨૪ | ૬૮ | ૩૦ | ૭૬ | ૩૬ | ૮૪ |
| ૧ ઘટીમાં દિવસો અને | ૯ | ૩૦ | ૧૨ | ૩૪ | ૧૫ | ૩૮ | ૧૮ | ૪૨ |
| ૧ પલમાં ઘટીઓ | ૯ | ૩૦ | ૧૨ | ૩૪ | ૧૫ | ૩૮ | ૧૮ | ૪૨ |

હવે આ ઉપરના કોઠા પરથી પણ કયા કયા ગ્રહોની કેટલાંવર્ષની મહાદશા હોય છે તથા તેનાં કયાં કયાં નક્ષત્રો છે તે સમજાશે. તે સાથે નીચે દરેક નક્ષત્રના જુદા જુદા માસ આપેલા હોવાથી દરેક નક્ષત્ર પર કેટલો સમય ગ્રહની દશા રહે છે તે પણ ધ્યાનમાં આવશે. જેમકે સૂર્યનાં ૬ વર્ષનાં ચાર નક્ષત્રો હોવાથી તે દરેક નક્ષત્ર પર ૧૮ માસ રહે અટલે ૧॥ વર્ષ તેજ પ્રમાણે ચંદ્રનાં ૧૫ વર્ષ નાં ત્રણ નક્ષત્રો હોવાથી દરેક નક્ષત્ર પર ૬૦ માસ એટલે કે ૫ વર્ષ દશા રહે એમ માનવું.

હવે અહિંઆં વિંશોત્તરી દશા કરતાં થોડો ફરક છે. વિંશોત્તરી દશામાં વર્ષના કોઠામાં ગ્રહનાં વર્ષો દરેક નક્ષત્ર પર ભોગવવામાં આવે છે, જ્યારે આમાં તેનાં મૂળ વર્ષોમાંથી નક્ષત્ર પ્રમાણે વિભાગ પાડી તેટલા પ્રમાણમાં દરેક નક્ષત્ર પર ગ્રહની દશા ભોગવવામાં આવે છે, અને તેટલાજ પુરતું આ ઉપરના કોઠામાં પ્રથમ મહાદશાનાં મૂળ વર્ષ લખી નીચે પ્રત્યેક ગ્રહના દરેક નક્ષત્રના વિભાગ પ્રમાણેના માસ આપવામાં આવેલા છે. તેમજ ઘટીમાં દિવસો અનેપલમાં ઘટીઓ પણ આપવામાં આવેલાં છે, જ્યારે વિંશોત્તરી દશામાં ફકત નીચલા વર્ષના ખાનામાં દરેક નક્ષત્ર દીઠ વર્ષ આપવામાં આવેલાં છે. તેમ જ ઘટીમાં દિવસો અને પલમાં ઘટીઓ પણ આપવામાં આવેલાં છે.

હવે અષ્ટોત્તરી દશામાં પણ બાલકના જન્મસમયે કયા ગ્રહનાં કેટલાં વર્ષાદિ ગયાં છે તે માટે ગ્રહની દશાનું ભુકત ભોગ્ય જાણવા માટે ખાસ ગણિતની આવશ્યકતા હોવાથી તે બતાવવામાં આવે છે. દાખલા તરીકે:-

એક માણસનો જન્મ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયેલો છે, અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર બધું મલીને ૫૭ ઘટીનું છે. તેમાંથી જન્મસમયે ૩૮ ઘટી ચાલ્યું ગયું છે અને બાકી ૧૯ ઘટી જન્મ પછી રહયું છે. હવે આમાં જન્મનાર બાળકનો જન્મ ઉતરાફાલ્ગુનીમાં થએલો હોવાથી ચંદ્રની મહાદશામાં થયો કહેવાય, પરંતુ તેમાં ચંદ્રની દશાનાં કેટલાં વર્ષાદિ જન્મ પહેલાં ગયાં અને કેટલાં બાકી રહ્યાં તે દશાનું ભુક્ત ભોગ્ય સમજવા માટે અહીં પણ કંઇક ત્રિરાશિની જરૂર છે, તો તે આ પ્રમાણે છે.

ઘ ઘ માસ
૫૭ ૩૮ ૬૦

૨૦ ૨ માસ
૬૦ × ૩૮ = ૪૦ એટલે ૩ વર્ષ ૪ માસ
૫૭ મ. પૂ. ફા. ૧૦ ,, ૦ ,, =
૩

| | વ. | મા. | |
|---|---|---|---|
| | ૧૫ | ૦ | ચંદ્રની દશા |
| | ૧૩ | ૪ | ભુક્ત દશા |
| | ૧ | ૮ | ભોગ્ય દશા |

આ પ્રમાણે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રની જે ઘડી ગઈ છે તેની ત્રિરાશિથી ગણત્રી કરતાં ૪૦ માસ એટલે ૩ વર્ષ ને ૪ માસ ગત જન્મમાં ચાલ્યા ગયા, એટલે ચંદ્રની મહાદશાના જન્મનક્ષત્ર ઉત્તરાફાલ્ગુની પર ભોગવાતાં ચંદ્રની મહાદશાનાં ૫ વર્ષ એટલે ૬૦ માસમાંથી તે બાદ કરતાં બાકી ૨૦ માસ એટલે ૧ વરસ ને ૮ માસ જન્મનક્ષત્રની ચંદ્રની દશા ભોગવવી બાકી રહે છે અને તે ઉત્તરાફાલ્ગુનીની ભોગ્ય ઘટી ૧૯ ની ગણત્રી કરતાં બરાબર આવી મળે છે. એટલે એકંદર જોતાં મઘા, પૂર્વાફાલ્ગુની એ બે નક્ષત્રો પણ ચંદ્રની મહાદશાનાંજ હોવાથી તે દરેકનાં ૫, ૫ વર્ષ એટલે ૧૦ વર્ષ અને ચાલુ જન્મનક્ષત્રનાં ભોગવાઈ ગયલાં ૩ વર્ષને ૪ માસ એ સર્વનો સરવાળો કરતાં ૧૩ વર્ષ ને ૪ માસ થાય છે તે ચંદ્રની કુલ મહાદશાનાં ૧૫ વર્ષમાંથી બાદ કરતાં ૧ વર્ષને ૮ માસ ચંદ્રની દશા ભોગવવાની રહે છે, અને ત્યારપછી અનુક્રમે મંગળ વિગેરે ગ્રહોની દશા કેટલાં કેટલાં વર્ષની આવે છે અને તે શુભાશુભ ગ્રહોના પ્રમાણોમાં કેવી છે તે કોઠા પરથી સમજી લેવી.

હવે અહીંયાં દશાનું સ્પષ્ટ ભુકત ભોગ્ય લાવવા માટે નક્ષત્રની સૂક્ષ્મ ઘડી પળ—ગતૈષ્ટ પરથી સ્પષ્ટ ચંદ્ર કરવો પડે છે અને તે પરથી ગણિત કરી દશાનું સ્પષ્ટ ભુકત ભોગ્ય લાવી શકાય છે; પરંતુ તેનુ વિવેચન કરતાં અહીં વિસ્તાર વધી પડતો હોવાથી તે અહીં આપવામાં આવ્યું નથી અને તેજ પ્રમાણે અભિજિત્ નક્ષત્રમાં જ્યારે જન્મ હોય છે ત્યારે પણ દશા કાઢવામાં ઉપરની રીત ન વપરાતાં ફેરફાર હોય છે પરંતુ તે સર્વ બીજા ગ્રંથો પરથી જોઈ લેવા ભલામણ છે.

હવે આ અષ્ટોત્તરી દશાના સંબંધમાં માણસને જન્મસમયે કયા ગ્રહની મહાદશામાં પોતાનો જન્મ થયો છે તે જન્મના નક્ષત્રપરથી સમજવા માટે તેમજ તેમાં કેટલાં વર્ષાદિ દશાનાં આગલા જન્મમાં ભોગવાઈ ગયાં અને કેટલાં ભોગવવાં બાકી છે તે સર્વ કોઠા વિગેરે પરથી સમજાવ્યું, પરંતુ હવે એમાં કયા ગ્રહની મહાદશામાં કયા ગ્રહની અંતર્દશા ચાલે છે તે જાણવા માટે કંઈક ગણિતની જરૂર હોવાથી તે પણ આપવામાં આવે છે. જેમકે :-

જે ગ્રહની મહાદશામાં જે ગ્રહની અન્તર્દશા કાઢવી હોય તે બંને ગ્રહનાં પરસ્પરનાં વર્ષોનો ગુણાકાર કરવો અને તેને ૯થી ભાગતાં જે આવે તે માસાદિ તે અમુક ગ્રહની મહાદશામાં અમુક ગ્રહની અંતર્દશા સમજવી, જેમકે ઉદાહરણ તરીકે:—

ચંદ્રની મહાદશામાં શનિની અંતર્દશા કરવી છે અથવા તો શનિની મહાદશામાં ચંદ્રની અંતર્દશા કાઢવી છે તો તે બંનેનાં વર્ષ અનુક્રમે ૧૫, ૧૦ અથવા ૧૦, ૧૫ને ગુણ્યા તો ૧૫૦ આવ્યા. તેને ૯થી ભાગ્યા તો ૧૬ માસ ને

## અષ્ટોત્તરી મહાદશામાં અંતર્દશાઓનો કોઠો.

૧ સૂર્યમહાદશા (વ૧ મધ્યે અંતર્દશા

| હગ્ર | સૂ. | ચં. | મં. | બુ. | શ. | ગુ. | રા. | શુ. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૬ |
| માસ | ૪ | ૧૦ | ૫ | ૧૧ | ૬ | ૦ | ૮ | ૨ | ૦ |
| દિન | ૦ | ૦ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૦ | ૦ | ૦ |
| ઘડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૨ ચંદ્રમહાદશા (વર્ષ ૧૫) મધ્યે અંતર્દશા

| ગ્રહ | ચં. | મં. | બુ. | શ. | ગુ. | રા. | શુ. | સૂ. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૦ | ૧૫ |
| માસ | ૧ | ૧ | ૪ | ૪ | ૭ | ૮ | ૧૧ | ૧૦ | ૦ |
| દિન | ૦ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઘડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૩ મંગલમહાદશા (વર્ષ ૮) મધ્યે અંતર્દશા

| ગ્રહ | મં. | બુ. | શ. | ગુ. | રા. | શુ. | સૂ. | ચં. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૮ |
| માસ | ૭ | ૩ | ૮ | ૪ | ૧૦ | ૬ | ૫ | ૧ | ૦ |
| દિન | ૩ | ૩ | ૨૬ | ૨૬ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ઘડી | ૨૦ | ૨૦ | ૪૦ | ૪૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૪ બુધમહાદશા (વર્ષ ૧૭) મધ્યે અંતર્દશા

| ગ્રહ | બુ. | શ. | ગુ. | રા. | શુ. | સૂ. | ચં. | મં. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૨ | ૧ | ૨ | ૧ | ૩ | ૦ | ૨ | ૧ | ૧૭ |
| માસ | ૮ | ૬ | ૧૧ | ૧૦ | ૩ | ૧૧ | ૪ | ૩ | ૦ |
| દિન | ૩ | ૨૬ | ૨૬ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૩ | ૦ |
| ઘડી | ૨૦ | ૪૦ | ૪૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૫ શનિમહાદશા (વર્ષ ૧૦) મધ્યે અંતર્દશા

| ગ્રહ | શ. | ગુ. | રા. | શુ. | સૂ. | ચં. | મં. | બુ. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૧૦ |
| માસ | ૧૧ | ૯ | ૧ | ૧૧ | ૬ | ૪ | ૮ | ૬ | ૦ |
| દિન | ૩ | ૩ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૨૬ | ૨૬ | ૦ |
| ઘડી | ૨૦ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦ | ૪૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૬ ગુરૂમહાદશા (વર્ષ ૧૯) મધ્યે અંતર્દશા

| ગ્રહ | ગ. | રા. | શુ. | સૂ. | ચં. | મં. | બુ. | શ. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૩ | ૨ | ૩ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૧૯ |
| માસ | ૪ | ૧ | ૮ | ૦ | ૭ | ૪ | ૧૧ | ૯ | ૦ |
| દિન | ૩ | ૧૦ | ૧૦ | ૨૦ | ૨૦ | ૨૬ | ૨૬ | ૩ | ૦ |
| ઘડી | ૨૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦ | ૪૦ | ૨૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૭ રાહુમહાદશા (વર્ષ ૧૨) મધ્યે અંતર્દશા

| ગ્રહ | રા. | શુ. | સૂ. | ચં. | મં. | બુ. | શ. | ગુ. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૨ | ૧૨ |
| માસ | ૪ | ૪ | ૮ | ૮ | ૧૦ | ૧૦ | ૧ | | ૦ |
| દિન | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ઘડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

શુક્રમહાદશા (વર્ષ ૨૧) મધ્યે અંતર્દશા

| ગ્રહ | શુ. | સૂ. | ચં. | મં. | બુ. | શ. | ગુ. | રા. | યો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૪ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૩ | ૨ | ૨૧ |
| માસ | ૧ | ૨ | ૧૧ | ૬ | ૩ | ૧૧ | ૮ | ૪ | ૦ |
| દિન | ૦ | ૦ | ૦ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૦ | ૦ |
| ઘડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

૨૦ દિવસ આવ્યા, તેનાં વર્ષ કર્યાં તો અનુક્રમે ૧ વર્ષ ૪ માસ ને ૨૦ દિવસ

```
૯)૧૫૦(૧૬ માસ
  ૧૪૪
  ૦૦૬
   ૩૦
૯)૧૮૦(૨૦ દિવસ
  ૧૮૦
  ૦૦૦

વ.  મા.  દિ.
૧   ૪   ૨૦
```

થયા તો તે ચંદ્રની મહાદશામાં શનિની અંતર્દશા અથવા શનિની મહાદશામાં ચંદ્રની અંતર્દશા સમજવી. આ પ્રમાણે જે જે ગ્રહની મહાદશામાંજે જે ગ્રહની અંતર્દશા કરવી હોય તે તે કાઢી લેવી અને તે પરથી અશુભ ગ્રહની મહાદશામાં પણ અમુક શુભ ગ્રહની અંતર્દશા પરત્વેનું અથવા તો કોઈ શુભ ગ્રહની મહાદશામાં અશુભ ગ્રહની અંતર્દશા પરત્વેનું શુભાશુભ ફળ સમજી લેવું. છતાં સ્પષ્ટ સમજવા માટે અંતર્દશાનો કોઠો આપવામાં આવેલો છે તે પરથી સ્પષ્ટ સમજી શકાશે

કેટલાક મનુષ્યોને ફલાદેશના સંબંધમાં સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરી ફળ જોવાની અપેક્ષા હોય છે અને તેથી તેમના ઉપયોગમાં આવે તેટલાપુરતું જે પ્રમાણે મહાદશામાંથી અંતર્દશાઓ કાઢવામાં આવે છે તેજ પ્રમાણે અંતર્દશામાંથી ઉપદશાઓ પણ કાઢવામાં આવે છે. એટલે વળી તે શુભાશુભ અંતર્દશાવાળા ગ્રહમાં શુભાશુભ ગ્રહનું ફળ જોવાનુંવધારે સૂક્ષ્મદૃષ્ટિથી સુગમ થઈ પડે છે તેથી તે જાણવા માટે હવે એ અંતર્દશાઓમાંથી ઉપદશાઓ કેવી રીતે કાઢી શકાય તેની રીત પણ આપવામાં આવે છે,

જે ગ્રહની અંતર્દશામાં જે ગ્રહની ઉપદશા કરવી હોય તેમાં જે ગ્રહની મહાદશામાં તે ગ્રહની અંતર્દશાનાં જેટલાં વર્ષાદિ અથવા માસાદિ હોય તેના દિવસ કરવા અને પછી જે ગ્રહની ઉપદશા કરવી હોય તે ગ્રહની મહાદશાનાં જેટલાં વર્ષો હોય તેનાથી તે દિવસને ગુણવા, ગુણતાં જે થાય તેને ૧૦૮ થી ભાગતાં જે લબ્ધિ આવે તે દિવસ જાણવા. ત્યારપછી જે શેષ સંખ્યા રહી હોય તેને ૬૦ થી ગુણી ૧૦૮ થી ભાગતાં લબ્ધિ આવે તે ઘડી અને પછી તેમાંથી પણ જે શેષ રહેલી સંખ્યા હોય તેને ૬૦ થી ગુણી ૧૦૮ થી ભાગતાં લબ્ધિ પળ આવે. પછી પણ શેષ સંખ્યા રહેતી હોય તો તેને પણ ૬૦ થી ગુણી ૧૦૮ થી ભાગી વિપલાદિ ફળ લાવવાં. એ પ્રમાણે આવેલા દિવસ ૩૦ થી વધારે હોય તો ૩૦ થી ભાગી માસ અને માસ બારથી વધારે હોય તો ૧૨ થી ભાગી વર્ષ બનાવવાં. એ પ્રમાણે આવેલાં વર્ષાદિ તે અમુક ગ્રહની મહાદશામાં અમુક ગ્રહની અંતર્દશામાં અમુક ગ્રહની ઉપદશાનાં થશે. જેમકે દાખલા તરીકે:

ચંદ્રની મહાદશામાં મંગળની અંતર્દશામાં સૂર્યની ઉપદશા કરવી છે, તો ચંદ્રની મહાદશામાં મંગળની અંતર્દશાનાં વર્ષાદિક ૧ વર્ષ, ૧ માસ

ને ૧૦ દિવસ છે. તેના દિવસ કર્યા તો ૪૦૦ થયા. તે દિવસ ૪૦૦ ને સૂર્યની ઉપદશા કરવાની હોવાથી તેનાં મહાદશાનાં વર્ષ ૬ થી ગુણ્યા તો ૨૪૦૦ થયા. તેને ૧૦૮ થી ભાગ્યા તો ૨૨ દિવસ ૧૩ ઘટી અને ૨૦ પળ આવ્યા તો તે ચંદ્રની મહાદશામાં મંગળની અંતર્દશામાં સૂર્યની ઉપદશા થઈ. આ પ્રમાણે જ્યારે જ્યારે જે જે ગ્રહોની અંતર્દશામાં ઉપદશાઓ કાઢવી હોય તે તે કાઢી ગ્રહોની દશાનું સૂક્ષ્મશુભાશુભ ફલ જોઈ લેવું.

૧૦૮)૨૪૦૦(૨૨ દિ.<br>
૨૧૬<br>
૦૨૪૦<br>
૨૧૬<br>
૦૨૪<br>
૬૦<br>
૧૦૮)૧૪૪૦(૧૩ ઘ.<br>
૧૦૮<br>
૦૩૬૦<br>
૩૨૪<br>
૦૩૬<br>
૬૦<br>
૧૦૮)૨૧૬૦(૨૦ પલ<br>
૨૧૬<br>
૦૦૦૦

આ સિવાય પણ કેટલીક બીજી જેવી કે યોગિની વિગેરે કે જેનાથી પણ કોઈપણ વ્યક્તિના જીવનનું શુભાશુભ ફલ જ્યોતિર્વિદો વિચાર પૂર્વક સારી રીતે જોઈ શકે છે તે દશાઓ કાઢવામાં આવે છે અને તે પરથી વિશેષ સૂક્ષ્મ ફલાદેશ જોઈ શકાય છે, પરંતુ અહીં વિસ્તારભયથી તે તરફ વળવું અનુચિત ધારી મૂળ ગ્રંથને આધારે રહેલી વિંશોત્તરી દશા અને તેને અંગે ગુજરાત વિગેરેમાં વધારે પ્રમાણભૂત મનાતી અષ્ટોત્તરીદશાનું યથોચિત દિગ્દર્શન કરી હવે મૂળ ગ્રંથ તરફ વળીએ.

**बुधैर्भावादयः सर्वे ज्ञेयाः सामान्यशास्त्रतः ।**
**एतच्छास्त्रानुसारेण संज्ञां ब्रूमो विशेषतः ॥ ४ ॥**

**વિદ્વાનોએ ભાવ વગેરે એટલે ભાવ, રાશિ, સ્વામી, વર્ણ, સ્થિતિ વગેરે સર્વ જ્યોતિષશાસ્ત્રના અન્ય ગ્રંથોમાંથી જાણવાં, માત્ર આ ગ્રંથમાં જે કાંઈ વિશેષ સંજ્ઞાઓ આપેલી છે તેજ હું કહું છું.**

ગ્રંથકારે ભાવ વગેરે બીજા ગ્રંથોમાંથી જાણવા માટે લખ્યું છે અને તેથી વાચકવર્ગને સામાન્ય રીતે થોડી પણ જાણ પડે તે માટે ટુંકમાં અહીં ભાવ વગેરેની હકીકત આપવામાં આવે છે.

જ્યોતિષશાસ્ત્રમાં બાર ભાવ કહેલા છે અને તે દરેકનાં નામ અનુક્રમે **देहं द्रव्यपराक्रमौ सुखसुतौ शत्रुः कलत्रं मृतिर्भाग्यं राज्यपदं क्रमेण गदितौ लाभव्ययौ लग्नतः** ॥ ૧ દેહભુવન, ૨ દ્રવ્યભુવન, ૩ પરાક્રમભુવન, ૪ સુખભુવન, ૫ પુત્રભુવન, ૬ શત્રુભુવન, ૭ કલત્ર–સ્ત્રીભુવન, ૮ મૃત્યુ–આયુષ્યભુવન, ૯ ભાગ્યભુવન, ૧૦ રાજ્યભુવન, ૧૧ લાભભુવન, અને ૧૨ વ્યયભુવન એમ લગ્નથી આરંભીને માનવામાં આવેલાં છે.

આ દરેક ભુવનનાં જુદાં જુદાં અનેક નામો છે અને તેથી તે નામો પ્રમાણેનું પણ જે જે ફળ હોય તે તેઓમાં જોઈ શકાય છે. તે નીચે પ્રમાણે છે.

## લગ્નાદિ બાર ભુવનનાં નામો

૧ લા ભુવનનાં નામ—લગ્ન, મૂર્તિ, અંગ, તનુ, ઉદય, વપુ, કલ્પ, આદ્ય, જન્મ, હોરા, દેહ.

૨ જા ,, ,, સ્વ, કોષ, અર્થ, કુટુંબ, ધન, વાક્, ભુક્તિ, નેત્ર.

૩ જા ,, ,, સહજ, ભ્રાતૃ, દુશ્ચિક્ય, ધૈર્ય, કર્ણ, પરાક્રમ, ભૃત્ય.

૪ થા ,, ,, અંબા, પાતાલ, તુર્ય, હિબુક, ગૃહ, સુહૃદ્, ક્ષિતિ, વાહન, યાન, બંધુ, અબુ, નીર, જલ, વૃદ્ધિ, માતૃ, સુખ, મિત્ર.

૫ મા ,, ,, તનય, બુદ્ધિ, વિદ્યા, આત્મજ, વાક્સ્થાન, પુત્ર, મંત્ર, સંતાન, વૃદ્ધિ અને તનુજ.

૬ ઠ્ઠા ,, ,, રિપુ, દ્વેષ, વૈરી, ક્ષત, રોગ, માતુલ, શસ્ત્ર, ભય.

૭ મા ,, ,, જામિત્ર, અસ્ત, સ્મર, મદન, મદ, દ્યુન, કામ, જાયા, દ્યુત, ગમન, વણિક્.

૮ મા ,, ,, રંધ્ર, આયુ, છિદ્ર, યામ્ય, નિધન, લય, મૃત્યુ, રણ, મૃતિ, પરાભવ.

૯ મા ,, ,, ગુરૂ, ધર્મ, શુભ, તપ, માર્ગ, યાત્રા, ભાગ્ય.

૧૦ મા ,, ,, તાત, આજ્ઞા, માન, કર્મ, આસ્પદ, ગગન, નભ, ,, ,, વ્યોમ, મેષૂરણ, મધ્ય, વ્યાપાર, પિતૃ, રાજ્ય, શાસન.

૧૧ મા ,, ,, ભવ, આગમ, પ્રાપ્તિ આય અને લાભ.

૧૨ મા ,, ,, પ્રાંત્ય, અંતિમ, રિઃફ, વ્યય, બંધક,

આ પ્રમાણે દરેક ભુવનનાં વિશેષ નામો આપવામાં આવેલાં છે.

હવે સ્થાનોમાંથી અમુક અમુક સ્થાનની એક વિશેષ સંજ્ઞાઓ રાખવામાં આવેલી છે કે જે પરથી ફલાદેશ જોવામાં સુગમતા પડે તે આ પ્રમાણે છે.

૧ લા, ૪ થા, ૭ મા અને ૧૦ મા ભુવનને 'કેન્દ્ર' 'કંટક' અથવા ચતુષ્ટય; ‖ ૫ મા, અને ૯ મા સ્થાનને 'ત્રિકોણ,' ‖ ૯ માને 'ત્રિત્રિકોણ,' ‖ ૨ જા, ૫ મા, ૮ મા, અને ૧૧ મા, સ્થાનને 'પણફર' ‖ તેમજ ૩, ૬, ૯, તથા ૧૨ મા ભુવનને 'આપોકિલિમ' ‖ અને ૬, ૮ તથા ૧૨ મા ને 'ત્રિક', ‖ ૩, ૬, ૧૦, ૧૧ ને ઉપચય; ‖ ૪, ૮ ને ચતુરસ્ર ‖ અને ૨, ૧૨ ને નેત્ર, ‖ એમ કહે છે.

હવે આ બારે ભુવનમાં શું શું જોવામાં આવે છે તે ટુંકમાં કહે છે.

## દરેક ભુવનમાં જોવાની બાબતો.

**૧ પહેલા દેહભુવનમાં**—મનુષ્યના શરીરનું રૂપ, જ્ઞાન, વર્ણ, બલાબલ, સ્વભાવ, અને પ્રકૃતિ સંબંધી ફલ જોવામાં આવે છે.

**૨ બીજા દ્રવ્યભુવનમાં**—ધન સંબંધી, કુટુંબનું સુખ, મૃત્યુનો વિચાર, શત્રુ અને રત્ન વગેરેનો વિચાર કરવામાં આવે છે.

**૩ ત્રીજા પરાક્રમભુવનમાં**—પરાક્રમ, નોકર ચાકરો, ભાઈઓ વગેરેનું સુખ, ઉપદેશ કરવાપણું, પ્રયાણ અને પિતાનું મરણ એ જોવામાં આવે છે.

**૪ ચોથા સુખભુવનમાં**—વાહનનું સુખ, બંધુનું સુખ, તેમજ માતાનું સુખ વગેરે, ધનભંડાર, ક્ષેત્ર, ગૃહ, મોટી હવેલી, બાગ બગીચા વગેરે, તેમજ ધર્મ સંબંધી પવિત્ર સ્થાનનો વિચાર કરવામાં આવે છે.

**૫ પાંચમા સંતાનભુવનમાં**—ધર્મ સંબંધી ઉત્તમ સ્થાન, યંત્ર, મંત્ર, વિદ્યા, બુદ્ધિ સંબંધી વિચાર, બીજા વિવિધ પ્રબંધો, પ્રજાનું સુખદુઃખ, રાજ્યની પ્રાપ્તિ અથવા વિનાશ વગેરે સર્વ જોવામાં આવે છે.

**૬ છઠ્ઠા શત્રુભુવનમાં**—મામાના સંબંધમાં તથા પોતાનો નાશ કરનાર સંબંધી શંકાઓનો, શત્રુઓનો, વ્રણાદિક રોગોનો તથા ઓરમાન માતા સમ્બન્ધી સુખદુઃખાદિ સર્વ વિચાર કરવામાં આવે છે.

**૭ સાતમા સ્ત્રીભુવનમાં**—સ્ત્રીસંબંધી સુખદુઃખ, મધ્ય પ્રયાણ તથા વ્યયભાવ તેમજ રાત્રિ વિષેનું પોતાનું મૃત્યુ એ સર્વ જોવામાં આવે છે.

**૮ આઠમા મૃત્યુભુવનમાં**—દેવું, ધન, પ્રતિરોગ, ગુદામાં વ્રણાદિક તથા આયુષ્ય, ગતિ વગેરે કેટલીક બાબત જોવામાં આવે છે.

**૯ નવમા ધર્મભુવનમાં**- હવેલી, મહેલ વગેરે સુખ, ભાગ્ય, ધર્મશાળા સંબંધી, ભાઈની પત્ની વગેરે બાબત તેમજ તીર્થયાત્રા વગેરે સર્વ ધર્મની બાબત સંબંધી વિચાર કરવામાં આવે છે.

**૧૦ દશમા રાજ્યભુવનમાં** - રાજ્ય સંબંધી ઉન્નતિ અવનતિ, આકાશવૃત્તિ, આજીવિકા, પિતા સંબન્ધી સર્વ પ્રકારનો વિચાર, પ્રવાસ તથા મરણ એ સર્વનું નિરીક્ષણ કરવામાં આવે છે.

**૧૧ અગીઆરમા આયભુવનમાં**- નાના પ્રકારની વસ્તુઓની ઉત્પત્તિ એટલે તેના લાભ સંબન્ધી વિચાર, તેમજ પુત્ર અને સ્ત્રી વગેરેનાં સુખ દુઃખાદિ તથા શત્રુઓના શત્રુ સબન્ધી જે કૈં હોય તે જોવામાં આવે છે.

**૧૨ બારમા વ્યયસ્થાનમાં**-ધનસમ્બન્ધી ખર્ચ, શત્રુઓનો વૃત્તાંત, તથા બીજું પણ કેટલુંક એવું હલકી જાતનું ફલાદેશ જોવાનું હોય તે જોવામાં આવે છે.

## દરેક ભાવમાં જોવામાં આવતી વિશેષ બાબતો.

૧ લા **ભાવમાં**–રૂપ, લક્ષણ, રંગ, સ્વભાવ, ગુણ, સુખદુઃખ, શારીરિક સ્થિતિ, સ્થાવર જંગમ મિલકત, ભાઈનો મિત્ર, શત્રુ અથવા ભાગીદારોની સ્ત્રી, સેવકનું મૃત્યુ, પોતાની પ્રજાની લાંબી મુસાફરી અને પોતાના સારાનરસા વિચારોનું ફળ જોવામાં આવે છે.

૨ જા **ભાવમાં**–ધન, કુટુંબ, સુખ, વાણી, જમણું નેત્ર, વિદ્યા, ગરીબાઈ, ખોટ, લાભ, ધીરધાર, શત્રુનું ધન તથા ખોટ, ભાઈબ્હેનના દુશ્મનો. પિતાના મિત્રો, વ્યાપાર, સંતાનની કીર્તિ, સ્ત્રીનું મૃત્યુ, સ્વામીનો ભાગીદાર અને પ્રસિદ્ધ શત્રુ સંબંધમાં જોવામાં આવે છે.

૩ જા **ભાવમાં**–ભાઈભાંડુ, અડોસીપડોસી, પરાક્રમ, ઔષધ, સહાયતા, ગળુ, છાતી, જમણો કાન, ટુંકો પ્રવાસ, કાગળપત્રનો વ્યવહાર, અફવા, દેવતા, મુખ્ય સેવક, મિત્રનાં સંતાન, પોતાનાં સંતાનના મિત્રો, દૂત, નોકરનો ધંધો અને પિતાના ગુપ્ત શત્રુ સંબંધમાં જોવામાં આવે છે.

૪ થા **ભાવમાં**–ગૃહ, ક્ષેત્ર–ખેતર, સ્થાનિક અભ્યુદય, ભોજન, ગાડી, ઘોડા તથા પાલખી વગેરે વાહનોનું સુખ, હૃદય, એકસ્થાન પરની સ્થિરતા, સુખ, જમીન, શહેર, ગામ, ગુપ્ત ભંડાર, બાગ બગીચા, કોઈપણ કાર્યનું છેવટ, પહેલાં ભાઈબ્હેનનું ધન, પોતાનાં સંતાનોના ગુપ્ત શત્રુઓ, સ્ત્રીપુરૂષના પ્રસિદ્ધ શત્રુ, વ્યાપાર, વારસો, હિસ્સો, મૃત્યુ પામેલાનું ધન, મિત્રોનો મંદવાડ અને નોકરોના મિત્ર સંબંધી ફળ જોવામાં આવે છે.

૫ મા **ભાવમાં**–પુત્ર, બુદ્ધિ, મંત્ર, ભોજન, હૃદય, ગર્ભ, પિતાનું ધન, પ્રથમ સંતાનનું આરોગ્ય તથા આકૃતિ, દૂતની કાર્યસિદ્ધિ, વિલાસ, ચાલચલગત, સોરટી, સટ્ટા, જુગાર, રેસ–ઘોડાદોડની શરત, સંગીત, વાદ્ય, ધૂર્તતા, આનંદ, નાટ્ય, રમતગમત, બીજાં ભાઈબ્હેન તથા નોકરોના શત્રુ સંબંધી જોવામાં આવે છે.

૬ ઠ્ઠા **ભાવમાં**–રોગ, શત્રુ, દુઃખ, મોશાળપક્ષ, ચોર, વિઘ્ન, કલેશ, ઘા લાગવા, ભોજનની રુચિ, નોકરચાકર, હાથ નીચેનાં માણસો, નીચ માણસો, નાનાં જાનવરો, મામા મામી, ભાડુત, ખેડુત, પહેલા સંતાનનું ધન અને નોકરી વિષેનું જોવામાં આવે છે.

૭ મા **ભાવમાં**–વિવાહ, લગ્ન, સ્ત્રી, પ્રયાણ અથવા આગમન, ખોવાયેલી વસ્તુ, કોર્ટના કજીઆ, પ્રેમ, સ્ત્રી અથવા પુરુષની ટેવો અને ગુણ, ચોરી, નાસભાગ, મોટાકાકા, કોન્ટ્રાકટ, ભાગીદારી, દંડ, શેર સટ્ટા વિગેરેની દલાલી, કેસમાં જીતવાની બાબત, લડાઈ, ત્રીજાં ભાઈબ્હેન વિષે, બીજા સંતાન સંબંધી,

ડોકટર, ગાઢ પરિચિત માણસ, પ્રસિદ્ધ શત્રુ, ભાઈનાં સંતાન, પિતાનાં ઘરબાર, ગરીબ અથવા નોકરની સંપત્તિ તથા મિત્રોના ધર્મ સંબંધી જોવામાં આવે છે.

**૮ મા ભાવમાં**-મૃત્યુ, કષ્ટ-દુઃખ, વારસો, હિસ્સો, લાંબું આયુષ્ય, શરીરના ગુપ્ત ભાગો, મૃત્યુનાં કારણ, મૃત્યુનું સ્થાન, આપઘાત, સ્ત્રીધન, વીલ, ભાગીદારીની સંપત્તિ, નોકરનાં ભાંડુ, ત્રીજા ભાઇનું ધન, પહેલાં ભાઇબ્હેનનો મંદવાડ, ધર્મગુરૂના શત્રુઓ, ન્યાયાધીશ, મોટા પુરૂષો અને ઉપરી અધિકારી અથવા શેઠના મિત્રો અને ગુપ્ત શત્રુનો ધર્મ વિગેરે જોવામાં આવે છે.

**૯ મા ભાવમાં**-ભાગ્ય, ધર્મ, દાન, ગુરૂ, લાંબો પ્રવાસ, પરદેશ, ધર્માચાર્ય, ગ્રંથ, લાભ, મુદ્રણકળા, વીમાની બાબત, વિદ્યા, વિજ્ઞાન, ભક્તિ, અપશુકન, બીજાં સંતાનના તથા પહેલા ભાઇનો પ્રસિદ્ધ શત્રુઓ, કોર્ટના કજીઆ, ભાગીદારી, પત્નીની માંદગી, પિતાના નોકરચાકર, ભાડુત, સાળા સાળી સંબંધી તથા તેમનું સુખ, પ્રસિદ્ધ શત્રઓના ભાઇ અને મિત્રોના મિત્રો વિગેરે સંબંધી જોવાય છે.

**૧૦ મા ભાવમાં**-રાજા, ન્યાયાધીશ, સરકાર, કર્મ, કીર્તિ, માનઆબરૂ, રાજ્યલાભ, આજીવિકા એટલે ધંધોરોજગાર અને નોકરીચાકરી, પિતૃસુખ, અમીર, ચોર, ચોરાયેલી વસ્તુ, સસરા અને તેમનાં ઘરબાર, પિતાના પ્રસિદ્ધ શત્રુ, પહેલા ભાઇ તથા બ્હેનનું મૃત્યુ, નોકર તથા ભાડુતનાં સંતાન, પ્રથમ સંતાનની માંદગી, મિત્રોના અને પોતાના ગુપ્ત શત્રઓના મિત્ર વિગેરે સંબંધી જોવામાં આવે છે.

**૧૧ મા ભાવમાં**-લાભ, આશા, સંપત્તિ, સંયોગો, ઇચ્છા, પગ, ડાબો કાન, મોટાઈ, મિત્રો, સલાહકાર, રાજસંપત્તિ, પહેલા ભાઇબ્હેનની ધાર્મિક સ્થિતિ, પોતાના પાંચમા ભાઇબ્હેનનાં રૂપ, રંગ, ટેવ, પિતાનું મૃત્યુ, સંતાનના પ્રસિદ્ધ શત્રઓ, પુત્રવધૂ, ઓરમાન બાળકો તથા ભાઈબ્હેન, તેમજ અડોસી-પડોશીની લાંબી મુસાફરી સંબંધી જોવામાં આવે છે.

**૧૨ મા ભાવમાં**-ખર્ચ, નુકશાન, હાનિ, ગુપ્ત શત્રુ, દંડ, કેદ, બંધન, ચોર લુટારાનો ભય, અધમ ગતિ, ડાબી આંખ, નિદ્રાનું સ્થાન, પગોનાં તળીઆં, શોક, આપત્તિ, ઇર્ષ્યા, શત્રુતા, આપઘાત, રાજદ્રોહ, ખુન, પહેલા ભાઇનો ધંધો, સ્ત્રીપુરૂષની માંદગી, પિતાના ધાર્મિક વિચાર, સંતાનનું મૃત્યુ અને પિતાનો દીર્ઘ પ્રવાસ વિગેરે સંબંધી જોવામાં આવે છે.

આ ઉપરાંત દશમા સ્થાનમાં પિતાનું, ૪થા માં માતાનું, ૩ જા માં સહોદરનું, પાંચમામાં પુત્રનું, ૭ મામાં સ્ત્રીનું અને ૮ મામાં આયુષ્યનું જે ફળ જોવામાં આવે છે તે વિશેષમાં-

१ अर्कात् दशमं पितृभवनम्। २ चन्द्राच्चतुर्थं मातृभवनम्। ३ भौमात् तृतीयं सहजभवनम्। ४ बुधात् चतुर्थं मित्रभवनम्। ५ गुरोः पञ्चमं पुत्रभवनम्। ६ शुक्रात् सप्तमं कलत्रभवनम्॥ ७ शनेरष्टमम् आयुष्यभवनम्॥

એટલે કે સૂર્યથી (૧૦) દશમા સ્થાનમાં પિતાનું, ચંદ્રથી (૪) ચોથા સ્થાનમાં માતાનું, મંગળથી (૩) ત્રીજા સ્થાનમાં સહોદરનું, બુધથી (૪) ચોથા સ્થાનમાં મિત્રનું, ગુરૂથી (૫) પાંચમા સ્થાનમાં પુત્રનું, શુક્રથી (૭) સાતમા સ્થાનમાં સ્ત્રીનું, અને શનિથી (૮) આઠમા સ્થાનમાં આયુષ્યસંબંધનું, એ પ્રમાણેનું ફળ પણ તે તે સ્થાનોમાં વિશેષતાથી જોવામાં આવે છે.

## પ્રસંગવશાત્ હવે રાશિ સંબંધી કંઇક વિવેચન કરીએ.

રાશિ બાર છે અને તેનાં નામ અનુક્રમે **મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન** એ પ્રમાણે છે.

આ બારે રાશિનાં કેટલાંક વિશેષ નામ પણ છે અને તે આ પ્રમાણે છે.

**મેષ**–મેષ, અજ, વિશ્વક્રિય, તુંબુર, આદ્ય, ઓજ, છાગ, પ્રથમ.

**વૃષભ**–વૃષભ, ઉક્ષ, ગો, તાવુરુ, ગોકુલ, વૃષ, દ્વિતીય.

**મિથુન**–મિથુન, દ્વંદ્વ, જાતુમ, યમ, યુગ, યુગ્મ, તૃતીય.

**કર્ક**–કર્ક, કુલિર, કર્કાટક, કર્કટ, અંભસી, કર્કિણુ, ચતુર્થ.

**સિંહ**–સિંહ, કંઠીરવ, મૃગેન્દ્ર, લેય, પંચમ.

**કન્યા**–કન્યા, પાથોન, રમણી, તરૂણી, યુવતી, આલય, શૈલ, યોષિત્, ષષ્ટ.

**તુલા**–તુલા, તૌલિ, વાણુક્, જૂક, ઘટ, પથ, સપ્તમ.

**વૃશ્ચિક**–વૃશ્ચિક, અલિ, કૌર્પિ, કીટ, અષ્ટમ.

**ધન**–ધન, ધન્વી, ધનુ, ચાપ, શરાસન, હય, તૌક્ષિક, નવમ.

**મકર**–મકર, મૃગાસ્ય, નક્ર, મૃગ, દશમ.

**કુંભ**–કુંભ, ઘટ, તોયધર, એકાદશ.

**મીન**–મીન, મીનાલિ, મત્સ્ય, પૃથુરોમ, ઝષ, અત્યંભ, દ્વાદશ.

આ પ્રમાણે દરેક રાશિનાં વિશેષ નામ છે અને તેથી જ્યાં એ નામો પ્રમાણેની રાશિ આવે ત્યાં તે તે રાશિનાં નામો સમજવાં. હવે એ રાશિઓનાં સ્વરૂપ વિગેરે કેવાં હોય છે તથા તે કયે કયે સ્થળે રહે છે વગેરેનું વિશેષ વિવેચન ન કરતાં એ બાબતનો કોઠો આપેલો છે તે પરથી તે જાણવું.

## રાશિઓના વર્ણાદિનો કોઠો

| રાશિ / વર્ણાદિ | ૧ મેષ | ૨ વૃષભ | ૩ મિથુન | ૪ કર્ક | ૫ સિંહ |
|---|---|---|---|---|---|
| વિપ્રાદિવર્ણ | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર | વિપ્ર | ક્ષત્રિય |
| વિષમ–સમ | વિષમ | સમ | વિષમ | સમ | વિષમ |
| વર્ણ–રંગ | રાતો | સફેદ | પોપટી | બદામી | ધૂમાડીયો |
| આકાર | મેંઢુ | વૃષભ | સ્ત્રીપુરૂષ | કરચલો | સિંહ |
| સ્વામી | મંગળ | શુક્ર | બુધ | ચંદ્રમા | સૂર્ય |
| શરીરમાં રહેવાનાં સ્થાન | માથું | મુખ | બે હાથ | હૃદય | ઉદર |
| ક્રૂરાદિસંજ્ઞા | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર |
| પાપાદિસંજ્ઞા | પાપ | શુભ | પાપ | શુભ | પાપ |
| પુરૂષ–સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરૂષ |
| ચરાદિસંજ્ઞા | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર |
| બલની દિશા | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | પૂર્વ |
| વશ્ય | ચતુષ્પદ | ચતુષ્પદ | મનુષ્ય | ૧ કીટ | ચતુષ્પદ |
| બલનો સમય | રાત્રિમાં | રાત્રિમાં | રાત્રિમાં | રાત્રિમાં | દિવસે |
| ઉદય | પૃષ્ઠોદય | પૃષ્ઠોદય | શિર્ષોદય | પૃષ્ઠોદય | શિર્ષોદય |
| હ્રસ્વાદિસંજ્ઞા | હ્રસ્વ | હ્રસ્વ | સમ | સમ | દીર્ઘ |
| ધાત્વાદિસંજ્ઞા | ધાતુ | મૂલ | જીવ | ધાતુ | મૂલ |
| દ્રવ્ય | વસ્ત્ર | ચોખા | ફળફૂલ | કેળાં | વાંસ |
| રહેવાના દેશ | પાટલ | કર્ણાટક | ચેરા | ચૌલા | પાંડ્ય |
| રહેવાનો આશ્રય | પૃથ્વી | પૃથ્વી જલ | પૃથ્વી જલ | જલ | પૃથ્વી |
| રહેવાનું સ્થાન | પૃથ્વીની ખાણ | પર્વત ખેતર | જુગાર વિહાર મોજશોખ | વાવ, તળાવ રેતાળ જમીન | મોટા પર્વત ગુફા, ગીચ જંગલ |

૧ કર્કરાશિને કાચબો માનવામાં આવે તો જાતક પરિજાતકમાં એને જલચર કહેવામાં આવે છે.

## રાશિઓના વર્ણાદિનો કોઠો

| ૬ કન્યા | ૭ તુલા | ૮ વૃશ્ચિક | ૯ ધન | ૧૦ મકર | ૧૧ કુંભ | ૧૨ મીન |
|---|---|---|---|---|---|---|
| વૈશ્ય | શૂદ્ર | વિપ્ર | ક્ષત્રિય | વૈશ્ય | શૂદ્ર | વિપ્ર |
| સમ | વિષમ | સમ | વિષમ | સમ | વિષમ | સમ |
| ચિત્ર વિચિત્ર | કાળો | સુવર્ણ જેવો | સફેદ પીળો | કાબરચિત્રો | નોળીયાજેવો | મલિન |
| કન્યા | ત્રાજવું | વિંછી | અશ્વ અને પુરૂષ | મગર | કુંભયુક્ત પુરૂષ | બે માછલાં |
| બુધ | શુક્ર | મંગળ | ગુરૂ | શનિ | શનિ | ગુરૂ |
| કેડ | પેઢું | ગુપ્તભાગ | બે સાથ | બે ઢીંચણ | બે જાંઘ | બે પગ |
| સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય | ક્રૂર | સૌમ્ય |
| શુભ | પાપ | શુભ | પાપ | શુભ | પાપ | શુભ |
| સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ | ચર | સ્થિર | દ્વિસ્વભાવ |
| દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર | પૂર્વ | દક્ષિણ | પશ્ચિમ | ઉત્તર |
| મનુષ્ય | મનુષ્ય | કીટ | મનુષ્ય ૨ ચતુષ્પદ | ૨ ચતુષ્પદ જલચર | ૩ મનુષ્ય | જલચર |
| દિવસે | દિવસે | દિવસે | રાત્રિમાં | રાત્રિમાં | દિવસે | દિવસે |
| શિર્ષોદય | શિર્ષોદય | શિર્ષોદય | પૃષ્ઠોદય | પૃષ્ઠોદય | શિર્ષોદય | ઉભયોદય |
| દીર્ઘ | દીર્ઘ | દીર્ઘ | સમ | સમ | હ્રસ્વ | હ્રસ્વ |
| જીવ | ધાતુ | મૂલ | જીવ | ધાતુ | મૂલ | જીવ |
| સમ | તિલ વગેરે | ધાતુ શેરડી | શસ્ત્ર, ઘોડા | સોનું ઝવેરાત | કમળ વિગેરે | જલજ વસ્તુ |
| કેરલ | કામ્બ્લાસ | મલાયા | સૈન્ધવ | ઉત્તર પાંચાલ | યવન | કોશલ |
| પૃથ્વી જલ | પૃથ્વી | જલ | પૃથ્વી | જલ | પૃથ્વી જલ | જલ |
| વનસ્પતિ, સ્ત્રીવિહાર શિલ્પસ્થા. | મોટું નગર, બજાર | પથ્થરો, ગુફાઓ | ઘોડાર, છાવણી, હાથીખાનું | નદી, જલાશય, વન | પાણીવાળી જગ્યા | નદી, ધરા, સમુદ્ર |

૨ ધનનો પરાર્ધ અને મકરનો પૂર્વાર્ધ.

૩ કુંભને કેટલાક જલચર પણ કહે છે.

આ પ્રમાણે દરેક રાશિનું વિશેષ વર્ણન કોઠામાં આપેલું હોવા છતાં તેના સ્વામી કોણુ કોણુ છે તે ખાસ જાણુવું જરૂરતું હોવાથી તે કહેવામાં આવે છે.

मेषवृश्चिकयोर्भौमः शुक्रो वृषतुलाधिपः
बुधः कन्यामिथुनयोः कर्कस्य स्वामी चन्द्रमाः ॥१॥
स्वामी धनमीनयोर्जीवः शनिर्मकरकुंभयोः
सिंहस्याधिपतिः सूर्यः कथितो गणकैः क्रमात् ॥२॥

મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી મંગળ, વૃષભ અને તુલાનો સ્વામી શુક્ર, કન્યા અને મિથુનનો સ્વામી બુધ અને કર્કનો સ્વામી ચંદ્રમા છે; ધન અને મીનનો સ્વામી ગુરૂ, મકર અને કુંભનો સ્વામી શનિ અને સિંહ રાશિનો સ્વામી સૂર્ય છે એ પ્રમાણે ગણિતતત્ત્વવેત્તાઓએ કહ્યું છે.

## સ્પષ્ટ સમજવા માટે નીચેનો કોઠો જોવો

| રાશિ | મેષ | વૃષભ | મિથુન | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વામી | મંગળ | શુક્ર | બુધ | ચંદ્ર | સૂર્ય | બુધ. | શુક્ર | મંગળ | ગુરૂ | શનિ | શનિ | ગુરૂ |

આ પ્રમાણે રાશિ સંબંધી વિશેષ જ્ઞાન મેળવ્યા પછી હવે ગ્રહો સંબંધી વિશેષ જ્ઞાનની આવશ્યકતા હોવાથી પ્રસંગોપાત્ત તે સંબંધી વિચાર કરીએ.

## ગ્રહો સંબંધી વિશેષ વિવેચન

ગ્રહો નવ છે-**સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ.** ગ્રંથાંતરમાં એમનાં વિશેષ નામો આ પ્રમાણે કહેવામાં આવ્યાં છે.

**સૂર્યનાં નામો**-સૂર્ય, હેલિ, ભાનુમાન્, દીપ્તરશ્મિ, ચંડાંશુ, ભાસ્કર, ભાનુ, અહસ્કર, તીક્ષ્ણાંશુ, દિવાકર, ભાસ્વાન્, તીક્ષ્ણરશ્મિ, વિવસ્વાન્, નલિનીપતિ, દિવામણિ, તમોહંતા, દિનેશ, પ્રભાકર, આદિત્ય, પૂષ, અરુણ, અર્ક, તપન, દિનકૃત્.

**ચંદ્રનાં નામો**-ચંદ્ર, અબ્જ, સોમ, ચંદ્રમા, શીતરશ્મિ, શીતાંશુ, ગ્લૌ, મૃગાંક, કલેશ, શશાંક, તુહિનગુ, શશી, નિશાકર, નક્ષત્રપતિ, ઉડુપતિ, ઇંદુ, શીતદ્યુતિ, શિતગ, રજનીપતિ, નિશાનાથ, કુમુદપતિ, રાત્રીશ.

**મંગળનાં નામો**-મંગળ, આર, વક્ર, આવનેય, કુજ, ભૌમ, લોહિતાંગ, પાપી, અંગારક, ક્રૂરદક્, ક્રૂરકૃત્, રક્ત, મહીસૂતુ, ક્રૂરમિત્ર, ક્ષ્માતન, ક્ષ્માસુત ક્ષિતિજ, રુધિર,.

**બુધનાં નામો**–બુધ, વિત્, જ્ઞ, સૌમ્ય, બોધન, ચંદ્રપુત્ર, ચાંદ્રિ, શાંત, શ્યામગ, કુમાર, અતિદીર્ઘ, હેમ્ના, રૌહિણેય, ઇંદુજ, મૃગાંકતનય, તારાતનય, ઇંદુપુત્ર, સોમજ, પ્રભાસુત.

**ગુરુનાં નામો**–ગુરુ, જીવ, અંગિરા, પ્રશાંત, દેવગુરુ, વાચાંપતિ, ઇજ્ય, ત્રિદિવેશ, વંદ્ય, સુરગુરુ, સુરાચાર્ય, સૂરિ, સુરેય, વાક્પતિ, ઇંદ્રમંત્રી, મંત્રી, દેવેજ્ય, અંગિરા, અંગિરાસૂનુ, બૃહસ્પતિ.

**શુક્રનાં નામો**–શુક્ર, ભૃગુ, ઉશના, ભાર્ગવસૂનુ, અચ્છ, કાણુ, કવિ, દૈત્યગુરુ, ભાર્ગવ, સિત, ભૃગુસુત, આસ્ફુરજીત, અચ્છાસ્ફુરજીત, ભાર્ગવ,. દૈત્યેજ્ય, દૈત્યવિંગ્, કાવ્ય, કામ, અસુર.

**શનિનાં નામો**–શનિ, છાયાત્મજ, પંગુ, યમ, અર્કપુત્ર. કોણુ, અસિત, સૌરિ, કૃશાંગ, નીલ, ક્રૂર, કપિલાક્ષ, દીર્ઘ, રવિજ, પાતંગિ, તરણિતનય, મંદ, કાલ, કૃષ્ણુ, છાયાસુત, મૃદુ, છાયાસૂનુ, અર્કજ.

**રાહુનાં નામો**–રાહુ, તમ, અસુર, અગુ, સૈંહિકેય, સ્વર્ભાનુ, વિધુંતુદ, દાનવ, અમૃતચૌર, સર્પ, ફણી, ધાતા, ભુજંગ, ભુજગ, ભોગી.

**કેતુનાં નામો**–કેતુ, શિખી, ધ્વજ, શનિસુત, ગુલિક, માંદિ, યમાત્મજ, પ્રાણહર, અતિપાપી, ધુમ્ર-મૃત્યુપુત્ર, અનિલ.

આ પ્રમાણે ગ્રહોનાં વિશેષ નામો જાણ્યા પછી ભવિષ્યમાં કોઠામાં આપેલાં ગ્રહોનાં રાશ્યાદિ જોઈશું, છતાં પણ કયા કયા ગ્રહો કોના કોના મિત્ર, સમ અથવા શત્રુ છે તે જાણવાથી ફળની ઉત્કૃષ્ટતા, મધ્યમતા અથવા કનિષ્ઠતા જોવામાં આવે છે તેથી દરેક ગ્રહોની મિત્રતા વગેરે ખાસ જોવી ઉચિત હોવાથી તે આપવામાં આવે છે.

> शत्रू मंदसितौ समश्च शशिजो मित्राणि शेषा रवे-
> स्तीक्ष्णांशुर्हिमरश्मिजश्च सुहृदौ शेषाः समाः शीतगोः ॥
> जीवेन्दूष्णकराः कुजस्य सुहृदोः ज्ञोऽरिः सितार्की समौ
> मित्रे सूर्यसितौ बुधस्य हिमगुः शत्रुः समाश्चापरे ॥१॥
> सूरेः सौम्यसितावरी रविसुतो मध्योऽपरे त्वन्यथा
> सौम्यार्की सुहृदौ समौ कुजगुरू शुक्रस्य शेषावरी ॥
> शुक्रज्ञौ सुहृदौ समः सुरगुरुः सौरस्य त्वन्येऽरयो
> ये प्रोक्ताः सुहृदस्त्रिकोणभवनात्तेऽमी मया कीर्तिताः ॥२॥

સૂર્યના શનિ અને શુક્ર એ શત્રુ છે, બુધ એ સમ છે અને બાકીના એટલે ચંદ્ર, મંગળ અને ગુરૂ એ મિત્ર છે. ચંદ્રના સૂર્ય અને બુધ એ મિત્ર

છે અને બાકીના મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ એ સમ છે (એના કોઈ પણ ગ્રહો શત્રુ નથી). મંગળના ગુરૂ, ચંદ્ર અને સૂર્ય એ ત્રણ મિત્ર છે, બુધ શત્રુ છે અને શુક્ર અને શનિ એ સમ છે. બુધના સૂર્ય અને શુક્ર એ મિત્ર, ચંદ્ર શત્રુ અને બીજા મંગળ, ગુરૂ અને શનિ એ સમ છે. ગુરૂના બુધ અને શુક્ર એ શત્રુ, શનિ સમ અને બીજા સૂર્ય, ચંદ્ર અને મંગળ એ મિત્ર છે. શુક્રના બુધ અને શનિ એ બે મિત્ર છે, મંગળ અને ગુરૂ એ સમ છે અને બાકીના સૂર્ય અને ચંદ્ર શત્ર છે. શનિના શુક્ર અને બુધ મિત્ર છે, ગુરૂ સમ છે અને બીજા સૂર્ય, ચંદ્ર અને મંગળ એ શત્રુ છે. આ પ્રમાણે ત્રિકોણભવનથી જે ગ્રહો મિત્ર છે તે મેં કહ્યા છે. (રાહુના બુધ, શુક્ર અને શનિ મિત્ર, ગુરૂ સમ અને સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્ર છે.)

આમાં જો કે રાહુના મિત્ર વગેરે ગણાવ્યા નથી તો પણ **राहुकेत्वोः फलं सर्वं मन्दवत् कथितं बुधैः** એ ન્યાયે શનિ પ્રમાણેજ તેના મિત્રાદિ સમજવા એટલે કે રાહુના બુધ, શુક્ર, શનિ એ મિત્ર, ગુરૂ સમ અને સૂર્ય, ચંદ્ર અને મંગળ એ શત્ર છે. આ પ્રમાણે દરેક ગ્રહમાં પણ રાહુની મિત્રતા વગેરે ઉમેરવી જોઈએ, જેમકે સૂર્ય, ચંદ્ર અને મંગળનો રાહુ શત્રુ અને બુધ, ગુરૂ, શુક્ર અને શનિનો મિત્ર સમજવો. આના સ્પષ્ટીકરણ માટે નીચેનો કોઠો જોવાથી સમજાશે

## ગ્રહોના મિત્રાદિનો કોઠો

| ગ્રહો મિત્રાદિ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ |
|---|---|---|---|---|---|---|---|---|
| મિત્ર | ચં. મં. ગુ. | સૂ. બુ. | સૂ. ચં. ગુ. | સૂ. શુ. રા. | સૂ. ચં. મં. | બુ. શ. રા. | શુ. બુ. રા. | બુ. શુ. શ. |
| સમ | બુ. | મં. ગુ. શુ. શ. | શુ. શ. | મં. ગુ. શ. | શ. રા. | મં. ગુ. | ગુ. | ગુ. |
| શત્રુ | શુ. શ. રા. | રા. | બુ. રા. | ચં. | બુ. શુ. | સૂ. ચં. | સૂ. ચં. મં. | સૂ. ચં. મં. |

આ ઉપરના કોઠા પરથી ગ્રહોના મિત્રાદિ જોતાં તે જો પરસ્પર મિત્ર હોય તો શુભ, સમ હોય તો મધ્યમ અને શત્રુ હોય તો અધમ ફળ આપનારા થાય છે. એટલે તે પરથી મિત્રાદિ ગ્રહો જોઈ તે પ્રમાણે ફલાદેશ જોવું. જો કે ગ્રહકુંડલી જોતાં એ મિત્રાદિમાંથી પણ અધિમિત્રાદિ વગેરે બનાવીને જેમકે

કોઈ પણ ગ્રહના પોતાના સ્થાનથી, ૨, ૩, ૪, ૧૦, ૧૧, ૧૨, સ્થાનમાં રહેલા ગ્રહો તેના મિત્ર ગણાય છે અને ૧, ૫, ૬, ૭, ૮, ૯, સ્થાનોમાં રહેલા ગ્રહો શત્રુ ગણાય છે. એટલે નિસર્ગ મૈત્ર્યાદિ અને આ સ્થાનની મૈત્ર્યાદિ ગણતાં **मित्रमित्राभ्याम् अधिमित्रम्, मित्रसमाभ्यां मित्रम्, मित्रशत्रुभ्यां समम्, समशत्रुभ्यां शत्रुः, शत्रुशत्रुभ्याम् अधिशत्रुः**

એટલે બંનેમાં મિત્ર હોય તો **અધિમિત્ર**, એકમાં મિત્ર અને બીજામાં સમ હોય તો **મિત્ર**, એકમાં મિત્ર અને બીજામાં શત્રુ હોય તો **સમ**, એકમાં સમ હોય અને બીજામાં શત્રુ હોય તો શત્રુ અને જો બંનેમાં શત્રુ હોય તો **અધિશત્રુ** એ પ્રમાણે પંચધા મૈત્રી કરી સૂક્ષ્મ રીતે ફલાદેશ જોવાય છે.

## ગ્રહોના ઉચ્ચ, નીચ તથા મૂળત્રિકોણ સંબંધી

હવે ગ્રહોના ઉચ્ચ, નીચ તથા મૂળત્રિકોણ સંબંધમાં પણ ફળાદેશ માટે જાણવું જરૂરી હોવાથી તે કહેવામાં આવે છે.

**સૂર્ય** મેષ રાશિના ૧૦ અંશનો, **ચંદ્ર** વૃષભના ૩ અંશ, **મંગળ** મકરના ૨૮ અંશ, **બુધ** કન્યાના ૧૫ અંશ, **ગુરૂ** કર્કના ૫ અંશ, **શુક્ર** મીનના ૨૭ અંશ, **શનિ** તુલાના ૨૦ અંશ, **રાહુ** મિથુનના ૧ અંશ, અને **કેતુ** ધનનો ૧ અંશ એ પ્રમાણે ઉચ્ચના ગણાય છે. અને એજ પ્રમાણે નીચ ઉચ્ચની રાશિથી સાતમી રાશિએ તેટલે જ અંશે એટલે **સૂર્ય** તુલાના ૧૦ અંશે, **ચંદ્ર** વૃશ્ચિકના ૩ અંશે, **મંગળ** કર્કના ૨૮ અંશે, **બુધ** મીનના ૧૫ અંશે, **ગુરૂ** મકરના ૫ અંશે, **શુક્ર** કન્યાના ૨૭ અંશે, **શનિ** મેષના ૨૦ અંશે, **રાહુ** ધનના ૧ અંશે, અને **કેતુ** મિથુનના ૧ અંશે નીચના ગણવામાં આવે છે. વળી ત્રિકોણ, સ્વગૃહી, તથા ઉચ્ચની બાબતમાં એમ કહેવાય છે કે,

**સૂર્ય**–સિંહ રાશિના ૦ થી ૨૦ અંશ સુધી મૂળત્રિકોણ પછી સ્વગૃહી. **ચંદ્ર**–વૃષભના ૦ થી ૩ અંશ સુધી ઉચ્ચ ને ૪થી૩૦ અંશ સુધી મૂળત્રિકોણ. **મંગળ**–મેષના ૦થી૧૨ અંશ સુધી મૂળત્રિકોણ પછી સ્વગૃહી. **બુધ**–કન્યાના ૦ થી ૧૫ અંશ સુધી ઉચ્ચ ને ૧૬ થી ૨૦ અંશ સુધી મૂળત્રિકોણ ને ૨૧થી ૩૦ અંશ સુધી સ્વગૃહી. **ગુરૂ**–ધનના ૦ થી ૧૦ અંશ સુધી મૂળત્રિકોણ પછી સ્વગૃહી. **શુક્ર**–તુલાના ૦ થી ૧૫ સુધી મૂળત્રિકોણ પછી સ્વગૃહી. **શનિ**–કુંભના ૦ થી ૨૦ અંશ સુધી મૂળત્રિકોણ પછી સ્વગૃહી. **રાહુ**–કુંભ રાશિનો મૂળત્રિકોણ જાણવો (જા.પા.) **કેતુ**–સિંહ રાશિનો મૂળત્રિકોણ જાણવો (સિ.સા.) લગ્ન કુંડલી કે પ્રશ્નકુંડલી પરથી ભાવોનું તેમ રોગાદિ, ચોરાયેલી વસ્તુ વિગેરેનું ફલાદેશ જોવા માટે આ ગ્રહોનું રાશ્યાદિ કોષ્ટક આપવામાં આવેલું છે.

## ગ્રહોનું રાશ્યાદિદર્શક કોષ્ટક

| ગ્રહો | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશિ | સિંહ | કર્ક | મેષ, વૃશ્ચિક | મિથુન, કન્યા | ધન, મીન | વૃષભ, તુલા | મકર, કુંભ | મિથુન, કન્યા | ધન, મીન |
| જાતિ | ક્ષત્રિય | વૈશ્ય | ક્ષત્રિય | શૂદ્ર | બ્રાહ્મણ | બ્રાહ્મણ | વર્ણસંકર | ચાંડાલ | વર્ણસંકર |
| ઉચ્ચનાં | મેષ | વૃષભ | મકર | કન્યા | કર્ક | મીન | તુલા | મિથુન | ધન |
| રાશિ | ૦ | ૧ | ૯ | ૫ | ૩ | ૧૧ | ૬ | ૨ | ૮ |
| અંશ | ૧૦ | ૩ | ૨૮ | ૧૫ | ૫ | ૨૭ | ૨૦ | ૧ | ૧ |
| નીચનાં | તુલા | વૃશ્ચિક | કર્ક | મીન | મકર | કન્યા | મેષ | ધન | મિથુન |
| રાશિ | ૬ | ૭ | ૩ | ૧૧ | ૯ | ૫ | ૦ | ૮ | ૨ |
| અંશ | ૧૦ | ૩ | ૨૮ | ૧૫ | ૫ | ૨૭ | ૨૦ | ૧ | ૧ |
| મૂળ-ત્રિકોણ | સિંહ | વૃષભ | મેષ | કન્યા | ધન | તુલા | કુંભ | કુંભ | સિંહ |
| અંશ | ૦-૨૦ | ૪-૩૦ | ૦-૧૨ | ૧૬-૨૦ | ૦-૧૦ | ૦-૧૫ | ૦-૨૦ | — | — |
| ઉચ્ચાંશ | — | ૦-૩ | — | ૦-૧૫ | — | — | — | — | — |
| સ્વગૃહાંશ | ૨૧-૩૦ | — | ૧૩-૩૦ | ૨૧-૩૦ | ૧૧-૩૦ | ૧૬-૩૦ | ૨૧-૩૦ | — | — |
| મિત્ર | ચં. મં. ગુ. | સૂ. બુ. | સૂ. ચં. ગુ | સૂ. શુ. રા. | સૂ. ચં. મં. | બુ. શ. રા. | શુ. બુ. રા. | બુ. શુ. શ. | બુ. |
| સમ | બુ | મં. ગુ. શુ.-શ. | શુ-શ. | મં. ગુ. શ. | શ. રા. | મં-ગુ. | ગુ. | ગુ. | — |
| શત્રુ | શુ. શ. રા. | રા. | બુ-રા. | ચં. | બુ-શુ. | સૂ-ચં. | સૂ-ચં-મં. | સૂ-ચં-મં. | — |

| ગ્રહો | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દૃષ્ટિ પૂર્ણ | ૭ – – | ૭ – – | ૪–૭–૮ | ૭ – – | ૫–૭–૯ | ૭ – – | ૩–૭–૧૦ | ૭ – – | ૭ – – |
| પોણી | ૪–૮ | ૪–૮ | – – | ૪–૮ | ૪–૮ | ૪–૮ | ૪–૮ | ૪–૮ | ૪–૮ |
| અડધી | ૫–૯ | ૫–૯ | ૫–૯ | ૫–૯ | — | ૫–૯ | ૫–૯ | ૫–૯ | ૫–૯ |
| પા | ૩–૧૦ | ૩–૧૦ | ૩–૧૦ | ૩–૧૦ | ૩–૧૦ | ૩–૧૦ | — | ૩–૧૦ | ૩–૧૦ |
| એક રાશિમાં રહેવાનો કાળ | ૧ માસ | ૨ા દિવસ | ૧ા માસ | ૧ માસ | ૧૩ માસ | ૧ માસ | ૨ા વરસ | ૧૮ માસ | ૧૮ માસ |
| પુરુષાદિસંજ્ઞા | પુરુષ | સ્ત્રી | પુરુષ | નપુંસક | પુરુષ | સ્ત્રી | નપુંસક | પુરુષ | પુરુષ |
| પાપાદિસંજ્ઞા | પાપ | * શુભપાપ | પાપ | * શુભપાપ | શુભ | શુભ | પાપ | પાપ | પાપ |
| સત્ત્વાદિગુણ | સત્ત્વગુણ | સત્ત્વગુણ | તમોગુણ | રજોગુણ | સત્ત્વગુણ | રજોગુણ | તમોગુણ | તમોગુણ | તમોગુણ |
| ક્યારે ફળઆપે | આદિમાં | અંતમાં | આદિમાં | હંમેશાં | મધ્યમાં | મધ્યમાં | અંતમાં | — | — |
| ચરાદિસંજ્ઞા | સ્થિર | ચર | ક્રૂર | મિત્ર | કોમળ | લઘુ | તીક્ષ્ણ | — | — |
| સ્વામી | અગ્નિ | વરુણ | બ્રહ્મા | કેશવ | ઇંદ્ર | ઇંદ્રાણી | બ્રહ્મા | — | — |
| દિશા | પૂર્વ | વાયવ્યકોણ | દક્ષિણ | ઉત્તર | નૈઋર્ત્યકોણ | અગ્નિકોણ | પશ્ચિમ | ઇશાનકોણ | — |
| ઉદય | પૃષ્ઠોદય | શિર્ષોદય | પૃષ્ઠોદય | શિર્ષોદય | ઉભયોદય | શિર્ષોદય | પૃષ્ઠોદય | પૃષ્ઠોદય | — |
| ઉદયાસ્તના અંશો–[1] | — | ૧૨ | ૧૭ | ૧૩ | ૧૧ | ૯ | ૧૫ | — | — |
| રંગ | તામ્રસદશ | શ્વેત | રક્ત | પોપટી | પીળો (ગૌર) | ચિત્રવિચિત્ર | કાળો | — | -- |
| કોણ કયા વેદના સ્વામી | — | — | સામવેદ | અથર્વવેદ | ઋગ્વેદ | યજુર્વેદ | — | — | — |
| ધાત્વાદિ સંજ્ઞા | મૂલ | ધાતુ | ધાતુ | જીવ | જીવ | મૂલ | ધાતુ | ધાતુ | — |

૧ ગણાવેલા અંશ પ્રમાણે સૂર્યથી વધારે હોય તો ઉદય અને ઓછો હોય તો અસ્ત. (જુઓ * નોટ પેજ નં. ૨૯)

| ગ્રહો | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શરીરમાં રહેવાની ધાતુઓ | હાડકાં | રકત | મજ્જા | ત્વચા | માંસ | વીર્ય | સ્નાયુઓ | ... | ... |
| કયો વિકાર કરે | વાત, પિત્ત, ઉષ્ણતા | કફ | પિત્ત, ઉષ્ણતા | (ત્રિદોષ) વાત, પિત્ત, કફ | કફ | વાયુ, શ્લેષ્મ | વાયુ | વાયુ | વાયુ |
| ક્યાં વિકારથી કયા રોગ કરે | લોહી, પિત્ત વિકારથી માથામાં મુખમાં | કફથી છાતીમાં ગળામાં | પિત્તકફ, લોહી વિકારથી બરડામાં પેટમાં | વાત, પિત્ત કફથી બે પગમાં બે હાથમાં | વાત, કફથી કેડમાં જાંઘમાં | વાયુ, કફથી વૃષણમાં | વાયુથી બે ઢીંચણમાં બે સાથળમાં | ... ... | ... ... |
| નબળા ગ્રહો થી થતા રોગો | માથાનો દુઃખાવો, તાવ, ક્ષય, મરડો, ચિત્ત વિચાર. | વિલાસથી થતો વ્યાધિ, ફિકાસ, કમળો, સળેખમ, નાકનો સોજો, પિશાચાદિ બાધા. | સોજો કફ, કંઠમાળ, ગુમડાં, દારિદ્રય હથીઆર, અગ્નિ, ભૈરવાદિકની પીડા. | પેટમાં વાયુ, કોઢ, ગુપ્ત રોગ, શૂળ, અજીર્ણ સંગ્રહણી. | શોક, ગુમડાં, દેવોનો શાપ | મદિરાપાન કરનાર, દુષ્ટ સ્ત્રીની સોબત થી મીઠી પીસાબ, સ્ત્રીથી ભય. | દારિદ્રય પિશાચ ચોરની પીડા, સાંધાનો રોગ, કલેશ. | ફેફર, સંયમ, બંધન, ભૂખ, કૃમિવિકાર, પિશાચાદિ બાધા, આપ. ઘાત, કોઢ. | ખુજલી, શત્રુ, હલકી સોબત, માતા, ફસામણ. |
| વસ્તુ પરત્વે સ્વામિત્વ | ખનીજ પદાર્થ | મૂલ | ખનીજપદાર્થ વૃક્ષો | વૃક્ષો | વૃક્ષો, જીવ | જીવ | મૂલ | ... | ... |

## ૧ ગ્રહોની ધાતુઓ વિગેરે, દાન અને જપસંખ્યા

| ગ્રહો | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધાતુ | સોનું | સોનું | સોનું | સોનું | સોનું | સોનું | સોનું | સોનું | સોનું |
| ઉપધાતુ | તાંબુ. | રૂપું | તાંબુ | કાંસુ | કાંસુ | રૂપું | લોઢું | સીસું | પોલાદ |
| નંગ | માણેક | મોતી | પ્રવાલ | પાનું | પોખરાજ | હીરો | નીલમ | ગોમેદ | લસણીયું |
| ધાન્ય | ઘઉં | ચોખા | મસુર | મગ | ચણા | ચોખા | અડદ | તલ | તલ |
| પશુ | લાલ ગાય | શ્વેત વૃષભ | રાતો વૃષભ | હાથી | ઘોડો | શ્વેત ઘોડો | ભેંસ | ઘોડો | બકરો |
| રસ | ગોળ | ઘી | ગોળ | ઘી | સાકર | ઘી | તેલ | તેલ | તેલ |
| વસ્ત્ર | કૌસંબી | સફેદ | રાતું | નીલ | પીળું | ચિત્રવિચિત્ર | કાળું | નીલ | કાળું |
| પુષ્પ | રાતું કમળ | સફેદ પુષ્પ | રાતી કરણુ | સર્વ પુષ્પ | પીળું પુષ્પ | શ્વેત પુષ્પ | કૃષ્ણ પુષ્પ | કૃષ્ણ પુષ્પ | કૃષ્ણ પુષ્પ |
| જપ-સંખ્યા | ૭૦૦૦ | ૧૧૦૦૦ | ૧૦૦૦૦ | ૪૦૦૦ | ૧૯૦૦૦ | ૧૬૦૦૦ | ૨૩૦૦૦ | ૧૮૦૦૦ | ૧૭૦૦૦ |

• ગ્રહો પોતાના સ્થાનથી કેટલામા સ્થાનપર કેટલી દૃષ્ટિથી જુએ છે જાણવું. (પૃ. ૨૭ની ટીપ)

* ચંદ્ર ક્ષીણ કળાનો પાપ, વૃદ્ધિ કળાનો શુભ–તેમ બુધ એકલો અથવા શુભ ગ્રહો સાથે શુભ અને પાપ ગ્રહો સાથે પાપ. કૃષ્ણ પક્ષની આઠમથી શુકલ પડવાના અંત સુધી ક્ષીણ ચંદ્ર જાણવો. (પૃ. ૨૭ની ટીપ)

**૧વર્ગોત્તમી;**– દરેક ગ્રહ ચરરાશિ ૧–૪–૭–૧૦ ના ૩–૨૦ અંશની અંદર હોય, સ્થિરરાશિ ૨–૫–૮–૧૧ રાશિના ૧૩–૨૦થી૧૬–૪૦ અંશ સુધીનો અને દ્વિઃસ્વભાવરાશિ ૩–૬–૯–૧૨: રાશિના ૨૬–૪૦ અંશથી ૩૦–૦ અંશ સુધીનો હોય તો તે વર્ગોત્તમી કહેવાય છે. અથવા જન્મકાળમાં જે ગ્રહ જે રાશિનો હોય તેજ રાશિના નવમાંશમાં આવે તો તે ગ્રહ પણ વર્ગોત્તમી કહેવાય છે.

હવે આપણે ગ્રંથના મૂળ વિષય તરફ વળીશું.

હવે ગ્રંથકારે ભાવ, રાશિ તથા તેના સ્વામી વગેરે ગ્રંથાંતરમાંથી જાણવાનું કહ્યું તે પ્રમાણે આપણે ઉપર જાણી ગયા. હવે ગ્રહોના ફલાદેશ માટે ઉપયોગી થઇ પડતી ગ્રહોની દૃષ્ટિ સંબંધી વિચાર કરવા માટે ગ્રહો કયા કયા સ્થાનોને કેટલી દૃષ્ટિથી જુએ તે જણાવે છે.

पश्यन्ति सप्तमं सर्वे शनिजीवकुजाः पुनः ॥
विशेषतश्च त्रिदशत्रिकोणचतुरष्टमान् ॥ ५ ॥

**સર્વ ગ્રહો પોતે જે સ્થાનમાં રહ્યા હોય તેનાથી સાતમા સ્થાને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે અને તેમાં પણ વિશેષમાં શનિ, ગુરૂ અને મંગળ એ ત્રણે અનુક્રમે ત્રીજા, દશમા; પાંચમા, નવમા; અને ચોથા તથા આઠમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. અર્થાત્ શનિ એ સાતમા સ્થાન ઉપરાંત ત્રિજા તથા દશમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે; ગુરૂ એ સાતમા સ્થાન ઉપરાંત પાંચમા અને આઠમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે અને મંગળ એ સાતમા સ્થાન ઉપરાંત ચોથા અને આઠમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. ૫.**

આ પરથી એમ સમજાય છે કે જે જે ગ્રહો જે જે સ્થાનોને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે તે તે ગ્રહો જે પ્રમાણેના શુભ અથવા પાપગ્રહ હોય તે પ્રમાણેનું સારૂં અથવા નઠારૂં ફળ પૂર્ણ રીતે આપવાવાળા થાય છે, અને તેથી આ દૃષ્ટિવિચાર ફલાદેશ જોતી વખતે અવશ્ય રાખવો.

ગ્રંથાંતરમાં પણ આ પ્રમાણેનું કથન કરેલું છે, પરંતુ તે સિવાય ચરણદૃષ્ટિનું વિવેચન પણ કરવામાં આવેલું જોવામાં આવે છે. આ મૂળ ગ્રંથકારે ફક્ત પૂર્ણ દૃષ્ટિનોજ વિચાર કરેલો છે જ્યારે ગ્રંથાંતરકારોએ દૃષ્ટિઓની અધિકતા ને ન્યૂનતાને અંગે ચરણદૃષ્ટિનું કથન કરી ફલની અધિકતા અથવા અલ્પતાનો વિચાર કરેલો છે. કેટલાકનું માનવું એવું છે કે આ ગ્રંથકારને ફક્ત પૂર્ણ-દૃષ્ટિએ વિચાર કરવોજ યોગ્ય લાગ્યો છે અને તેથી તેમણે ચરણદૃષ્ટિનો વિચાર અહીં આપેલો નથી. ગમે તેમ હોય તોપણ ફલની અલ્પતાઅનલ્પતા માટે તો ચરણદૃષ્ટિ પણ ઉચિત લાગતી હોવાથી તેનો સ્વીકાર કરવો પણ અનુચિત તો નથીજ અને તેથી આપણને તો તે પણ ઉપયોગી હોવાથી ગ્રંથાંતરની તે ચરણદૃષ્ટિનો જરા આપણે વિચાર કરીએ.

**ગ્રંથાંતરમાં ચરણુદષ્ટિને નામે આ પ્રમાણે લખેલું છે.**

* पादैकदृष्टिर्दशमे तृतीये द्विपाददृष्टिर्नवपंचमे च ।
त्रिपाददृष्टिश्चतुरष्टमे च संपूर्णदृष्टिः किल सप्तमे च ॥ १॥

સૂર્યાદિ દરેક ગ્રહ પોતાના સ્થાનથી દશમા તથા ત્રિજાસ્થાનને પાદદષ્ટિથી જુએ છે, નવમા અને પાંચમાસ્થાનને અર્ધદષ્ટિથી જુએ છે; ચોથા અને આઠમા સ્થાનને પોણી દષ્ટિથી જુએ છે અને સાતમા સ્થાનને સંપૂર્ણ દષ્ટિથી જુએ છે.

આપરથી એમ માનવામાં આવે છે કે સૂર્યાદિ ગ્રહો જે જે સ્થાને જેટલી દષ્ટિથી જુએ તે તે ગ્રહો જેવા શુભ અથવા પાપ ગ્રહો હોય તે પ્રમાણેનું સારૂં અથવા નઠારૂં ફળ ઓછાવત્તા પ્રમાણમાં આપે છે, અને જો સંપૂર્ણ દષ્ટિથી જુએ છે તો શુભાશુભ ફળ પૂર્ણરીતે આપે છે. ઉપરોક્ત શ્લોકમાં દષ્ટિની સામાન્ય બાબત કહી, તેમાં વિશેષતા આ પ્રમાણે કહેવામાં આવી છે.

* दशमे तृतीये मन्दो नवमे पंचमे गुरुः ।
वीक्षते विंशतिर्विश्वान् चतुर्थे चाष्टमे कुजः ॥ २॥

શનિ દશમા અને ત્રિજા સ્થાનને, ગુરૂ નવમા અને પાંચમા સ્થાનને અને મંગળ ચોથા તથા આઠમા સ્થાનને વિશ્વ વસા જુએ છે અર્થાત્ પૂર્ણદષ્ટિથી જુએ છે.

આ શ્લોક મૂળ ગ્રંથકારને મળતો છે એટલે મૂળ ગ્રંથકારે આ પ્રમાણેની દષ્ટિ માની છે અને સાતમાસ્થાનમાં સર્વ ગ્રહો માટેની સંપૂર્ણદષ્ટિ સ્વીકારેલી છે. માત્ર આ શ્લોકમાં ચરણદષ્ટિજ વિશેષ છે અને તે શનિ, ગુરૂ અને મંગળની જે સ્થાનોપર પૂર્ણદષ્ટિ તેજ સર્વ ગ્રહોની અનુક્રમે ચરણદષ્ટિ વા, અડધી ને પોણી છે અને સાતમા માટે તો સર્વનીજ સંપૂર્ણદષ્ટિ છે એ નિર્વિવાદ છે. એ સર્વ નીચેનું કોષ્ટક જોવાથી સ્પષ્ટ સમજાશે.

આ પ્રમાણેનો દષ્ટિવિભાગ જોઇ તેપર વિચાર કરી શુભાશુભ ફલની વિશેષતા તથા અલ્પતાનો વિચાર કરી ફલાદેશનું કથન કરવું જોઇએ.

*નોટ– દષ્ટિ ત્રિજે ને દશમે જ પાય, પાંચે નવે બે ચરણે ગણાય;
ચતુર્થ ને અષ્ટમ ત્રણ પાય, સંપૂર્ણ તો સપ્તમપે જણાય.
ત્રિજે દશે દષ્ટિ જ મંદકેરી, વળી નવે પંચમપે ગુરૂની;
ચોથે અને અષ્ટમ ભૌમ કેરે, વિશે વસા–પૂર્ણજ દષ્ટિ સારી.

## ગ્રહોની દૃષ્ટિનો કોઠો

| સ્થાન | ૩ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|
| ગ્રહો | દ. | દ. | દ. | દ. | દ. | દ. | દ. |
| રવિ | ૦। | ૦।।। | ૦।। | ૧ | ૦।।। | ૦।। | ૦। |
| ચંદ્ર | ૦। | ૦।।। | ૦।। | ૧ | ૦।।। | ૦।। | ૦। |
| મંગળ | ૦। | ૧ | ૦।। | ૧ | ૧ | ૦।। | ૦। |
| બુધ | ૦। | ૦।।। | ૦।। | ૧ | ૦।।। | ૦।। | ૦। |
| ગુરૂ | ૦। | ૦।।। | ૧ | ૧ | ૦।।। | ૧ | ૦। |
| શુક્ર | ૦। | ૦।।। | ૦।। | ૧ | ૦।।। | ૦।। | ૦। |
| શનિ | ૧ | ૦।।। | ૦।। | ૧ | ૦।।। | ૦।। | ૧ |

ગ્રંથકાર પાંચમા શ્લોકમાં કહ્યા પ્રમાણે ફલ જોવા માટે પોતાને માન્ય દૃષ્ટિનું કથન કરી હવે કયા કયા ગ્રહો કયા કયા સ્થાનના અધિપતિ હોય તો ઉત્તમ અથવા અધમ ફલ આપનારા થાય છે તેનું કથન કરે છે.

## ગ્રહોનું અધિપતિ તરીકેનું ફળ.

**सर्वे त्रिकोणनेतारो ग्रहाः शुभफलप्रदाः ॥**
**पतयस्त्रिषडायानां यदि पापफलप्रदाः ॥ ६ ॥**

**જો સૂર્યાદિ સર્વ ગ્રહો ત્રિકોણના અધિપતિ એટલે કે પાંચમા અથવા નવમા સ્થાનના અધિપતિ હોય તો શુભ ફલ આપવાવાળા અને ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમા સ્થાનના અધિપતિ હોય તો અશુભ ફળ આપવાવાળા થાય છે. ૬.**

ગ્રંથકર્તાએ આ શ્લોકમાં સામાન્ય રીતે સર્વ ગ્રહોના અમુક સ્થાનના આધિપત્ય પરત્વે સામાન્ય ફલ આપેલું છે, પરંતુ વિચાર કરતાં તેમાંથી આ પ્રમાણે સારાંશ નીકળી શકે કે, જો સર્વ ગ્રહોમાં પાપગ્રહો એટલે કે રવિ, મંગળ, શનિ અને ક્ષીણ ચંદ્ર એ જો ત્રિકોણના એટલે પાંચમા અથવા નવમા સ્થાનના અધિપતિ હોય તો તે શુભફલ આપવાવાળા થાય છે અને તેજ પ્રમાણે વળી ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમા સ્થાનના અધિપતિ જો શુભગ્રહો હોય એટલે કે બુધ, ગુરૂ, શુક્ર અને પૂર્ણચંદ્ર હોય તો તે અશુભફલ આપવાવાળા થાય છે.

આ પ્રમાણે શુભાશુભ ગ્રહોની વહેંચણી કરી ફલકથનની માન્યતા વધારે ઉચિત થશે, કારણ કે ગ્રંથકારે સામાન્યતઃ સર્વ શુભ અથવા અશુભ ગ્રહો અમુક સ્થાનના અધિપતિ હોવાથી એક સરખુંજ ફલ આપે એવો સંભવ હોતો નથી તેમજ તેઓ બીજાં અમુક સ્થાનના અધિપતિ હોવા સાથે અશુભ ફલજ આપે એમ પણ સંભવે નહીં એમ જણાવેલ છે; તેથી ઉપર પ્રમાણે શુભાશુભ ગ્રહોના વિભાગે સ્થાનોનો વિભાગ કરી ફલકથન વધારે મળતું આવે એ સ્વાભાવિક છે અને તેથી એમજ માનવું વધારે ઉચિત છે.

કેટલાક લોકો આ શ્લોકનો એવો અર્થ કરે છે કે, "ત્રિકોણના એટલે નવમા અથવા પાંચમાના (શુભફલ આપવાવાળા અર્થાત્ શુભગ્રહો) અધિપતિ જો ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમાના અધિપતિ હોય તો અશુભ ફલ આપવાવાળા થાય છે." પરંતુ આ અર્થ બરાબર બંધબેસતો હોય તેમ લાગતું નથી. એટલે ઉપર પ્રમાણેની અર્થસંગતિ માનવી વધારે યોગ્ય છે અને તેથી તેજ પ્રમાણે માની ફલકથન કરવું જોઇએ.

## શુભ અને ક્રૂરગ્રહોનુ વિપરીત ફલ અને પ્રાબલ્ય

**न दिशन्ति शुभं नृणां सौम्याः केन्द्राधिपा यदि ॥**
**क्रूराश्चेदशुभं ह्येते प्रबलाश्चोत्तरोत्तराः ॥ ७ ॥**

**જો સૌમ્ય ગ્રહો (બુધ, ગુરુ, શુક્ર અને પૂર્ણચંદ્ર) કેન્દ્ર સ્થાનના એટલે ૧, ૪, ૭, ને ૧૦ મા સ્થાનના અધિપતિ થઇને પડેલા હોય તો ઉતમ ફલ આપતા નથી અને તેજ પ્રમાણે જો ક્રૂર ગ્રહો એ કેન્દ્રના અધિપતિ થઇને પડેલા હોય છે તો અશુભ ફલ આપતા નથી અર્થાત્ શુભફલ આપે છે.**

**આગલા શ્લોકમાં તથા આમાં જે અધિપતિઓ કહ્યા તે સર્વમાં એકેકથી ઉત્તરોત્તર બળવાન્ છે. ૭.**

ગ્રંથકારે આમાં સામાન્ય રીતે સૌમ્ય ગ્રહો કેન્દ્રના અધિપતિ હોય તો શુભ ફલ આપતા નથી પણ અશુભ ફલ આપે છે અને ક્રૂર ગ્રહો અશુભ ફલ આપતા નથી પણ શુભ ફલ આપે છે એમ લખેલું છે, પરંતુ વિશેષ વિચાર કરતાં તેવો સંભવ ખાસ હોય તેમ જણાતું નથી, કારણ કે જો કેન્દ્રના અધિપતિમાં કોઇ શુભ ગ્રહ હોય તો તે સ્વગ્રહી અથવા ઉચ્ચનો હોય અને શુભ અંશી હોય તો તે અશુભ ફળ આપે તેવો સંભવ નજ રહે અને તેજ પ્રમાણે કોઇ ક્રૂર ગ્રહ કેન્દ્રમાં પડેલો હોય અને નીચનો હોય અને બળવાન્ ન હોય તો તે શુભફલ આપે એવો સંભવ પણ નજ રહે, પરંતુ સર્વ પોતાના પ્રભાવ પ્રમાણેજ સારા નઠારા ફલને આપવાવાળા થાય એ સ્વાભાવિક છે. જો કે એમાં કવચિત્ શુભગ્રહ પણ કેન્દ્રમાં નીચનો અથવા નિર્બળ થઇને પડયો હોય તો વળી તે અશુભફલ આપવાનો સંભવ રહે અને તેજ પ્રમાણે કવચિત્ પાપગ્રહ પણ શુભ ગ્રહોથી યુક્ત અથવા દૃષ્ટિયુક્ત હોય તોજ શુભ ફલને આપે એવો સંભવ રહે, બાકી નહીં તો દરેક ગ્રહ પોતાની પ્રકૃતિ અનુસાર શુભાશુભ ફલ આપ્યા સિવાય રહે એવો સંભવ રહેતો નથી. વળી પાપ ગ્રહ પણ શું કેન્દ્રમાં પડયો હોય અને નીચનો અથવા નિર્બળ

થઈને પડયો હોય તો તે શું અશુભ ફલ આપવાવાળો ન થાય? થાયજ—અને તો પછી તેવી રીતે સામાન્યતઃ કેન્દ્રમાં શુભ ગ્રહો અશુભ ફલ આપનાર અને અશુભ ગ્રહો શુભફલ આપનારા થાય છે એમ માનવું ઉચિત લાગતું નથી. બાકી સંબંધ, દૃષ્ટિ, સંયોગ વગેરે પરત્વે તે તે શુભાશુભ ગ્રહોની પ્રકૃતિમાં અમુક જાતનો ફેરફાર થાય અને તેથી તે પોતાની પ્રકૃતિથી વિરુધ્ધ ફલના આપવાવાળા થાય એમાં તો સંશય નહિં. જો કે ગ્રંથકારે આ ગ્રંથ બહુ સૂક્ષ્મ રીતે અલ્પ પ્રમાણથી કરેલો હોવાથી વખતે તેમાં આજુબાજુનો સંબંધ જોવાનો હોય એ સંભવિત રહે છે અને તેથી તે પ્રમાણે માની જો આજુ-બાજુના સંયોગો ધ્યાનમાં રાખવામાં આવે તો કવચિત્ ગ્રંથકારની માન્યતા પ્રમાણેના ફલકથનની પ્રત્યક્ષતા માલમ પડી આવવા સંભવ રહે છે. એટલે ફલકથન કરનારાઓએ તેનો વિચાર કરી ગ્રંથકર્તાનો આશય સમજી ફલકથન કરવું વધારે ઉચિત છે.

હવે આમાં જે શ્લોકના છેલ્લા ચરણમાં "**प्रबलाश्चोत्तरोत्तराः**" કહેલું છે તેનો આશય આ પ્રમાણે છે.

શ્લોક છઠ્ઠામાં તથા સાતમામાં કહેલા ત્રણ અધિપતિ–ત્રિકોણાધિપતિ એટલે પાંચમા ને નવમા સ્થાનના અધિપતિ, ત્રિષડાયાધિપતિ એટલે ત્રિજા, છઠ્ઠા અને અગીઆરમા સ્થાનના અધિપતિ અને કેન્દ્રાધિપતિ એટલે એક, ચાર, સાત તથા દશમાસ્થાનના અધિપતિ એમ ૯ અધિપતિઓમાં ઉત્તરોત્તર એકેકથી બલવાન્ સમજવા; અને તેમાં પણ દરેક અધિપતિમાં પણ પહેલાંના કરતાં પછીના સ્થાનનો અધિપતિ બલવાન્ સમજવો, જેમકેઃ–ત્રિકોણાધિપતિ એટલે પાંચમા અથવા નવમા સ્થાનના અધિપતિ કરતાં ત્રિષડાયાધિપ એટલે ત્રિજા, છઠ્ઠા અને અગીઆરમાના અધિપતિ બલવાન્ અને તેના કરતાં કેન્દ્રાધિપ એટલે એક, ચાર, સાત અને દશમાસ્થાનના અધિપતિ બલવાન્ સમજવા, એટલે ઉત્તરોત્તર જે અધિપતિઓ બલવાન્ હોય તે પોતાની સ્થિતિ પ્રમાણે શુભાશુભ ફળ વિશેષ પ્રમાણમાં આપી શકે છે. હવે એ અધિપતિઓમાં પણ એકેકથી બીજા સ્થાનનો અધિપતિ બલવાન્ મનાય છે, જેમકે–ત્રિકોણાધિપતિ-ઓમાં એટલે પાંચમા અને નવમાસ્થાનના અધિપતિઓમાં પણ પાંચમા કરતાં નવમાનો અધિપતિ વધારે બળવાન્ મનાય છે. ત્રિષડાયાધિપોમાં–ત્રિજા, છઠ્ઠા અને અગીઆરમા સ્થાનના અધિપોમાં પણ ત્રિજા કરતાં છઠ્ઠાનો વધારે બળવાન્ અને છઠ્ઠા કરતાં પણ અગીઆરમાનો અધિપતિ વધારે બળવાન્ ગણાય છે, અને તેજ પ્રમાણે એ કેન્દ્રાધિપો એટલે એક, ચાર, સાત અને દશમાસ્થાનના

અધિપતિઓમાં પણ પહેલા કરતાં ચોથાનો અધિપતિ બલવાન્, ચોથા કરતાં સાતમાનો અને સાતમાથી પણ દશમાનો અધિપતિ વધારે બલવાન્ ગણાય છે; આમ ઉત્તરોત્તર એકેકના અધિપતિઓમાં પણ પહેલા કરતાં ઉત્તરને વધારે બલવાન્ માનવામાં આવેલો છે અને તેથી તેનાપર વિચાર કરી તેની બલિષ્ઠતા જોઇને વધારે બલવાન્ ગ્રહ હોય તે શુભ અથવા પાપ ગ્રહ પોતાની પ્રકૃતિ અનુસાર શુભાશુભ ફળ ઓછાવત્તા પ્રમાણમાં આપે છે એમ સમજવું અને તે પ્રમાણેનો વિચાર કરી ફલકથન કરવું જોઇએ.

આ પ્રમાણે ગ્રંથકારે અમુકના અધિપતિઓ અમુક ગ્રહો હોય તો શુભફલ આપે છે અથવા અમુકના અધિપતિઓ અમુક ગ્રહો હોય તો અશુભફલ આપે છે એમ સામાન્યતઃ કથન કરેલું છે, પરંતુ તે ઉપર આજુબાજુના સંયોગોનો પણ વિચાર કરવો ઉચિત છે અને તેથી તે પ્રમાણેનો વિચાર કરી જે કાંઇ યોગ્ય તત્ત્વ માલમ પડે તે પ્રમાણે ફલકથન માનવું વધારે શ્રેયસ્કર છે.

## બીજા અને બારમાના સ્વામીઓનું ફલ

लग्नाद्व्ययद्वितीयेशौ परेषां साहचर्यतः ॥
स्थानान्तरानुगुण्येन भवतः फलदायकौ ॥ ८ ॥

**લગ્ન થકી બીજા તથા બારમા સ્થાનના સ્વામીઓ બીજા ગ્રહોના સાહચર્યથી શુભ અથવા અશુભ ફલને આપવાવાળા થાય છે અને તેજ પ્રમાણે જો તે પોતાના સ્થાનમાં નહોતાં બીજાં સ્થાનોમાં હોય છે તો તે સ્થાનોને અનુસરીને શુભાશુભ ફલને આપવાવાળા થાય છે. ૮.**

આ પરથી એમ માનવામાં આવે છે કે બીજા અને બારમા સ્થાનના અધિપતિઓ જેવા શુભ અથવા પાપ ગ્રહના સંબંધમાં રહ્યા હોય તેવું શુભ અથવા અશુભ ફળ આપનારા થાય છે; એટલે કે જો શુભ ગ્રહોની સાથે રહેલા હોય છે તો શુભ ફલ અને અશુભ ગ્રહોની સાથે રહેલા હોય છે તો તે અશુભ ફલ આપનારા થાય છે અને તેજ પ્રમાણે સ્થાનોના ગુણપ્રમાણે પણ તે શુભાશુભ ફળ આપવાવાળા થાય છે. એટલે એમ કે જો તેઓ મિત્રના સ્થાનમાં રહ્યા હોય છે તો મિત્ર દ્વારા તે શુભફળ આપે છે અને જો શત્રુના સ્થાનમાં રહ્યા હોય છે તો શત્રુદ્વારા અશુભ ફલને આપવાવાળા થાય છે. અને તેજ પ્રમાણે મિત્રના અથવા શત્રુના સ્થાનમાં રહેતાં તેમની શુભાશુભતા દ્વારા પણ અમુકાંશે શુભાશુભ ફલને આપવાવાળા થાય છે.

આજ પ્રમાણે એ ગ્રહો દીપ્તાદિ અવસ્થાઓ પ્રમાણે પણ શુભાશુભ ફલને આપવાવાળા થાય છે. દીપ્તાદિ ગ્રહોનાં ફલ ગ્રંથાંતરમાં આપવામાં આવેલાં છે. પ્રકરણવશાત ટુંકમાં અહીંઆં પણ તેને આપીશું તો તે ઉપયોગી હોવાથી અનુચિત નહીંજ ગણાય.

## ગ્રહોના દીપ્તાદિ ભેદ અને ફલ

જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહોના નવ પ્રકારના દીપ્તાદિ ભેદો ગણાવેલા છે અને તેનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે–**દીપ્ત, સ્વસ્થ, હર્ષિત, શાંત, શકત, વિકલ, દીન, ખલ** અને **પીડિત.** જુદી જુદી સ્થિતિમાં રહેવાથી તેમનાં જુદાં જુદાં સ્વરૂપ થતાં તે ભિન્ન ભિન્ન ફળને આપવાવાળા થાય છે. અને તેથી તેમની અવસ્થા પરત્વેનું વર્ણન તથા તે શું શું ફલને આપે છે તે પણ હવે વિચારીએ. બૃહત્પારાશર હોરા સારાંશ ગ્રંથમાં દીપ્તાદિ અવસ્થા અને તેનું ફલ નીચે પ્રમાણે કહેલું છે.

## ગ્રહોની અવસ્થા પરત્વે દીપ્તાદિભેદ અને તેમનાં ફળ

*દીપ્ત, સ્વસ્થ, પ્રમુદિત, શાંત, દીન, અતિદુઃખિત, વિકલ, ખલ અને કોપી એમ નવ પ્રકારના ગ્રહ મનાય છે અર્થાત્ આ નવ પ્રકારની સ્થિતિ ગ્રહની થાય છે. તેમાં ઉચ્ચનો થઇને રહેલો **દીપ્ત,** પોતાની રાશિનો **સ્વસ્થ,** અધિમિત્રના ઘરમાં રહેલો **મુદિત,** મિત્રના ઘરમાં રહેલો **શાંત,** સમગ્રહના ઘરમાં રહેલો **દીન,** શત્રુના ઘરમાં રહેલો **અતિદુઃખી,** પાપ ગ્રહો સાથે રહેલો **વિકલ,** પાપ ગ્રહના ઘરમાં રહેલો **ખલ** અને સૂર્યની સાથે રહેલો ગ્રહ **કોપી** માનવામાં આવેલો છે.

આ પ્રમાણે ગ્રહોની સ્થિતિ અને સંબંધ પરત્વેની સ્થિતિનું કથન કરી હવે તે તે ગ્રહોની સ્થિતિ પરત્વેનું કેવું કેવું ફલ પ્રાપ્ત થાય છે એટલે તે ગ્રહો કેવું ફલ આપે છે તે ટીપ્પણીમાં આપેલા શ્લોકો પ્રમાણે કહેવામાં આવે છે.

---

*दीप्तः स्वस्थः प्रमुदितः शांतो दीनोऽतिदुःखितः ॥
विकलश्च खलः कोपी नवधा खेचरो भवेत् ॥१॥
उच्चस्थः खेचरो दीप्तः स्वस्थः स्वोच्चातिमित्रभे ॥
मुदितो मित्रभे शांतः समभे दीन उच्यते ॥२॥
शत्रुभे दुःखितोऽतीव विकलः पापसंयुतः ॥
खलः खलगृहे ज्ञेयः कोपी स्यादर्कसंयुतः ॥३॥

આ ટીપ્પણીના શ્લોકો અનુસાર દીપ્તાદિ અવસ્થાનું ગ્રહો સંબંધી ફલકથન હવે પછી કરવામાં આવશે તો પણ ગ્રંથાંતરમાં જોતાં તેમાં જે કાંઇ વિશેષતા મળી છે તે પણ સાથે સાથે મેળવી છે એટલે આ દીપ્તાદિ અવસ્થાઓ તથા તેના ટીપ્પણીના શ્લોકોમાં બતાવેલાં ફળ તથા અન્ય ગ્રંથોમાંથી પણ મળેલો કેટલોક ફેરફાર તે સર્વની એકતા કરી ફલકથન કરવામાં આવશે, અથવા તો તેનો વિશેષ ખુલાસો પણ કરવામાં આવશે. આમાં જો કે ગ્રહોની શ્લોકમાં બતાવેલી અવસ્થા થવાનાં જે કારણો તેજ બીજામાં તેથી ભિન્ન અવસ્થાના કારણરૂપે બતાવેલું હોય છે, એટલે અમુક અમુક અવસ્થામાં સ્વાભાવિક રીતે વિરોધ હોય છે. જેમકે-કેટલાક ગ્રહને જ્યારે તે બીજા ગ્રહથી પરાજિત થએલો હોય છે ત્યારે પીડિત માને છે, કેટલાક શત્રુના સ્થાનમાં પડેલો હોય છે ત્યારે પીડિત માને છે જ્યારે કેટલાક ગ્રહ મંગલની સાથે રહેલો હોય છે ત્યારે પીડિત માને છે, જ્યારે કેટલાક શત્રુના સ્થાનમાં રહેલા ગ્રહને દીન માને છે. આ પ્રમાણે પરસ્પર વિરોધિતા કેટલીક બાબતમાં છે, પરંતુ તેના વિવેચન વખતે જે જે ભિન્ન ભિન્ન મતકારોનો મત છે તે ગ્રહની અવસ્થા તથા તેના વિવેચનની સાથે વિશેષ ખુલાસા તરીકે આપવામાં આવશે. વળી આમાં કેટલાંક નામોમાં પણ ફરક છે જ્યારે એકમાં શક્ત દશા હોય તો બીજામાં તે ન હોય અને બીજામાં જ્યારે કોપી હોય ત્યારે તે ત્રીજામાં ન હોય એ પ્રમાણે પણ વિરોધ છે. તેમ એકમાં દશ દશા પણ આપવામાં આવેલી છે. આ સર્વ ખુલાસો હવે પછી કરવામાં આવશે, છતાં તેને માટે જેને વિશેષ જાણવાની અપેક્ષા રહે તેમણે ગ્રંથાંતરમાંથી તપાસી લેવું. ફલાદેશ બનતે પ્રયત્ને ટીપ્પણીના શ્લોકોને અનુસરીનેજ આપવામાં આવેલું છે. કાંઇક બીજામાંથી પણ વિશેષ લેવામાં આવેલું છે.

ગ્રહોની અવસ્થાઓ આગળ આપવામાં આવેલી છે, છતાં તેની સાથેજ તેમનું તેમની દશાઅંતર્દશામાં શું શું ફળ મળે છે તે કહેવામાં આવે છે.

૧. ગ્રહ જ્યારે જન્મકુંડલીમાં ઉચ્ચનો થઇને રહેલો હોય છે ત્યારે તેને દીપ્ત કહેવામાં આવે છે અને જ્યારે એવા ગ્રહની દશા આવે છે ત્યારે રાજ્યપ્રાપ્તિ, રાજસન્માન, ઉત્સાહ, શૌર્ય, ધન, વાહન અને સ્રીપુત્રાદિકનો લાભ વગેરે ઉત્તમ પ્રકારનું ફલ મનુષ્યને મળે છે અને તેથી તે અનેક પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શકે છે. ૧.

१ पाके प्रदीप्तस्य धराधिपत्यमुत्साहशौर्यै धनवाहने च ॥
स्रीपुत्रलाभं शुभबंधुपूजां क्षितीश्वरान्मानमुपैति वियाम् ॥१॥

૨. ગ્રહ જ્યારે સ્વગૃહી એટલે પોતાની રાશિનો થઇને રહેલો હોય છે ત્યારે તેને સ્વસ્થ માનવામાં આવે છે અને જ્યારે તેવા ગ્રહની દશા આવે છે ત્યારે મનુષ્યને રાજા તરફથી ધનની પ્રાપ્તિ, વિદ્યાથી યશ, અનેક પ્રકારની બીજી મહત્તા એટલે કે માન સન્માનની પ્રાપ્તિ અને સ્ત્રી, પુત્ર, ભૂમિ વગેરેનો લાભ મળતાં માણસ વિવિધ પ્રકારનું સુખ ભોગવી શકે છે. ૨.

૩. ગ્રહ જ્યારે અધિમિત્રના ઘરનો (કોઇના મતમાં મિત્રના ઘરનો) હોય છે ત્યારે તે મુદિત મનાય છે અને એવા ગ્રહની જ્યારે દશા હોય છે ત્યારે માણસને વસ્ત્ર, ભૂમિ, સુગંધયુક્ત પદાર્થો, તીર્થોની પ્રાપ્તિ તથા દ્રઢતા પ્રાપ્ત થાય છે, તેમજ પુરાણ વગેરે ધર્મોના શ્રવણનો લાભ મળે છે. વસ્ત્ર, અલંકાર, વાહન વગેરેની પ્રાપ્તિ પણ થાય છે અને તેથી તેવા પ્રકારનું સુખ તે મેળવે છે. ૩.

૪. ગ્રહ જ્યારે મિત્રના ઘરમાં (કોઇના મતમાં શુભ ગ્રહોની રાશિમાં) હોય છે ત્યારે તે શાંત મનાય છે. જ્યારે તેવા ગ્રહની દશા પ્રાપ્ત થાય છે ત્યારે સુખ તથા ધનની પ્રાપ્તિ થાય છે. તેમાં ભૂમિ, પુત્ર, સ્ત્રી, વાહન, વિદ્યા, આનંદ, ધર્મશાસ્ત્ર જાણવાનો લાભ અને ઘણા ધનની પ્રાપ્તિ અથવા ઘણા ધનવાળા દેશના રાજાઓ તરફથી સન્માનની પ્રાપ્તિ થાય છે. ૪.

કેટલાક અહીંઆં ગ્રહો શુભ ગ્રહોની રાશિમાં નહિં પણ તેમના નવમાંશમાં હોય તો તેઓ શાંત મનાય છે એમ પણ માને છે અને તેથી તે પ્રમાણે હોય તોપણ તેને શાંત માની તે પ્રમાણે ફલાદેશ કથન કરવું. (૪)

[ગ્રહ જ્યારે તેજસ્વી હોય છે ત્યારે તે શક્ત હોય છે અને તેવા પ્રકારના ગ્રહની દશામાં સર્વ પ્રકારનો લાભ માણસને થાય છે તથા તેના દિવસો સુખમાં જાય છે, એટલે તેમાં સામાન્ય રીતે દુઃખ પડવાનો સંભવ હોતો નથી.

કેટલાક સૂર્ય જે રાશિમાં પડયો હોય તેનાથી ૫-૬-૭ તથા ૮ મી રાશિમાં જે ગ્રહ પડયો હોય તેને શક્ત માને છે અને તેથી તે પ્રમાણેના ગ્રહને પણ શક્ત માની તે પ્રમાણેનું ઉપરોક્ત ફળ માની લેવું.]

---

२ स्वस्थस्य खेटस्य दशाविपाके स्वस्थो नृपाल्लब्धधनादिसौख्यम् ।
विद्यां यशः प्रीतिमहत्त्वमारान् दारार्थभूम्यादिजधर्ममेति ॥२॥

३ मुदान्वितस्यापि दशाविपाके वस्त्रादिकं गंधसुतीर्थधैर्यम् ॥
पुराणधर्मश्रवणादिलाभं वस्त्रादियानाम्बरभूषणानि ॥३॥

४ दशाविपाके सुखधर्ममेति शांतस्य भूपुत्रकलत्रयानम् ॥
विद्याविनोदान्वितधर्मशास्त्रं बह्वर्थदेशाधिपपूज्यतां च ॥४॥

૫. ગ્રહ જ્યારે સમગ્રહના ઘરમાં (કોઇના મતમાં નીચનો હોય કે શત્રુના ઘરમાં) રહેલો હોય છે ત્યારે તેને **દીન** માનવામાં આવે છે અને તેવા ગ્રહની દશા જ્યારે આવે છે ત્યારે મનુષ્યને પોતાના સ્થાનથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે છે, સગાંસંબંધીઓ સાથે કજીઓ કંકાસ થાય છે, અને મનુષ્ય પોતે અનેક પ્રકારના રોગથી પીડિત થઇ નિંદ્ય વૃત્તિથી પોતાની આજીવિકા ચલાવી અત્યંત દુઃખી થાય છે. ૫.

૬. ગ્રહ જ્યારે શત્રુના ઘરમાં રહેલો હોય ત્યારે (કોઇના મતમાં બીજા ગ્રહોથી પરાજિત થએલો હોય છે–યુતિકાળમાં બીજા ગ્રહથી દક્ષિણ બાજુમાં હોય છે ત્યારે) તે અતિદુઃખી–**પીડિત** કહેવામાં આવે છે અને તેવા ગ્રહની જ્યારે દશા પ્રાપ્ત થાય છે ત્યારે અનેક પ્રકારનાં સંકટો મનુષ્યને પડે છે, વિદેશમાં પર્યટન કરવાનું થાય છે તેમજ ચોર, રાજા, તથા અગ્નિથી ભય ઉત્પન્ન થતાં અનેક પ્રકારની હાનિ ભોગવવાનો સંભવ આવે છે અને તેથી મનુષ્ય અત્યંત દુઃખી થાય છે. ૬

કેટલાક મંગળની ભેગા જેટલા ગ્રહો હોય છે તેને પણ પીડિત માને છે અને કેટલાક શત્રુના સ્થાનમાં પડેલો હોય છે તો તેને પીડિત માને છે, એટલે તેવો સંભવ હોતાં તે પ્રમાણે તપાસીને પણ તેનું ફલ પૂર્વમાં કહ્યા પ્રમાણેનું સમજી લેવું. (૬)

૭. ગ્રહ જો પાપગ્રહોની સાથે રહેલો હોય છે (તો કેટલાકના મતમાં સૂર્યની સાથે બેઠેલો હોય છે ત્યારે એટલે કે જ્યારે તે નિસ્તેજ બની જાય છે) ત્યારે તેને **વિકલ** કહેવામાં આવે છે અને એવા ગ્રહની દશા જ્યારે આવે છે ત્યારે માણસ પોતે પણ વિકલ જેવો થઇ જાય છે એટલે તેને ગાંડપણ આવે છે તેમજ તેને વિવિધ પ્રકારના માનસિક વિકારો ઉત્પન્ન થાય છે. તેમજ મિત્ર વગેરેનું મરણ થાય છે અને તેમાં પણ વિશેષમાં સ્ત્રી, પુત્ર, વાહન, ચોર. તથા વસ્ત્ર વગેરેની વિવિધ પ્રકારની પીડા તેને ઉત્પન્ન થાય છે. એટલે કે તે અનેક પ્રકારનાં દુઃખો પામે છે. ૭.

---

५ स्थानच्युतिर्बंधुविरोधिता च दीनस्य खेटस्य दशाविपाके ॥
जीवत्यसौ कुत्सितहीनवृत्त्या त्यक्तो जनै रोगनिपीडितः स्यात् ॥५॥

६ दुःखार्दितस्यापि दशाविपाके नानाविधं दुःखमुपैति नित्यम् ॥
विदेशगो बंधुजनैर्विहीनश्चौराग्निभूपैर्भयमातनोति ॥६॥

७ वैकल्यखेटस्य दशाविपाके वैकल्यमायाति मनोविकारम् ॥
मित्रादिकानां मरणं विशेषात् स्त्रीपुत्रयानांबरचोरपीडाम् ॥७॥

૮. ગ્રહ જો પાપગ્રહના સ્થાનમાં (કોઈના મતમાં પાપગ્રહોથી યુકત) હોય તો તેને ખલ માનવામાં આવે છે. અને એવા ગ્રહની જ્યારે દશા આવે છે ત્યારે મનુષ્યને દરેકની સાથે કલહ થાય છે, સ્નેહીઓનો તેને વિયોગ થાય છે, પિતાનું મૃત્યુ થતાં તેમનો પણ વિયોગ થાય છે અથવા તો તેમનાથી તેટલો સમય દૂર રહેવાનું થતાં પણ તેમનો વિયોગ થાય છે. વળી શત્રુઓ તરફથી પોતાની ભૂમિનો ને ધનનો નાશ થાય છે અને હમેશાં પોતાના સ્વજનોમાં પોતે નિન્દિત થાય છે. એટલે એવી જાતની અનેક વિપત્તિઓથી મનુષ્ય વિવિધ પ્રકારની પીડા પામે છે. ૮

૯. ગ્રહ જ્યારે સૂર્યની સાથે રહેલો હોય છે ત્યારે તેને કોપી માનવામાં આવેલો છે અને તેથી એવા ગ્રહની જ્યારે દશા આવે છે ત્યારે માણુસ ઘણી રીતે પાપીઓનો સહચર બને છે અને ત્યારે વિદ્યા, ધન, સ્ત્રી, મિત્ર અને બંધુઓનો નાશ તથા પુત્રાદિની પીડાવાળો અને નેત્રરોગી થાય છે. ૯.

વળી કોઈ એક ઠેકાણે ગ્રહની શક્ત સ્થિતિ ન માનતાં નવમી ક્ષુધિત દશા માનવામાં આવેલી છે અને તેમાં જણાવેલું છે કેઃ—

જે ગ્રહ સૂર્યથી યુક્ત હોય તે ક્ષુધિત—કોપી કહેવાય છે અને તેવા ગ્રહની જ્યારે દશા આવે છે ત્યારે મનુષ્ય વિવિધ પ્રકારનાં પાપો કરે છે અથવા તો અનેક પાપી મનુષ્યોનો તેને સહવાસ થાય છે અને તેનાં વિદ્યા, સ્ત્રી, ધન, પુત્ર તથા બંધુ વગેરેનો નાશ થાય છે તેમજ તેને પુત્ર વગેરેથી વિવિધ પ્રકારની પીડા થાય છે તથા નેત્ર સંબંધી પીડા પણ ઉત્પન્ન થાય છે.

કેટલાક વળી ગ્રહ જો નીચ રાશિમાં પડેલા હોય તો તેને ભીત માને છે અને તેવા ગ્રહોની દશામાં મનુષ્યોને વિવિધ પ્રકારનાં દુઃખો તથા અનેક પ્રકારની બીજી આપત્તિઓ આવી પડે છે એમ માને છે. કેટલાક નીચ રાશિમાં પડેલાને દીન માને છે એમ ઉપર કહેવામાં આવેલું છે. એટલે એ બાબતમાં ભિન્નભિન્ન મત છે, છતાં સાધારણ રીતે અવસ્થાઓ નવ મનાયલી હોવાથી આ [ભીત] દશમ અવસ્થા જોવામાં કેટલેક ઠેકાણે આવતી નથી.

---

૮ दशाविपाके कलहं वियोगं खजस्य खेटस्य पितुर्वियोगम् ॥
शत्रोर्जनानां धनभूमिनाशमुपैति नित्यं स्वजनैश्च निन्दाम् ॥८॥

९ कोपान्वितस्यापि दशाविपाके पापैः समायांति बहुप्रकारैः ॥
विद्याधनस्त्रीपुत्रबंधुनाशं पुत्रादिकृच्छ्रं त्वथ नेत्ररोगम् ॥९॥

## ગ્રહોની બાલાદિ અવસ્થા તથા ગર્વિતાદિ ભાવ

આ સિવાય ગ્રહોની બાલાદિ અવસ્થા તથા ગર્વિતાદિ ભાવ પણ જાણવા જરૂરી હોવાથી તે પણ ટુંકમાં કહીએ તો અનુચિત નહિ ગણાય.

ગ્રહોની બાલાદિ પાંચ અવસ્થા માનવામાં આવેલી છે. તેમાં જે ગ્રહ **વિષમ** એટલે એકી રાશિનો હોય અને તે છ અંશની અંદર હોય તો તે ગ્રહની **બાલાવસ્થા** જાણવી, સાતથી બાર અંશની અંદર હોય તો તેની **કુમારાવસ્થા**, તેરથી અઢાર અંશની અંદર હોય તો **યુવાવસ્થા**, ઓગણીસથી ચોવિસ અંશ સુધી હોય તો **વૃદ્ધાવસ્થા** અને પચ્ચીસથી ત્રિશ અંશની અંદર હોય તો **મૃતાવસ્થા** જાણવી.

એજ પ્રમાણે જે ગ્રહ **સમ** રાશિનો એટલે બેકી રાશિનો હોય અને તેના અંશો છની અંદર હોય તો તેની મૃતાવસ્થા, સાતથી બારની અંદર હોય તો **વૃદ્ધાવસ્થા**, તેરથી અઢારની અંદર હોય તો **યુવાવસ્થા**, ઓગણીસથી ચોવિશની અંદર હોય તો **કુમારાવસ્થા** અને પચીશથી ત્રિશ અંશ સુધીમાં હોય તો તેની **બાલાવસ્થા** સમજવી. આ પ્રમાણે વિષમ સમ રાશિના સવળા અવળા અંશો પ્રમાણે **બાલાદિ તથા મૃતાદિ** અવસ્થાઓ માનવામાં આવેલી છે. સ્પષ્ટ સમજવા માટે નીચેનો કોઠો જુઓ.

### બાલાદિ અવસ્થાનું કોષ્ટક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષમ રા. અંશ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ | ૩૦ | \| |
| અવસ્થાઓ | બાલ | કુમાર | યુવા | વૃદ્ધ | મૃત | અવસ્થાઓ |
| \| | ૩૦ | ૨૪ | ૧૮ | ૧૨ | ૬ | સમરાશિઅંશો |

### ગર્વિતાદિ ભાવોનું કોષ્ટક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ભાવ | ગર્વિત | મુદિત | લજ્જિત | ક્ષોભિત | ક્ષુધિત | તૃષિત |
| અંક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

વળી ગ્રહોના ગર્વિતાદિ ભાવ પણ છ પ્રકારે માનવામાં આવેલા છે.

૧ જે ગ્રહ મૂળત્રિકોણ કે ઉચ્ચ રાશિનો હોય તેને **ગર્વિત** કહેવામાં આવેલો છે.

૨ મિત્રની રાશિમાં બેઠેલો અથવા ગુરુ સાથે રહેલો ગ્રહ **મુદિત (હર્ષિત)** કહેવાય છે. તેમજ પાંચમા ભાવમાં રહેલા ગ્રહની સાથે તેનો મિત્રગ્રહ બેઠેલો હોય કે સંપૂર્ણ દૃષ્ટિથી તેને જોતો હોય તો તે ગ્રહને પણ **મુદિત** કહે છે.

૩ રાહુ, મંગળ, શનિ અને સૂર્યની સાથે જે ગ્રહ હોય તે લજ્જિત કહેવાય છે.

૪ જે ગ્રહને પાપગ્રહ અથવા સૂર્ય જોતો હોય તે ગ્રહને ક્ષોભિત જાણવો.

૫ જે ગ્રહની સાથે શનિ અથવા શત્રુ ગ્રહ પડયો હોય કે તેને જોતો હોય કે જે ગ્રહ શત્રુગ્રહની રાશિમાં પડયો હોય તે ગ્રહને ક્ષુધિત જાણવો.

૬ જે ગ્રહની સાથે પાપગ્રહ કે શત્રુગ્રહ રહેલા હોય અથવા તો તેઓ તેને જોતા હોય અને શુભગ્રહની દૃષ્ટિ જેના પર ન હોય એવો ગ્રહ જો ચોથે સ્થાને બેઠેલો હોય તો તેને તૃષિત જાણવો.

આ પ્રમાણે ગ્રહોની બાલાદિ અવસ્થા તથા ગર્વિતાદિ ભાવ પણ ફળાદેશમાં ઉપયોગી હોવાથી અહીં પ્રસંગોપાત આપેલા છે એટલે ફળાદેશ જોતી વખતે એ તરફ પણ ધ્યાન આપવું.

## દીપ્તાદિ ગ્રહોનાં લક્ષણ અને ફલો.

| | | |
|---|---|---|
| દીપ્ત | ઉચ્ચનો થઇને રહેલો. | રાજ્યપ્રાપ્તિ, સન્માન, વાહન, ધન, સ્ત્રીપુત્રાદિ લાભ. |
| સ્વસ્થ | સ્વગૃહી થઇને રહેલો. | ધન, સન્માન, વિદ્યા, યશ, મહત્તા, ભૂમિ, સ્ત્રીપુત્રાદિ લાભ. |
| મુદિત | અધિમિત્રના ઘરનો. | વસ્ત્ર, ભૂમિલાભ, તીર્થસેવન, અલંકાર, વાહન વિગેરેનું સુખ. |
| શાંત | મિત્રના ઘરનો (શુભગ્રહની રાશિનો અથવા તેમના નવમાંશનો). | ધાર્મિક લાભ તથા રાજસન્માન વિગેરેની પ્રાપ્તિ. |
| દીન | સમગ્રહના ઘરનો (નીચનો કે શત્રુના ઘરનો). | સ્થાનથી ભ્રષ્ટતા, સગાંઓમાં કલેશ, રોગ તથા નિન્દ્યઆજીવિકા. |
| પીડિત | શત્રુના ઘરનો (બીજા ગ્રહોથી પરાજિત થએલો). | સંકટ, દીર્ઘ પ્રવાસ, ચોર, રાજા તથા અગ્નિનો ભય, હાનિ, દુઃખ. |
| વિકલ | પાપગ્રહો સાથે રહેલો (અસ્તનો-નિસ્તેજ). | ગાંડપણ, સ્ત્રીપુત્રાદિવિનાશ, વિવિધ પ્રકારની પીડા વિગેરે. |
| ખલ | પાપગ્રહના સ્થાનમાં (પાપગ્રહો સાથે) રહેલો. | કલહ, સ્નેહિ તથા પિતાનો વિયોગ, ભૂમિ તથા ધનનો નાશ વિગેરે. |
| કોપી | સૂર્યની સાથે રહેલો. | દુઃસંગ, સ્ત્રી, પુત્ર, મિત્ર વિગેરેનો વિનાશ, પુત્રાદિ પીડા, નેત્રરોગ. |

## ગર્વિતાદિ ગ્રહોનાં લક્ષણ અને ફલો.

| | | |
|---|---|---|
| ગર્વિત | મૂલત્રિકોણ કે ઉચ્ચનો હોય તે. | જે ભાવમાં રહેલો હોય તે ભાવ બલવાન્ ગણાય છે. |
| મુદિત | મિત્રની રાશિમાં રહેલો અથવા ગુરુ સાથે બેઠેલો. | જે ભાવમાં રહેલો હોય તે ભાવ બલવાન્ ગણાય છે. |
| લજ્જિત | સૂર્ય, મંગળ, શનિ અને રાહુની સાથે રહેલો. | દશમે ભાવે હોય તો મનુષ્યને દરિદ્રી કરે છે તથા પાંચમા સ્થાને હોયતો પુત્ર વિનાશ કરે છે. |
| ક્ષોભિત | જેને પાપગ્રહ, શત્રુગ્રહ અથવા સૂર્ય જોતો હોય તે. | દશમે ભાવે હોય તો મનુષ્યને દરિદ્રી કરે છે અને સાતમે ભાવે હોય તો સ્ત્રીનો નાશ કરે છે. |
| ક્ષુધિત | શનિ અથવા શત્રુ સાથે રહેલો વા તેથી જોવાએલો કે તેની રાશિમાં રહેલો. | દશમે ભાવે હોય તો મનુષ્યને દરિદ્રી કરે છે. |
| તૃષિત | પાપગ્રહ કે શત્રુ ગ્રહની સાથે રહેલો કે તેથી જોવાયેલો અને શુભગ્રહની દૃષ્ટિવાળો ન હોય | દશમે ભાવે હોય તો મનુષ્યને દરિદ્રી કરે છે અને સાતમે ભાવે હોય તો સ્ત્રીનો નાશ કરે છે. |

## બાલાદિ ગ્રહોનું ફલ

| | |
|---|---|
| બાલ | થોડું ફલ આપનાર પણ સુખ આપનાર હોય છે. |
| કુમાર | નમ્રતા આપવા સાથે મધ્યમ ફલ આપનાર હોય છે. |
| યુવા | ઐશ્વર્ય આપવા સાથે પૂર્ણ ફલ આપનાર હોય છે. |
| વૃદ્ધ | વ્યાધિ વિગેરે કરનાર તથા દુષ્ટ ફલ આપનાર હોય છે. |
| મૃત | આયુષ્ય, ધનનો નાશ કરવા સાથે અધમ ફલ આપે છે. |

આ દશાઓ સંબંધમાં વિવિધ પ્રકારના મત મતાન્તરો છે એટલે એ તપાસી ફલોનો સંબંધ કાંઈ વધારે મળતો આવે તે પ્રમાણે ફલકથન કરવું.

આ શિવાય બીજી પણ ગ્રહોની અનેક અવસ્થાઓ છે, પરંતુ વિસ્તાર વધવાના ભયથી આપી નથી. જિજ્ઞાસા થાય તો બીજા ગ્રંથમાં જોઈ લેવું.


## અષ્ટમસ્થાનના અધિપતિ સંબંધી શુભાશુભ ફળનું કથન કરે છે.


**भाग्यव्ययाधिपत्येन रन्ध्रेशो न शुभप्रदः ॥**
**स एव शुभसंधाता लग्नाधीशोऽपि चेत्स्वयम् ॥ ९ ॥**

**અષ્ટમસ્થાનનો અધિપતિ એ-અષ્ટમસ્થાન એ ભાગ્યભુવનનું વ્યય સ્થાન હોવાથી તેનો અધિપતિ હોવાથી-શુભફળને આપવાવાળો થતો નથી, પરંતુ તેજ અષ્ટમસ્થાનાધિપતિ જો પોતે લગ્નનો અધિપતિ હોય તો શુભફળને આપવાવાળો થાય છે. ૯**

આ પરથી એમ માનવામાં આવે છે કે જ્યારે મેષ લગ્ન હોય ત્યારે અષ્ટમસ્થાનનો અધિપતિ શુભ ફળ આપવાવાળો થાય છે, કારણ કે જો લગ્ન મેષનું હોય છે તો આઠમા સ્થાનમાં વૃશ્ચિક રાશિ હોય છે અને તેથી "**मेषवृश्चिकयोर्भौमः**" એ રીતિએ મેષનો અને વૃશ્ચિકનો સ્વામી એક જ હોય છે એટલે અષ્ટમસ્થાનનો અધિપતિ જે મંગળ તે લગ્નનો પણ અધિપતિ થાય છે અને તેથી તે ગ્રંથકારના કહેવા પ્રમાણે શુભફળ આપવાવાળો થાય છે. આજપ્રમાણે જ્યારે તુલા લગ્ન હોય છે, ત્યારે પણ અષ્ટમસ્થાનનો અધિપતિ લગ્નેશ મનાય છે, કારણ કે લગ્ન જ્યારે તુલાનું હોય છે ત્યારે આઠમાસ્થાનમાં વૃષભરાશિ હોય છે અને તેથી "**शुक्रो वृषतुलाधिपः**" એ રીતે એ આઠમા સ્થાનનો વૃષભનો જે અધિપતિ તેજ તુલાનો અધિપતિ હોય છે એટલે અષ્ટમેશ લગ્નનો અધિપતિ મળી આવે છે એટલે તેવે પ્રસંગે પણ તે શુભફળને આપવાવાળો થાય છે, એટલે ટુંકમાં મેષ અથવા તો તુલા લગ્નમાં ગ્રંથકારના આશય પ્રમાણે અષ્ટમેશ લગ્નેશ તરીકે મળી આવે છે. અને તેથી તે શુભફળ આપવાવાળો થાય છે. નહીં તો અન્યત્ર તો તે ભાગ્યના વ્યયસ્થાનનો અધિપતિ હોવાથી શુભફળ આપતો નથી. નીચેની કુંડલીઓ પરથી એ સ્પષ્ટ સમજાશે.

### શુભ ફલ આપનાર અષ્ટમેશ કુંડલીઓ.



આ ઉપરની કુંડલીઓ પ્રમાણે ગ્રંથકારના કહેવા પ્રમાણે આઠમા સ્થાનનો અધિપતિ જે વૃશ્ચિકનો સ્વામી મંગલ તે જ લગ્નનો મેષનો અધિપતિ હોવાથી લગ્નેશ તરીકે મળી આવે છે. તે જ પ્રમાણે બીજી કુંડલીમાં આઠમાનો અધિપતિ જે વૃષભ રાશિનો સ્વામી શુક્ર તે જ લગ્નનો તુલાનો અધિપતિ એટલે કે લગ્નેશ તરીકે મળી આવે છે, એટલે તે શુભફળ આપવાવાળો થાય છે. આવા કુંડલીના યોગોમાં જ અષ્ટમેશ શુભ ફળ આપવાવાળો થાય છે અન્યત્ર શુભફળ આપતો નથી.

કેટલાએકનું માનવું અહીંઆં એવું છે કે– કેટલાક એવો અર્થ કરે છે કે– 'આઠમા સ્થાનનું જે આઠમું સ્થાન એટલે કે લગ્નથી જે ત્રિજું સ્થાન તેનો અધિપતિ શુભફળ આપવાવાળો થતો નથી, પરંતુ તે જો લગ્નનો અધિપતિ હોય છે તો ઉત્તમ ફળ આપે છે.' એ અર્થ ખોટો છે. કારણ મૂળ શ્લોક પરથી આવો અર્થ નીકળતો હોય તેવો સંભવ નથી, કારણ મૂળ શ્લોકમાં તો ચોખ્ખું "અષ્ટમેશ એ ભાગ્યસ્થાનના વ્યયસ્થાનનો અધિપતિ હોવાથી શુભ ફળ આપતો નથી" એમ લખેલું છે. એમાં આઠમાના આઠમા સ્થાનનો એટલે લગ્નથી ત્રિજા સ્થાનનો એવો અર્થ નીકળતો નથી અને તેથી તે અનાદરણીય છે એમાં સંશય નથી.

હવે ગુરૂ અને શુક્ર કઈ સ્થિતિમાં મનુષ્યને હાનિકારક થાય તે જણાવે છે:—

केंद्राधिपत्यदोषस्तु बलवान्गुरुशुक्रयोः ॥
मारकत्वेपि च तयोर्मारकस्थानसंस्थितिः ॥ १० ॥


**ગુરૂ અને શુક્ર એ બંને ગ્રહો જો કેન્દ્રના એટલે ૧, ૪, ૭ અને ૧૦ સ્થાનના અધિપતિ હોય છે ત્યારે તે અત્યંત અશુભ ફળ આપવાવાળા થાય છે અને જો તે બંને મારકસ્થાનમાં એટલે બીજા અથવા સાતમા (૨–૭) સ્થાનમાં રહેલા હોય છે તો તે બલવાન્ મારક થાય છે. અર્થાત્ ત્યારે તે ખાસ કરીને મનુષ્યના વિઘાતક થાય છે–મૃત્યુ આપવાવાળા થાય છે.**

જ્યારે ૧, ૪, ૭ અને ૧૦ સ્થાનમાં ધનરાશિ અથવા મીનરાશિ હોય છે ત્યારે ગુરૂ કેન્દ્રાધિપતિ ગણાય છે અને તે જ પ્રમાણે એ ચાર સ્થાનો પૈકી જો વૃષભ અથવા તુલારાશિ હોય છે તો શુક્ર કેન્દ્રાધિપતિ ગણાય છે. અને તેવી રીતે જ્યારે કોઇ પણ કેન્દ્રના અધિપતિ તરીકે એ ગુરૂ અથવા શુક્ર આવેલા હોય છે ત્યારે તે અશુભ ફળ આપવાવાળા થાય છે. વળી કેન્દ્રાધિપતિ

તરીકે ગુરૂ બે સ્થાનનો અધિપતિ મળી શકે છે જ્યારે શુક્ર ફકત એકજ સ્થાનનો અધિપતિ મળે છે. હવે મારકના સંબંધમાં જોઇએ. ગુરૂ સામાન્ય રીતે બીજા અથવા સાતમા મારક સ્થાનના અધિપતિ તરીકે એક કુંડલીમાં મળી શકતો નથી, પરંતુ જ્યારે મિથુન લગ્ન હોય છે ત્યારે તે સાતમા તથા દશમા સ્થાનનો અધિપતિ હોવાથી સાતમા મારક સ્થાનનો અધિપતિ તેમજ કેન્દ્રાધિપતિ પણ મનાય છે અને તેજ પ્રમાણે જ્યારે કન્યા લગ્ન હોય છે ત્યારે તે ચોથા તથા સાતમા સ્થાનનો અધિપતિ હોવાથી સાતમા મારક સ્થાનનો અધિપતિ તથા કેન્દ્રાધિપતિ ગણાય છે. અને બીજા મારક સ્થાનનો અધિપતિ તો જ્યારે વૃશ્ચિક લગ્ન હોય છે ત્યારે જ ફકત મળે છે. પરંતુ જ્યારે તે સપ્તમ સ્થાન મારકના અધિપતિ તરીકે રહેલો હોય છે ત્યારે તે મારકસ્થાનાધિપતિ તેમજ કેન્દ્રાધિપતિ તરીકે પણ રહેલો હોવાથી શ્લોકોક્ત ફલ પ્રમાણે તે પોતાની એટલે ગુરૂની દશા અંતર્દશામાં માણસનું મૃત્યુ આણે છે અથવા તો અનેક પ્રકારની દુઃખદાયક સ્થિતિ લાવી મૂકે છે.


આજ પ્રમાણે શુક્ર એકસાથે જ મારકસ્થાનનો અધિપતિ મળી શકે છે અને તે જ્યારે મેષ લગ્ન હોય છે ત્યારે. કેમકે જ્યારે મેષ લગ્ન હોય છે ત્યારે બીજા સ્થાનનો વૃષભ રાશિનો અધિપતિ તેમજ સાતમા સ્થાનમાં રહેલી તુલા રાશિનો અધિપતિ શુક્ર મનાય છે અને તેથી તે બંને મારકસ્થાનોનો અધિપતિ હોવાથી તેમજ સાતમા કેન્દ્રસ્થાનનો પણ અધિપતિ હોવાથી તેની પોતાની દશા અંતર્દશામાં મનુષ્યને મૃત્યુકારક થાય છે. તેમજ કેન્દ્રાધિપતિ તરીકે રહેલો હોય છે ત્યારે અત્યંત હાનિકારક સ્થિતિ પણ લાવી મુકે છે. આના સ્પષ્ટ ખુલાસા માટે નીચેની કુંડલીઓ જોવાથી માલુમ પડશે.

**ગુરુની મારકત્વ તથા કેન્દ્રાધિપતિત્વદોષની કુંડલીઓ.**



આ કુંડલીઓમાં પહેલી આ બે કુંડલી સાતમા સ્થાનના અધિપતિ તરીકે ગુરુની મારક સ્થાનના અધિપતિ તરીકેની છે, કારણ બંને કુંડલીમાં સાતમા સ્થાનમાં રહેલી ધન તથા મીન રાશિનો સ્વામી ગુરૂ છે તેથી તે મારકાધિપતિ મનાય છે સાથે એ પહેલી કુંડલીમાં સાતમા અને દશમા સ્થાનનો એટલે ધન અને મીનનો સ્વામી હોવાથી તેમજ બીજી કુંડલીમાં ચોથા તથા સાતમા સ્થાનનો એટલે ધન તથા મીન રાશિનો સ્વામી હોવાથી કેન્દ્રાધિપતિ પણ માનવામાં આવે છે. આ પ્રમાણે જ્યારે તે મારકસ્થાનનો અધિપતિ મનાય છે ત્યારે મૃત્યુ આપનારો થાય છે અને જ્યારે ફક્ત કેન્દ્રાધિપતિ તરીકે હોય છે ત્યારે અત્યંત અશુભ ફળ આપવાવાળો થાય છે.

## શુક્રનું મારકત્વ તથા કેન્દ્રાધિપતિત્વ.




આજ પ્રમાણે આ ત્રિજી કુંડલીમાં મેષ લગ્ન હોવાથી બીજા સ્થાન વૃષભ રાશિનો સ્વામી અને સાતમા સ્થાનમાં રહેલી તુલા રાશિનો સ્વામી શુક્ર હોવાથી તે મારક ગણાય છે અને તે મનુષ્યને મૃત્યુકારક થાય છે. આ પ્રમાણે જ્યારે તે મારક હોય છે ત્યારે મૃત્યુકારક અને સામાન્યતઃ બીજી રીતે કેન્દ્રાધિપતિ તરીકે રહેલો હોય છે ત્યારે અત્યંત અશુભ ફળ આપવાવાળો થાય છે. આમાં ગુરૂ તથા શુક્રની કેવળ કેન્દ્રાધિપતિ તરીકેની બીજી કુંડલીઓ પોતાની બુદ્ધિથી જ કલ્પી તે પરથી અશુભ ફળની કલ્પના કરી ફળ તપાસી લેવું. આ પ્રમાણે અષ્ટમેશનો દોષ તથા કેન્દ્રાધિપતિત્વદોષ તેમજ મારકત્વદોષનું વર્ણન કર્યું.


## હવે તેમાં કયા કયા ગ્રહોનો કોનાથી ઓછો દોષ છે તે બતાવે છે:-

बुधस्तदनु चन्द्रोऽपि भवेत्तदनु तद्विधः ॥
न रंध्रेशत्वदोषस्तु सूर्याचन्द्रमसोर्भवेत् ॥ ११ ॥

**(આગલા શ્લોકમાં) ગુરૂ અને શુક્રનો જે જે કેન્દ્રાધિપત્વદોષ તથા મારકત્વદોષ કહેલો છે તે દોષ બુધનો તેમનાથી ઓછો તેમ ચંદ્રનો તે બુધથી પણ ઓછો માનવામાં આવેલો છે. અને આઠમા સ્થાનના આધિપત્યનો જે દોષ ( નવમા શ્લોકમાં) કહેલો છે તે દોષ સૂર્યને અને ચંદ્રને માનવામાં આવતો નથી. ૧૧.**


આ શ્લોક પરથી એમ જણાય છે કે જ્યારે મીન લગ્ન હોય છે ત્યારે ચોથા અથવા સાતમા સ્થાનમાં મિથુન અને કન્યા રાશિ હોવાથી તે સાતમા સ્થાનના અધિપતિ તરીકે મારકસ્થાનાધિપતિ બુધ મનાય છે અને તેમ ચોથા તથા સાતમા સ્થાનના અધિપતિ તરીકે કેન્દ્રાધિપતિ પણ મનાય છે. પરંતુ તેમાં ગુરૂ શુક્ર માટે જે દોષ મૃત્યુકારક તથા અત્યંત અશુભ ફળ આપવા માટેના કહેલા છે તેનાથી આ અશુભ ફળ ઓછું આપે છે એટલે કે બુધ જો તેવી રીતે મારક અથવા કેન્દ્રાધિપતિ હોય તો ખાસ મૃત્યુકારક થતો નથી તેમ અત્યંત અશુભફલદાયક પણ થતો નથી. અને તે પ્રમાણે જો ચંદ્ર મારકસ્થાનાધિપતિ હોય એટલે કે મકર લગ્ન હોતાં સાતમા સ્થાનમાં કર્ક રાશિ હોય તેથી ચંદ્ર મારકાધિપતિ ગણાતો હોવાથી તે જો તેવો હોય અથવા તો ૧–૪–૭ કે ૧૦મા સ્થાનમાં કર્ક રાશિ હોય તો ચંદ્ર કેન્દ્રાધિપતિ ગણાતો હોવાથી તે પણ મૃત્યુકારક અથવા અત્યંત અશુભ ફળ આપતો નથી, પરંતુ તે તો બુધથી ઘણું ઓછું અશુભ ફળ આપે છે, એટલે એ પણ મૃત્યુકારક અથવા અશુભ ફળ આપવાવાળો થતો નથી, પણ નહીં જેવું જ અશુભ ફળ આપે છે. આ પ્રમાણે જ્યારે મકર લગ્ન હોય છે ત્યારે સૂર્ય અષ્ટમસ્થાનાધિપતિ મનાય છે અને ધનલગ્ન હોય છે ત્યારે ચંદ્ર અષ્ટમસ્થાનાધિપતિ માનવામાં આવે છે અને ત્યારે જે આગળ નવમા શ્લોકમાં "આઠમા સ્થાનનો અધિપતિ ભાગ્ય ભુવનના વ્યયસ્થાનનો અધિપતિ મનાતો હોવાથી શુભફળને આપવાવાળો થતો નથી," એમ દોષ કહેવામાં આવેલો છે તે સૂર્ય તથા ચંદ્ર જ્યારે અષ્ટમસ્થાનાધિપતિ હોય છે ત્યારે તેમને તે લાગુ પડતો નથી એટલે એ બંને ગ્રહો અષ્ટમસ્થાનાધિપતિ હોવા છતાં પણ અશુભફળ આપતા નથી પણ શુભ ફલજ આપે છે.

મારકેશ તથા કેન્દ્રાધિપતિ તરીકે રહેલો બુધ





★

મારકેશ તથા કેન્દ્રાધિપતિ ચંદ્ર તથા અષ્ટમેશ સૂર્ય



અષ્ટમેશ તરીકે ચંદ્ર




આ દોષોના પરિહાર માટેના આ પૂર્વોકત શ્લોક પ્રમાણે બુધની મારકેશ તરીકેની તથા કેન્દ્રાધિપતિ તરીકેની મીનલગ્નની કુંડલી તેમજ ચંદ્રની પણ મારકેશ તથા કેન્દ્રાધિપતિ તરીકેની મકર લગ્નની કુંડલી, તેવીજ રીતે સૂર્ય તથા ચંદ્રની અષ્ટમસ્થાનાધીશ તરીકેની મકર તથા ધન લગ્નની કુંડલીઓ ૪૮મા પાનામાં તથા અહીં આપી છે તે પરથી તેમનું ફલ સમજી લેવું.

હવે મંગળ કયારે શુભાશુભ ફળ આપે છે તે કહે છે.


कुजस्य कर्मनेतृत्वप्रयुक्ता शुभकारिता ॥
त्रिकोणस्यापि नेतृत्वे न कर्मेशत्वमात्रतः ॥ १२ ॥

**મંગળ (પાપગ્રહ) જો દશમસ્થાનનો-કર્મનો-(કેન્દ્રનો) અધિપતિ હોય છે તો શુભફલ આપવાવાળો થાય છે, એમ કહેલું છે, પરંતુ તે મંગલ માત્ર દશમસ્થાનનો અધિપતિ હોવા માત્રથીજ શુભફળ આપતો નથી, પરંતુ સાથે સાથે ત્રિકોણનો (પંચમસ્થાનનો) અધિપતિ પણ જો હોય છે તોજ શુભફળ આપવાવાળો થાય છે, નહીં તો અશુભફળ પણ આપે છે. ૧૨.**

આગળ સાતમા શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે, "ક્રૂરગ્રહો જો કેંદ્રમાં પડેલા હોય છે તો તે અશુભફળ આપતા નથી પણ શુભફળ આપે છે" આ પરથી એમ મનાય કે મંગળ એ પાપગ્રહ હોવાથી અને તે જો દશમ સ્થાનમાં એટલે કેન્દ્રમાં રહ્યો હોય તો અશુભફળ આપી શકે નહીં. પરંતુ તેનાજ અપવાદરૂપે ગ્રંથકર્તાએ આ શ્લોક લખેલો છે એટલે કે, જો કે પાપગ્રહ કેન્દ્રમાં ૧, ૪, ૭ અને ૧૦ મા સ્થાનમાં રહ્યા હોય તો અશુભફળ આપતા નથી, પરંતુ મંગળ જો તેમાં દશમાસ્થાનમાં રહ્યો હોય તો અશુભફળ આપતો નથી એમ સમજવું નહીં, પરંતુ તે જો દશમા સ્થાનમાં રહેવા સાથે ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોય એટલે (અહીંઆં ત્રિકોણાધિપ તરીકે દશમસ્થાનનો અધિપતિ જ્યારે મંગળ હોય ત્યારે નવમા સ્થાનનો અધિપતિ મળી શકે નહિ, એટલે નવમા સ્થાનને છોડી ત્રિકોણમાં કેવળ પંચમસ્થાનજ લીધેલું છે, કારણકે દશમાસ્થાનનો અધિપતિ જ્યારે મંગળ હોય એટલે કર્ક લગ્ન હોય છે ત્યારે

દશમા સ્થાનમાં મેષ રાશિ હોવાથી અને પાંચમા સ્થાનમાં વૃશ્ચિક રાશિ હોવાથી તે બંનેના અધિપતિ તરીકે મંગળ મળી શકે છે, પણ નવમા સ્થાનનો ને દશમાંનો સાથે મળી શકતો નથી) પંચમસ્થાનનો અધિપતિ પણ હોય તોજએ મંગળ શુભ ફળ આપી શકે છે, નહીં તો સાતમા શ્લોકમાં કહ્યા પ્રમાણે તે શુભ ફળ આપી શકતો નથી, પણ પાપગ્રહ હોવાથી કેન્દ્રમાં હોવા સાથે પણ તે અશુભ ફળ જ આપે છે. નીચેની કુંડલી પરથી દશમસ્થાનાધિપ તથા ત્રિકોણાધિપ મંગળની સમજ પડશે.

**મંગલનું કર્મત્રિકોણાધિપતિત્વ.**




આ કુંડલીમાં કર્ક રાશિનું લગ્ન હોવાથી ત્રિકોણાધિપ તરીકે એટલે પાંચમા સ્થાનમાં રહેલી વૃશ્ચિક રાશિના સ્વામી તરીકે તેમજ દશમા સ્થાનમાં રહેલી મેષ રાશિના સ્વામી તરીકે મંગળ ત્રિકોણાધિપ તથા દશમસ્થાનાધિપ એક સાથે મળે છે એટલે એનો યોગ હોય ત્યારે મંગળ શુભ-ફળ આપે છે, નહીં તો તે અશુભ ફળ આપવાવાળો થાય છે, એમ તાત્પર્ય નીકળે છે.

ગ્રંથકર્તાએ ગ્રંથનું સ્વરૂપ ટુંકમાં વર્ણવેલું છે એટલે પ્રસંગોપાત એમાં કેટલુંક બહારથી જોવાનું પણ રહે છે. જ્યારે એવો કેટલોક સંબંધ જોવામાં આવતો નથી, ત્યારે ફલના સંબંધમાં કેટલીક અપૂર્ણતા રહેતી હોવાથી જ્યારે તેનો ખરો વિચાર કરવામાં આવે છે ત્યારે કેટલીક અગવડ ફલના પ્રેક્ષકને અથવા કથનકારને નડે છે અને તેવી કેટલીક અગવડ દૂર કરવા માટે આવા ગ્રંથોના ભાષાંતર સમયે જો ટુંકમાં પણ પ્રસંગાનુસાર ગ્રંથાંતરના શ્લોકના અર્થના ઉતારા આપવામાં આવે તો તે યોગ્ય ગણાતાં સર્વથા મદદરૂપ થઈ પડે છે. જો કે સારા જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીને ગ્રંથાંતરનાં પ્રમાણો મુખે હોવાથી અથવા તો તેનું અનુભવજન્ય જ્ઞાન વિશેષ હોવાથી એક શ્લોકનું પણ જો ફળ કહેવાનું હોય અને તેમાં અનેક ગ્રંથોના અન્ય પ્રમાણો પણ અપેક્ષિત હોય તો પણ તે પોતાની વિદ્વત્તાને આધારે કહી શકે છે, પરંતુ સામાન્ય જનસમાજને અથવા તો કોઈ નવીન શીખતાને ટુંક શ્લોક પરથી જ બધું ચાલતું ન હોવાથી અને બીજાં તેને અંગેનાં પ્રમાણોની જરૂર પડતી હોવાથી તેવાં પ્રમાણો અથવા પ્રસંગોચિત ફલકથનો આપવાં ઉચિત માનવામાં

આવે છે અને તેથી આ ચાલુ પ્રસંગોમાં પણ ફલકથનને અનુસાર અમુક અમુક સ્થાનના અધિપતિઓ સંબંધી વિષય ચાલતો હોવાથી અને તેને અંગે તેવા આધિપત્યને માટે અમુક લગ્નની સ્થિતિ હોય તો અમુક ગ્રહ અમુક સ્થાનનો અધિપતિ હોય એમ સ્વાભાવિક લગ્નની પરિસ્થિતિ અપેક્ષિત રહે તો તે લગ્નો તથા તે સંબંધી ગ્રહોના શુભાશુભ ફલ સંબંધમાં કાંઈક બહારનાં થોડાં પ્રમાણો આપી કેટલીક ફલાદેશ સંબંધની સગવડ સાચવવા યત્ન કરીએ તો તે અયોગ્ય નહીં ગણાય એમ માની હવે તે આપવામાં આવે છે.

## મેષાદિ લગ્નોના યોગફલનો વિચાર

મેષાદિ લગ્નોમાં કયા કયા ગ્રહ કેવાં શુભાશુભ ફલ ઉત્પન્ન કરે છે તે વિષયમાં ગ્રંથાતરમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

**प्रतिलग्नं समालक्ष्य पूर्वोद्दिष्टाविरोधितः ॥**
**तत्तद्ग्रहस्वरूपाणि क्रमेणैव विवृणमहे ॥(१)॥**

**પૂર્વમાં કહેલી બાબતને અનુસરીને પ્રત્યેક લગ્નનો વિચાર કરીને તેનાં ગ્રહોનાં સ્વરૂપો કેવાં હોય છે તેનું હવે ક્રમથી એટલે મેષાદિ લગ્નના ક્રમ પ્રમાણે વિવરણ કરવામાં આવે છે. (૧)**

મૂળ ગ્રંથકારે અત્યાર સુધીમાં જે ફલકથન કહેલું છે, અથવા તો ભવિષ્યમાં અન્ય અધ્યાયો પરત્વે જે ફલકથન કરશે તેને અનુસરીને એટલે તેમાં કોઈપણ પ્રકારનો વિરોધ ન આવે તે પ્રમાણે પ્રત્યેક લગ્નમાં અમુક ગ્રહો પરત્વે શું શું શુભાશુભ ફલ પ્રાપ્ત થાય છે તેનું કથન કરવામાં આવશે.

મૂળગ્રંથના કોઈ એક ટીકાકારે બારશ્લોક થયા પછી મેષાદિ લગ્નોનાં ફલો આપેલાં છે. અહીંઆં પણ તેજ પ્રમાણે આપવામાં આવેલાં છે. પરંતુ અન્ય પ્રતમાં અન્ય ટીકાકારે "**परस्परदशायां च**" એ ગ્રંથના છેલ્લા શ્લોકની સમાપ્તિ પછી આ શ્લોક લખી ત્યાર પછી મેષાદિ લગ્નોનું ફલ લખેલું છે અને તેથી જ આમાં "**पूर्वोद्दिष्टाविरोधतः**" એટલે ગ્રંથકારે "પૂર્વમાંકહેલાં સર્વ ફલોને અનુસરીને" એમ ખાસ લખેલું છે. અહીંયાં આ શ્લોક બાર શ્લોક પછી જ આપવામાં આવેલો છે અને તેથી જ એનો એવો અર્થ કરવો જોઈએ કે જે પૂર્વમાં કહેલા તથા હવે પછી ગ્રંથકાર કહેશે એવા સર્વફલને અનુસરીને મેષાદિ લગ્નોમાં ગ્રહોના સ્વરૂપનું ક્રમથી વિવરણ કરવામાં આવે છે. અથવા આ શ્લોક ટીકાકારે જ્યાંથી લીધો હોય તે ગ્રંથના પૂર્વ સંબંધને અનુસરતો આ શ્લોક હોય તો પછી વિચાર કરવાનો સંબંધજ રહેતો નથી.

આ મેષાદિ લગ્નોના ફળોમાં બહુધા કેન્દ્ર, ત્રિકોણ, મારક વિગેરે સ્થાનોના અધિપતિ તરીકે રહેલા ગ્રહોનું સ્થાનાધિપતિ તરીકેનુંજ ફળ આપવામાં આવ્યું છે. તેમ કેટલાક ગ્રહો શુભાશુભ હોવા છતાં પણ કેન્દ્રાધિપત્યાદિ દોષને લીધે તેમનું વિપરીત ફળ અશુભ શુભ કેવી રીતે થાય છે તેમ કોઈ વખત મધ્યમ હોવા છતાં સ્થાનસાહચર્યના યોગથી કેવી રીતે ઉત્તમતા અથવા અધમતા આપનાર ગ્રહોનો યોગ થાય છે તે સંબંધમાં ખાસ કરીને ફળ આપવામાં આવ્યાં છે. આ બધાં ફળો એકંદર મૂળ ગ્રંથકારના પૂર્વોકત અથવા ભવિષ્યમાં આવનારા યોગોના શ્લોકોને અનુસરતાંજ છે. આ સર્વનું હવે શકત્યનુસાર યથોચિત વર્ણન આપવામાં આવે છે.


મેષ લગ્નમાં ગ્રહોનું ફળ કેવા પ્રકારનું હોય છે તે કહે છે.

मन्दसौम्यसिताः पापाः शुभौ गुरुदिवाकरौ ।
न शुभं योगमात्रेण प्रभवेच्छनिजीवयोः ॥ ( २ ) ॥
परन्तु तेन जीवस्य पापत्वमपि सिध्यति ।
कविः साक्षान्निहन्ता स्यान्मारकत्वेन लक्षितः ॥ ( ३ ) ॥
मन्दादयो निहन्तारो भवेयुः पापिनो ग्रहाः ।
शुभाशुभफलान्येवं ज्ञातव्यानि क्रियोद्भवे ॥ ( ४ ) ॥

જ્યારે મેષ લગ્ન હોય છે ત્યારે શનિ, બુધ અને શુક્ર એ પાપગ્રહ તરીકે ગણાય છે એટલે કે અશુભફળ આપનારા થાય છે અને ગુરૂ તથા સૂર્ય એ શુભ તરીકે ગણાય છે એટલે શુભફળ આપવાવાળા થાય છે. પરંતુ જો શનિ અને ગુરુનો યોગ થયેલો હોય છે તો તે ગુરૂને શનિનો યોગ થયેલો હોવાથી તે માત્ર શુભફળ આપવાવાળો થતો નથી. કારણકે શનિના યોગથી ગુરૂપણ પાપગ્રહ તરીકે મનાય છે અને તેથી તેનું પણ પાપત્વ સિદ્ધ થતું હોવાથી તે અશુભફળ આપવાવાળો થાય છે. વળી શુક્ર પણ મેષ લગ્નમાં મારક સ્થાનનો અધિપતિ હોવાથી અવશ્ય રીતે મનુષ્યને મૃત્યુ આપનારો થાય છે. એટલે કે તે તેની દશા અંતર્દશાના સમયમાં મનુષ્યનો વિઘાતક થાય છે, અને એજ પ્રમાણે મેષલગ્નમાં મંદાદિ એટલે મંદ–શનિ, બુધ તથા શુક્ર એ પાપગ્રહ ગણાતા હોવાથી તે પણ વિઘાતક–નાશક થાય છે. આ પ્રમાણે મેષલગ્નના સમયમાં ગ્રહોનું (યોગ પ્રમાણે થતું) શુભાશુભ ફળ જાણવું. એટલે જેવા ગ્રહ તથા સંબંધ પરત્વે તેઓનું શુભાશુભત્વ તે પ્રમાણે શુભાશુભ ફળ સમજી લેવું. (૨–૪)

આની સ્પષ્ટ સમજ માટે નીચે કુંડલી આપી યોગ્ય વિવેચન કરવામાં આવ્યું છે તે પરથી બરાબર સમજાશે.

**મેષલગ્નની કુંડલી**




જ્યારે મેષ લગ્ન હોય છે ત્યારે શનિ, બુધ તથા શુક્ર પાપગ્રહ તરીકે ગણાય છે અને તેથી તે અશુભ ફળને આપવાવાળા થાય છે, એમ ઉપર મૂળ અર્થમાં કહેવામાં આવ્યું છે. એનું તાત્પર્ય એટલુંજ કે શનિ એ અગીઆરમા આયસ્થાનનો અધિપતિ હોવાથી તેમજ બુધ એ ત્રીજા તથા છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી તેમજ શુક્ર એ મારક સ્થાનનો એટલે બીજા તથા સાતમા સ્થાનનો અધિપતિ હોવાથી એમ એ ત્રણે ગ્રહો એ મેષલગ્નની સ્થિતિમાં અશુભ ફળ આપવાવાળા થાય છે; અને તેમાં પણ શુક્ર તો ખાસ મારક સ્થાનનો અધિપતિ હોવાથી અવશ્ય રીતે મનુષ્યને મૃત્યુકારક થાય છે એમાં સંશય નથી. અને શનિ તથા બુધ પણ એકંદર અત્યંત અશુભ ફળ આપવાવાળા થાય છે એમાં સંશય નથી. ગુરૂ અને સૂર્યના સંબંધમાં તેઓ મેષ લગ્નમાં શુભફલ દાયક એટલે શુભફલ આપવાવાળા થાય છે, એમ ગ્રંથકારે જણાવેલું છે એનો હેતુ એટલોજ છે કે જ્યારે મેષ લગ્ન હોય છે ત્યારે પાંચમા સ્થાનમાં સિંહ રાશિ આવતી હોવાથી તેમજ નવમા સ્થાનમાં ધન રાશિ આવતી હોવાથી તે પાંચમા તથા નવમા સ્થાનના અધિપતિ અનુક્રમે સૂર્ય તથા ગુરૂ છે એટલે તે બંને ત્રિકોણાધિપતિ હોવા સાથે સ્વગૃહી હોવાથી શુભફળને આપવાવાળા થાય છે, એમ ગ્રંથકારે લખેલું છે. ગુરૂ અને શનિનો યોગ અશુભ ફળ આપવાવાળો છે. એનું કારણ એમ જણાય છે કે ગુરૂ જેમ મેષ લગ્નમાં નવમા સ્થાનનો અધિપતિ હોવાથી–ત્રિકોણાધિપતિ હોવાથી શુભ ફળ આપવાવાળો છે તેજ પ્રમાણે બારમા વ્યયસ્થાનનો એટલે મીન રાશિનો અધિપતિ હોવાથી તે અશુભ ફળ આપવાવાળો પણ થાય છે અને તેજ પ્રમાણે શનિ પણ પાપગ્રહ હોવાથી અશુભ ફળ આપવાવાળો છે અને તે ગુરૂ તથા શનિનો યોગ થયો હોય તો નવમા તથા દશમા સ્થાનના સ્વામી તરીકેનો સહયોગ એ એકંદરે અશુભ ફળ આપવાવાળોજ થાય છે. જો કે ગુરૂ એ શુભગ્રહ છે તો પણ શનિનો યોગ થવાથી તેનું શુભપણું નાશ પામી તે પણ પાપગ્રહજ બની જાય છે તેથી તે બંને પાપગ્રહોનો યોગ અશુભ ફળ આપવા.

વાળો છે એમ અત્રે મૂળમા જણાવેલું છે. જો કે ગુરૂ એ શુભગ્રહ હોવાથી તેનું ફળ શુભ અને શનિ એ પાપગ્રહ હોવાથી તેનું ફળ અશુભ એટલે ગુરૂ શનિનો યોગ એકંદર શુભાશુભ ફળદાયક થવો જોઈએ એમ સ્વાભાવિક કોઈને શંકા થાય તો પણ પૂર્વમાં કહ્યા પ્રમાણે ગુરૂ બારમા સ્થાનનો અધિપતિ હોવાથી તેમજ શનિના યોગથી તે પણ પાપગ્રહ થતો હોવાથી અશુભફળ આપે છે એમ સ્વાભાવિક હોવાથીજ મૂલ ગ્રંથકારે તે બંનેના યોગનું સ્પષ્ટ રીતે અશુભ ફળ લખેલું છે. વળી શુક્રને માટે તે જો મારકસ્થાનનો અધિપતિ હોયછે તો અવશ્ય રીતે મનુષ્યને મૃત્યુ આપનારો થાય છે. આજ ફલનું સદૃશફળ મૂળ ગ્રંથકારે પણ શ્લોક દશમામાં 'मारकत्वे ऽपिच तयोर्मारकःस्थानसंस्थितिः' એ શ્લોકાર્ધથી જણાવેલું છે એટલે શુક્ર તો મેષ લગ્નમાં બીજા તથા સાતમા એટલે વૃષભ તથા તુલા રાશિનો અધિપતિ હોવાથી પોતાની દશા અંતર્દશામાં મનુષ્યનો વિનાશ કર્તા થાય છે એમાં જરા પણ સંશય નથી.

કેટલાકનું માનવું એવું છે કે કેવળ મારક સ્થાનનો અધિપતિ હોવાથી જ શુક્ર મૃત્યુકારક થતો નથી પણ તે મારકસ્થાનાધિપ હોવા સાથે બીજા પણ અશુભ ગ્રહોનો સંબંધિત હોય છે તોજ મૃત્યુકારક થાય છે, નહીં તો માત્ર અશુભ ફળજ આપવાવાળો થાય છે. જો કે આ કથન કેટલાકના મતમાં માનનીય છે, કારણકે શુક્ર મારકસ્થાનાધિપતિ હોવા સાથે અશુભ ગ્રહોથી યુક્ત હોય તો તો અવશ્ય રીતે તેની દશા અંતર્દશામાં તે મૃત્યુકારક થાય એમાં સંશય નહીં, તો પણ આ ગ્રંથકારે તેમજ મૂળગ્રંથકારે પણ કેવળ મારકસ્થાનાધિપતિ હોવાથી શુક્ર મૃત્યુકારક થાય છે, એમ જણાવેલું છે તે પણ અમાનનીય તો નથી, છતાં તે સંબંધમાં અનુભવજન્ય જ્ઞાન વિશેષ પ્રમાણભૂત હોવાથી અથવા તો તેવો બીજો કોઈ શુભયોગ આવેલો હોય તો તે તેવા ફલનો વિઘાતક થાય તો કહી શકાય નહીં, નહીં તો તો ગ્રંથકારે એ કરેલું કથન યોગ્ય હોય તેમજ જણાય છે.

આ પ્રમાણે શુક્રનું ફલ કથન કર્યા પછી ગ્રંથકાર પહેલા કહેલા મંદાદિ પાપગ્રહોના સંબંધમાં ફલ જણાવતાં કહે છે કે, શનિ, બુધ તથા શુક્ર એ બધા મેષ લગ્નમાં પાપગ્રહો હોવાથી તે પોતપોતાની દશામાં મનુષ્યને મૃત્યુકારક થાય છે એમાં શંશય નથી. આ પ્રમાણે મેષ લગ્નનું શુભાશુભ ફળ સમજી લેવું.

## મેષ લગ્નના શુભાશુભ યોગો

**૧લો શુભ યોગઃ**—સૂર્ય પાંચમાનો એટલે ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવા સાથે સ્વગૃહી હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) ખાસ શુભ મનાતાં શુભ ફળ આપનારો થાય છે.

<u>૨ જો શુભ યોગ</u> :-ગુરુ નવમાનો એટલે ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવા સાથે સ્વગૃહી હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ફળ આપનારો થાય છે.

<u>૩જો શુભ યોગ</u>:-ચંદ્ર (ખાસ કરીને ક્ષીણ ચંદ્ર) કેન્દ્રાધિપતિ હોવા છતાં (શ્લોક ૧૧ પ્રમાણે) ઓછો દોષિત હોવાથી શુભ ગણાઇ શુભ ફળ આપનારો થાય છે.

<u>૪થો શુભ યોગ</u> :-મંગળ આઠમાનો અધિપતિ હોવા છતાં લગ્નેશ હોવાથી (શ્લોક ૯ પ્રમાણે) શુભ ગણાઇ શુભ ફળ આપનારો થાય છે. (શ્લો ૯, પાનું ૪૪, મેષ લગ્નની કુંડલી જુવો.)

---

<u>૧લો અશુભ યોગ</u> :-શનિ દશમા સ્થાનનો અધિપતિ હોવા છતા પાપ ગ્રહ હોવાથી અને અગીઆરમાનો અધિપતિ પણ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો-મારક થાય છે.

<u>૨જો અશુભ યોગ</u> :-બુધ ત્રીજા તથા છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો-મારક થાય છે.

<u>૩જો અશુભ યોગ</u>:-શુક્ર બીજા તથા સાતમા મારક સ્થાનોનો તેમ સાતમા કેન્દ્રનો પણ અધિપતિ હોવાથી (શ્લોક ૭-૧૦ પ્રમાણે) અશુભ ગણાઈ મૃત્યુકારક-અશુભ ફળ આપનારો (ખાસ કરીને બીજા પાપ ગ્રહોના યોગવાળો હોય તો અવશ્ય મૃત્યુકારક) થાય છે. (શ્લોક ૧૦, પાનું ૪૭, મેષ લગ્નની કુંડલી જુઓ.)

<u>૪થો અશુભ યોગ</u>:-ગુરુ બારમા સ્થાનનો અધિપતિ હોવા સાથે નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ છતાં દશમ તથા એકાદશ સ્થાનાધિપ શનિના સહસ્થાનાધિપત્વના યોગથી (શ્લોક ૮ પ્રમાણે) પાપગ્રહ ગણાઇ અશુભ ફળ આપનારો થાય છે.

જો કે આ મેષ લગ્નની કુંડલીમાં સામાન્યત: અમુક ગ્રહોનું અમુક અમુક ફળ કહેલું છે અને તે પ્રમાણે ફળ મળવાનો સંબંધ પણ રહે એ સ્વાભાવિક છે તો પણ અન્ય યોગો પરત્વે શુભાશુભ ફળમાં અમુકાંશે ફેરફાર થતો હોવાથી પ્રેક્ષણકારોએ અથવા ફલકથનકારોએ તે પર વિચાર કરીનેજ ફલકથન કરવું જોઇએ અને તો તે ફલની સત્યતા કંઇક પ્રમાણતાથી મનાવાનો સંભવ રહેશે.

---


**હવે વૃષભ લગ્નમાં ગ્રહોનું ફલ કેવા પ્રકારનું હોય છે તે કહે છે.**

जीवशुक्रेंदवः पापाः शुभौ शनिशेशिसुतौ ।
राजयोगकरः साक्षादेक एव रवेः सुतः ॥ (५) ॥
जीवाद्यो ग्रहाः पापाः सन्ति मारकलक्षणाः ।
बुधस्तत्र फलान्येव ज्ञेयानि वृषजन्मनः ॥ (६) ॥

વૃષભ લગ્ન જ્યારે હોય છે ત્યારે તેમાં ગુરૂ, શુક્ર અને ચંદ્ર એ પાપગ્રહો તરીકે મનાય છે એટલે કે તે અશુભ ફળ આપવાવાળા માનવામાં આવે છે અને શનિ તથા બુધ એ શુભગ્રહો તરીકે મનાય છે એટલે શુભફળ આપવાવાળા ગણાય છે. તેમાં એક શનિનો યોગજ ખાસ કરીને રાજયોગ કરનારો થાય છે. તેમાંએ ગુરૂ, શુક્ર તથા ચંદ્ર એ જે પાપગ્રહો તરીકે ખાસ જણાવેલા છે તેઓ પોતપોતાની દશામાં મનુષ્યના મારક ગણાય છે એટલે તેઓ મૃત્યુ આપનારા થાય છે અને બુધ એ શુભ ફળ આપવાવાળો થાય છે. આ પ્રમાણે આ વૃષભ લગ્નનાં શુભાશુભ ફળ સમજવાં (૫-૬).

હવે આમાં પણ ગુરુ વગેરે ગ્રહો શુભ હોવા છતાં પાપ ગ્રહ તરીકે ગણાઇ અશુભ ફળ આપવાવાળા શા હેતુથી ગણાય છે તેમજ શનિ પાપ ગ્રહ હોવા છતાં પણ શુભ ગ્રહ તથા ઉત્તમ ફળ આપવાવાળો કેવી રીતે ગણાય છે તે સર્વનો ખુલાસો નીચેના વૃષભ લગ્નની કુંડલી તથા તેની સાથે આપેલી સ્પષ્ટ હકીકત પરથી બરાબર સમજાશે.

**વૃષભ લગ્નની કુંડલી**




વૃષભ લગ્નમાં ગુરૂ, શુક્ર અને ચંદ્ર એ ત્રણ પાપ ગ્રહ ગણાઇ અશુભ ફળ આપવાવાળા થાય છે, એમ જણાવેલું છે. એનો હેતુ એટલોજ છે કે વૃષભ લગ્નમાં ગુરૂ એ આઠમા સ્થાનનો તથા અગીઆરમ સ્થાનનો અધિપતિ હોવાથી પાપગ્રહ ગણાય છે અને તેથી અશુભ ફળ આપવાવાળો થાય છે તેજ પ્રમાણે શુક્ર એ છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી પાપ ગ્રહ મનાઇ અશુભ

"*શનિદિવાકરૌ" એમ પાઠાન્તર છે અને તે યોગ્ય લાગે છે.

ફળ આપવાવાળો મનાય છે અને તેજ પ્રમાણે ચંદ્ર એ તૃતીય સ્થાનનો અધિપતિ હોવાથી પાપ ગ્રહ તરીકે મનાઇ અશુભ ફળ આપવાવાળો ગણાવેલો છે. વળી એમાં શનિ એ રાજયોગ કરનારો માનેલો છે, કારણ કે તે નવમા ભાગ્યભુવનનો તથા દશમા કેન્દ્ર સ્થાનનો અધિપતિ છે અને તેથી તે શુભ મનાતાં શુભ ફળ આપવાવાળો ગણાય છે. બુધ પાંચમા પુત્રભુવનનો અધિપતિ હોવાથી શુભ મનાયેલો છે [પણ બીજા મારકસ્થાનનો અધિપતિ હોવાથી મારક થતો હોવાથી અશુભ પણ ગણાય છે.] આમાં વૃષભ લગ્નમાં ખાસ કરીને શનિને રાજયોગકારક માનેલો છે અને તેમાં પણ એ શનિ જો પાછો કોઇ સારા ગ્રહોના સંબંધમાં આવેલો હોય તો અવસ્ય રીતે તે રાજયોગ કરી રાજા જેવી ઉત્તમ સ્થિતિ અથવા તો તેના સંબંધી કોઈ ઉત્તમ ફળોને આપવાવાળો થાય છે એમાં સંશય નથી.

"**शनिदिवाकरौ**" એ પાઠાન્તર સ્વીકારીએ તો તે પ્રમાણે સૂર્ય એ ચતુર્થ સ્થાનનો એટલે ઉત્તમ કેન્દ્રાધિપતિ થએલો હોવાથી શુભ ફળ આપનારો થાય છે. આ પાઠાન્તર વધારે યોગ્ય લાગે છે.

આમાં ગુરૂ, શુક્ર તથા ચંદ્ર એ ત્રણે ઉપર પ્રમાણેના કથન પરથી પાપ ગ્રહો થતા હોવાથી તે અશુભ ફળ આપવાવાળા થાય છે, એમ જણાવેલું છે, પરંતુ તેમાં ગ્રંથકાર લખે છે કે, એ ત્રણે ગ્રહો પાપ ગ્રહો હોવાથી મૃત્યુકારક થાય છે એટલે કે જ્યારે તેમની દશા અંતર્દશા આવે છે ત્યારે તેઓ મનુષ્યનું મૃત્યુ કર્યા સિવાય રહેતા નથી. પરંતુ વિચાર કરતાં એ એટલું બધુ અશુભ ફળ આપે તેવો સંભવ રહેતો નથી. વખતે ગુરૂને માટે તે આઠમા તથા અગીઆરમા ભુવનનો અધિપતિ હોવાથી મૃત્યુ જેવી સ્થિતિ લાવી શકે તેવો સંભવ રહે, પરંતુ શુક્ર તથા ચંદ્રને માટે એકાએક તેવી સ્થિતિ લાવવાનો સંભવ રહેતો નથી. વખતે શુક્ર છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી તથા લગ્નનો એટલે કે કેન્દ્રનો પણ અધિપતિ હોવાથી દશમા શ્લોકમાં કહ્યા પ્રમાણે તે છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવા સાથે તે કેન્દ્રાધિપતિ પણ થતો હોવાથી અશુભ ફળ આપવાનો સંભવ રહે તો પણ મૃત્યુકારક તો નજ થાય, કારણ તેજ શ્લોક દશમામાં કહ્યું છે કે, જો શુક્ર બીજા અથવા સાતમા મારકસ્થાનમાં રહ્યો હોય તોજ મૃત્યુકારક થાય છે, પરંતુ કેન્દ્રમાં રહ્યો હોય છે તો માત્ર અશુભ ફળ આપવાવાળો જ થાય છે. એટલે શુક્રને માટે પણ તે ખાસ મૃત્યુકારક થાય એવો સંભવ ભાગ્યેજ રહે, એટલે ગ્રંથકારના કથન પ્રમાણે એ ત્રણે મારક

થાય એવો તો સંભવ લાગતો નથીજ, પછી અન્ય અશુભ યોગોના સંબંધથી કવચિત્ તે અશુભ અને તેમાં પણ અત્યંત અશુભ એટલે મૃત્યુકારક સ્થિતિ લાવનારા થાય તો કહી શકાય નહી, તો પણ એ સંબંધમાં જેવો અનુભવ તે પ્રમાણે ફળ સમજી લેવું. બુધના વિષયમાં તે સ્વાભાવિક રીતે જ બીજા સ્થાનનો અધિપતિ એટલે મારક છતાં પાંચમા સ્થાનનો અધિપતિ હોવાથી શુભફળ આપનારો થાય છે, પણ અશુભ ફળ આપવાવાળો થતો નથી, એમ ગ્રંથકારનો આશય છે અને તેથી તે પ્રમાણે તેમણે લખેલું છે.

## વૃષભલગ્નના શુભાશુભ યોગો

**૧લો શુભ યોગ**:–શનિ એ નવમા ભુવનનો એટલે ત્રિકોણનો અને દશમા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ પ્રમાણે) શુભ ગણાઇ શુભ ફળ આપનાર–રાજયોગકારક છે અને તેમાં પણ શુભ ગ્રહોના યોગવાળો ખાસ રાજયોગકારક થઇ શુભ ફળ આપનાર થાય છે.

**૨જો શુભ યોગ**:–બુધ બીજા ધનભુવનનો અધિપતિ એટલે મારક છતાં પાંચમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી [શ્લોક ૬ પ્રમાણે] શુભ મનાઇ શુભ ફળ આપનારો થાય છે. [મધ્યમ યોગ].

"**शनिशशिसुतौ**" ને બદલે "**शनिदिवाकरौ**" એ પાઠાંતર લઇએ તો સૂર્ય એ ચતુર્થ બલિષ્ઠ કેન્દ્ર સ્થાનનો અધિપતિ હોવાથી [શ્લોક ૭ પ્રમાણે] શુભ ગણાઇ શુભ ફળ આપનારો થાય છે. [આ પાઠ પ્રમાણે યોગ બરાબર છે].

**૧લો અશુભ યોગ**:–ગુરૂ એ આઠમા તથા અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી [શ્લોક ૯ તથા ૬ પ્રમાણે] અશુભ ગણાઇ મૃત્યુકારક અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ**:–શુક્ર એ છઠ્ઠા સ્થાનનો અધિપતિ [તથા કેન્દ્રાધિપતિ-સદોષ] હોવાથી [શ્લોક ૭ તથા ૧૦ પ્રમાણે] અશુભ ગણાઇ મૃત્યુકારક–અશુભ ફળ આપનારો થાય છે.

**૩જો અશુભ યોગ**:–ચંદ્ર એ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી [શ્લોક ૬ પ્રમાણે] અશુભ ગણાઇ મૃત્યુકારક–અશુભ ફળ આપનારો થાય છે.


**૪થો અશુભ યોગ**:–મંગળ કેન્દ્રાધિપતિ હોવાથી [શ્લોક ૭ પ્રમાણે] શુભ છતાં સાતમા મારકસ્થાનનો અધિપતિ હોવા સાથે બારમા સ્થાનનો પણ સ્વામી હોવાથી અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો થાય છે.

## હવે મિથુનલગ્નમાં ગ્રહોના ફલાદેશનું કથન કરે છે.

भौमजीवारुणाः पापा एक एव कविः शुभः ।
शनैश्चरेण जीवस्य योगो मेषभवो यथा ॥ (७) ॥
नायं शशी निहन्ता स्यादुन्मिषत्पापनिष्फलम् ।
ज्ञातव्यानि दिनेशस्य फलान्येतानि सूरिभिः ॥ (८) ॥

**મિથુન લગ્ન જ્યારે હોય છે ત્યારે મંગળ, ગુરૂ અને સૂર્ય એ ત્રણે પાપ ગ્રહો ગણાય છે અને તેથી તે અશુભ ફળ આપવા-વાળા થાય છે, અને તેમાં ફક્ત એકલો શુક્રજ શુભ ગ્રહ ગણાય્ર શુભ ફળ આપવાવાળો થાય છે. આમાં શનૈશ્ચરનો તથા ગુરૂનો યોગ મેષ લગ્નની માફક સમજવો એટલે તે અશુભ ફળ આપવાવાળો થાય છે, અને ચંદ્ર જો પાપ ગ્રહોથી યુક્ત હોતો નથી તો વિઘાતક થતો નથી. આ પ્રમાણે વિદ્વાનોએ સૂર્યનું ફળ પણ સમજી લેવું અને તે પ્રમાણે આ મિથુન લગ્નનાં ફળ સમજવાં.**

આ મિથુન લગ્નમાં મંગળ, ગુરૂ અને સૂર્યને પાપ ગ્રહો ગણાવી અશુભ ફળ આપવાવાળા ગણાવેલા છે તથા બીજા ગ્રહોનું શુભાશુભ પણ સૂચિત કરેલું છે. આ માટે મિથુન લગ્નની કુંડલી મુકી તે પરથી જોઇએ તો વધારે સ્પષ્ટ સમજાશે એટલે તે પરથી આપણે તપાસીએ.




આમાં મંગળ, ગુરૂ તથા સૂર્યને પાપ ગ્રહો તરીકે ગણાવેલા છે. તેમાં મંગળ તથા સૂર્ય એ બન્ને તો સ્વાભાવિક રીતે પણ પાપ ગ્રહો છે, છતાં ગુરૂને પણ પાપ ગ્રહ તરીકે ગણાવેલો છે. આ સર્વનું કારણ એમ માનવામાં આવે છે કે મંગળ એ જો કે પાપ ગ્રહ હોવા છતાં પણ છઠ્ઠા તથા અગીઆરમા ભુવનનો અધિપતિ હોવાથી તે વિશેષમાં પાપ ગ્રહ મનાય છે અને તેજ પ્રમાણે ગુરૂએ સાતમા સ્થાનમાં રહેલી ધન રાશિનો સ્વામી હોવાથી એટલે કે સાતમા સ્થાનનો અધિપતિ હોવાથી મારકેશ તરીકે ગણાય છે એટલે એને પણ પાપ ગ્રહ તરીકે માનવામાં આવેલો છે, અને રવિ પણ સ્વાભાવિક પાપ ગ્રહ હોવા છતાં પણ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી તેને પાપ ગ્રહ તરીકે ગણેલો છે. હવે આ ત્રણે ગ્રહો એકંદર પાપ ગ્રહો હોવાથી અશુભ ફળ ઉત્પન્ન કરવાવાળા થાય છે અને તેમાં પણ ગુરૂ એ તો ખાસ મારકેશ હોવાથી પોતાની દશા અંતર્દશામાં

મનુષ્યને મૃત્યુકારક થાય એમાં સંશય નથી. વળી એ ગુરૂ સાતમા સ્થાનના અધિપતિ તરીકે મારકેશ હોવા સાથે સાતમામાં ધન રાશિનો અને દશમામાં મીન રાશિનો અધિપતિ હોવાથી કેન્દ્રાધિપતિ પણ ગણાય છે અને જ્યારે એ કેન્દ્રાધિપતિ હોય છે ત્યારે શ્લોક દશમામાં કહ્યું છે કે **"केन्द्राधिपत्यदोषस्तु बलवान् गुरुशुक्रयोः"** "ગુરૂ અને શુક્રનો કેન્દ્રાધિપતિ તરીકેનો દોષ (અશુભફળ આપનાર તરીકે) બલવાન્ ગણાય છે." તેમ એ કેન્દ્રાધિપતિ હોવાથી પણ ખાસ અશુભ ફળ આપવાવાળો થાય એમાં સંશય નહીં.

વળી મેષ લગ્નમાં જેમ ગુરૂનો અને શનિનો યોગ અશુભ ફળદાયક કહેલો છે તેમ અહીંઆં પણ સમજવું, કારણકે શનિ એ આઠમા સ્થાનનો અધિપતિ છે અને ગુરૂ એ સાતમા સ્થાનનો અધિપતિ છે એટલે એ સહ-સ્થાનાધિપતિઓનો યોગ પણ એકંદરે મૃત્યુકારક અથવા તો છેવટે અશુભફળ-દાયક પણ સમજવોજ. માત્ર આ લગ્નમાં એક શુક્રનેજ શુભફળ આપવાવાળો કહેલો છે, કારણકે તે પાંચમા સ્થાનનો અધિપતિ મનાયલો છે. જોકે શુક્ર ક્વચિત્ વ્યયસ્થાનનો અધિપતિ હોવાથી અશુભફળ આપવાવાળો પણ થાય છે, પરંતુ તે જો અશુભ ગ્રહોના સંબંધથી યુક્ત હોય તેજ સમજવું. ચંદ્ર જો કે અહીં દ્વિતીય સ્થાનનો અધિપતિ હોવાથી મારક સ્થાનનો અધિપતિ છે તો પણ તે જો ફક્ત પાપગ્રહો સાથે રહેલો હોય તોજ અશુભફળને આપવાવાળો થાય છે નહીં તો તે અશુભફળ ન આપતાં સામાન્ય રીતે શુભગ્રહ હોવાથી શુભફળ આપવાવાળોજ થાય છે. સૂર્યને માટે પણ સામાન્યતઃ કાંઇ વિશેષ અશુભફળ માનવામાં આવતું નથી. જો કે ગ્રંથકારે તૃતીય સ્થાનનો તે અધિપતિ હોવાથી પાપગ્રહ હોવા છતાં તેની પાપ ગ્રહ તરીકે ગણના કરી તેને અશુભફળદાયક ગણાવેલો છે તો પણ તે વિશેષ અશુભફળ આપે તેવું લાગતું નથી. આ લગ્નમાં બુધ તથા શુક્રનો યોગ થએલો છે અને તે એક રાજયોગ તરીકે માનવામાં આવેલો છે. અહીંઆં પણ ચતુર્થ સ્થાનનો અધિપતિ બુધ છે અને પાંચમા સ્થાનનો અધિપતિ શુક્ર છે અને તેથી સ્થાનના સાહચર્યયોગથી એ બન્નેનો યોગ સ્વાભાવિક રીતે રાજયોગ તરીકે માનેલો હોવાથી તે એકંદર સારું ફળ આપવાવાળો અહીં થએલો છે. અને એ પ્રમાણે જ્યારે જ્યારે તેવો યોગ થએલો હોય ત્યારે તેનું શુભ ફળ સમજી લેવું. આ પ્રમાણે મિથુન રાશિમાં જે જે ગ્રહો પાપ ગ્રહો તથા શુભ ગ્રહો તરીકે મનાય છે તેનું શુભાશુભ ફળ કથન કર્યું છે, છતાં પણ અન્ય યોગપરત્વે તેની અધિકતા અથવા ન્યૂનતા સમજી લઇ ફળકથન કહેવું.

## મિથુનલગ્નના શુભાશુભ યોગો

**૧ લો શુભયોગ:**-ચંદ્ર બીજા મારક સ્થાનનો અધિપતિ છતાં તેને (શ્લોક ૧૧ પ્રમાણે) મારકત્વદોષ ન લાગવાથી તે અશુભફળ ન આપતાં શુભફળ આપનારો થાય છે. (મધ્યમ)

**૨ જો શુભ યોગ :**-શુક્ર બારમાનો અધિપતિ છતાં બુધના સ્થાન-સાહચર્યથી અને અન્ય ગ્રહોના સાહચર્યના અભાવે પાંચમા ત્રિકોણનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઇ શુભ ફળ આપનારો થાય છે.

**૩ જો શુભ યોગ :**-બુધ ચતુર્થસ્થાન-કેન્દ્રનો અધિપતિ હોવા છતાં તેને (શ્લોક ૧૧ પ્રમાણે) એ દોષ ઓછો લાગતો હોવાથી અને શુક્રનું સ્થાન સાહચર્ય હોવાથી રાજયોગકારક થાય છે, અને તેમાં પણ એ સ્થાનોમાં એ ગ્રહો રહેલા હોય તો ખાસ કરી રાજયોગ કરી શુભ ફળ આપનારા થાય છે.

**૧ લો અશુભ યોગ :**-મંગળ પાપ ગ્રહ હોવા સાથે (શ્લોક ૬ પ્રમાણે) છઠ્ઠા તથા અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી વિશેષ અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો થાય છે.

**૨ જો અશુભ યોગ :**-ગુરુ સાતમા સ્થાનના અધિપતિ તરીકે મારક હોવા સાથે તે સાતમા તથા દશમા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ પ્રમાણે) તેને કેન્દ્રાધિપતિત્વનો દોષ અને તેમાં પણ (શ્લોક ૧૦ પ્રમાણે) એ દોષ બલવત્તર લાગતો હોવાથી અને શનિના પણ સહસ્થાનાધિપતિત્વના દોષથી એ અશુભ ગણાઇ-મારક થઇ અશુભ ફળ આપનારો થાય છે.

**૩ જો અશુભ યોગ :**-સૂર્ય એ પાપ ગ્રહ હોવા સાથે ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) વિશેષ અશુભ મનાઇ અશુભ ફળ આપનારો થાય છે.

---

## કર્કલગ્નમાં ગ્રહોનું ફળ કેવા પ્રકારનું હોય છે તે કહે છે.

भार्गवेन्दुसुतौ पापौ भूसुतांगिरसौ शुभौ ।
एक एव ग्रहः साक्षाद्भूसुतो योगकारकः ॥ ( ९ ) ॥
निहन्ता रविजोऽन्ये तु [1]मानिनो मारकाह्वयाः ।
कुलीरसंभवस्यैवं फलान्युक्तानि सूरिभिः ॥ ( १० ) ॥


---

[1] "पापिनो" એ પ્રમાણે પાઠાન્તર છે.

જ્યારે કર્ક લગ્ન હોય છે ત્યારે શુક્ર અને બુધ પાપગ્રહ તરીકે મનાય છે, એટલે કે અશુભ ફળ આપવાવાળા કહેલા છે. તેમજ મંગળ અને ગુરુ એ શુભ ગ્રહો એટલે કે ઉત્તમ ફળ આપવાવાળા મનાયલા છે. વળી એ લગ્નમાં મંગળ એ એક જ ગ્રહ સાક્ષાત ઉત્તમ યોગ કરનારો છે. વળી શનિ તથા બીજા કેટલાક ગ્રહો પાપી હોવાથી મારક સંજ્ઞાવાળા એટલે કે મૃત્યુ કરનારા છે. આ પ્રમાણે કર્ક લગ્નનું ફળ વિદ્વાન્ પુરુષોએ કહેલું છે. (૯-૧૦).

હવે આ કર્ક લગ્નમાં પણ ગ્રહો પોતે સ્વભાવથી જ શુભ હોવા છતાં કેવી રીતે અશુભ ફળ આપવાવાળા થાય છે તથા પાપી કે શુભ ગણાય છે તે નીચેની કુંડલી પરથી તથા ખુલાસા પરથી જોઇએ.

**કર્કલગ્નની કુંડલી**




શુક્ર તથા બુધ એ બન્ને ગ્રહો સ્વાભાવિક રીતેજ શુભ ગ્રહો હોવા છતાં તે કર્ક લગ્ન જ્યારે હોય છે ત્યારે અશુભ માનવામાં આવેલા છે. કારણ કે એ લગ્નમાં શુક્ર એ ચતુર્થ સ્થાનમાં રહેલી તુલા રાશિનો અધિપતિ હોવાથી કેન્દ્રાધિપતિ મનાયેલો છે, તેમ અગિયારમા આયભુવનનો પણ અધિપતિ છે. અને તેથી આગળ શ્લોક ૧૦મા માં શુક્રનો કેન્દ્રાધિપતિ તરીકેનો દોષ પણ વર્ણવેલો છે, એટલે તેથી અને અગીઆરમાનો અધિપતિ હોવાથી પણ (શ્લોક ૬ પ્રમાણે) પાપ ગ્રહ તરીકે મનાઇ અશુભ ફળ આપવાવાળો થાય છે. તેજ પ્રમાણે બુધ એ ત્રિજા અને બારમા વ્યયભુવનનો અધિપતિ હોવાથી પાપ ગ્રહ તરીકે માનવામાં આવેલો છે તેથી તે પણ અશુભ ફળ આપવાવાળો ગણાયેલો છે. તેમજ મંગળ તથા ગુરૂ એ બન્ને ગ્રહો શુભ ગ્રહો ગણાઇ શુભ ફળ આપવાવાળા મનાયલા છે, કારણ મંગળ કર્ક લગ્નમાં પાંચમાનો તથા દશમા સ્થાનનો અધિપતિ હોય છે એટલે પાંચમા સ્થાનના અધિપતિ તરીકે ઉત્તમ છે, તેમજ દશમા સ્થાનના અધિપતિ તરીકે કેન્દ્રાધિપતિ હોવાથી આગળ કહેવામાં આવ્યું છે કે, "જો પાપ ગ્રહ કેન્દ્રાધિપતિ હોય તો ઉત્તમ ફળ આપવાવાળા થાય છે." એ પ્રમાણે શુભ ગ્રહ ગણાઇ ઉત્તમ ફળ આપવાવાળો થાય છે. અને ગુરુ તો સ્વાભાવિક રીતે જ શુભ છે એટલે તેના સંબંધમાં કંઇ વિશેષ નથી. વળી મંગળના સંબંધમાં અહીંઆં મૂળમાં જણાવેલું છે કે તે રાજયોગ-

કર્તા છે. કારણ કે તે પાંચમાનો એટલે ત્રિકોણનો અધિપતિ અને વળી દશમાનો અધિપતિ એટલે કેન્દ્રાધિપતિ છે એટલે તે રાજયોગકર્તા છે. એટલે કે તેવું ઉત્તમ ફળ આપનારો પણ મંગળ ખાસ કરીને થાય છે. વળી શનિ આ કર્ક લગ્નમાં ખાસ મૃત્યુકારક થાય છે, કારણ કે એમાં શનિ સાતમા સ્થાનનો અધિપતિ એટલે મારકેશ હોવાથી તેમજ આઠમા આયુષ્યભુવનનો પણ અધિપતિ હોવાથી ખાસ કરીને મારક બને છે. સૂર્ય પણ સ્વાભાવિક રીતે પાપ ગ્રહ હોવા સાથે સ્વગૃહી થઇને દ્વિતીય મારક સ્થાનનો અધિપતિ હોવાથી અત્યંત અશુભ ફળ આપે એમાં સંશય નથી. એટલે એમાં વર્ણવેલા શુભાશુભ ગ્રહો જ્યારે પોતાની દશા અથવા અંતર્દશા આવતી હોય ત્યારે શુભાશુભ ફળ આપવાવાળા થાય છે એમાં કંઇ સંશય નથી. તો પણ તેમાં જો બીજા એવા કોઇ શુભાશુભ ગ્રહોના શુભાશુભ યોગ ઘડાયલા હોય છે તો તેના ફળાદેશમાં થોડો ઘણો ફેરફાર થાય છે, અને નહીં તો સામાન્ય રીતે શ્લોકોક્ત ફળ મળે છે, એમાં સંશય નથી.

---

## કર્કલગ્નના શુભાશુભ યોગો

**૧ લો શુભ યોગઃ**–મંગળ પાંચમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) તેમ દશમા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ પ્રમાણે) શુભ ગણાઇ (શ્લોક ૧૨ પ્રમાણે) ત્રિકોણકેન્દ્રાધિપતિત્વના યોગથી વિશેષ શુભ બની શુભ ફળ આપનારો રાજયોગકારક થાય છે.

**૨ જો શુભ યોગ :**–ગુરુ શુભ ગ્રહ હોવા સાથે નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી શુભ ગણાઇ શુભ ફળ આપનારો થાય છે.

---

**૧ લો અશુભ યોગ :**–શુક્ર ચતુર્થસ્થાન–કેન્દ્રનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ તથા ૧૦ પ્રમાણે) દોષિત હોવાથી તેમ અગીઆરમા આય ભુવનનો પણ અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ હોઇ અશુભ ફળ આપનારો થાય છે.

**૨ જો અશુભ યોગઃ**–બુધ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઇ બારમાસ્થાનનો અધિપતિ હોવાથી પણ અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો થાય છે.

**૩ જો અશુભયોગઃ**–શનિ સાતમા મારકસ્થાનનો અધિપતિ હોવાથી સાથે આઠમા આયુષ્ય ભુવનનો પણ અધિપતિ હોવાથી અને સ્વયં પાપ ગ્રહ હોવાથી પાપી બની અશુભ ફળ આપનારો થાય છે.

**૪ થો અશુભ યોગઃ**–સૂર્ય પાપ ગ્રહ હોવા સાથે સ્વગૃહી હોઇ બીજા મારક સ્થાનનો અધિપતિ હોવાથી અશુભફળ આપનારો થાય છે, પરંતુ મારક સ્થાન નો દોષ એને ન લાગતો હોવાથી કવચિત્ શુભ ફળ પણ આપે છે. (મધ્યમ)

**હવે સિંહ લગ્નના ગ્રહોનો શુભાશુભ ફળનું કથન કરવામાં આવે છે**

**[1]रौहिणेयसितौ पापौ कुज एव शुभग्रहः ।**
**प्रभवेद्योगमात्रेण न शुभं [2]कुजशुक्रयोः ॥ ( ११ ) ॥**
**घ्नन्ति सौम्यादयः पापा मारकत्वेन लक्षिताः ।**
**एवं फलानि वेद्यानि सिंहे यस्य जनुर्भवेत् ॥ ( १२ ) ॥**

**જ્યારે સિંહ લગ્ન હોય છે, ત્યારે બુધ અને શુક્ર એ પાપ ગ્રહ તરીકે મનાય છે, અને તેથી તે અશુભ ફળ આપવાવાળા થાય છે, ફક્ત મંગળજ એમાં શુભ ગ્રહ મનાઇ શુભ ફળ આપવાવાળો બને છે. એમાં મંગળ અને શુક્રનો યોગ શુભ ફળ આપવાવાળો થતો નથી. બુધ શુક્ર વગેરે પાપ હો પણ મારક જેવા થતા હોવાથી મનુષ્યનો નાશ કરનારા થાય છે, એ પ્રમાણે જેનો જન્મ સિંહ લગ્નમાં હોય તેનાં ફળ સમજવાં. (૧૧-૧૨)**

આ સિંહ લગ્નમાં પણ શુભ ગ્રહોની પણ પાપ ગ્રહ તરીકેની સ્થિતિ તથા અશુભ ગ્રહોની શુભ ગ્રહ તરીકેની ગણત્રી શા હેતુથી કરવામાં આવી છે, તથા તેના શુભાશુભ કથનનો ફેરફાર પણ કેવા નિમિત્તે માનવામાં આવેલો છે. તે કુંડલી તથા તેના ખુલાસાથી નીચે પ્રમાણે તપાસીએ.

**સિંહ લગ્નની કુંડલી**




આ સિંહ લગ્નમાં પણ બુધ તથા શુક્ર એ સ્વાભાવિક રીતે શુભ ગ્રહો હોવા છતાં તેમને પાપ ગ્રહ તરીકે માની અશુભ ફળ આપવાળા ગણાવેલા છે. એનું કારણ એમ જોવામાં આવે છે કે, બુધ એ બીજા મારક સ્થાનનો અધિપતિ તથા અગિયારમા સ્થાનનો અધિપતિ છે. અને તેથી મારક સ્થાનનો અધિપતિ હોવાથી ખાસ કરીને પાપ ગ્રહ તરીકે ગણાઇ અશુભ ફળ દાયક ગણાયલો છે. તેજ પ્રમાણે શુક્ર પણ

૧ "मंदसौम्यसिताः पापाः" ૨ "गुरुशुक्रयोः" એમ પીઠાન્તરો છે.

ત્રિજા સ્થાનનો તથા દશમા સ્થાનનો અધિપતિ એટલે કેન્દ્રાધિપતિ હોવાથી અને કેન્દ્રાધિપતિ તરીકે શુક્રનું અશુભફળદાતૃત્વ શ્લોક દશમામાં આગળ કહેવામાં આવેલું છે, એટલે તે પાપ ગ્રહ ગણાઇ અશુભ ફળ આપવાવાળો મનાયેલો છે. એટલે એ બન્ને ગ્રહો શુભ હોવા છતાં બુધ મારકેશ અને આયાધિપતિ તેમ શુક્ર તૃતીયેશ અને કેન્દ્રાધિપતિ તરીકે મનાયેલો હોવાથી ખાસ કરીને પાપ ગ્રહ ગણાયા છે. મંગળ એ સ્વાભાવિક રીતે અશુભ ગ્રહ હોવા છતાં નવમા ભાગ્યભુવનનો એટલે ત્રિકોણ સ્થાનનો અધિપતિ અને સાથે ચોથા કેન્દ્રસ્થાનનો પણ અધિપતિ હોવાથી શુભ ગણાયેલો છે. કારણ કે અશુભ ગ્રહ કેન્દ્રાધિપતિ હોય છે તો શુભ ફળ આપવાવાળા થાય છે, એમ કહેવામાં આવ્યું છે, એટલે એ શુભ ફળ આપવાવાળા થાય છે. વળી આમાં શુક્ર એ અશુભ ફળ આપવાવાળો અને મંગળ એ શુભ ફળ આપવાવાળો હોવાથી આ બન્ને ગ્રહોનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ સારૂ ફળ ઉત્પન્ન કરે છે કે અશુભ ફળ આપે એમ સ્વાભાવિક રીતે શંકા થાય, કારણ કે ત્રિજાનો શુક્ર તેમજ ચોથાનો અધિપતિ મંગળ, એજ પ્રમાણે નવમા સ્થાનનો અધિપતિ મંગળ અને દશમાનો સ્વામી શુક્ર એમ એ બન્નેનો "સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ" છે. પરંતુ શ્લોકમાં કહ્યા પ્રમાણે એ બન્ને ગ્રહોનો એ સાહચર્યયોગ ઉત્તમ મનાયલો નથી અને તેથી તે એકંદર રીતે અશુભ ફળ આપવાવાળો જ થાય છે. માત્ર આ સિંહ લગ્નમાં ચતુર્થ સ્થાનના અધિપતિ તરીકે મંગળ, પાંચમા સ્થાનના અધિપતિ તરીકે ગુરૂ તેજ પ્રમાણે આઠમા સ્થાનના અધિપતિ તરીકે ગુરૂ અને નવમા સ્થાનના અધિપતિ તરીકે મંગળ એ બન્ને ગ્રહોનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ ઉત્તમ ગણાય છે. જો કે આમાં પણ આઠમા સ્થાનના અધિપતિ તરીકે ગુરુનું ફળ ઘણાખરા અશુભ માને છે, છતાં પણ આ યોગ સાહચર્યથી વખતે ઉત્તમ માનવામાં આવ્યો હશે. આમાં જો કે મારક સ્થાનના અધિપતિ તરીકે શનિનું ફળ આપવામાં આવ્યું નથી, કારણ કે શનિ પણ છઠ્ઠા તથા સાતમા સ્થાનનો અધિપતિ છે અને તેથી તે મારક ગણાય છે અને તેથી તેનું ફળ પણ એકંદર જોતાં અશુભ જ ગણાય છે. પાઠાન્તરમાં આ ફળ લેવામાં આવેછે. આ પ્રમાણે આ લગ્નમાં બુધ તથા શુક્ર જે પાપ ગ્રહો જણાવેલા છે તે એકંદર મારક જેવા જણાયલા હોવાથી તેમની જ્યારે દશા અથવા અંતર્દશા આવે છે ત્યારે મનુષ્યનો નાશ કર્યા સિવાય રહેતા નથી અને તેજ પ્રમાણે જ્યારે લગ્નસ્થિતિ પ્રમાણે જે ગ્રહો શુભ મનાયેલા છે તેઓ પોતાની દશા અથવા અંતર્દશાના સમયે શુભ ફળ આપ્યા સિવાય રહેતા નથી. આમાં પણ જ્યારે જ્યારે આજુબાજુના બીજા સંયોગોનો આધાર લેવામાં આવે છે અથવા ગ્રહની સ્થિતિનું

અવલોકન કરવામાં આવે છે ત્યારે માત્ર લગ્નપરથી જ ગ્રહોનું અપાતું ફળ જોઇએ તેવું મળવું સંભવિત રહેલું નથી. અને તેથી જ્યારે જ્યારે તેવા ફળાદેશમાં કંઇ ભિન્નતા આવતી હોય તો તે અન્ય યોગોને આધારે બરાબર તપાસી ફળ કથન કરવું વધારે ઉચિત છે, અને ત્યારે જ તે વધારે પ્રમાણમાં સત્ય તરીકે સ્વીકારી શકાય. આ પ્રમાણે જે મનુષ્યનો જન્મ સિંહ રાશિના લગ્નમાં થયેલો છે તેનું સાધારણ રીતે શું ફળ મળે છે તે જણાવ્યું છે.

## સિંહલગ્નના શુભાશુભ યોગો

**૧લો શુભ યોગ :**–મંગલ એ પાપગ્રહ છતાં નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) શુભ ગણાઈ તેમ ચોથા કેન્દ્રસ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૭ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૨જો શુભ યોગ :**–મંગલ તથા ગુરુના ચોથા તથા પાંચમા સ્થાનાધિપતિના તેમ આઠમા તથા નવમા સ્થાનાધિપતિના સાહચર્યયોગથી એ બંનેનો યોગ ગુરુ અષ્ટમેશ હોવા છતાં ઉત્તમ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૩જો શુભ યોગ :**–સૂર્ય લગ્નનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૧લો અશુભ યોગ :**–બુધ એ બીજા મારક સ્થાનનો અધિપતિ હોવા સાથે અગીઆરમા સ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ :**–શુક્ર ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ દશમા કેન્દ્રનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૭ તથા ૧૦ પ્રમાણે ) દોષિત હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

( **૩જો અશુભ યોગ :**–( પાઠાન્તર પ્રમાણે ) શનિ છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) તેમ સાતમા મારક સ્થાનનો પણ અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે. )

હવે કન્યા લગ્નમાં ગ્રહોની પરિસ્થિતિ તથા ફળ કહે છે.


**कुजजीवेन्दवः पापा एक एव भृगुः शुभः ।**
**भार्गवेन्दुसुतावेव भवेतां योगकारकौ ॥ ( १३ ) ॥**

निहन्ता कविरन्ये तु मारकास्तु कुजादयः ।
प्रतीक्षेत फलान्युक्तान्येवं कन्याभवे बुधैः ॥ ( १४ ) ॥

જ્યારે કન્યારાશિનું લગ્ન હોય છે ત્યારે મંગળ, ગુરુ અને ચંદ્ર એ પાપ ગ્રહો ગણાય છે એટલે અશુભ ફળ આપવાવાળા મનાય છે, માત્ર એક શુક્ર જ શુભ ગ્રહ તરીકે ગણાય છે, એટલે શુભ ફળ આપવાવાળો હોય છે. વળી એમાં શુક્ર તથા બુધ એ ઉત્તમ યોગ કરનારા ગણાય છે, એટલે કે એમનો યોગ રાજયોગ તરીકે મનાય છે. એમાં શુક્રએ વિનાશ કર્તા થાય છે. ( આ બરાબર અર્થ જણાતો નથી. અથવા પાછલો સંબંધ લઇ કરેલો હોવો જોઈએ. ) અને મંગળ, ગુરુ તથા ચંદ્ર એ મારક હોવાથી પોતપોતાની દશાન્તર્દશામાં વિનાશ કર્તા થાય છે. આ પ્રમાણે પંડિતોએ કહેલાં આ કન્યા લગ્નનાં ફળ જોવાં. ( ૧૩-૧૪ )

હવે ગ્રહોની સ્થિતિની શુભાશુભ રીતિ કેવી રીતે થાય છે તે આપણે કુંડલી તથા બીજા ખુલાસાથી વિચાર કરી તપાસીએ. આ કન્યા લગ્નમાં મંગળ

કન્યાલગ્નની કુંડલી.




એ પાપ ગ્રહ હોવા છતાં તેને પાપ ગ્રહ તરીકે તથા ગુરુ અને ચંદ્ર એ શુભ ગ્રહ હોવા છતાં તેમને અશુભ ગ્રહ માનવાનું કારણ એમ જણાય છે કે મંગળ એ ત્રિજા તથા આઠમા સ્થાનનો અધિપતિ છે અને સ્વાભાવિક રીતે તો તે પાપ ગ્રહ છે જ, તેમજ ગુરુ એ ચોથા તથા સાતમા સ્થાનના અધિપતિ તરીકે કેન્દ્રાધિપતિ ગણાય છે, અને તે કેન્દ્રાધિપતિ જ્યારે હોય છે ત્યારે અશુભ મનાય છે, એમ આગળ ( શ્લોક ૮ ) ગણાવેલું છે. સાથે સાતમા સ્થાનમાં રહેલી મીન રાશિનો અધિપતિ હોવાથી તે મારકેશ પણ ગણાય છે અને તેથી પણ તે પાપ ગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળો થાય છે. ચંદ્ર એ અગિઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી તેને પાપ ગ્રહ તરીકે ગણાવેલો છે. આ સર્વ ગ્રહોને પાપ ગ્રહ તરીકે ગણાવી તેઓ પોતપોતાની દશાઅંતર્દશામાં અશુભ ફળ આપવાવાળા થાય છે, એમ કહેલું છે, છતાં પણ એમાં ગુરુ એ કેન્દ્રાધિપતિ તથા મારકેશ હોવાથી વધારે અશુભ ફળદાયક અથવા મૃત્યુકારક પણ નીવડે એમાં સંશય નથી. ગ્રંથકારે શુક્રને એક વખતે શુભ લખી પછીથી તેને ફલકથનમાં " निहन्ता

कविः " એમ લખેલું છે. એ પરથી જણાય છે કે શુક્ર એ નવમા ભાગ્યભુવનનો અધિપતિ હોવાથી શુભ ગણાઈ શુભ ફળ આપવાવાળો થાય છે, પરંતુ પાછળથી વિચાર કરતાં ગ્રંથકારને એમ પણ જણાયું હશે કે, તે બીજા મારક સ્થાનનો આધપતિ હોવાથી મારક પણ થાય છે, અને તેથી જ તેમણે એક વખત શુભ લખી બીજા વખતે મૃત્યુકારક લખેલો છે. તો પણ તાત્પર્યથી એમ માની શકાય કે શુક્ર ખાસ કરીને તેની દશાઅંતર્દશામાં અશુભ ફળ જ આપે તેમ નથી, પરંતુ તેની આજુબાજુના સંયોગો જોતાં જો એ પાપગ્રહ યુક્ત અથવા તેને નીચ ગ્રહો વગેરેનો સંબંધ હોય તો તેવું અશુભ ફળ આપવા ચુકે નહિ, એમ માની શકાય, નહિં તો એકંદર તો એ શુભ ફળ આપવાવાળો જ થાય છે.

અહીંઆં આ લગ્નમાં રહેલી કન્યા રાશિનો અધિપતિ બુધ તથા બીજા સ્થાનમાં રહેલી તુલા રાશિનો અધિપતિ શુક્ર એટલે લગ્નાધિપતિ બુધ અને દ્વિતીય સ્થાનાધિપતિ શુક્ર એ બેનો—એ બન્નેનો સ્થાનાધિપતિ તરીકેનો તેમજ નવમા સ્થાનમાં રહેલી વૃષભ રાશિનો અધિપતિ શુક્ર અને દશમા સ્થાનમાં રહેલી મિથુન રાશિનો સ્વામી બુધ એટલે નવમ સ્થાનાધિપતિ શુક્ર અને દશમ સ્થાનાધિપતિ બુધ એ બન્ને ગ્રહોનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ ઉત્તમ પ્રકારનો યોગ એટલે કે રાજયોગ તરીકે માનવામાં આવેલો છે. અને તેથી જ તે એકકેની દશામાં એકેકની અંતર્દશા આવે ત્યારે ઉત્તમ ફળ આપે એમાં સંશય નહીં. વળી તેમાં પણ લગ્ન તથા દ્વિતીય સ્થાનાધિપતિ તરીકેના યોગ કરતાં નવમ તથા દશમ સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ ખાસ કરીને ઉત્તમ મનાયેલો છે અને તેજ વધારે ઉત્તમ ફળ આપવાવાળો થાય છે.

ગ્રંથકારે શુક્રને માટે એક વખત " **एक एव भृगुः शुभः**—આ લગ્નમાં એકલો શુક્ર જ સારો છે. " એમ લખી પાછળથી " **निहन्ता कविः**—શુક્ર મૃત્યુકારક થાય છે. " એમ લખેલું છે. એનું સ્પષ્ટીકરણ આગળ લખેલું છે એટલે તે જોવાથી જાણવામાં આવશે. બીજા એમાં જે મંગળ વગેરે પાપ ગ્રહો ગણાવેલા છે તે પોતાની દશાઅંતર્દશામાં પોતાના પ્રમાણમાં ઓછું વત્તું અશુભ ફળ આપવાવાળા થાય. સૂર્ય તથા શનિનું ફળ આમાં ખાસ કરીને લખેલું નથી એટલે એકંદરે તે ખાસ શુભ અથવા અશુભ ફળ આપવાવાળા હોય તેવું જણાતું નથી. કારણ શનિ એ પાંચમાનો તથા છઠ્ઠાનો અધિપતિ છે ( અને તેમાં પાંચમાનો એટલે ત્રિકોણાધિપતિ હોવાથી ) તેમજ સૂર્ય એ બારમાનો અધિપતિ છે એટલે એકંદરે કંઈ અશુભ ફળ જ નિપજાવે અથવા શુભ ફળ જ આપે તેમ ચોક્કસ નથી. તેમજ તેમના આજુબાજુના સંયોગો પણ જો સારા હોય તો સારું જ ફળ આપે અથવા નઠારા હોય તો અશુભ ફળ આપે

અને તેથી જ કંઇ વિશેષ ફળકથન એમના સંબંધમાં કહેલું નથી. આ પ્રમાણે કન્યા લગ્નમાં જે કંઈ ગ્રહોના સંબંધમાં શુભાશુભ ફળકથન કહેવાનું હતું તે આ પ્રમાણે વિદ્વાનોએ કહેલું છે, તે બરાબર રીતે સમજી લઇ કથન કરવું.

## કન્યાલગ્નના શુભાશુભ યોગો.

**૧લો શુભ યોગ :**–શુક્ર નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે. (છતાં પાછળથી ગ્રંથકર્તાના લખવા પ્રમાણે બીજા મારક સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ફળ પણ આપનારો થાય છે. (મધ્યમ યોગ).

**૨જો શુભ યોગ :**–લગ્નાધિપતિ બુધ અને દ્વિતીયસ્થાનાધિપ શુક્ર તેમ નવમસ્થાનાધિપ શુક્ર અને દશમસ્થાનાધિપતિ બુધ એ બંનેનો સહસ્થાનનો સાહચર્યયોગ (સામાન્યતઃ કેન્દ્રાધિપતિત્વ દોષ હોવા છતાં) રાજયોગકારક થઈ શુભ ફળ આપનારો થાય છે.

---

**૧લો અશુભ યોગ :**–મંગળ સ્વતઃ પાપગ્રહ હોવા સાથે (શ્લોક ૬ પ્રમાણે) ત્રિજા અને આઠમા સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ :**–ગુરુ ચોથા તથા સાતમા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૭–૧૦ પ્રમાણે) બલિષ્ઠ કેન્દ્રાધિપતિત્વ દોષને લઇને તેમ સાતમા મારક સ્થાનનો સ્વામી પણ ગણાતાં મારક થઈ વિશેષ અશુભ ફળ આપનારો થાય છે. (શ્લોક ૧૦, પૃષ્ઠ ૪૫, કુંડલી જુઓ.)

**૩જો અશુભ યોગ :**–ચન્દ્ર એ અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૪થો અશુભ યોગ :**–શનિ પાંચમા ત્રિકોણનો અધિપતિ છતાં પોતે સ્વતઃ પાપ ગ્રહ હોઈ છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

---

## હવે તુલાલગ્નમાં ગ્રહોના શુભાશુભ ફળનો વિચાર કરે છે.


**जीवार्कमहीजाः पापाः शनैश्चरबुधौ शुभौ ।**
**भवेतां राजयोगस्य कारकौ चन्द्रतत्सुतौ ॥ (१५) ॥**

**कुजो निहन्ति जीवाद्याः परे मारकलक्षणाः ।**
**निहन्तारः फलान्येवं काव्यो[1] न तु तुलाभुवः ॥ (१६) ॥**

જ્યારે તુલા રાશિનું લગ્ન હોય છે ત્યારે ગુરુ, સૂર્ય અને મંગળ એ પાપ ગ્રહો ગણાય છે અને અશુભ ફળ આપવાવાળા થાય છે, અને શનિ અને બુધ એ શુભ ગ્રહો ગણાઈ ઉત્તમ ફળ આપવાવાળા માનવામાં આવે છે. વળી એમાં ચંદ્ર અને બુધ સ્થાનાધિપતિત્વના સાહચર્યયોગથી રાજયોગ કર્તા તરીકે માનવામાં આવેલા છે, એટલે એ બન્ને રાજયોગ કરનારા છે. મંગળ એ મનુષ્યનો વિનાશક થાય છે અને બીજા ગુરુ અને સૂર્ય મારક ગણાઈ અશુભ આપનારા થાય છે. એટલે એકંદરે એ ત્રણે ગ્રહો મનુષ્યના વિઘાતક થાય છે. પરંતુ તુલા લગ્નમાં શુક્ર એ શુભ ફળ આપવાવાળો માનવામાં આવેલો છે. આ પ્રમાણે તુલા લગ્નનું ફળ કહેલું છે. (૧૫-૧૬).

હવે ગ્રંથકારે ગણાવેલા તુલા લગ્નના ગ્રહોની શુભાશુભ ફલદાયક પરિસ્થિતિ કુંડલી વગેરેથી નીચે પ્રમાણે જોઈએ.

તુલાલગ્નની કુંડલી.




આ તુલા રાશિના લગ્નમાં ગુરુ એ શુભ ગ્રહ હોવા છતાં પાપગ્રહ ગણાવેલો છે, અને બીજા સૂર્ય તથા મંગળ એ તો સ્વભાવસિદ્ધ જ પાપ ગ્રહ હોવા છતાં પણ તેમની પાપ ગ્રહ તરીકે ગણના કરેલી છે. એનું કારણ એમ એમ જણાય છે કે, ગુરુ એ ત્રિજા તથા છઠ્ઠા સ્થાનનો અધિપતિ છે એટલે તે પાપ ગ્રહ તરીકે મનાઈ અશુભ ફળ આપવાવાળો મનાયલો છે. અને સૂર્ય એ અગિઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી પોતે પાપગ્રહ હોવા છતાં વિશેષમાં પણ પાપગ્રહ તરીકે જ ગણાઈ અશુભ ફળ આપવાવાળો ગણાયલો છે અને મંગળ તો પોતેજ પાપગ્રહ હોવા સાથે વૃશ્ચિક અને મેષ રાશિનો સ્વામી હોવાથી બીજા તથા સાતમા ભુવનનો અધિપતિ હોવાથી સ્પષ્ટ રીતે મારકેશ હોવાથી અવશ્ય રીતે પાપગ્રહ તરીકે ગણાઈ ખાસ અશુભ એટલે અત્યંત અશુભ ફળ—મૃત્યુકારક ફળ આપે એમ જણાવેલું છે.

૧ "**काव्यो न तु**" એને બદલે "**कथ्यन्ते तु**" એ પ્રમાણે પાઠાન્તર છે.

હવે શનિ એ અશુભ ગ્રહ હોવા છતાં પણ મકર રાશિનો અધિપતિ હોવાથી કેન્દ્રાધિપતિ હોવાથી અને "અશુભ ગ્રહો કેન્દ્રાધિપતિ હોય તો ઉત્તમ ફળ આપે છે." એમ આગળ (શ્લોક ૭ માં) કહેલું હોવાથી તેમજ વળી પાંચમા સ્થાનમાં રહેલી કુંભ રાશિનો સ્વામી હોવાથી પાંચમા સ્થાનનો અધિપતિ એટલે ત્રિકોણાધિપતિ પણ હોવાથી એ શુભ ગ્રહ ગણાઈ ઉત્તમ ફળ આપવાવાળો થાય છે. અને તેવી રીતે બુધ પણ શુભ ગ્રહ હોવા સાથે ત્રિકોણાધિપતિ હોવાથી ઉત્તમ ફળ આપવાવાળો થાય છે એમ જણાવેલું છે. વળી એમાં ચંદ્ર તથા બુધનો યોગ એ રાજયોગ તરીકે માનવામાં આવેલો છે. કારણ કે આમાં ચંદ્ર એ કર્ક રાશિનો સ્વામી એટલે દશમા સ્થાનનો અધિપતિ અને બુધ એ મિથુન રાશિનો સ્વામી એટલે નવમા ભાગ્યભુવનનો અધિપતિ હોવાથી એ બન્ને ગ્રહોનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ એ રાજયોગ તરીકે માનવામાં આવેલો છે. અને તેથી જ્યારે પરસ્પરની દશામાં એકેકની અંતર્દશાનો સમય આવે તે સમયે તેઓ તેવા પ્રકારનું ઉત્તમ ફળ આપે એમાં સંશય નથી.

આમાં મંગળ, સૂર્ય તથા ગુરુ એ સર્વ ગ્રહો પાપગ્રહ તરીકે ગણાયલા હોવાથી તે જ્યારે પોતાની દશાઅંતર્દશા આવે છે ત્યારે પ્રમાણમાં અશુભ ફળ આપવાવાળા થાય છે. જો કે ગ્રંથકારે મંગળનું વિનાશક ફળ જુદુ લખી ગુરુ વગેરેના મારકપણાનું પણ જુદુ ફળ લખેલું છે અને તેમાં એકંદર ત્રણેનું ફળ વિનાશકારક જ લખેલું છે, તો પણ સામાન્ય રીતે જોતાં એમ મનાય છે કે ગુરુ તથા સૂર્ય જેટલું અશુભ ફળ આપે તેના કરતાં મંગળ એ પાપગ્રહ હોવા સાથે મારકેશ હોવાથી પોતાની દશાઅંતર્દશામાં ખાસ કરીને હાનિકારક એટલે કે મૃત્યુકારક ફળ આપવ ચુકે નહીં. બાકી ગ્રંથકારે મંગળને વિઘાતક તરીકે જુદો લખી ગુરુ વગેરેનું મારકલક્ષણ ફળ લખેલું છે તે રુચિકર લાગતું નથી, છતાં તેનો અર્થજ પછી વિનાશરૂપ એમ સમજી કરેલો હોય તો પછી કંઈ કહેવાય નહીં. અને જો તેમ માની ગ્રંથકર્તાએ લખ્યું હોય તો ગુરુ વગેરેનું એટલું જ કહેવાથી મંગળનું પણ અશુભ ફળ આવીજ જાત છતાં જુદુ લખવાથી સામાન્ય રીતે શંકા ઉદ્ભવી શકે. તો પણ એકંદર અશુભ ફળદાયક તરીકે સામાન્ય રીતે કહેલા છે એટલે ગ્રંથકારના કહેવા પ્રમાણે તેમ માનીએ તો કંઈ વાંધો નહીં.

આગળ ઉપર ફલના અન્તમાં ગ્રંથકાર લખે છે કે, "**काव्यो न तु तुलाभुवः**–એટલે કે મંગળ, ગુરુ તથા સૂર્ય જે પ્રમાણે મારક થઈ મનુષ્યનો નાશ કરનાર થાય છે, તે પ્રમાણે શુક્ર થતો નથી." આ પરથી એમ મનાય છે કે શુક્રના સંબંધમાં કંઈ પણ ગ્રંથકારે લખ્યું નથી. તો પણ પાછળથી તેના અશુભ ફળનો નિષેધ કરે છે, એટલે એમ જણાય છે કે લગ્નનો એટલે

કેન્દ્રનો અધિપતિ શુક્ર છે અને તેથી તે કેન્દ્રાધિપતિ તરીકે અશુભ ફળ આપે એમ આગળ જણાવેલું છે, અને તેથી તે કવચિત્ અશુભ ફળ આપી શકે અને અષ્ટમ સ્થાનનો મૃત્યુભુવનનો પણ અધિપતિ હોવાથી અશુભ ફળ આપે, પરંતુ (શ્લોક ૯ પ્રમાણે) જો અષ્ટમેશ લગ્નેશ હોય તો અશુભ ફળ આપતો નથી પણ શુભ ફળ આપે છે એમ કહેલું હોવાથી એ કૈંક ધ્યાનમાં રાખી તેના અશુભ ફળનો નિષેધ કર્યો હોય તો કૈં કહેવાય નહીં. અને તેથી જ પાછળથી ગ્રંથકર્તાએ એ પ્રમાણે લખેલું હોવું જોઈએ. આ પ્રમાણે તુલા લગ્નમાં ગ્રહોના શુભાશુભપણા પરત્વે જે કંઈ શુભ અથવા અશુભ ફળ પ્રાપ્ત થાય છે તે જણાવવામાં આવ્યું છે.

---

## તુલાલગ્નના શુભાશુભ યોગો.

**૧લો શુભ યોગ** :–શનિ એ સ્વતઃ પાપગ્રહ હોવા છતાં ચતુર્થ સ્થાન-બલિષ્ઠ કેન્દ્રનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ પ્રમાણે) શુભ ગણાવા સાથે પાંચમા ત્રિકોણ સ્થાનનો પણ અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૨જો શુભ યોગ** :–બુધ શુભ ગ્રહ હોવા સાથે નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૩જો શુભ યોગ** :–દશમા કેન્દ્રનો અધિપતિ ચન્દ્ર (શ્લોક ૧૧ પ્રમાણે દોષિત ન હોવાથી) તેનો તથા નવમા ત્રિકોણાધિપતિ બુધનો સ્થાનાધિપતિત્વનો સાહચર્યયોગ રાજયોગ કર્તા ગણાઈ ઉત્તમ ફળ આપનારો થાય છે.

**૪થો શુભ યોગ** :–શુક્ર પ્રથમ એવા નિર્બળ કેન્દ્રનો અધિપતિ હોવાથી અને અષ્ટમેશ હોવા છતાં (શ્લોક ૯ પ્રમાણે) લગ્નાધીશ હોવાથી શુભ ગણાઈ શુભ ફળ આપનારોથાય છે (શ્લોક ૯, ૪૪ પૃષ્ઠ, કુંડલી જુઓ.)

---

**૧લો અશુભ યોગ** :–ગુરુ એ ત્રિજા તથા છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ** :–સૂર્ય એ સ્વતઃ પાપગ્રહ હોવા સાથે અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૩જો અશુભ યોગ** :–મંગળ સ્વતઃ પાપગ્રહ હોવા સાથે બીજા તથા સાતમા મારક સ્થાનનો અધિપતિ હોવાથી મારક થતાં મૃત્યુકારક થાય છે.

---


હવે વૃશ્ચિક રાશિના લગ્નમાં ગ્રહોનાં ફલ કહે છે.

**सौम्यभौमासिताः पापाः शुभौ गुरुनिशाकरौ ।**
**सूर्याचन्द्रमसावेव भवेतां योगकारकौ ॥ ( १७ ) ॥**
**जीवो निहन्ता सौम्याद्या हन्तारो मारकाह्वयाः ।**
**तत्तत्फलानि विज्ञेयान्येवं वृश्चिकजन्मनः ॥ (१८) ॥**

જ્યારે વૃશ્ચિક લગ્ન હોય છે ત્યારે બુધ, મંગળ અને શનિ એ પાપગ્રહ ગણાય છે એટલે કે અશુભ ફળ આપવાવાળા થાય છે, અને ગુરુ અને ચંદ્ર એ શુભ ગ્રહ ગણાય છે, એટલે શુભ ફલ આપવાવાળા થાય છે. એમાં સૂર્ય અને ચંદ્ર એ ઉત્તમ યોગકર્તા ગ્રહો ગણાય છે, અને એમનો એ યોગ રાજયોગ તરીકે મનાતો હોવાથી ઉત્તમ ફલ આપવાવાળો થાય છે. આમાં ગુરુ એ ( આગલ શુભ ગ્રહ તરીકે ગણાવેલો હોવા છતાં ) વિનાશ કર્તા થાય છે. તેમજ બુધ, મંગળ તથા શનિ એ ગ્રહો મારકસંજ્ઞાવાળા ગણાતા હોવાથી વિનાશ કરનારા થાય છે. આ પ્રમાણે વૃશ્ચિક રાશિના લગ્નનાં જે જે ફલો કહ્યાં છે તે તે સમજવાં. ( ૧૭-૧૮ ).

હવે એ વૃશ્ચિક લગ્નની ગ્રંથકારના કથન પ્રમાણેની ગ્રહોની શુભાશુભ સ્થિતિ તથા તેથી ઉત્પન્ન થતાં શુભાશુભ ફળ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે નીચેની કુંડલી પર ધ્યાન આપી આપણે તપાસીએ.

વૃશ્ચિકલગ્નની કુંડલી.




આ વૃશ્ચિક લગ્નમાં બુધ એ સ્વાભાવિક રીતે જ શુભ ગ્રહ હોવા છતાં પાપગ્રહ તરીકે મનાઈ અશુભ ફળ આપવાવાળો તથા મંગળ અને શનિ એ સ્વાભાવિક રીતે જ પાપગ્રહ હોવા સાથે પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળા ગણાવેલા છે. આનું કારણ જોતાં એમ જણાય છે કે, બુધ એ મિથુન અને કન્યાનો સ્વામી હોવાથી આઠમા તથા અગિયારમા સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપવાવાળો માનવામાં આવ્યો છે. તેમજ મંગળ એ છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી તથા શનિ એ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી

૧ " **रविनिशाकरौ** " એ પ્રમાણે પાઠાન્તર પણ છે.

એ બે પાપગ્રહ તરીકે મનાઈ અશુભ ફળ આપવાવાળા મનાયલા છે. પરંતુ જો એક બીજો વિચાર કરીએ તો મંગળ એ પણ વૃશ્ચિક રાશિનો સ્વામી એટલે લગ્નનો અધિપતિ એટલે કે કેન્દ્રાધિપતિ છે તેમજ શનિ એ પણ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવા સાથે પણ કુંભ રાશિનો સ્વામી હોવાથી ચતુર્થસ્થાનાધિપતિ એટલે કે કેન્દ્રાધિપતિ છે; અને "પાપગ્રહો જો કેન્દ્રાધિપતિ હોય તો અશુભ ફળ આપતા નથી પણ શુભ ફળ આપે છે," એમ શ્લોક સાતમામાં કહેવામાં આવ્યું છે, એટલે એ અશુભ ફળ જ આપવાવાળા થાય, એમ સ્વાભાવિક રીતે માની શકાય નહિ. અને તેથી જ ગ્રંથકારે માત્ર એ બેને પાપગ્રહ તરીકે ગણાવી કેવળ અશુભ ફળ આપવાવાળા ગણાવેલા છે તે બરાબર ઉચિત હોય તેમ લાગતું નથી; છતાં આપણે ગ્રંથકારના જ ગ્રંથનું વિવેચન કરતા હોવાથી તેના અર્થને અનુરૂપ કથન કરવું યોગ્ય છે. અથવા તો પોતાના અનુભવથી જો તેમાં કોઈ જાતનો ફેરફાર જણાય તો ફરક માનવામાં પણ વાંધો નથી.

હવે ગુરુ અને ચંદ્ર એ બન્ને ગ્રહો શુભ હોવા સાથે પણ શુભ માનવામાં આવ્યા છે. એનું કારણ એમ જણાય છે કે ગુરુ એ મીન રાશિનો અધિપતિ હોવાથી એટલે પંચમ સ્થાનાધિપતિ હોવાથી તેમજ ચંદ્ર એ કર્ક રાશિનો સ્વામી હોવાથી નવમસ્થાનાધિપતિ હોવાથી એ બંને ત્રિકોણાધિપતિ છે, અને તેથી તેઓ શુભ મનાઈ ઉત્તમફલદાયક મનાયલા છે. વળી એમાં સૂર્ય તથા ચંદ્રનો યોગ તે ઉત્તમ યોગ મનાયેલો છે. એનું કારણ એમ છે કે સૂર્ય એ દશમ સ્થાનનો અધિપતિ છે અને ચંદ્ર એ નવમ સ્થાનનો અધિપતિ છે. એટલે એ બન્નેના નવમ-દશમ-સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ ઉત્તમ પ્રકારનો મનાયેલો છે અને તે ઉત્તમફલદાયક છે એમ સામાન્ય રીતે માનવામાં આવે છે.

હવે ગ્રંથકારે ગુરુને એક વખત શુભ ગણાવી ફલકથનમાં પાછળથી "**जीवो निहन्ता**–એટલે કે ગુરુ મનુષ્યનો વિનાશ કર્તા છે" એમ કહેલું છે. આ પરથી એમ જણાય છે કે ગુરુને ત્રિકોણાધિપતિ તરીકે શુભ ગણાવી તે દ્વિતીય સ્થાનમાં રહેલી ધન રાશિનો સ્વામી હોવાથી–મારક સ્થાનાધિપતિ હોવાથી તેને મારકેશ પણ ગણાવીને, તે વિનાશકર્તા છે, એમ માનેલું હોવું જોઇએ. વળી શુક્ર પણ આ વૃશ્ચિક લગ્નમાં સાતમા સ્થાનમાં રહેલી વૃષભ રાશિનો સ્વામી હોવાથી મારકેશ હોવાથી વિનાશકારક ફળ આપવાવાળો થાય એ સ્વાભાવિક છે, પરંતુ વિચારકરતાં જણાય છે. કે ગુરુ તથા શુક્ર એ બન્ને મારક સ્થાનાધિપતિ હોવા છતાં પણ શ્લોકોકત બુધ વગેરે ગ્રહોનો જો તેઓની સાથે કોઈપણ પ્રકારનો યોગ થયેલો હોય તોજ તેઓ મારકેશ તરીકેનું અશુભ આપવાવાળા ખાસ કરીને થાય છે, નહી તો વિશેષ અશુભ ફળ આપવા થતા હોય તેમ જણાતું નથી. આ વૃશ્ચિક

લગ્નમાં બુધ વગેરેને પાપ ગ્રહો તરીકે ગણાવેલા છે તેથી તેઓ જ્યારે પોતાની દશાઅંતર્દશા આવે છે ત્યારે મનુષ્યના સૌખ્યનો વિનાશકર્તા થાય છે. આ ત્રણેમાં કોઈ ગ્રહ ખાસ મારકેશ તરીકે ગણાવેલો નથી અને તેથી અવશ્ય રીતે મૃત્યુકારક જ એ ગ્રહો થાય છે, એમ માનવાનું કારણ નથી. એકંદર બીજો અશુભ ગ્રહોનો યોગ કે એવું કોઈ ખાસ કારણ મળતાં વિનાશકારક ફળ આપનાર થાય છે. આ પ્રમાણે વૃશ્ચિક લગ્નનાં ફળો સમજવાં.

## વૃશ્ચિકલગ્નના શુભાશુભ યોગો

૧લો શુભ યોગ :–ગુરુ એ શુભ ગ્રહ હોવા સાથે પાંચમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી શુભ મનાઈ શુભ ફળ આપનારો થાય છે.

૨જો શુભ યોગ :–ચંદ્ર એ શુભ ગ્રહ હોવા સાથે નવમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી શુભ મનાઈ શુભ ફળ આપનારો થાય છે.

૩જો શુભ યોગ :–સૂર્ય એ દશમ સ્થાનનો અધિપતિ અને ચંદ્ર એ નવમા સ્થાનનો અધિપતિ હોવાથી એ બંનેનો સહસ્થાનાધિપતિત્વનો યોગ ઉત્તમ મનાઈ શુભ ફળ આપનારો થાય છે.

૪થો શુભ યોગ :–સૂર્ય દશમા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૭ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે. ( પાઠાન્તર પ્રમાણે ).

૧લો અશુભ યોગ :–બુધ આઠમા સ્થાનનો અધિપતિ હોવા સાથે અગીઆરમાસ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૨જો અશુભ યોગ :–મંગલ એ પાપગ્રહ હોવા સાથે છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ ( કેન્દ્રાધિપતિ તરીકે પણ નિર્બળ હોતાં ) અશુભ ફળ આપનારો થાય છે.

૩જો અશુભ યોગ :–શનિ એ પાપગ્રહ હોવા સાથે ( ચતુર્થ–કેન્દ્રાધિપતિ હોવા છતાં ) ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૪થો અશુભ યોગ :–ગુરુ એ શુભ યોગકારક ગણાવેલો છતાં બીજા મારક સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ફળ આપનારો થાય છે. ( મધ્યમ )

( ૫મો અશુભ યોગ :–શુક્ર સાતમા મારક સ્થાનનો અધિપતિ હોવા સાથે કેંદ્રાધિપતિ પણ ગણાયલો હોવાથી ( શ્લોક ૭–૧૦ પ્રમાણે ) અશુભગણાઇ અશુભ આપવાવાળો થાય છે. )


હવે ધન રાશિના લગનમાં ગ્રહોની શુભાશુભ સ્થિતિ પરત્વે શુભાશુભ ફળનું કથન કરે છે.

एक एव कविः पापः शुभौ सौम्यदिवाकरौ ।
योगो भास्करसौम्याभ्यां निहन्ता भास्वतः सुतः ॥ (१९) ॥
घ्नन्ति शुक्रादयः पापा मारकत्वेन लक्षिताः ।
ज्ञातव्यानि फलान्येवं चापजस्य मनीषिभिः ॥ (२०) ॥

ધન રાશિના લગ્નમાં એક શુક્રજ પાપગ્રહ તરીકે મનાઈ અશુભ ફળ આપવાવાળો ગણાય છે, તેમજ બુધ અને સૂર્ય એ બે ગ્રહો શુભ ગ્રહ તરીકે ગણાઈ શુભ ફળ આપવાવાળા મનાય છે. એમાં સૂર્ય અને બુધનો યોગ સારો મનાય છે. અને સૂર્યપુત્ર શનિ મૃત્યુ-કારક થાય છે. વળી શુક્ર વગેરે જે પાપ ગ્રહો છે તે પણ મૃત્યુકારક થાય છે. એ પ્રમાણે વિદ્વાનોએ ધનરાશિના લગ્નનાં ફળો સમજવાં. (૧૯–૨૦).

હવે આમાં પણ ગ્રહોની શુભાશુભ સ્થિતિનો ખુલાસો જાણવો જરૂરનો હોવાથી કુંડલીથી તેની તપાસ કરી તે પર વિચાર કરીએ.

આ ધનલગ્નમાં શુક્રને પાપ ગ્રહ તરીકે માની અશુભ ફળ આપવાવાળો જણાવેલો છે, કારણ કે તે વૃષભ તથા તુલા રાશિનો સ્વામી હોવાથી છઠ્ઠા તથા




અગિયારમા સ્થાનનો અધિપતિ છે અને તેથી જ તે પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળો છે. બુધ અને સૂર્ય એ બેમાં સૂર્ય એ પાપગ્રહ હોવા છતાં શુભ મનાયેલો છે, અને એ પ્રમાણે એ બન્ને ગ્રહો શુભ મનાઈ ઉત્તમ ફળ આપવાવાળા મનાયા છે. કારણકે બુધ એ દશમા સ્થાનનો અધિપતિ અને સૂર્ય એ નવમા ભાગ્યભુવનનો અધિપતિ હોવાથી એ બંનેના સ્થાનાધિપત્યના સાહચર્ય-યોગથી એ બંને શુભ મનાઈ તેમનો યોગ શુભ મનાયેલો છે, અને તેથી એ બન્ને શુભ હોવાથી ઉત્તમ ફળ આપવાવાળા મનાયલા છે.

*જો કે આમાં બુધ ગ્રહ સંયોગપરત્વે શુભાશુભ સ્થિતિને પામે છે,* એમ અન્યત્ર જણાવેલું છે, અને તેથી તે શુભ ગ્રહ હોવા છતાં પણ પોતાના ફળમાં

વૈપરીત્ય આણે છે, છતાં ગ્રંથકારે અહીં બુધને માત્ર શુભ ફળ આપવાવાળો જ ગણાવેલો છે. પરંતુ બુધ એ સાતમા તથા દશમાનો અધિપતિ હોવાથી કેન્દ્રાધિપતિ ગણાતો હોવાથી અને "શુભ ગ્રહ એ કેન્દ્રાધિપતિ તરીકે અશુભ ફળ આપે છે," એમ આગળ કહેવામાં આવ્યું છે; સાથે બુધ એ સાતમા મારક સ્થાનનો પણ અધિપતિ હોવાથી મારકેશ પણ ગણી શકાય અને તેથી ખરી રીતે જોતાં એ અત્યંત અશુભ ફળ આપવાવાળો જ ગણાવો જોઇએ; છતાં ગ્રંથકારે એને શુભગ્રહ ગણી શુભ ફળ આપવાવાળો ગણેલો છે. અને તેમાં ઉપરોક્ત બુધ સૂર્યના સ્થાનસાહચર્યનું સામાન્ય કારણ આપ્યું છે, છતાં પણ તે અશુભફળ દાયક તરીકે જ પરિણામ પામતું હોવાથી ગ્રંથકારનું શુભ ફલનું કથન બરાબર માની શકાય તેવું લાગતું નથી. વખતે ગ્રંથકારને પણ પાછળથી વિચાર આવ્યો હોય અને તેથી તેમણે બુધને પાપગ્રહ ગણેલો હોય તો તેવો સંભવ બીજા શ્લોક પરથી જાણી શકાય તેમ છે. કારણ કે પ્રથમ શ્લોકમાં ફક્ત "**एक एव कविः पापः**–એક શુક્ર જ પાપ ગ્રહ છે." એમ જણાવેલું છે, અને પાછળથી "**घ्नंति शुक्रादयः पापाः**–શુક્ર વગેરે પાપી ગ્રહો વિનાશકર્તા છે." એમ આદિ શબ્દથી બુધ વગેરે લીધેલા હોય તેમ જણાય છે એટલે શુક્ર સીવાયના પણ બીજાઓને પાપ ગ્રહો ગણેલા હોવા જોઇએ. અને તે પરથી એમ કલ્પના કરી શકાય છે કે વખતે બુધને પણ કેન્દ્રાધિપતિ તરીકે તથા મારકેશ તરીકે પાપી ગણી અશુભફળદાયક માની **शुक्रादि**–શુક્ર વગેરેમાં તેની ગણત્રી કરેલી હોવી જોઈએ. અને તે પ્રમાણે જો માનવામાં આવે તો વાંધા જેવું નથી. એટલે એકંદર બુધ પણ અશુભ ફળ આપવાવાળો જ ગણી શકાય.

અથવા તો પહેલાં કહ્યું તેમ આ લગ્નમાં સૂર્ય તથા બુધનો યોગ એટલે સૂર્ય એ નવમા સ્થાનમાં રહેલી સિંહ રાશિનો સ્વામી હોવાથી ભાગ્ય ભુવનનો અધિપતિ એટલે ત્રિકોણાધિપતિ હોવાથી તેમજ દશમા સ્થાનમાં રહેલી કન્યા રાશિનો સ્વામી બુધ હોવાથી તે દશમ સ્થાનાધિપતિ હોવાથી તેમનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ એટલે ભાગ્ય ભુવનના તથા કેન્દ્ર ભુવનના અધિપતિ તરીકેનો યોગ રાજયોગ તરીકે મનાયેલો છે, અને તેથી તે તેમની પરસ્પરની દશાઅંતર્દશામાં રાજવિષયક ઉત્તમ ફળ આપે એમાં સંશય નથી. અને તેથી તેમને ઉત્તમ માની શુભ ફળ આપનારા માનેલા હોવા જોઈએ.

સૂર્યપુત્ર શનિ આ લગ્નમાં વિઘાતક મનાયેલો છે, કારણ કે બીજા તથા ત્રિજા સ્થાનમાં રહેલી મકર તથા કુંભ રાશિનો એ સ્વામી છે, અને તેથી તે ત્રિજા સ્થાનના અધિપતિ તરીકે અનિષ્ટકારક હોવા સાથે બીજા સ્થાનનો અધિપતિ એટલે મારકેશ પણ છે, અને સ્વાભાવિક રીતે પણ તે પોતે પાપ ગ્રહ છે, એટલે

આ બધાં કારણોથી એકંદર એ પાપ ગ્રહ ગણાઈ પોતાની દશાઅંતર્દશાઓમાં અશુભ ફળ આપે એમાં સંશય નહી.

ગુરુ તથા ચંદ્રને માટે આમાં કોઈ વિશેષ લખ્યું નથી, તો પણ ગુરુ ચતુર્થ સ્થાનાધિપતિ હોવાથી કેન્દ્રાધિપતિ તરીકે ઉત્તમ ફળ આપી શકતો નથી, તેમજ ચંદ્ર પણ અષ્ટમ સ્થાનાધિપતિ હોવાથી ઉત્તમ ફળ ન આપી શકે તેમ ખાસ કરીને અશુભ જ ફળ આપે તેમ પણ નથી. તેમજ બુધ પણ માન્યતા પ્રમાણે અશુભ ફળ જ આપવાવાળો હોવો જોઇએ, એટલે ગ્રંથકારે પાછળથી લખ્યું છે તે પ્રમાણે શુક્ર વગેરે એટલે શુક્ર, બુધ અથવા બીજા જે આમાં ન ગણાવાયા હોય તે અથવા તો શનિ એ સર્વ પાપગ્રહો મારક જેવા હોવાથી પોતપોતાની દશા-અંતર્દશામાં અશુભ ફળ આપવાવાળા થાય છે. અને તેમના માનવા પ્રમાણે શનિ અવશ્ય રીતે અધમ ફળ—મૃત્યુકારક અનિષ્ટફળ આપવાવાળો થાય છે. આ પ્રમાણે ધન રાશિના જે જે ગ્રહોનાં જે જે શુભાશુભ ફળ છે તે આપવામાં આવ્યાં છે, અને તે વિદ્વાનોએ બરાબર રીતે સમજી લેવાં.

---

## ધનલગ્નના શુભાશુભ યોગો.

૧લો શુભ યોગ :—સૂર્ય એ પાપ ગ્રહ છતાં નવમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાયછે.

૨જો શુભ યોગ :—મંગળ એ પાપ ગ્રહ છતાં પાંચમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

૩જો શુભ યોગ :—બુધ દશમા કેન્દ્રનો અધિપતિ હોવાથી અને સૂર્ય નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી એ બંનેનો સ્થાનસાહચર્યનો યોગ ઉત્તમ મનાઈ ઉત્તમ ફળ આપનારો થાય છે.

---

૧લો અશુભ યોગ :—શુક્ર છઠ્ઠાનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અને આઠમાનો પણ અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૨જો અશુભ યોગ :—શનિ બીજા મારકસ્થાનનો અને ત્રિજા સ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૩જો અશુભ યોગ :—બુધ એ સાતમા મારક સ્થાનનો અધિપતિ હોવા સાથે સાતમા અને દશમા કેન્દ્રસ્થાનનો પણ અધિપતિ ગણાતો હોવાથી ( શ્લોક ૭ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

<u>૪થો અશુભ યોગ</u> :–ગુરુ પહેલા તથા ચતુર્થ કેન્દ્રનો અધિપતિ હોવાથી ( શ્લોક ૭–૧૦ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

<u>૫મો અશુભ યોગ</u> :–ચંદ્ર આઠમા સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.


---

## હવે મકર લગ્નમાં ગ્રહો કેવાં ફળ આપે છે તે કહે છે.

कुजजीवेन्दवः पापाः शुभौ भार्गवचन्द्रजौ ।
स्वयं चैव निहन्ता स्यान्मन्दो भौमादयः परे ॥ २१ ॥
तत्तत्क्षणान्निहन्तारः कविरेकः सुयोगकृत् ।
ज्ञातव्यानि फलान्येवं विबुधैर्मृगजन्मनः ॥ २२ ॥

મકર લગ્નમાં મંગળ, ગુરુ તથા ચંદ્રએ ત્રણ પાપ ગ્રહો ગણાઈ અશુભ ફળ આપવાવાળા થાય છે, અને શુક્ર તથા બુધ શુભ ગ્રહ હોવા સાથે શુભ ગ્રહ મનાઈ શુભ ફળ આપવાવાળા થાય છે. તેમાં શનિ પોતે મૃત્યુકારક ફળ આપવાવાળો થાય છે. તેમજ મંગળ વગેરે બીજા પણ જે પાપ ગ્રહ તરીકે ગણાવેલા છે તે પણ ( પોતાની દશા અંતર્દશામાં ) તત્કાલ મૃત્યુરૂપ ફળ આપનારા થાય છે. માત્ર એક શુક્ર જ ઉત્તમ યોગકારક છે. એટલે કે શુક્રનો યોગ જ એ લગ્નમાં ઉત્તમ મનાય છે. આ પ્રમાણે પંડિતોએ મકર રાશિના લગ્નનાં શુભાશુભ ફળ જાણવાં. ( ૨૧–૨૨ )

હવે એમાં ગ્રહોની સ્થિતિનાં કારણો બરાબર જાણવા માટે કુંડલી તપાસી તેના શુભાશુભ ફળનો વિચાર કરીએ.




આ મકર લગ્નમાં મંગળ, ગુરુ અને ચંદ્ર એ ત્રણ ગ્રહોને પાપગ્રહ ગણી અશુભ ફળ આપવાવાળા ગણાવેલા છે. જોકે મંગળ એ સ્વાભાવિક રીતે જ પાપગ્રહ છે, તો પણ તેને પાપગ્રહ ગણેલો છે. હવે આ સર્વનું કારણ તપાસતાં એમ જણાય છે કે મંગળ એ પાપગ્રહ હોવા સાથે અગીયારમાનો અધિપતિ છે, ગુરુ એ ત્રિજાનો અધિપતિ છે, તેમજ ચંદ્ર એ સાતમા સ્થાનનો અધિપતિ છે, અને તેથી એ ત્રણે ગ્રહો પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળા થાય છે. જોકે

આમાં મંગળને અગિયારમા સ્થાનના અધિપતિ તરીકે અશુભ ફળ આપવાવાળો માનીએ તો પણ તે ચોથા સ્થાનના અધિપતિ તરીકે કેન્દ્રાધિપતિ હોવાથી અશુભ ફળ ન પણ આપી શકે, એટલે કે શુભ ફળ પણ આપવાવાળો થાય એમ માની શકાય. અને તેમાં પણ ગ્રંથકારે ગણાવેલા એ ત્રણે મંગળ, ગુરુ અને ચંદ્ર એ પાપગ્રહોમાં ચંદ્ર મારકેશ હોવાથી વધારે અનિષ્ટ ફળ આપે એમ ધારી શકાય. શુક્ર અને બુધ એ ગ્રહો સ્વાભાવિક રીતે શુભગ્રહો તો છે, છતાં તેમને શુભગ્રહ તરીકે માની શુભ ફળ આપવાવાળા ગણાવેલા છે. એનું કારણ એમ જણાય છે કે, શુક્ર એ વૃષભ રાશિનો સ્વામી હોવાથી પાંચમા સ્થાનનો અધિપતિ એટલે કે ત્રિકોણાધિપતિ છે તેમજ તુલા રાશિનો પણ સ્વામી હોવાથી દશમ સ્થાનનો સ્વામી એટલે કેન્દ્રાધિપતિ એટલે કે દોષિત છતાં યોગરૂપે શુભ ગણાઈ શુભફળદાયક મનાયલો છે. અને એ જ પ્રમાણે બુધ પણ નવમ સ્થાનમાં રહેલી કન્યા રાશિનો અધિપતિ હોવાથી એટલે ત્રિકોણાધિપતિ હોવાથી શુભ ગણાઈ શુભ ફળ આપવાવાળો ગણાયલો છે. જો કે છઠ્ઠા સ્થાનના અધિપતિ તરીકે એનું ફળ ઉત્તમ નથી, તોપણ શુક્ર સાથેના સ્થાનાધિપત્યના સાહચર્યથી એ ઉત્તમ મનાઈ ઉત્તમ ફળ આપનારો થાય છે.

હવે શનિનો વિચાર કરતાં એ જો કે લગ્નનો અધિપતિ છે, છતાં દ્વિતીય સ્થાનમાં રહેલી કુંભ રાશિનો પણ તે સ્વામી હોવાથી બીજા સ્થાનનો પણ અધિપતિ છે, અને તેથી તે મારકેશ તરીકે ગણાતાં સ્વયં પોતે પાપગ્રહ હોવા સાથે મારકેશ હોવાથી અવશ્ય રીતે પોતાની દશાઅંતર્દશામાં અશુભ ફળ આપવાવાળો થાય. બીજા મંગળ વગેરે જે ગ્રહો આ લગ્નમાં પાપગ્રહ તરીકે ગણાવ્યા છે તે પોતાની દશાઅંતર્દશામાં તત્કાળ મૃત્યુકારક થાય છે, એમ લખ્યું છે, પરંતુ સામાન્ય વિચાર કરતાં એ એટલું બધું અનિષ્ટકારક ફળ આપી શકે તેમ જણાવું નથી. વખતે ચન્દ્ર વધારે પડતું અનિષ્ટ ફળ આપે પણ મંગળ ને ગુરુ ગ્રંથકારના કહેવા પ્રમાણેના વિઘાતક બને એવો સંભવ રહેતો નથી. પછી જો તેમને કોઈ પણ અશુભ ગ્રહ અથવા નીચ કે નિર્બલી ગ્રહોનો સંયોગ થયો હોય અને તેથી તે વધારે અશુભ ફળ આપવાવાળા થાય તો કહેવાય નહીં. નહીં તો સામાન્ય રીતે માત્ર અશુભ ફળ આપે એટલું જ માનવું વધારે ઉચિત છે.

આમાં શુક્રનો યોગ ગ્રંથકારે ઉત્તમ માનેલો છે અને તે સરલરીતે જોતાં વધારે ઉત્તમ યોગ હોય એમ મનાય પણ છે; કારણ કે શુક્ર પોતે સ્વાભાવિક રીતે જ શુભ ગ્રહ છે અને તેમાં પણ તે પાંચમા સ્થાનનો એટલે ત્રિકોણ સ્થાનનો અધિપતિ છે અને તેથી જો કે તે દશમ સ્થાનનો અધિપતિ એટલે કેન્દ્રાધિપતિ પણ આગળ કહ્યા પ્રમાણે છે અને તેથી ( શ્લોક ૧૦ પ્રમાણે ) તે પ્રબળ દોષિત છે તો પણ નવમ સ્થાનાધિપાત બુધની સાથે સ્થાનાધિપતિ તરીકેનો તેનો

સાહચર્યયોગ છે એટલે તેનો યોગ ઉત્તમ છે એમ કહ્યું છે. જો કે ગ્રંથકારના પ્રમાણ પ્રમાણે શુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે (શ્લોક ૭ પ્રમાણે) ઉત્તમ ફળ આપતા હોય એમ લાગતું નથી અને ખાસ કરી શુક્રને તો (શ્લોક ૧૦ પ્રમાણે) વિશેષ દોષ છે તો પણ આ ગ્રંથકારના લખવા પ્રમાણે બુધના સ્થાનસાહચર્યયોગથી તે ઉત્તમ ફળ આપે એમ માની શકાય, અને તેથી જ શુક્રનો યોગ આ લગ્નમાં ઉત્તમ માનેલો છે. સૂર્યના સંબંધમાં આમાં કાંઇ શુભાશુભનો વિચાર કરવામાં આવ્યો નથી, પરંતુ અષ્ટમ સ્થાનાધિપતિ તરીકે તેમજ આજુબાજુના સાહચર્ય યોગ જોતાં ખાસ શુભ ફળદાયક સૂર્ય હોય તેમ જણાતું નથી, તેમ ખાસ અશુભ ફળ પણ આપે એમ પણ મનાય તેમ નથી, એટલે એનું ફળ એકંદર મધ્યમ હોય તેમ જણાય છે. આ પ્રમાણે મકર રાશિમાં ગ્રહોના સંબંધમાં સંયોગ અથવા સંબંધ પરત્વે જેવાં જેવાં શુભાશુભ ફળ પ્રાપ્ત થાય છે તે યોગ્ય રીતે કહેવામાં આવ્યાં છે, એમ વિદ્વાનોએ માની લેવું.

## મકરલગ્નના શુભાશુભ યોગો.

**૧લો શુભ યોગ** :–શુક્ર એ સ્વયં શુભ ગ્રહ હોવા સાથે પાંચમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઇ (દશમા કેન્દ્રાધિપતિત્વના દોષથી શ્લોક ૧૦ પ્રમાણે પ્રબળ દોષિત હોવા છતાં) બુધના નવમ સ્થાનાધિપતિત્વના સ્થાનસાહચર્યના યોગથી શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૨જો શુભ યોગ** :–બુધ સ્વયં શુભ હોવા સાથે નવમા ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ (છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી શ્લોક ૬ પ્રમાણે અશુભ ગણાવા છતાં) શુક્રના સ્થાનાધિપતિત્વના સાહચર્યયોગથી શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૧લો અશુભ યોગ** :–મંગળ એ સ્વયં અશુભ ગ્રહ હોવા સાથે (ચોથા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી શ્લોક ૭ પ્રમાણે શુભ ગણાવા છતાં) અગીઆરમાસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ** :–ગુરુ એ શુભ ગ્રહ હોવા છતાં ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) તેમ વ્યયસ્થાનનો પણ અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૩જો અશુભ યોગ :–ચન્દ્ર એ શુભ ગ્રહ હોવા છતાં સાતમા મારક સ્થાનનો અધિપતિ હોવાથી તેમ કેન્દ્રાધિપતિત્વના દોષથી ( શ્લોક ૧૧ પ્રમાણે ) પણ સ્વલ્પ દોષિત હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

૪થો અશુભ યોગ :–શનિ એ સ્વયં પાપ ગ્રહ હોવા સાથે બીજા મારક સ્થાનનો અધિપતિ હોવાથી મારકેશ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

---


હવે કુંભરાશિના લગ્નમાં ગ્રહો સ્થિતિપરત્વે જેવા પ્રકારનાં શુભાશુભ ફળ આપે છે તેનું કથન કરે છે.

जीवचन्द्रकुजाः पापा एको दैत्यगुरुः शुभः ।
राजयोगकरो भौमः कविश्चैव बृहस्पतिः ॥ २३ ॥
निहन्ता घ्नन्ति भौमाद्या मारकत्वेन लक्षिताः ।
एवमेव फलान्युक्तान्येतानि घटजन्मनः ॥ २४ ॥

કુંભરાશિના લગ્નમાં ગુરુ, ચંદ્ર અને મંગળ એ પાપ ગ્રહો ગણાઈ અશુભ ફળ આપવાવાળા મનાયલા છે, માત્ર શુક્ર જ ફક્ત શુભ ગ્રહ તરીકે ગણાઈ શુભ ફળ આપવાવાળો મનાયલો છે. એમાં મંગળ તથા શુક્રનો યોગ રાજયોગ તરીકે મનાયેલો છે. બૃહસ્પતિ પોતાની દશાઅંતર્દશામાં મૃત્યુપ્રદ થાય છે અને તેજ પ્રમાણે મંગળ વિગેરે ગ્રહો પણ મારક તરીકે ગણાતા હોવાથી મૃત્યુકારક ફળ આપનારા થાય છે. આ પ્રમાણે કુંભરાશિનાં જે જે આ ફલો છે તે સમજી લેવાં. (૨૩-૨૪).

હવે આ કુંભ રાશિના ગ્રહોની પરિસ્થિતિ માટે કુંડળી તપાસીએ કે જેથી તેના શુભાશુભ ફલની સ્પષ્ટ સમજ ધ્યાનમાં આવે.

કુંભલગ્નની કુંડલી.




આ કુંભરાશિના લગ્નમાં ગુરુ અને ચંદ્ર એ શુભગ્રહોને પણ પાપગ્રહો તરીકે ગણાવી અને મંગળ એ સ્વાભાવિક રીતે અશુભ ગ્રહ હોવા સાથે પણ તેને અશુભ ગણાવી અશુભ ફળ આપવાવાળા ગણાવેલા છે. આનો હેતુ એમ જણાય છે કે, ગુરુ એ બીજા સ્થાનમાં રહેલી મીનરાશિનો સ્વામી એટલે મારક સ્થાનાધિપતિ હોવાથી મારકેશ ગણાતાં તેમજ અગિયારમા સ્થાનનો પણ અધિપતિ હોવાથી પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળો થાય છે. એજ પ્રમાણે ચંદ્ર એ છઠ્ઠા

સ્થાનનો અધિપતિ હોવાથી તેમજ મંગળ એ ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી તેમને પાપગ્રહ તરીકે ગણેલા હોય એમ જણાય છે, અને તેથી જ તે અશુભ ફળ આપનારા હોય તેમ કહેલું છે. જો કે મંગળ આમાં દશમા સ્થાનમાં રહેલી વૃશ્ચિક રાશિનો સ્વામી હોવાથી કેન્દ્રાધિપતિ પણ હોવાથી "અશુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે શુભ ફળ આપવાવાળા થાય છે." એમ સ્વીકાર કરીએ તો શુભ ફળ આપવાવાળો પણ થાય એ સ્વાભાવિક છે, અને તેથી આમાં ગુરુ પોતાની દશાઅંતર્દશામાં જેટલું અથવા જેવું અશુભ ફળ આપે તેટલું અને તેવું ચંદ્ર તથા મંગળ આપે એમ મનાતું નથી, અને તેથી જ ગ્રંથકારે અશુભ ફળના આપનાર તરીકે ગુરુને જુદો ગણાવી ત્યાર પછી મંગળ વિગેરેના અશુભ ફળનું પાછળથી કથન કરેલું જણાય છે, અને તે ઉપરોક્ત શ્લોકમાં પ્રથમના અંતના અને બીજાના પ્રથમ અર્ધપદ ઉપરથી જોવામાં આવે છે. આમાં શુક્ર તથા મંગળનો યોગ એકંદર રાજયોગ તરીકે મનાયેલો છે, એટલે કે ઉત્તમ ફળ આપવાવાળો મનાયેલો છે; કારણ કે શુક્ર એ નવમા ભાગ્યભુવનમાં રહેલી તુલા રાશિનો અધિપતિ હોવાથી ત્રિકોણાધિપતિ તરીકે રહેલો છે અને સાથે દશમા સ્થાનમાં રહેલી વૃશ્ચિક રાશિનો અધિપતિ પણ મંગળ હોવાથી અને એ કેન્દ્રાધિપતિ તરીકે ઉત્તમ પણ મનાતો હોવાથી એ બે ગ્રહો શુક્ર તથા મંગળનો નવમા તથા દશમ સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ રાજયોગ તરીકે મનાયલો છે, અને તેથી તે બંને ગ્રહો પોતપોતાની દશાઅંતર્દશામાં અથવા પરસ્પરની રહેલી એકએકની અંતર્દશાઓમાં ઉત્તમ ફળ આપવાવાળા થાય એમાં સંશય નહીં. આ બંન્ને ગ્રહોનો–ત્રિજા સ્થાનના અધિપતિ તરીકે મંગળ તથા ચતુર્થ સ્થાનાધિપતિ તરીક શુક્ર એમ બન્નેનો–એ યોગ ઉત્તમ પ્રકારનો નથી, કારણ મંગળ ત્રિજા સ્થાનનો અધિપતિ છે એટલે અશુભ છે તેમ શુક્ર પણ આ મૂળ ગ્રંથકારની માન્યતા પ્રમાણે કેન્દ્રાધિપતિ હોવાથી અશુભ છે એટલે એ યોગ ઉત્તમ નથી, અને તેથી જ ગ્રંથકારે મંગળને અશુભ ગ્રહ તરીકે ગણેલો છે, તો પણ એ બંનેનો ઉપરોક્ત પ્રથમનો યોગ ગ્રંથકારે ઉત્તમ માનેલો છે.

હવે બ્હસ્પતિ તે ખાસ કરીને બીજા સ્થાનનો અધિપતિ હોવાથી મારકસ્થાનાધિપતિ હોવાથી તથા અગીઆરમા આય ભુવનનો પણ અધિપતિ હોવાથી શ્લોક ૬ પ્રમાણે અશુભ ગણાતાં તે પોતાની દશાઅંતર્દશામાં મનુષ્યનો અવશ્ય રીતે વિનાશકર્તા થાય છે. અને તેજ પ્રમાણે મંગળ તથા ચંદ્ર પણ મારક જેવા જ ગણાતા હોવાથી પોતાની દશાઅંતર્દશામાં અશુભ ફળ આપવાવાળા થાય છે. તો પણ ચંદ્ર તથા મંગળ કરતાં ગુરુ વધારે અનિષ્ટ ફળ આપવાવાળો હોવાથી તેને ગ્રંથકારે ખાસ જુદો ગણાવેલો છે.

સૂર્ય તથા બુધનું ફળ વિશેષ તરીકે આ શ્લોકમાં લખેલું નથી, તો પણ સામાન્ય રીતે માનીએ તો સૂર્ય એ સપ્તમ સ્થાનાધિપતિ હોવાથી એટલે મારક સ્થાનનો તથા કેન્દ્રનો પણ અધિપતિ ગણાતો હોવાથી, "પાપગ્રહ કેન્દ્રાધિપતિ હોય તો શુભ ફળ આપે છે." એમ કહેલું હોવાથી શુભાશુભ ફળ મધ્યમ રીતે આપી શકે એટલે બન્ને બાજુથી એના શુભ તથા અશુભ ફળની તુલ્યતા હોવાથી વિશેષ અનિષ્ટ ફળ આપી શકે તેમ નથી. અને તેજ પ્રમાણે બુધ પણ પાંચમા સ્થાનમાં રહેલી મિથુન રાશિનો અધિપતિ હોવાથી ત્રિકોણાધિપતિ તરીકે શુભ પણ મનાય છે, અને અષ્ટમ સ્થાનમાં રહેલી કન્યા રાશિનો અધિપતિ હોવાથી અશુભ પણ માની શકાય; તો પણ ત્રિકોણાધિપતિ તરીકે શુભ ફળ તે વિશેષ આપી શકે છે. એટલે મધ્યમ રીતે એ ફલદાયક હોવાથી આ બન્ને ગ્રહો માટે કંઈ વિશેષ લખ્યું નથી. તો પણ સૂર્ય એ અશુભ અને બુધ એ શુભ ગ્રહ ગણાઈ અશુભ, શુભ ફળ આપનારા થાય છે. આ પ્રમાણે શનિનું પણ કંઈ વિશેષ ફળ જાણવા જેવું ન હોવાથી તે પણ આપેલું નથી એટલે ટુંકમાં સૂર્ય, બુધ તથા શનિ એ ત્રણે ગ્રહો સામાન્ય રીતે પોતાની દશાઅંતર્દશાઓમાં મધ્યમ રીતિએ ફળ આપનારા થાય છે. આ પ્રમાણે ગ્રહોની શુભાશુભ સ્થિતિપરત્વે જે જે ફળો આ કુંભ લગ્નમાં જોવામાં આવે છે તે સર્વનો વિચાર કરી તે કહેવામાં આવેલાં છે અને તે પ્રમાણે એમને માનવાં.

---

## કુંભલગ્નના શુભાશુભ યોગો.

**૧લો શુભ યોગ** :–શુક્ર એ સ્વયં શુભ ગ્રહ હોવા સાથે (શ્લોક ૧૧ પ્રમાણે કેન્દ્રાધિપતિત્વના દોષથી પ્રબળ દોષિત હોવા છતાં) નવમા પ્રબળ ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૨જો શુભ યોગ** :–મંગળ પોતે અશુભ ગ્રહ હોવા છતાં દશમા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૭ પ્રમાણે) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૩જો શુભ યોગ** :–નવમા તથા દશમા સ્થાનાધિપતિત્વનો શુક્ર અને મંગળનો સાહચર્યયોગ રાજયોગ તરીકે ગણાતાં શુભ ફળ આપનારો થાય છે.

**૪થો શુભ યોગ** :–બુધ એ સ્વયં શુભગ્રહ હોવા સાથે પાંચમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી (શ્લોક ૬ પ્રમાણે) શુભ ગણાઈ (અષ્ટમ સ્થાનાધિપતિ હોવાથી અશુભફળદાયક છતાં) શુભ ફળ આપનારો થાય છે.

---

<u>૧લો અશુભ યોગ</u> :—ગુરુ એ શુભ ગ્રહ હોવા છતાં બીજા મારકસ્થાનનો અધિપતિ હોવાથી મારકેશ ગણાતાં તેમ અગિયારમા સ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાતાં અશુભ ફળ આપનારો થાય છે.

<u>૨જો અશુભ યોગ</u> :—ચંદ્ર એ શુભ ગ્રહ હોવા છતાં છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

<u>૩જો અશુભ યોગ</u> :—મંગળ એ સ્વયં પાપ ગ્રહ હોવા સાથે ત્રિજા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ ( દશમા કેન્દ્રસ્થાનનો અધિપતિ હોવાથી શુભ ગણાવા છતાં ) અશુભ ફળ આપનારો થાય છે.

<u>૪થો અશુભ યોગ</u> :—ગુરુ એ અશુભ ગ્રહ હોવા છતાં બીજા મારક સ્થાનનો અધિપતિ હોવાથી મારકેશ ગણાતાં તેમ અગિયારમા સ્થાનનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

<u>૫મો અશુભ યોગ</u> :—સૂર્ય એ સ્વયં પાપગ્રહ હોવાથી અને સાતમા મારક સ્થાનનો અધિપતિ હોવાથી મારકેશ ગણાતાં ( કેન્દ્રાધિપતિ તરીકે શ્લોક ૭ પ્રમાણે શુભ ગણાવા છતાં ) અશુભ ફળ આપનારો થાય છે.

---

<u>હવે મીન રાશિના લગ્નમાં ગ્રહો કેવા પ્રકારનાં ફળો આપે છે તે જણાવે છે.</u>

× मन्दशुक्रांशुमत्सौम्याः पापा भौमविधू शुभौ ।
महीसुतगुरोर्योगे कारणेनैवं भूसुतः ॥ २५ ॥
मारकाः कारकाः वीक्ष्य मन्दाद्या घ्नन्ति पापिनः ।
इत्युह्यानि फलान्येवं बुधैस्तु मीनजन्मनः ॥ २६ ॥

જ્યારે જન્મકુંડલીમાં મીન લગ્ન હોય છે ત્યારે શનિ, શુક્ર, સૂર્ય તથા બુધ એ ગ્રહો પાપગ્રહ હોઈ અશુભ ફળ આપવાવાળા થાય

---

× આ મૂળ શ્લોકો નીચે પ્રમાણે છે.

मन्दशुक्रांशवः सौम्याः पापा भौमविधू शुभौ ।
महीसुतगुरोर्योगे कारणेनैव भूसुतः ॥
मारकान् कारकान् वीक्ष्य मन्दाद्या घ्नन्ति पापिनः ।
इत्युह्यानि फलान्येवं बुधैस्तु मीनजन्मनः ॥

આ શ્લોકો ખાસ કરી અશુદ્ધ શ્લોકો છે—એમની કેટલીક અર્થસંગતિ બરાબર બેસતી નથી. કારણ કે જો પહેલા અર્ધ શ્લોકમાં મન્દાદિ ગ્રહોને સૌમ્ય


---

१ कारणे नैव એમ એ પદચ્છેદનો પણ પાઠાન્તર છે.

છે, અને મંગળ તથા ચંદ્રએ શુભ ગ્રહો ગણાઇ ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. વળી મંગળ અને ગુરુનો યોગ એ ઉત્તમ ફળદાયક યોગ મનાયેલો છે. એમાં મંગળ ત્રિકોણાધિપતિત્વના કારણથી અથવા ગુરુના સહસ્થાનાધિપતિત્વના સાહચર્યયોગના કારણથી શુભ મનાયલો છે. (મંગળ એકલો મારક થઈ શકતો નથી.) તેમજ બીજા પણ મારક તથા કારક યોગો અને શનિ વગેરે પાપગ્રહો (સંયોગ પરથી જ) વિનાશકરનારા થાય છે. આ પ્રમાણે વિદ્વાનોએ મીન લગ્નનાં ફલો જાણવાં (૨૫-૨૬)

હવે અહીં ગ્રહોની પરિસ્થિતિને અંગે તે શુભાશુભ થઈ જે કારણોથી સારાં માઠાં ફળો આપવાવાળા થાય છે તે પણ કુંડળી પરથી સમજવા યત્ન કરીએ.

મીનલગ્નની કુંડલી.




આ મીન લગ્નમાં શનિ, શુક્ર, સૂર્ય તથા બુધ ચાર ગ્રહોને, શનિ તથા સૂર્ય એ પાપગ્રહો હોવા છતાં અને શુક્ર અને બુધ એ શુભ ગ્રહો છતાં પણ પાપગ્રહ તરીકે ગણાવેલા છે અને તેથી તે અશુભ ફળ આપવાવાળા છે, એમ માનવામાં આવેલું છે. એનું કારણ એમ છે કે શનિ એ પાપગ્રહ હોવા સાથે પણ અગિયારમા તથા બારમા ભુવનનો અધિપતિ છે અને તેથી તે પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવા વાળો ગણાયલો છે. તેમજ શુક્ર એ ત્રિજા તથા આઠમા ભુવનનો અધિપતિ હોવાથી પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપી શકે છે. તેમજ સૂર્ય એ પાપગ્રહ હોવા સાથે છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપવાવાળો મનાય છે. જો કે આ ત્રણે ગ્રહોને ખાસ પાપગ્રહ તરીકે લખી પછીથી મહા અનિષ્ટ ફળ આપવાવાળા જણાવેલા છે, પરંતુ ખાસ કરીને તે અત્યંત અનિષ્ટ ફળ આપી શકે તેવા જણાતા નથી. કારણકે એમનો કોઇ ખાસ મારક સ્થાનાધિપતિ તરીકેનો અથવા એવો બીજો ખાસ કરીને અનિષ્ટકારક યોગ હોય તેમ જણાતું નથી. વળી બુધ એ શુભ ગ્રહ હોવા છતાં પણ તેને પાપગ્રહ ગણી અશુભફલદાયક ગણાવાનું કારણ એટલું છે કે તે મિથુન તથા કન્યા

---

અર્થમાં ઘટાવીએ તો પછી પાપા એ શબ્દની અર્થસંગતિ બીજા સાથે મળી શકતી નથી અને તેથી શનિ, શુક્ર, રવિ તથા બુધ એમ એ ચારે ગ્રહો પાપગ્રહો તરીકે ગણાય છે, એવો અર્થ લઈએ ત્યારે અર્થસંગતિ બરાબર મળીરહે છે. કારણ કે બુધ પણ કેન્દ્રાધિપતિ હોવા સાથે સપ્તમ મારક સ્થાનનો અધિપતિ છે

રાશિનો સ્વામી હોવાથી એટલે ચોથા કેન્દ્રસ્થાનનો અધિપતિ અને સાથે સાતમા મારક સ્થાનનો પણ અધિપતિ છે અને તેથી તે અનિષ્ટ ફળ આપી શકે તેમ છે. કારણકે "શુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે અશુભ ફળ આપે છે," એમ જણાવવામાં (શ્લોક ૭મામાં) આગળ આવેલું છે.* અને તેથી પણ એ અશુભફળદાયક ગણાય છે.

વળી મંગળ એ પાપગ્રહ હોવા છતાં અહીં એને શુભગ્રહ ગણાવેલો છે. તેમજ એના ફલમાં પણ એનો યોગ ઉત્તમ ગણાવેલો છે. તેમજ એ પોતે એકલો મારક થઈ શકતો નથી એ પણ જણાવેલું છે. એમાં એના શુભગ્રહ તરીકેનું કારણ એમ માની શકાય કે એ નવમા ભાગ્યભુવનમાં રહેલી વૃશ્ચિક રાશિનો અધિપતિ હોવાથી ત્રિકોણાધિપતિ છે અને તેથી તે શુભ ફળ આપવાવાળો છે. આ પ્રમાણે ચંદ્ર પણ પાંચમા સ્થાનમાં કર્કરાશિનો અધિપતિ હોવાથી પંચમસ્થાનાધિપતિ તરીકે ત્રિકોણાધિપતિ હોવાથી શુભ ફલદાયક થાય છે. એ પ્રમાણે મંગળ તથા ચંદ્ર એ ત્રિકોણાધિપતિ તરીકે શુભગ્રહો ગણાઈ શુભ ફળ આપવાવાળા માનવામાં આવેલા હોય એમ જણાય છે.

મંગળ તથા ગુરુનો યોગ આ લગ્નમાં રાજયોગ તરીકે માનવામાં આવેલો છે. એનો હેતુ એમ જણાય છે કે મંગળ એ નવમા સ્થાનમાં રહેલી વૃશ્ચિક રાશિનો સ્વામી હોવાથી ત્રિકોણાધિપતિ તેમજ ગુરુ એ દશમા સ્થાનમાં રહેલી ધન રાશિનો સ્વામી–કેન્દ્રાધિપતિ તરીકે–છે, અને તેથી એ ( કેન્દ્રાધિપતિ તરીકે

---

એટલે અનિષ્ટ ફળ આપવાવાળો થાય અને તેથી તે અર્થ બરાબર બંધ બેસતો છે. પ્રથમ શ્લોકના બીજા પદમાં પણ **भूसुतः** નો સંબંધ પાઠાન્તર પ્રમાણે મેળવ્યો હોય તેમ લાગતું નથી, જો કે એનો સંબંધ વખતે તે મંગળ એકલો શુભ યોગ વાળો થતો નથી, અથવા પછીની સાથે મેળવીએ તો મારક થતો નથી, એમ અર્થ નીકળે. છતાં યોગ્ય લાગતો અર્થ ખુલાસામાં આપેલો છે. વળી **मारकाः कारकाः वीक्ष्य** એ પણ સામાન્ય રીતે અશુદ્ધિ તરફ ઢળતું પદ હોય તેમ જણાય છે અને તેથી ગ્રંથકારનો ચોકકસ આશય શો છે તે સમજી શકાય તેવું નથી. તો પણ પછી વીક્ષ્યનું કર્મ અધ્યાહાર રાખી ઉપરથી અર્થ લઈ અર્થસંગતિ કરવી પડી છે અને તેથી એકંદર શ્લોકોનો ચારે તરફથી વિચાર કરી જે સંબંધિત અર્થ લાગેલો છે તે જ આપવામાં આવેલો છે છતાં કોઇને અનુભવ પ્રમાણે જો તેમાં કંઈ ભિન્નતા લાગતી હોય તો તેમને પોતાનો યોગ્ય અર્થ અને અનુભવ શાસ્ત્રાધાર પ્રમાણે લેવામાં હરકત નથી

---

* શુભગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે અશુભ ફળ આપનારા તથા અશુભ ગ્રહો શુભ ફળ આપનારા થાય છે વગેરે માટે આ લગ્નના ખુલાસા માટેનું પછીનું વિવેચન વાંચવું એટલે કંઈ સ્પષ્ટીકરણ થશે.

અલિષ્ઠ દોષયુક્ત હોવા છતાં ) બન્ને ગ્રહોનો સાથે સાથેના સ્થાનમાં રહેવાનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ ઉત્તમ પ્રકારનો રાજયોગ મનાઈ ઉત્તમ ફળ આપવાવાળો મનાયલો છે.

મંગળ આગળ શુભગ્રહ તરીકે મનાયેલો છે અને તેનું કારણ તે ત્રિકોણાધિપતિ છે એમ માનવામાં આવ્યું છે, પણ ગ્રંથકારે આગળ ઉપર **नैव भूसुतः** એમ લખી ત્યાર પછીના **मारकाः** એ પદ સાથે સંબંધ ધરાવતા હોય તેમ જણાતું હોવાથી મંગળ એ એકલો મારક–મૃત્યુકારક થઈ શકતો નથી, એમ જણાવ્યું છે. આ પરથી એમ મનાય છે કે મંગળ એ જે પ્રમાણે ત્રિકોણાધિપતિ તરીકે શુભ ફળ આપવાવાળો થાય છે તેજ પ્રમાણે દ્વિતીય સ્થાનમાં રહેલી મેષ રાશિનો પણ સ્વામી હોવાથી મારક સ્થાનાધિપતિ હોવાથી મારકેશ તરીકે તે અનિષ્ટ ફળ આપવાવાળો પણ થાય છે. અને તેવી શંકા થતાં જ ગ્રંથકારે આ ખુલાસો કર્યો હોય તેમ જણાય છે. એટલે કે મંગળ એ જો કે મારકેશ તરીકે રહેલો છે તો પણ તે ત્રિકોણાધિપતિ તરીકે શુભ હોવાથી ખાસ અનિષ્ટકારક થતો નથી. તેમજ તેનો તથા ગુરુનો ઉપર બતાવ્યા પ્રમાણેનો સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ પણ ઉત્તમ હોવાથી તે અશુભ ફળ આપનાર થતો નથી. એટલે કે આ મીન લગ્ન હોય ત્યારે જોકે મારકેશ તરીકે મંગળ છે તો પણ તે જો બીજા કોઈ અશુભ ગ્રહો સાથે રહેલો હોય અથવા તો કોઈ નીચ ગ્રહની સાથે અથવા તો કોઇ પાપગ્રહથી દ્રષ્ટ થઇને રહેલો હોય તો જ અશુભ ફળ આપવા શક્તિમાન્ થાય છે. અથવા ગુરુ અને મંગળના યોગમાં મંગળ મારકેશ હોવા છતાં ત્રિકોણાધિપતિત્વના કારણથી અથવા ગુરુના સહસ્થાનાધિપતિત્વના સાહચર્યયોગના કારણથી શુભ મનાઈ શુભ ફળ આપવાવાળો થાય છે, એમ ગ્રંથકારનો કહેવાનો આશય હોય તેમ જણાય છે. અર્થાત્ મંગળ જો કોઈપણ સ્થાનમાં એકલો રહેલો હોય અથવા તેને જો બીજો કોઇ અશુભ ગ્રહો સાથેનો સંબંધ ન હોય તો તે એકંદર શુભ ફળ જ આપવાવાળો થાય છે.

આ શિવાય બીજા જે શ્લોકમાં કહેલા શનિ, શુક્ર, સૂર્ય અને બુધ એ મારક તરીકે મનાયલા પાપી ગ્રહો પોતપોતાની દશાઅંતર્દશા આવે છે ત્યારે **वीक्ष्य** એટલે ચારે તરફના સંયોગોને જોઈ અશુભ ફળ–મૃત્યુકારક ફળ આપવાવાળા થાય છે. આમાં વીક્ષ્ય શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી તે મન્દાદિગ્રહો ખાસ મારક જ ન હોવાથી સંબંધ જોઇને જ તેઓ અત્યંત અશુભ ફળ આપે છે. નહીં તો સામાન્ય રીતે વિશેષ અશુભ ફળ આપવાવાળા થતા નથી. વખતે વિશેષ તરીકે બુધ જ વધારે અનિષ્ટ ફળ આપે તે સંબંધ જણાય છે. આ પ્રમાણે મીન રાશિના લગ્ન સંબંધનાં જેજે ફલો હતાં તે જણાવવામાં આવ્યાં છે.

## મીનલગ્નના શુભાશુભ યોગો

**૧લો શુભ યોગ** :–મંગળ એ સ્વયં પાપગ્રહ હોવા છતાં નવમા પ્રબળ ત્રિકોણ સ્થાનનો અધિપતિ હોવાથી ( બીજા મારકસ્થાનનો અધિપતિ છતાં ) ( શ્લોક ૬ પ્રમાણે ) શુભ ગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૨જો શુભ યોગ** :–ચંદ્ર એ શુભગ્રહ હોવા સાથે પાંચમા ત્રિકોણસ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) શુભગણાઈ શુભ ફળ આપનારો થાય છે.

**૩જો શુભ યોગ** :–નવમા ત્રિકોણસ્થાનના અધિપતિ મંગલનો અને દશમા કેન્દ્રસ્થાનના અધિપતિ ગુરુનો ( ગુરુ કેન્દ્રાધિપતિ તરીકે શ્લોક ૧૧ પ્રમાણે દોષિત છતાં ) સ્થાનાધિપતિ તરીકેનો સાહચર્યયોગ રાજયોગ તરીકે મનાઈ શુભ ગણાતાં શુભ ફળ આપનારો થાય છે.

---

**૧લો અશુભ યોગ** :–શનિ એ સ્વયં પાપગ્રહ હોવા સાથે અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાતાં તેમ બારમા સ્થાનનો પણ અધિપતિ હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૨જો અશુભ યોગ** :–શુક્ર એ સ્વયં શુભ ગ્રહ હોવા છતાં ત્રિજાસ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

**૩જો અશુભ યોગ** :–સૂર્ય એ સ્વયં પાપગ્રહ હોવા સાથે છઠ્ઠા સ્થાનનો અધિપતિ હોવાથી ( શ્લોક ૬ પ્રમાણે ) અશુભ ગણાઇ અશુભ ફળ આપનારો થાય છે.

**૪થો અશુભ યોગ** :–બુધ એ સ્વયં શુભ ગ્રહ હોવા છતાં સાતમા મારકસ્થાનનો અધિપતિ હોવાથી તેમ ચોથા તથા સાતમા કેન્દ્રસ્થાનોનો પણ અધિપતિ હોવાથી ( શ્લોક ૭ પ્રમાણે ) દોષિત હોવાથી અશુભ ગણાઈ અશુભ ફળ આપનારો થાય છે.

---

**एवं द्वादशभावानां शुभाशुभफलं विदुः ।**
**तन्वादिद्वादशानां च भावानां योजयेत् फलम् ॥ (२७) ॥**

આ પ્રમાણે આ બાર ભાવોનાં લગ્નથી આરંભી વ્યયસ્થાન સુધીનાં શુભ અથવા અશુભ ફલ શાસ્ત્રકારોએ જાણેલાં છે, અને તેથી તે તન્વાદિ બારે ભાવોનાં ફળની યોજના તેમણે કહ્યા પ્રમાણેની કરવી. ( ૨૭ )

આ શ્લોક ખાસ કરીને આપવામાં આવેલો નથી, અન્ય પ્રતમાં તપાસતાં મળી આવેલો છે, અને તેથી તે અહીંઆં મૂકવામાં આવ્યો છે. ખરી રીતે તો જો કે ગ્રંથકારે આ બારે ભાવના એટલે બારે લગ્નના ફલાદેશનું કથન મૂળ શ્લોકોમાં કરેલું નથી, પરંતુ અન્ય ટીકાકારોએ તે પ્રસંગોપાત્ત ઉતારેલા છે, અને તેથી જ તે આમાં આપવામાં આવેલા છે જેમના છેવટે એક પ્રતમાં આ શ્લોક મળી આવે છે.

## મેષાદિલગ્નોનાં યોગફળ સમાપ્ત.

---

અત્યાર સુધીમાં માત્ર મૂળ ગ્રંથકારના થોડા શ્લોકોનું તથા ગ્રંથાંતરમાંના બારરાશિના લગ્નના ફલાદેશ સંબંધનું વિસ્તારથી વર્ણન આપવામાં આવ્યું, પરંતુ એ સંબંધમાં ખાસ કેટલીક સૂચના આપવી યોગ્ય લાગવાથી તે સંબંધમાં થોડું જણાવવામાં આવે તો તે અનુચિત નથી એમ ધારી હવે તે જણાવવામાં આવે છે.

લગ્નના ફલાદેશમાં ગ્રંથાંતરકારના કથન પ્રમાણે તેમાં જે જે ગ્રહો શુભ ગ્રહો તરીકે ગણાવેલા છે તેમજ જે જે ગ્રહો અશુભ તરીકે ગણાવેલા છે તેમજ જે જે ગ્રહો પાપ ગ્રહ હોવા છતાં શુભ તરીકે ગણાવેલા છે તેનાં સબળ કારણો આપવાં ઉચિત હોવાથી તે આપી ગ્રંથકારના ફળનું સ્પષ્ટીકરણ કરેલું છે. એમાં પાપ ગ્રહોને જ્યારે શુભ ગ્રહો તરીકે ગણાવેલા છે ત્યારે તેમને કાં તો ત્રિકોણાધિપતિ તરીકે અથવા કેન્દ્રાધિપતિ તરીકે શુભ ગ્રહો ગણાવેલા છે અને તેજ પ્રમાણે શુભ ગ્રહો જ્યારે પાપ ગ્રહો તરીકે ગણેલા હોય છે ત્યારે તેમને કાં તો ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમા સ્થાનના અધિપતિ તરીકે અશુભ ગ્રહ ગણેલા છે અને તેવા સંયોગોમાં જ તે શુભાશુભ ગ્રહ અશુભ શુભ ગ્રહ ગણાઈ અશુભ શુભ ફળ આપવાવાળા ગણાયલા છે. એજ પ્રમાણે કેટલાક ગ્રહો બીજા તથા સાતમાસ્થાનના અધિપતિ તરીકે મારક સ્થાનના અધિપતિ ગણાઈ મૃત્યુકારક ફળ આપવાવાળા ગણાયલા છે જ્યારે કેટલાક એક ભાગમાં મારક સ્થાનાધિપતિ તથા બીજી રીતે ત્રિકોણાધિપતિ તરીકે ગણાયલા હોય છે ત્યારે પણ સંયોગપરત્વે શુભ અથવા અશુભ–મૃત્યુકારક ફળ આપવાવાળા ગણાયલા છે. આ પ્રમાણે ગ્રહોની પરિસ્થિતિના પ્રમાણમાં ફળ કથન કરવા સાથે કેટલાક ગ્રહોના સાહચર્યયોગ ઉત્તમ માનવામાં આવેલા છે અને તેથી એક તરફ જ્યારે તે તે ગ્રહો અનિષ્ટફળકારક ગણાયલા હોય છે ત્યારે બીજાબાજુ યૌગિક દૃષ્ટિએ તેમનો રાજયોગ મનાઈ ઉત્તમ ફળ આપવાપણું મનાયલું હોય છે. જો કે આમાં ગ્રંથકારે અમુક ગમે તે આશયથી તેની ઉત્તમતા અથવા અધમતાનું દર્શન કરાવ્યું હોય તો પણ તેનો ખુલાસો

કરતી વખતે તો સ્થાનાધિપતિની દૃષ્ટિએજ તેમની ઉત્તમતા અથવા અધમતા દર્શાવવામાં આવી છે. અને તેમાં પણ કેટલેક ઠેકાણે શુભાશુભ ગ્રહોનો વિશેષભાવ તે આ મૂળ ગ્રંથકારના શ્લોકોનો આધાર લઈ કરવામાં આવ્યો છે. જેમકે પાપ ગ્રહોને શુભ ગ્રહો ગણેલા હોય તો તે કાં તો કેન્દ્રાધિપતિ તરીકે શુભ ગણવામાં આવેલા છે અને તેજ પ્રમાણે શુભ ગ્રહો અશુભ ગ્રહ તરીકે પણ કેન્દ્રાધિપતિ તરીકે ગણાવેલા છે અને તે માટે આ મૂળ ગ્રંથના શ્લોક ૭ માં જોવાથી જણાશે અને તેમાં તેજ પ્રમાણે લખેલું છે કે, "શુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે શુભ ફળ આપતા નથી અને અશુભ ગ્રહો કેન્દ્રાધિપતિ તરીકે અશુભ ફળ આપતા નથી" અર્થાત્ કેન્દ્રાધિપતિ તરીકે શુભ ગ્રહો અશુભ ફળ આપે છે અને અશુભ ગ્રહો શુભ ફળ આપે છે એમ તાત્પર્ય નીકળી શકે છે. આ આશય પણ ખાસ અર્થસંગતિને માટેજ લેવામાં આવેલો છે. આ પ્રમાણે અહીંઆં જે લગ્નના ફળાદેશમાં ત્રિકોણાધિપતિ તરીકે શુભ ફળ આપવાવાળા ગ્રહો ગણાવવામાં આવ્યા છે અને ત્રિજા તથા અગીયારમા સ્થાનના અધિપતિ તરીકે અશુભફળદાયક ગણાવેલા છે તે પણ મૂળ ગ્રંથકારના શ્લોક છઠ્ઠાના આધારથીજ ખુલાસા રૂપે કહેલા છે, કારણ તે છઠ્ઠા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે "સર્વે ત્રિકોણાધિપતિઓ શુભ ફળ આપવાવાળા છે અને ત્રિજા, છઠ્ઠા તથા અગીઆરમા સ્થાનના અધિપતિઓ પાપ ફળ આપવાવાળા છે." જો કે આ શ્લોકના સ્પષ્ટ અર્થમાં ત્યાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે "જો ત્રિકોણના અધિપતિઓ પાપ ગ્રહ હોય તો શુભ ફળ આપવાવાળા થાય છે અને ત્રણ, છ તથા અગીઆરમા સ્થાનના અધિપતિ જો શુભ ગ્રહ હોય તો તે અશુભ ફળ આપવાવાળા થાય છે" એટલે કે એથી વિરુદ્ધના હોય તો તે પ્રમાણેનાં વિરુદ્ધ રીતિએ શુભાશુભ ફળ આપવાવાળા થાય છે. જો કે આ પ્રમાણે ત્યાં ખુલાસો કરેલો છે છતાં પણ લગ્ન સંબંધી ફળકથનકારના શ્લોકોમાં સર્વત્ર તેવો સંબંધ ફળકથનના શુભાશુભત્વ માટે બંધબેસતો જોવામાં આવતો નથી, કારણ ગ્રંથકારે ગણાવેલા શુભ ગ્રહોના પણ શુભ ફળોમાં અથવા અશુભ ગ્રહોના પણ શુભ ફળોમાં ત્રિકોણાધિપતિ તરીકેજ તેમનું તે ફળદાતૃત્વ માની શકાય તેમ છે અને તેમાં પણ શુભ અથવા અશુભ ગ્રહને ત્રિકોણાધિપતિ તરીકે શુભજ માનવામાં આવેલા છે, અને તેજ પ્રમાણે ત્રિજા, છઠ્ઠા તથા અગીઆરમા સ્થાનના અધિપતિ તરીકે પણ સર્વત્ર શુભાશુભ ગ્રહોનું ગ્રંથકારના કથન પ્રમાણે અર્થસંગતિ મેળવવા માટે સર્વત્ર અશુભફળદાયકત્વ જ સ્વીકારવામાં આવેલું છે. જો કે બીજા કોઈના મત પ્રમાણે ત્યાં સ્પષ્ટીકરણમાં ભેદ પાડવામાં આવેલો છે તો પણ સ્પષ્ટ રીતે મૂળગ્રંથકારના કથન પ્રમાણે તો ત્રિકોણાધિપતિઓ શુભ ફળ આપવાવાળા ગણાય તથા ત્રિજા, છઠ્ઠા, તથા અગીઆરમા સ્થાનના અધિ-

પતિઓ અશુભ ફળ આપવાવાળા ગણાય એ અર્થ માનવો વધારે ઉચિત છે. એટલે લગ્નના સ્પષ્ટીકરણમાં જ્યારે મૂળગ્રંથકારને મળતી જ્યાં અર્થસંગતિ આવે છે ત્યારે તે પ્રમાણે ત્યાં મેળવેલી છે; છતાં જ્યાં વિશેષ ખુલાસા માટે સંબંધ-પરત્વે વિશેષ જાણવાની જરૂર જણાય તો તે તપાસી લઈ તે પ્રમાણે ફળકથનનો સ્વીકાર કરવો વધારે ઉચિત છે. આ શીવાય પણ ત્યાં મૂળગ્રંથમાં બાર શ્લોક સુધીમાં વિશેષ સૂચનાઓ આપવામાં આવેલી છે જે જોવાથી જેને વધારે સ્પષ્ટીકરણની જરૂર જેવું જણાતું હશે તેમને તે જોવાથી જાણવામાં આવશે. આ સ્પષ્ટીકરણ કરવાથી વાંચકનો કેટલોક ખુલાસો થઈ જશે એમ ધારી આટલો ખુલાસો કરી હવે મૂળ ગ્રંથ તરફ વળીએ.

અત્યારસુધી સામાન્યતઃ ફળાદેશના સંબંધમાં સૂર્યાદિ સાત ગ્રહોની ગણના જ્યાં ત્યાં કરવામાં આવી છે અને તેમાં ગ્રંથાંતરમાંથી કથેલા મેષાદિ લગ્નના ફળાદેશમાં પણ સાત ગ્રહ સંબંધમાં સર્વ ફળકથન કરવામાં આવ્યુ છે, પરંતુ રાહુ અને કેતુના સંબંધમાં કંઈ પણ કહેવામાં આવ્યું નથી.

હવે મૂળ ગ્રંથકાર રાહુ, કેતુ કેવા સંયોગોમાં કેવું કેવું ફળ આપે છે તે સંબંધમાં જણાવે છેઃ

**यद्यद्भावगतौ वापि यद्यद्भावेशसंयुतौ ।**
**तत्तत्फलानि प्रबलौ प्रदिशेतां तमोग्रहौ ॥ १३ ॥**

જન્મકુંડલીમાં રાહુ અથવા કેતુ એ જે જે ભાવમાં એટલે સ્થાનમાં રહેલા હોય અથવા જે જે ભાવેશની એટલે સ્થાનાધિપતિની સાથે રહેલા હોય છે તે તે ભાવનું એટલે સ્થાનનું જે ફળ હોય તેવું અથવા તે તે સ્થાનાધિપતિનું જેવું ફળ હોય તેવું તેવું ફળ જો એ પ્રબળ ગ્રહ હોય તો આપે છે. (૧૩).

સામાન્ય રીતે વિચાર કરતાં રાહુકેતુને કોઈપણ રાશિના અધિપતિ તરીકે ગણાવવામાં આવેલા નથી અને તેનું ફળ પણ સામાન્ય રીતે " **राहुकेत्वोः फलं सर्वं मन्दवत्कथितं बुधैः** "—એટલે કે " રાહુ અને કેતુનું ફળ સર્વ વિદ્વાન્ પુરુષોએ શનિના ફળના સરખું કહ્યું છે " એટલે શનિના જેવું ગણવામાં આવે છે. હવે ગ્રંથકારે રાહુ અથવા કેતુ જે ભાવમાં રહ્યા હોય તે ભાવના ફળ પ્રમાણે અથવા તેના ભાવેશ સાથે રહેલા હોય તો તે ભાવેશના ફળ પ્રમાણે ફળ આપવા-વાળા થાય છે એમ લખેલું છે, પરંતુ આવી રીતનો સંબંધ સત્ય રીતે માની શકાય તેમ નથી. કારણકે રાહુ અથવા કેતુ જો ચંદ્ર અથવા સૂર્યની સાથે રહેલા હોય તો ખાસ કરી કંઇ તે ફળના ઇષ્ટાનિષ્ટમાં વિશેષ કરી શકે તેમ નથી, પરંતુ

જો સપ્તમ સ્થાનમાં રાહુ રહેલો હશે તો સ્ત્રીવિષયક અનિષ્ટ ફળ ઉત્પન્ન કર્યા સિવાય રહેશે નહીં એટલે કે સ્ત્રીને મૃત્યુદાયક એ અવશ્ય રીતે થવાનો જ. તેજ પ્રમાણે કવચિત્ પંચમ ભુવનમાં તે જો હશે તો સંતાનના અનિષ્ટ ફળ તરીકે તે ગર્ભપતન અથવા તો જન્મ પામેલા બાળકનો પણ કવચિત્ વિનાશ કરે અને તેથી તે તેવું અનિષ્ટ ફળ આપવાવાળો થાય છે. અને કેટલીક રીતિએ એ સર્વથા અનિષ્ટ ફળ આપવાવાળાજ થાય છે એમ સર્વત્ર જોવામાં આવ્યું છે. જો કે કેટલાકના મત પ્રમાણે એ ગ્રહો જ્યારે ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમા સ્થાનમાં હોય છે ત્યારે તે માત્ર તે તે સ્થાનના ફળની વૃદ્ધિ કરનારા થાય છે. તેમજ જો ત્રિજા સ્થાનમાં એ ગ્રહો રહેલા હોય છે તો માણસ પરાક્રમી થઈ શકે છે અથવા છઠ્ઠા સ્થાનમાં રહેતાં શત્રુઓ નાશ પામે છે તેમજ બારમા સ્થાનમાં હોય છે તો ધનના સંબંધમાં સદ્વ્યયકારક બની શકે છે. આ પ્રમાણે વિચાર કરતાં સારું ફળ આપવાવાળા પણ એ ગ્રહો માનવામાં આવ્યા છે. એટલે કે ટુંકમાં વિચાર કરતાં એ અમુક ભાવ અથવા ભાવેશના પ્રમાણમાંજ ફળ આપવાવાળા થાય તેવું ખાસ જણાતું નથી. અમુક ભાવનું અન્ય સંયોગપરત્વે અથવા ગ્રહોની સ્થિતિ પરત્વે શુભ ફળ હોય અને તેમાં રાહુ જો સાથે રહેલો હોય તો શુભ ફળજ આપે એમ કહી શકાય નહિ તેજ પ્રમાણે અમુક ભાવમાં સંયોગપરત્વે અથવા ગ્રહોની સ્થિતિપરત્વે અશુભ ફળ હોય તો તેમાં રાહુકેતુ અશુભ ફળજ આપે એમ પણ કહેવાય નહીં. તેજ પ્રમાણે અમુક સ્થાનમાં અમુક ભાવેશ ઉત્તમ ફળદાયક હોય અને તેની સાથે રાહુ રહ્યો હોય તો ઉત્તમ ફળ આપે અથવા અમુક ભાવેશ અનિષ્ટ ફળ આપવાવાળો હોય અને રાહુકેતુ તેની સાથે રહેવાથી અનિષ્ટ ફળ આપે એમ પણ કહેવાય નહીં. એટલે જો કે ગ્રંથકારે એ પ્રમાણે લખ્યું છે તેમજ સામાન્ય રીતે શનિના જેવું ફળ રાહુકેતુનું માનવામાં આવે છે તો પણ એના કેટલાક યોગોપરત્વે વિશેષ શુભાશુભ ફળ મળી આવે છે. આવા કેટલાક યોગોનાં ફળ અત્રે " **जातकी** " નામના ગ્રંથમાં આપવામાં આવેલા છે તે જોવાથી ખાત્રી થશે. કેમકે તેમાં લખવામાં આવ્યું છે કે, જો અમુક સ્થાનમાં રાહુ હોય અને અમુક સ્થાનમાં જો અમુક ગ્રહ પહેલો હોય તો અમુક જાતનું શુભાશુભ ફળ મળી શકે છે. અથવા તો જેમકે ત્યાં શ્લોક ૯૨ માં કહેવામાં આવ્યું છે કે " રાહુ જો મેષ, વૃષભ અથવા કર્ક લગ્નમાં પડેલો હોય તો જે પ્રમાણે રાજા પ્રસન્ન થઈ મનુષ્યોના સૌ કોઈ અપરાધો દૂર કરે તે પ્રમાણે તે સર્વ પ્રકારની પીડા દૂર કરે છે " આપરથી રાહુનો ભાવ અથવા ભાવેશની સાથનોજ સંબંધ હોય એમ કંઈ નથી પણ એ માનવા સાથે બીજાં પ્રમાણ અને ફળની પણ અપેક્ષા રાખવી પડે છે.

કેટલાક રાહુની રાશિ અથવા તેનાં ઉચ્ચનીચ વગેરે છે નહીં એમ માને છે જ્યારે કેટલાક તેની રાશિ તથા તેનાં ઉચ્ચનીચ વગેરે છે એમ પણ માને છે

અને તેથી તે પ્રમાણેનું પ્રમાણ "જાતકી" માં મળતું હોવાથી તેની રાશિ વગેરે માનવામાં વાંધો નહીં. "જાતકી" નામના ગ્રંથમાં એને માટે આ પ્રમાણે લખેલું છે કેઃ—

**कन्या राहुगृहं प्रोक्तं राहूच्चं मिथुनं स्मृतम् ।**
**राहोर्नीचं धनुः प्रोक्तं केतोः सप्तममेव च ॥**

કન્યા રાશિ એ રાહુનું ગૃહ માનવામાં આવેલું છે એટલે કન્યા રાશિનો સ્વામી રાહુ છે અને તેજ પ્રમાણે મિથુન રાશિ એ રાહુનું ઉચ્ચ માનવામાં આવેલું છે અને ધન રાશિ એ રાહુના નીચ તરીકે પ્રસિદ્ધિ પામેલી છે. આ પ્રમાણે રાહુની રાશિથી સાતમી રાશિ એટલે મીન રાશિ એ કેતુની રાશિ માનવામાં આવેલી છે. તેમ રાહુની ઉચ્ચ રાશિ મિથુનથી સાતમી રાશિ ધન એ કેતુની ઉચ્ચ રાશિ અને રાહુની નીચ રાશિ જે ધન તેનાથી સાતમી રાશિ મિથુન એ કેતુના નીચ રાશિ ગણવામાં આવેલી છે. કેટલાકના મતમાં રાહુને મિથુન અને કન્યાનો સ્વામી માનવામાં આવલો છે અને કેતુને ધન અને મીનનો સ્વામી માનવામાં આવેલો છે અને તેથી રાહુ તથા કેતુ જો ખરાબ હોય છે તો તેને માટે બુધવાર તથા ગુરુવારનાં વ્રતાદિ કરાવવામાં આવે છે, કારણ કે રાહુની જેમ બુધ એ મિથુન અને કન્યાનો સ્વામી છે અને કેતુની જેમ ગુરુ એ ધન તથા મીનનો સ્વામી છે. એટલે વાર સાત હોવાથી રાહુ તથા કેતુની અનિષ્ટકારક પરિસ્થિતિમાં બુધવાર તથા ગુરુવારનું વ્રત કરાવવામાં આવે છે. રાહુ કેતુની રાશિ માટે પેઝ નં. ૨૬ નો કોઠો જુઓ. આ પરથી રાહુ–કેતુની રાશિ તથા તેમનું ઉચ્ચનીચ સમજી શકાય છે અને તેથી તેના ફળાદેશના પ્રેક્ષણ બાબતમાં પણ કેટલીક આ રીતિએ સગવડ પડી શકે છે. આમાં જો કે મત મતાંતર હશે તો પણ સ્વાભાવિક રીતે ગ્રહની રાશિ અથવા ઉચ્ચનીચ પરથી ફળાદેશ જોવું કેટલુંક સુગમ પડતું હોવાથી અને તેવું પ્રમાણ મળતું આવતું હોવાથી ફળકથનકારોએ તેને અનુસરીનેજ ફળકથન કરવું વધારે ઉત્તમ મનાય અને તેથીજ ટુંકમાં રાહુના સંબંધમાં આટલું અહીં દિગ્દર્શન કરાવેલું છે.

**इति "उडुदायप्रदीपे" "संज्ञाध्यायः" प्रथमः समाप्तः ॥**

**આ પ્રમાણે "ઉડુદાયપ્રદીપમાં" "સંજ્ઞાધ્યાય" નામનો અધ્યાય પહેલો સંપૂર્ણ.**

# अथ राजयोगाध्यायो द्वितीयः ॥

હવે ક્યા ક્યા ગ્રહોના કેવા કેવા સંયોગપરત્વે કેવા કેવા પ્રકારના રાજયોગો એટલે કે ખાસ કરીને ઉત્તમ ફળ આપવાવાળા મહાન્ યોગો થાય છે તે સંબંધનું કેટલુંક વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવે છે.

**केन्द्रत्रिकोणपतयः संबंधेन परस्परम् ।**
**इतरैरप्रसक्ताश्चेद्विशेषफलदायकाः ॥ १७ ॥**

**જ્યારે કેન્દ્ર તથા ત્રિકોણના અધિપતિઓ કોઈપણ જાતના-સંબંધથી પરસ્પર જોડાયલા હોય અને બીજા ( એવા પાપ ) ગ્રહોથી-યુક્ત ન હોય ત્યારે તે વિશેષ ફલદાયક મનાય છે એટલે તેમનો એક જાતનો રાજયોગ માનવામાં આવે છે.**


હવે અહીંઆં શ્લોકમાં કહેલા ગ્રહોના સંબંધ પરત્વે ટુંકમાં કાંઈક સમજુતી આપવી જોઈએ, કારણ કે તે સિવાય કેટલા પ્રકારના સંબંધ તથા કેવી કેવી રીતે તે સંબંધો રહેલા હોય છે તે જાણવામાં આવે નહીં, અને તે સિવાય ફલનું સ્પષ્ટતર પ્રેક્ષણ થઈ શકે નહીં અને તેથી ટુંકમાં તે સંબંધી થોડું કહેવામાં આવે છે.

સામાન્યરીતે જ્યોતિષશાસ્ત્રમાં ઉપયોગી સંબંધ ચારપ્રકારના માનવામાં આવેલા છે અને તેનાં નામ આ પ્રમાણે છેઃ-૧ "**अन्योन्यराशिस्थितसंबंध,**" ૨ "**परस्परदृष्टिसंबंध,**" ૩ "**अन्यतरदृष्टिसंबंध,**" ૪ "**सहावस्थानसंबंध,**" આ પ્રમાણેના આ ચાર પ્રકારના સંબંધો છે, અને આ સંબંધોથી ગ્રહો એકેકની સાથે સંપર્કમાં આવે છે અને તેથી ફલના સંબંધમાં અમુકજાતનો શુભાશુભત્વનો ફેરફાર પડે છે. હવે એ સંબંધના અર્થનો સ્પષ્ટ વિચાર કરીએ.

૧ પહેલો સંબંધ-"**अन्योन्यराशिस्थितसंबंध**" કહેવામાં આવે છે. એનો અર્થ એવો થાય છે કે ગ્રહોને પરસ્પર એકેકની રાશિમાં રહેવાપણાનો જે સંબંધ તે. જેમકે ઉદાહરણ તરીકે જન્મકુંડલીમાં મંગળ સિંહરાશિવાળા ભુવનમાં રહેલો હોય તો તે સૂર્યના સ્થાનમાં રહ્યો કહેવાય છે, કારણ કે સૂર્ય એ સિંહ રાશિનો સ્વામી છે અને તેથી સિંહરાશિ જે ભુવનમાં રહેલી હોય તે ભુવન સૂર્યનું ભુવન કહેવાય છે અને તેજ પ્રમાણે સામે સૂર્ય પણ મેષ અથવા વૃશ્ચિક રાશિ જે ભુવનમાં હોય તે ભુવનમાં પડેલો હોય તો મંગળના સ્થાનમાં રહેલો કહેવાય છે, કારણ કે મંગલ મેષ અને વૃશ્ચિક રાશિનો સ્વામી છે અને તેથી મેષ અથવા વૃશ્ચિક રાશિ જે ભુવનમાં રહેલી હોય તે ભુવન મંગળનું સ્થાન કહેવાય છે

અને તેથી તે સ્થાનમાં જો સૂર્ય રહેલો હોય તો તે મંગળના સ્થાનમાં રહેલો કહેવાય છે એટલે કે એ પરસ્પર એકેકની રાશિમાં રહેલા કહેવાય છે અને તેથી તેઓ બંને પરસ્પર "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" થી જોડાયલા કહેવામાં આવે છે. એજ પ્રમાણે ચંદ્ર જો મિથુન અથવા કન્યારાશિવાળા સ્થાનમાં રહેલો હોય તો તે રાશિઓનો સ્વામી બુધ હોવાથી ચંદ્ર બુધના સ્થાનમાં રહેલો કહેવાય અને બુધ પણ જો કર્કરાશિવાળા સ્થાનમાં રહ્યા હોય તો કર્કનો સ્વામી ચંદ્ર હોવાથી તે બુધ ચંદ્રના ગૃહમાં રહેલો કહેવાય છે એટલે કે ચંદ્ર તથા બુધ પરસ્પર એક બીજાની રાશિમાં રહેલા કહેવાય છે અને તેથી તેઓ "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" થી જોડાયલા કહેવાય છે અને તેમ દરેક ગ્રહો માટેનું સમજવું. આમાં જો માત્ર એકજ ગ્રહ બીજાની રાશિમાં રહેલો હોય અને તે જેની રાશિમાં રહેલો હોય તે ગ્રહ જો સામા ગ્રહની રાશિમાં રહેલો ન હોય તો તેઓ "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" થી જોડાયલા કહેવાતા નથી. એટલે કે બંને પરસ્પર એકેકની રાશિમાં રહેલા હોવાજ જોઇએ અને ત્યારેજ એ સંબંધ પ્રમાણેના તે ગ્રહો ગણાય. આને માટે નીચેની કુંડલી જુઓ.

અન્યોન્યરાશિસ્થિતસંબંધની કુંડલી





ઉપર કહેવા પ્રમાણે આ કુંડલીમાં મંગલ સૂર્યના ગૃહમાં એટલે સિંહરાશિમાં રહેલો છે અને સૂર્ય મંગળના ગૃહમાં એટલે મેષરાશિમાં રહેલો છે અને તેજ પ્રમાણે ચંદ્ર કન્યારાશિમાં રહેલો હોવાથી ચંદ્ર બુધના ગૃહમાં અને બુધ કર્કરાશિવાળા સ્થાનમાં રહેલો હોવાથી ચંદ્રના ઘરમાં રહેલો કહેવાય છે. આથી આ ગ્રહોનો પરસ્પર "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" સમજી લેવો અને તેવોજ દરેક ગ્રહોનો પણ સમજવો.

૨ બીજો સંબંધ ×–"પરસ્પરદૃષ્ટિસંબંધ" નામનો કહેવામાં આવે છે. એનો અર્થ એવો થાય છે કે એકેક ગ્રહ પરસ્પરને પોતાની દૃષ્ટિથી પૂર્ણ રીતે અથવા અમુક અંશે જુએ. આને "પરસ્પરદૃષ્ટિસંબંધ" કહેવામાં આવે છે. આમાં આગળ ઉપર કહેલી દૃષ્ટિ ચાર પ્રકારની છે તે ધ્યાનમાં રાખવું અને તેમાંથી ગમે તો ૦।, ૦।।, ૦।।। કે સંપૂર્ણ દૃષ્ટિથી– કોઇપણ દૃષ્ટિથી– ગ્રહો

× "પરસ્પરદૃષ્ટિસંબંધ" અને "અન્યતરદૃષ્ટિસંબંધ" માં દૃષ્ટિસંબંધી સ્પષ્ટતા જાણવામાટે પૃષ્ટ. ૩૦ થી ૩૨ માં જુઓ શ્લોક પાંચમો.

પરસ્પર એકેકને જોતા હોવા જોઇએ. જેમકે ઉદાહરણ તરીકે નીચે કુંડલી મુકી તે પરથી તપાસીએ.


**પરસ્પરદૃષ્ટિસંબંધની કુંડલી**




આ એક ઉદાહરણ પૂરતીજ કુંડલી આપવામાં આવી છે. આમાં મેષરાશિમાં રહેલો મંગળ, "સર્વ ગ્રહો પોતાનાથી સાતમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે" એ રીતિએ સાતમા સ્થાનને અને સૂર્યને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે અને તેજ પ્રમાણે સૂર્ય પણ પોતાનાથી સાતમા સ્થાનમાં રહેલા મંગળને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. એજ પ્રમાણે "મંગળ પોતાનાથી ચોથા અને આઠમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે," એ રીતે તે ચોથા સ્થાનમાં રહેલા શનિને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે અને શનિ પણ "શનિ પોતાનાથી ત્રિજા અને દશમા સ્થાનને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે." એ રીતિએ પોતાનાથી દશમા સ્થાનમાં રહેલા મંગળને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. આ પ્રમાણે મંગળ સૂર્યને અને સૂર્ય મંગળને તેમજ શનિ મંગળને અને મંગળ શનિને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે. એટલે તેઓ પરસ્પર દૃષ્ટિસંબંધથી જોડાયલા કહેવાય છે. આવી રીતે દરેક ગ્રહના સંબંધમાં સમજવું. આમાં જો કે પૂર્ણ દૃષ્ટિનુંજ ઉદાહરણ આપેલું છે તો પણ તે પરસ્પર એક સરખી ઓછી વધતી દૃષ્ટિથી જોતા હોય તો પણ એ સંબંધ સમજવો.

૩ ત્રિજો "**અન્યતરદૃષ્ટિસંબંધ**" નામનો સંબંધ કહેવામાં આવે છે. એનો અર્થ એવો થાય છે કે, એક ગ્રહ બીજા અમુક ગ્રહને અમુક દૃષ્ટિથી જોતો હોય પણ સામેનો ગ્રહ તે ગ્રહને ન જોતો હોય તો એટલે કે બે ગ્રહોમાં માત્ર એકજ એકને જોતો હોય તો તે "**અન્યતરદૃષ્ટિસંબંધ**" કહેવામાં આવે છે, જેમકે ઉદાહરણ તરીકે આપણે નીચેની કુંડલી પરથી સંબંધ મેળવીએ.

**અન્યતરદૃષ્ટિસંબંધની કુંડલી**





આ કુંડલીમાં દશમ સ્થાનમાં મીન રાશિમાં રહેલો બુધ પોતાનાથી ત્રિજા સ્થાનમાં– બારમા સ્થાનમાં– વૃષભરાશિમાં રહેલા સૂર્યને પા દૃષ્ટિથી જુએ છે, પરંતુ તેજ પ્રમાણે એ સૂર્ય બુધને જોઈ શકતો નથી એટલે માત્ર એ બે ગ્રહોમાંથી એકજ ગ્રહ બીજાને જુએ છે પણ પરસ્પર એકેકને જોતા નથી. ( એજ પ્રમાણે સાતમી ધનરાશિમાં રહેલો મંગળ પોતાનાથી ચોથાસ્થાનમાં એટલે મીન

રાશિમાં દશમા ભુવનમાં રહેલા બુધને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે, પરંતુ બુધ મંગળને તેમ જોઈ શકતો નથી એટલે એ એમાં પણ માત્ર એકજ ગ્રહ બીજાને જોઈ શકે છે પણ તેઓ પરસ્પર એકેકને જોઈ શકતા નથી.) એજ પ્રમાણે લગ્નમાં રહેલો શનિ ત્રિજાસ્થાનમાં રહેલા શુક્રને પૂર્ણ દૃષ્ટિથી જુએછે પણ શુક્ર શનિને કોઇપણ દૃષ્ટિથી જોઈ શકતો નથી અને તેથી એ ગ્રહોમાંથી એકનીજ દૃષ્ટિનો સંબંધ રહેતો હોવાથી તે "**अन्यतरदृष्टिसंबंध**" કહેવામાં આવે છે. જો પરસ્પરની દૃષ્ટિ એકેક પર પડતી હોય તો તે પૂર્વમાં કહેલો બીજો સંબંધ સમજવો. આ પ્રમાણે આ ત્રીજો "અન્યતરદૃષ્ટિસંબંધ" સમજવો.

૪ હવે ચોથા "**सहावस्थानसंबंध**" નો વિચાર કરીએ.

ચોથા સંબંધને "**सहावस्थानसंबंध**" કહેવામાં આવે છે. એટલે કે બે ગ્રહો અથવા એથી વધારે ગ્રહો જો એકેકની સાથે રહેલા હોય એટલે એકજ ભુવનમાં સાથે રહેલા હોય તો તેમનો તે સંબંધ "**सहावस्थानसंबंध**" કહેવામાં આવે છે એટલે તે ગ્રહો તેવા સંબંધથી રહેલા કહેવામાં આવે છે. જેમકે ઉદાહરણ તરીકે નીચેની કુંડલી તપાસીએ.


સહાવસ્થાનસંબંધની કુંડલી.




આ કુંડલીમાં પ્રથમ લગ્નમાં વૃષભ રાશિમાં મંગળ અને બુધ એ બે ગ્રહો સાથે રહેલા છે અને તેથી તેઓ "સહાવસ્થાનસંબંધ" એટલે સાથે રહેવાના સંબંધથી જોડાયલા છે. એજ પ્રમાણે આઠમા સ્થાનમાં ધનરાશિમાં ગુરૂ, શુક્ર અને શનિ એ ત્રણ ગ્રહો એક સાથે રહેલા છે અને તેથી એ ત્રણે ગ્રહોનો સંબંધ "**सहावस्थानसंबंध**" થયો કહેવાય. આજ પ્રમાણે કેટલેક વખતે ચાર, પાંચ, છ ગ્રહો પણ "**सहावस्थानसंबंध**" થી જોડાયલા હોય છે અને ત્યારે તેઓનો પણ તે સંબંધ સમજવો. એ પ્રમાણે "સહાવસ્થાન" સંબંધનું સમજવું.

આ પ્રમાણે અહીંઆં માનવામાં આવેલા ચાર સંબંધનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું, પરંતુ આ ચાર સંબંધ સિવાય એક બીજો સંબંધ પણ માનવો પડશે અને તે સંબંધને "**सहस्थानस्थिताधिपत्यसंबंध.**". આ સંબંધ જો ન માનવામાં આવે તો આગળ લગ્નોનો જે ફલાદેશ કહેવામાં આવેલો છે અને તેમાં જે જે કેટલાક સ્થાનાધિપતિઓનો એકેકની સાથેના સ્થાનમાંના આધિપત્ય-યોગો ઉત્તમ યોગો તરીકે માનવામાં આવે છે તેમાં વાંધો આવે અને તેથી તે સંબંધ માનવો પણ ઉચિત છે. આના દૃષ્ટાંત તરીકે આપણે તેમાંનીજ આગળ કહેવામાં આવેલી એકાદ કુંડલી લઈ તપાસીએ.

## સહસ્થાનસ્થિતાધિપત્યસંબંધની કુંડલી.




આ ધન લગ્નની કુંડલીમાં આગળ કહેવામાં આવ્યું છે તેમ નવમસ્થાનમાં સિંહ રાશિ છે અને તેનો અધિપતિ સૂર્ય છે એ પ્રમાણે દશમ સ્થાનમાં કન્યારાશિ છે અને તેનો અધિપતિ બુધ છે. એ સૂર્ય અને બુધના સહસ્થાનસ્થિતાધિપત્યનો યોગ ત્યાં '**योगो-भास्करसौम्याभ्याम्**–' (શ્લોક ૧૯ પૃ.૭૬) એ પદપરથી ઉત્તમ લેખવામાં આવેલો છે. એ આ જે યોગ છે તેનો કોઈ સંબંધ તો જોઇએજ અને તેમાં જો ઉપરોક્ત ચારજ સંબંધ માનવામાં આવે તો તેમાંનો કોઈ પણ સંબંધ એમાં લાગુ પડતો નથી, કારણ એમાં ગ્રહોનો પરસ્પરનો યોગ નથી પણ તેમના આધિપત્યનો યોગ ગણેલો છે અને તે યોગથી તે ગ્રહો ઉત્તમ અથવા અધિમ ફળ આપવાવાળા ગણાયલા છે. જ્યારે કોઇપણ જાતનો સંબંધ ગ્રહોને પોતાને લાગુ પડે ત્યારે પૂર્વના ચાર સંબંધોની સાથે તેઓ સંબંધ રાખી શકે છે, પરંતુ આધિપત્યસંબંધનું ફળ તો પૂર્વોક્ત સંબંધપરત્વે ન રહેતું હોવાથી આ પાંચમો "**सहस्थानस्थिताधिपत्यसंबंध**" એટલે કે સાથેના સ્થાનમાં રહેલા આધિપત્યનો સંબંધ માનવામાં આવેલો છે અને તે જો માનવામાં આવે તોજ પૂર્વોક્ત લગ્નફલોમાં ગણાવેલા યોગોનું ફળ સ્વીકારી શકાય. અને તેમાં તેવા યોગો દરેક કુંડલીમાં આવેલા હોવાથી તે માન્યા વિના ચાલી શકે તેમ પણ નથી. આ સંબંધના યોગો જેમને જોવાની ઇચ્છા હોય તેમણે આગળ આપેલા લગ્નફળોના કુંડલીસહિત આપવામાં આવેલા ખુલાસા તપાસી લેવા એટલે ધ્યાનમાં આવશે. કેમકે તેમાં કુંડલીઓ આપી શ્લોકોમાં બતાવેલા જે જે ગ્રહોનો "**सहस्थानस्थिताधिपत्यसंबंध**" છે તે દૃષ્ટાંતપુરઃસર બતાવવામાં આવેલો છે. આ પ્રમાણે ગ્રહોના ફલાદેશને ઉપયોગી જે જે ગ્રહોના જેવા જેવા સંબંધ જોવામાં આવે છે તે તે પ્રસંગને અનુસરી આપવા ઉચિત હોવાથી આ કહ્યા પ્રમાણે બતાવવામાં આવેલા છે કે જેથી ફલાદેશ જોનારને સુગમતા પ્રાપ્ત થઈ શકે.

હવે બીજા યોગો આપવામાં આવે છે.


**केन्द्रत्रिकोणनेतारौ दोषयुक्तावपि स्वयम् ।**
**संबंधमात्राद्बलिनौ भवेतां योगकारकौ ॥ १५ ॥**

કેન્દ્ર તથા ત્રિકોણના અધિપતિઓ જો પોતે દોષયુક્ત હોય એટલે કે અશુભ ફળ આપવાવાળા હોય તો પણ તેઓ અન્યગ્રહોના

સંબંધથી બલવાન્ થાય છે અને ત્યારે તે રાજયોગ કરનારા થાય છે એટલે ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. ૧૫.


આગળ ઉપર સાતમા શ્લોકમાં કહેવામા આવ્યું છે કે, ''જ્યારે સૌમ્ય ગ્રહો કેન્દ્રાધિપતિ હોય ત્યારે તે શુભ ફળ આપવાવાળા થતા નથી અર્થાત્ અશુભ ફળ આપે છે'' અને તેજ પ્રમાણે છઠ્ઠા શ્લોકના ખુલાસામાં પણ છે કે, ''સર્વ ગ્રહો ત્રિકોણાધિપતિ હોય તો શુભ ફળ આપે છે પણ જો ત્રિજા, છઠ્ઠા અથવા અગીઆરમાના અધિપતિ હોય તો અશુભ ફળ આપે છે'' એટલે એ પ્રમાણે જો કેન્દ્રાધિપતિ અથવા ત્રિકોણાધિપતિ દોષયુક્ત હોય અર્થાત્ અશુભ ફળ આપવવાળા થયા હોય તો પણ તે જો પૂર્વમાં કહ્યા પ્રમાણેના કોઈ સંબંધથી યુક્ત થઇને રહેલા હોય તો બલવાન્ થઈ શુભ ફળ આપવાવાળા થાય છે. ઉદાહરણ તરીકે નીચેની કુંડલી પરથી તપાસીએ.

## સહસ્થાનસ્થિતાધિપત્યસંબંધના બીજાયોગની કુંડલી.




આમાં જો કે એક સામાન્ય દૃષ્ટાંતજ આપવામાં આવ્યું છે તો પણ તે પરથી બરાબર બીજા યોગોને મેળવી ફળ સમજવું. આ કુંડલીમાં પ્રથમ તથા ચતુર્થ સ્થાનનો અધિપતિ બુધ છે અને તેથી તે કેન્દ્રાધિપતિ તરીકે– અશુભ ફળ આપવાવાળો થાય તેમજ પંચમસ્થાનમાં તુલારાશિનો શુક્ર રહેલો છે એમ તે ત્રિકોણાધિપતિ તરીકે રહેલો છે એટલે શુભ ફળ આપવાવાળો થાય એમ આગલા સાતમા અથવા છઠ્ઠા શ્લોક પરથી સમજાય છે પણ ત્રિકોણાધિપતિ શુક્ર બારમા સ્થાનનો અધિપતિ હોવા સાથે કેન્દ્રાધિપતિ તરીકે રહેલા સદોષ બુધના સહસ્થાનાધિપતિત્વના સાહચર્યયોગથી દોષિત થતાં આ શ્લોકપ્રમાણે કેન્દ્રાધિપતિ બુધ અને ત્રિકોણાધિપતિ શુક્ર એ બંને દોષિત છતાં પણ તેમાં આ શ્લોક પ્રમાણે એમ મનાય કે બુધ તથા શુક્ર એ બન્ને ક્રમથી કેન્દ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિ તરીકે પોતાની રાશિના સ્થાનમાં એટલે સ્વગૃહી થઇને રહેલા છે તેથી બલિષ્ઠ હોવાથી તેમજ ગુરૂની તેના પર એટલે શુક્ર પર પૂર્ણ દૃષ્ટિ છે તેમજ બુધ પર ૦।।। દૃષ્ટિ છે એટલે શુભગ્રહની દૃષ્ટિથી એમનો સ્વાભાવિક રીતે શુભયોગ થયો કહેવાય અને તેથી તે શુભફળ આપવાવાળા બની શકે.

**અનેક યોગની ધનભુવનની બીજી કુંડલી.**




આ ધન ભુવનની કુંડલીમાં બુધ દશમ કેન્દ્રનો અધિપતિ હોવા સાથે સાતમા કેન્દ્રનો તથા મારકસ્થાનનો પણ અધિપતિ હોવાથી સદોષ છે છતાં નવમા બલિષ્ઠ ત્રિકોણાધિપતિ સ્વગૃહી સૂર્યના "સહાવસ્થાનસંબંધ" થી તેમ "સહસ્થાનાધિપતિત્વ" ના સાહચર્યયોગથી તેમ લગ્નમાં રહેલા સ્વગૃહી ગુરુની તેનાપર પૂર્ણ-દૃષ્ટિ હોવાથી "અન્યતરદૃષ્ટિસંબંધ" ના યોગથી પણ બુધ રાજયોગકારક થાય છે. પૃષ્ઠ ૭૮ માં જુઓ– ધન રાશિની કુંડલીમાં બુધની અશુભ યોગમાં ગણના કરેલી છતાં ત્રીજા શુભ યોગમાં સ્થાનસાહચર્યના યોગથી પણ ગણત્રી છે અને એ યોગથી તો તે ખાસ રાજયોગકારક થાય. એવીજ રીતે બીજા સંબંધો પણ આવી મળતાં તેનો શુભયોગ થાય. આ પ્રમાણે જેવા જેવા સંબંધો વિશેષ પ્રમાણમાં અને સારા પ્રમાણમાં મળી શકે તેવી રીતે તેમનું કેન્દ્રાધિપતિ તરીકેનું અથવા ત્રિકોણાધિપતિ તરીકેનું અશુભફળ નાશ પામે અને તેમના સંબંધનો યોગ સારો થતાં એ ગ્રહો બલવાન્ થઈ ઉત્તમ-યોગ કરનારા થાય અને ઉત્તમ ફળ આપવાવાળા પણ બને. આ પ્રમાણે જેજે કેન્દ્રાધિપતિઓ અથવા ત્રિકોણાધિપતિઓ હોય અને તેમનો જેવા જેવા ઉત્તમ સંબંધો થાય તે પ્રમાણે તેમની બલિષ્ઠતા સમજી તેમનું શુભફલદાયકત્વ સમજવું.

**निवसेतां व्यत्ययेन तावुभौ धर्मकर्मणोः ।**
**एकत्रान्यतरो वापि वसेच्चेद्योगकारकौ ॥ १६ ॥**

**ધર્મ અને કર્મ સ્થાનના અધિપતિઓ જો પરસ્પર એકેકના સ્થાનમાં રહેલા હોય એટલે કે નવમા ભાગ્યભુવનનો અધિપતિ જો દશમ સ્થાનમાં રહેલો હોય અને દશમ સ્થાનનો અધિપતિ જો નવમા ભાગ્ય-ભુવનમાં રહેલો હોય અથવા તો તે બંને એકસ્થાનમાં ( અથવા બંને**


---


૧ અહીં '**अन्यतरो**' ને બદલે '**अन्यतरे**' પાઠ જો લેવામાં આવે તો બેસ્થાનમાંથી કોઈ એક સ્થાનમાં એકઠા રહ્યા હોય એ અર્થ બરાબર નીકળી શકે. બાકી કોઇએક સ્થાનાધિપતિ કોઇએક સ્થાનમાં રહ્યો હોય અથવા કેટલાક એવો અર્થ કરેછે કે બીજો કોઈ અશુભ ગ્રહ સાથે રહ્યો હોય તો પણ એ યોગ થાય છે. પણ શબ્દાર્થ જોતાં તે અર્થ બંને રીતના ઠીક લાગતા નથી એટલે તે પ્રમાણેની કુંડલી આપવામાં આવી નથી.


**માંથી જો એક કોઇએક સ્થાનમાં રહેલો ) હોય તો તે ગ્રહો ઉત્તમ યોગ-કારક મનાયલા છે અને તેથી તે ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. ૧૬.**

સ્પષ્ટ રીતે કહીએ તો એમ કહી શકાય કે નવમા સ્થાનનો અધિપતિ દશમાસ્થાનમાં અને દશમાનો અધિપતિ નવમા સ્થાનમાં રહ્યા હોય અથવા તો તે બંને સ્થાનના અધિપતિઓ નવમસ્થાનમાં અથવા તો દશમ સ્થાનમાં ભેગા રહેલા હોય તો રાજયોગ થાય છે અને તે યોગ ઉત્તમ ફળ આપવાવાળો થાય છે. આમાં જો કે નવમ અથવા દશમ સ્થાનાધિપતિઓ શુભગ્રહ હોવા જોઇએ અથવા અશુભ ગ્રહ હોવા જોઇએ એમ કંઈ કહ્યું નથી અને તેથી સામાન્યરીતેજ એ યોગ સમજવાનો હોવાથી નીચેની કુંડલી પરથી તે યોગ મેળવી તેનું સ્પષ્ટીકરણ તપાસીએ.

## ઉપરોક્ત ત્રણ યોગોની કુંડલી.




આ ઉપરની કુંડલીઓ એકજ લગ્નની આપવામાં આવેલી છે. એમાં પ્રથમ કુંડલીમાં શ્લોકમાં કહ્યા પ્રમાણે નવમા ભાગ્યભુવનમાં કુંભરાશિ હોવાથી તે કુંભરાશિનો સ્વામી શનિ તે દશમા સ્થાનમાં મીનરાશિ હોવાથી અને મીનરાશિનો સ્વામી ગુરૂહોવાથી એટલે તે સ્થાન ગુરુનું ગણાતું હોવાથી ગુરૂના સ્થાનમાં પડેલો છે અને તેજ પ્રમાણે દશમાનો અધિપતિ ગુરૂ તે નવમા શનિના સ્થાનમાં પડેલો છે એટલે એ બંનેના સ્થાનોના અધિપતિઓ પરસ્પર એકેકના સ્થાનમાં પડેલા છે અને તેથી તે રાજયોગ તરીકે ગણવામાં આવેલો છે. એજ પ્રમાણે બીજી કુંડલીમાં નવમા ભુવનમાં એ નવમસ્થાનનો અધિપતિ શનિ તેમજ દશમસ્થાનનો અધિપતિ ગુરૂ એ બંને ગ્રહો સાથે રહેલા છે અને તેથી તે પણ એક રાજયોગ તરીકે ગણવામાં આવેલો છે; તેજ પ્રમાણે ત્રિજી કુંડલીમાં દશમા સ્થાનનો અધિપતિ ગુરૂ તેમજ નવમ સ્થાનનો અધિપતિ શનિ એ બંને સાથે દશમા સ્થાનમાં રહેલા છે એટલે તે પણ એક રાજયોગ તરીકે ગણવામાં આવેલો છે. આ પ્રમાણે આ


ત્રણે રાજયોગો ઉત્તમ ફળ આપવાવાળા ગણાય છે. જોકે આમાં પૂર્વમાં કહ્યા પ્રમાણે ખાસ વિશેષતા બતાવી નથી તો પણ સંબંધપરત્વે એ યોગોના ફલાદેશમાં થોડોઘણો ફેરફાર થઈ શકે છે. આવી રીતે ગમે તે લગ્નમાં ધર્મ કર્મ સ્થાનના એટલે નવમા અને દશમાના અધિપતિઓ ગમે તે ગ્રહો આવ્યા હોય અને તેમને એવો યોગ થયેલો હોય તો તે યોગોને રાજયોગો તરીકે એટલે કે ટુંકમાં ઉત્તમ ફળ આપવાવાળા યોગો તરીકે માનવા.

હવે કેન્દ્ર-ત્રિકોણના અધિપતિઓના યોગસંબંધમાં કહે છે:-

**त्रिकोणाधिपयोर्मध्ये संबंधो येनकेनचित् ।**
**केन्द्रनाथस्य बलिनो भवेद्यदि सुयोगकृत् ॥ १७ ॥**

**પાંચમા અથવા નવમા સ્થાનના અધિપતિઓમાંથી કોઈ પણ એકની સાથે કોઈ પણ જાતના સંબંધથી બલવાન્ કેન્દ્રાધિપતિનો યોગ થયો હોય તો તે ઉત્તમ રાજયોગ થાય છે. ૧૭.**

પાંચમું તથા નવમું સ્થાન એ ત્રિકોણ સ્થાન તરીકે ઓળખાય છે તેમ એક, ચાર, સાત તથા દશ એ સ્થાનો કેન્દ્રસ્થાન તરીકે ઓળખવામાં આવે છે એમ આગળ કહેવામાં આવ્યું છે. એ પ્રમાણે પાંચમા અથવા નવમા સ્થાનોમાં પાંચમાની પહેલાંનું ચોથું સ્થાન કેન્દ્ર સ્થાન તથા નવમાની પછીનું દશમ સ્થાન એ પણ કેન્દ્રસ્થાન એટલે એ સ્થાનોના અધિપતિઓ અથવા તો પહેલા કે સાતમા કેન્દ્રસ્થાનના અધિપતિઓ જો કોઈ બલવાન્[1] હોય અને તે જો આગળ ગણાવેલા ચારસંબંધો પૈકી કોઈ પણ સંબંધથી પાંચમા અથવા નવમાના અધિપતિઓ સાથે જોડાયા હોય તો તે રાજયોગ તરીકે મનાય છે, એમ કહેવાનો ભાવ છે. એનું સ્પષ્ટીકરણ નીચેની કુંડલી પરથી બરાબર સમજી શકાશે.




આ કુંડલીમાં ઉપરના શ્લોકનો યોગ મેળવવામાં આવ્યો છે. એમાં નવમ એ ત્રિકોણસ્થાનનો અધિપતિ તેમાં મિથુન રાશિ હોવાથી અને તેનો સ્વામી બુધ હોવાથી બુધ છે અને તે બુધ દશમા સ્થાનમાં એટલે કેન્દ્રસ્થાનમાં આવેલી કર્કરાશિનો સ્વામી ચંદ્ર હોવાથી તે સ્થાન ચંદ્રનું ગણાતું હોવાથી તેમાં રહેલો છે અને તેજ પ્રમાણે દશમાસ્થાનનો અધિપતિ ચંદ્ર તે નવમા બુધના સ્થાનમાં રહેલો છે એટલે નવમા સ્થાનનો

[1] સ્વગૃહી, ઉચ્ચ, મૂલત્રિકોણ અથવા વર્ગોત્તમી ગ્રહ બલવાન્ ગણાયછે.

અધિપતિ દશમસ્થાનાધિપતિના ઘરમાં અને દશમસ્થાનાધિપતિ નવમ સ્થાનાધિપતિના ગૃહમાં પડેલો છે એમ પરસ્પર એકેક સ્થાનાધિપતિઓ એકેકના સ્થાનમાં રહેલા છે અને તેથી નવમા એ ત્રિકોણસ્થાનાધિપતિનો બલવાન્ એવા કેન્દ્રાધિપતિ એટલે દશમ સ્થાનાધિપતિ સાથે "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" થી યોગ થયેલો છે એટલે એ રાજયોગ મનાયો છે અને તેથી તેનું ફળ ઉત્તમ માનવામાં આવેલું છે. આ પ્રમાણે જ્યારે જ્યારે એવા બીજા યોગો જોવામાં આવે ત્યારે તે યોગને રાજયોગ તરીકે માની ફલની ઉત્કૃષ્ટતા સમજી લેવી અને તે પ્રમાણે પાંચમા તથા ચોથા સ્થાનનો પણ એવો સંબંધ હોય અથવા તો બીજા કેન્દ્રાધિપતિઓની સાથે પણ પરસ્પરદષ્ટિસંબંધ અથવા તો કોઈ પણ જાતનો સંબંધ હોય તો તે સંબંધથી પણ તેમનો તેવો યોગ સમજી લેવો. એ સમજવા માટે તેવા દરેક યોગોની કુંડલી જાતે કલ્પી લેવી જોઇએ.

હવે યોગકારક ગ્રહોની દશામાં ગ્રહાન્તરોની અંતર્દશા બાબતનો જે યોગ ગણવામાં આવે છે તેના સંબંધમાં કહે છેઃ—

**दशास्वपि भवेद्योगः प्रायशो योगकारिणोः ।**
**दशाद्वयीमध्यगतास्तदयुक्शुभकारिणाम् ॥ १८ ॥**

યોગકરનારા જે બે ગ્રહો હોય છે તેમની દશાઓના મધ્યમાં બહુધા તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન ધરાવનારા શુભકારક ગ્રહોની અંતર્દશા હોય છે ત્યારે તે એક જાતનો રાજયોગ થાય છે. ૧૮

જ્યારે ત્રિકોણાધિપ અથવા કેન્દ્રાધિપ ગ્રહો રાજયોગ કરનારા હોય છે ત્યારે તેમની મહાદશામાં જો કોઈ પણ ગ્રહ તેઓની સાથે સંબંધ ધરાવનારા ન હોય અને પોતે શુભ ગ્રહો હોય તો તેમની અંતર્દશામાં રાજયોગ થાય છે એટલે કે તેવા રાજયોગકારક ગ્રહોની જ્યારે મહાદશા હોય અને તેમાં કોઈ બીજા શુભગ્રહની અંતર્દશા હોય ત્યારે તે અંતર્દશામાં પણ મનુષ્યને રાજયોગ થાય છે અને તે અંતર્દશા તેને ઉત્તમ ફળ આપવાવાળી થાય છે. સામાન્યરીતે ૩, ૬, ૯, ૧૧ અને ૧૨ એ સ્થાનાધિપતિઓ અશુભ ફળ ઉત્પન્ન કરનારા હોય છે અને તે શીવાય મંગળ, સૂર્ય, શનિ તથા ક્ષીણચંદ્ર એ પાપગ્રહ તરીકે ગણાય છે. આ પરથી ઉપર કહેલા સ્થાનો સિવાયના અન્ય સ્થાનોના અધિપતિઓ તથા પાપગ્રહ સિવાયના સામાન્ય ગ્રહો શુભ ફલ ઉત્પન્ન કરવાવાળા થાય છે. અને તેમાં પણ વિશેષમાં શુભગ્રહ હોવા છતાં પણ તે અમુક અમુક સ્થાનમાં અથવા સંબંધમાં રહેલા હોય છે તો તે શુભગ્રહો પાપગ્રહ ગણાય છે તે બાદ કરતાં બીજા અમુક સંયોગોમાં

પાપગ્રહો પણ શુભફળ આપવાવાળા થાય છે અને તેથી તેવા શુભફલ આપવાવાળા ગ્રહો પણ શુભગ્રહો તરીકે લઈ શકાય. આ પ્રમાણે જે શુભગ્રહો ગણાતા હોય તેવા ગ્રહોની અંતર્દશામાં રાજયોગ માની શકાય. કયા ગ્રહો સ્થાનોના સંબંધથી શુભ અથવા અશુભ ફળ આપનારા છે તે આગળના સંજ્ઞાધ્યાયના શ્લોકોમાં જણાવવામાં આવ્યું છે તે પરથી સમજી લેવું. એટલે એ પ્રમાણે જ્યારે જ્યારે તેવા રાજયોગકારક ગ્રહોની મહાદશામાં તે શુભગ્રહની અંતર્દશા આવે ત્યારે તે યોગ રાજયોગ તરીકે માનવો અને તે શુભફળદાયક સમજવો.

આગળ યોગકારક ગ્રહોની મહાદશાના મધ્યમાં કોઇપણ સંબંધરહિત શુભ ગ્રહની અંતર્દશા ચાલતી હોય ત્યારે તે પણ રાજયોગ તરીકે માની ઉત્તમ ફળ આપવાવાળી માનવામાં આવી, પરંતુ તેવા રાજયોગકારક ગ્રહોની મહાદશામાં જો કોઈ સંબંધયુક્ત પાપગ્રહની અંતર્દશા આવતી હોય તો તે પણ રાજયોગ તરીકે ગણાઈ શુભફળ આપવાવાળી થાય છે; એ સંબંધમાં જણાવે છેઃ

योगकारकसंबंधात्पापिनोऽपि ग्रहाः स्वतः ।
तत्तद्भुक्त्यनुसारेण दिशेयुर्योगजं फलम् ॥ १९ ॥

પાપ ગ્રહો હોય તે પણ જો યોગકારક ગ્રહોની સાથે કોઈપણ પ્રકારના સંબંધથી યુક્ત થયેલા હોય તો તે પોતપોતાની ભુક્તિપ્રમાણે યોગથી ઉત્પન્ન થએલું ફળ આપે છે એટલે કે યોગકારક ગ્રહોની મહાદશાના મધ્યમાં તે યોગકારકગ્રહોની સાથે કોઈપણ પ્રકારના સંબંધથી જોડાએલા પાપગ્રહો હોય તો પણ તેમની જ્યારે અંતર્દશા ચાલતી હોય ત્યારે તે રાજયોગ તરીકે મનાઈ ઉત્તમફળ આપવાવાળી થાય છે. ૧૯

આગળ ઉપર કયા ગ્રહો પાપફળ આપવાવાળા તથા કયા શુભફળ આપવાવાળા થાય છે તે જણાવવામાં આવ્યું છે, જેમકે સ્વાભાવિક રીતે કેન્દ્રાધિપતિ શુભગ્રહ હોય તો પણ પાપગ્રહ ગણાઈ અશુભ ફળ આપવાવાળા થાય છે એજ પ્રમાણે પાપગ્રહો પણ કેન્દ્રાધિપતિ હોય તો શુભફળ આપનારા થાય છે તેમજ ત્રિકોણાધિપતિ સર્વ શુભગ્રહો તરીકે ગણાતા હોવાથી સામાન્ય રીતે શુભફળ આપનારા થાય છે તથા તે સીવાય પણ બીજા ગ્રહોનાં શુભાશુભફલપરત્વે તે શુભાશુભ કેવી રીતે ગણાય છે તે આપવામાં આવ્યું છે. એટલે એ પ્રમાણે જ્યારે આગળ કહેલા રાજયોગકારકગ્રહોની સાથે કોઈ પણ પાપગ્રહ પણ આગળ કહેવામાં આવેલા કોઈ પણ જાતના સંબંધથી જોડાયલા હોય તો તેવા ગ્રહોની મહાદશા ચાલતી હોય અથવા તો જે યોગકારક ગ્રહો છે તેમની મહાદશા હોય અને તેમાં પેલા પાપગ્રહોની અંતર્દશા ચાલતી હોય ત્યારે તે અંતર્દશાનો યોગ ઉત્તમ પ્રકારનો રાજયોગ મનાય છે અને તેથી તે દશા ઉત્તમફળ આપનારી થાય છે એમાંસંશય નથી.

આ સંબંધના સંબંધમાં પાપગ્રહો પણ રાજયોગકારક ગ્રહોની સાથે કેવી રીતે સંબંધિત થાય છે તે જાણવાની જિજ્ઞાસાવાળાઓએ આગળ તે સંબંધના ખુલાસા પર આપેલી કુંડલી જોઈ લેવી અને તેમાં સંબંધ જોઈ ગ્રહોની દશાપરત્વે શુભાશુભફળ આપવાથી થતું શુભાશુભત્વ આગલા શ્લોકોપરથી તપાસી લેવું એટલે આ યોગોનું સ્પષ્ટીકરણ બરાબર રીતે સમજાઈ જશે અને તેથીજ અહીંઆં જુદી કુંડલીઓ આપી વધારે પિષ્ટપેષણ જેવું કરવામાં આવ્યું નથી.


**હવે કેન્દ્ર અને ત્રિકોણાધિપના યોગમાં વિશેષ યોગકારક કોઈ ત્રિકોણાધિપતિ હોય તો તે યોગ કેવો થાય છે તેને માટે જણાવે છે:**

**केन्द्रत्रिकोणाधिपयोरेकत्वे योगकारकौ ।**
**अन्यत्रिकोणपतिना संबंधो यदि किं परम् ॥ २० ॥**

કેન્દ્રાધિપતિ અને ત્રિકોણાધિપતિ એ બન્નેનું એકત્વ થતાં તે બન્ને ગ્રહો રાજયોગ કરવાવાળા થાય છે એટલે તેમનો યોગ રાજયોગ તરીકે માનવામાં આવે છે પરંતુ તેમની સાથે વળી અન્ય ત્રિકોણ-પતિનો જો સંબંધ થાય તો બીજું ઉત્તમ શુભઅર્થાત્ તો તેમનો તે યોગ એક ઉત્તમ રાજયોગ તરીકે માનવામાં આવે છે. ૨૦

સામાન્ય રીતે આગળ કહેવામાં આવ્યું છે તેમ કેન્દ્રાધિપતિ અને ત્રિકોણાધિપતિનો જો કોઈ પણ સંબંધથી યોગ થયો હોય તો તે રાજયોગ તરીકે માનવામાંઆવેછે, પરંતુ તેમાં પણ વળી જો એકાદ ત્રિકોણાધિપતિનો સંબંધ વિશેષ થાય છે તો તે વધારે સારો રાજયોગ મનાય છે એમ ગ્રંથકારનું કહેવું છે. હવે આ યોગ તથા તેનો સંબંધ જાણવા માટે કુંડલી આપી તે પરથી બરાબર સ્પષ્ટીકરણ કરીએ.

મતાન્તર પ્રમાણેની કુંડલી.





આ કુંડલી પરથી સ્વાભાવિક રીતે સમજી શકાય છે કે દશમા સ્થાનમાં રહેલી મીન-રાશિનો સ્વામી ગુરૂ હોવાથી તે દશમા-સ્થાનના અધિપતિ તરીકે કેન્દ્રાધિપતિ છે અને તેથી તે કેન્દ્રાધિપતિ ગુરૂ નવમા ત્રિકોણસ્થાનમાં પડેલો હોવાથી એક રાજયોગતરીકે માનવામાં આવે છે, પરંતુ શુક્ર એ પાંચમાસ્થાનમાં રહેલી તુલા રાશિનો સ્વામી હોવાથી પંચમાધિપતિ એટલે કે ત્રિકોણાધિપતિ હોવાથી તે દશમા સ્થાનમાં પડેલો હોવાથી ઉત્તમ રાજયોગ

થાય છે. એજ પ્રમાણે નવમા સ્થાનમાં કુંભરાશિ હોવાથી તેનો અધિપતિ શનિ પંચમસ્થાન એટલે ત્રિકોણસ્થાનમાં રહેલો છે અને તેથી તે પણ એક રાજયોગ તરીકે માનવામાં આવે છે. પરંતુ ત્રિકોણ એટલે પંચમ સ્થાનનો અધિપતિ શુક્ર પણ જો નવમા સ્થાનમાં હોય તો ( અહીંઆં કુંડલીમાં મુકવામાં આવ્યો છે- શુક્ર એ મુકવામાં આવેલા છે પણ બીજો નવમાસ્થાનમાં મુકેલો બીજાયોગને માટે સમજવો. ) ઉત્તમ રાજયોગ માનવામાં આવે છે અને તેથી તેવો યોગ ઉત્તમ પ્રકારનું ફળ આપવાવાળો થાય છે.

આ ઉપરની કુંડલી એક અન્ય ભાષાંતરકારના મત પ્રમાણે મુકવામાં આવી છે, પરંતુ શ્લોક તરફ દૃષ્ટિક્ષેપ કરતાં તેમાં બતાવેલા ગ્રહોનાં દૃષ્ટાંત બરાબર માલુમ પડતાં નથી, કારણ કે શ્લોકમાં એમ કહેવામાં આવ્યું છે કે, "કેન્દ્રાધિપતિ અને ત્રિકોણાધિપતિઓના યોગનું એકત્વ કોઈ પણ પ્રકારના સંબંધથી થયું હોય તો તે ઉત્તમયોગ મનાય છે, પરંતુ તેમાં જો બીજો ત્રિકોણાધિપતિ પણ કોઈ સંબંધથી યુક્ત થએલો હોય તો ઉત્તમ યોગ માનવામાં આવે છે." પરંતુ આમાં તેમ થએલું જોવામાં આવતું નથી, કારણ કે નવમા તથા દશમા સ્થાનના અધિપતિઓનો પરસ્પર આગળ બતાવેલા સંબંધોમાંથી કોઈ પણ સંબંધથી યોગ થયો હોય તેમ જણાતું નથી, પરંતુ તેમાં જો નીચેની કુંડલી પ્રમાણે આવી શકે તો તેવો સંબંધ માની શકાય.

શ્લોકોક્ત રાજયોગની કુંડલી.




આ કુંડલી પરથી સ્વાભાવિક રીતે સમજી શકાય કે ગુરુ અને શનિ કેન્દ્રાધિપતિ અને ત્રિકોણાધિપતિ એટલે દશમાના અને નવમાના અધિપતિઓ પરસ્પર "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" વા એકકની સાથે જોડાયલા છે. અને તેમા બીજો ત્રિકોણા- ધિપતિ એટલે પાંચમા સ્થાનનો અધિપતિ શુક્ર "સહાવસ્થાનસંબંધ" થી જોડાયલો છે એટલે કે બીજા ત્રિકોણસ્થાનમાં- નવમામાં ગુરૂ સાથે પડેલો છે એટલે તે યુક્ત થયેલો છે અને તેથી તે એવો યોગ રાજયોગ ગણાઈ ઉત્તમ પ્રકારનુ ફળ આપવાવાળો થાય છે.

**હવે રાહુ તથા કેતુના અન્યગ્રહની સાથેનો યોગ ઉત્તમ પ્રકારનો રાજયોગ કેવી રીતે થાય છે તે સંબંધમાં જણાવે છે.**


**यदि केन्द्रे त्रिकोणे वा निवसेतां तमोग्रहौ ।**
**नाथेनान्यतरेणापि संबंधाद्योगकारकौ ॥ २१ ॥**

**જો કેન્દ્ર સ્થાનમાં અથવા ત્રિકોણ સ્થાનમાં રાહુ અને કેતુ રહેલા હોય અને તેમનો તે કેન્દ્ર અથવા ત્રિકોણના અધિપતિઓમાંથી કોઇની પણ સાથે સંબંધ થાય તો તે રાજયોગકારક માનવામાં આવેલો છે- તેમનો રાજયોગ મનાય છે. ૨૧**

આ પરથી એમ સમજવામાં આવે છે કે જો રાહુ અથવા કેતુ કેન્દ્રસ્થાનમાં પડેલા હોય અને તેમનો જો કોઈ ત્રિકોણાધિપતિ સાથે સંબંધ થયો હોય અથવા તો તે બંને રાહુ કેતુ ત્રિકોણસ્થાનમાં હોય અને તેમનો બંનેનો સંબંધ કોઈ કેન્દ્રાધિપતિ સાથે થયેલો હોય તો એવો યોગ રાજયોગ માનવામાં આવેલો છે, એટલે કે સ્વાભાવિક કેન્દ્રસ્થાન તથા ત્રિકોણસ્થાન ઉત્તમસ્થાન તરીકે માનવામાં આવેલાં છે અને તેથી તેમાં રાહુ તથા કેતુ ઉત્તમ માનવામાં આવે છે. ( પાંચમા સ્થાનમાં રાહુ પ્રજાને માટે અનિષ્ટકારક પણ માનવામાં આવે છે તો પણ કોઈ કેન્દ્રાધિપતિ અથવા ત્રિકોણાધિપતિની સાથે થયેલો તેનો યોગ ઉત્તમ પ્રકારનો માનવામાં આવે છે. ) અને તેમની સાથે કેન્દ્ર અથવા ત્રિકોણના અધિપતિનો સંબંધ ગમે તો સહાવસ્થાનસંબંધ અથવા કોઈ પણ પ્રકારના દૃષ્ટિસંબંધથી થયેલો હોવો જોઇએ અને તેવા ગમે તે સંબંધથી એ યોગ થએલો હોય તો તે યોગ ઉત્તમ માનવામાં આવે છે.

હવે આ યોગના સ્પષ્ટીકરણ માટે આપણે કુંડલી મુકી તેના સંબંધથી સ્પષ્ટ યોગનું લક્ષણ તપાસીએ.

રાહુના રાજયોગની કુંડલી.




હવે આ કુંડલી પરથી તપાસતાં એમ જોઇ શકાય છે કે રાહુ એ કેન્દ્રસ્થાનમાં એટલે દશમા સ્થાનમાં પડેલો છે અને તેની સાથે પાંચમા ત્રિકોણસ્થાનમાં વૃશ્ચિક રાશિ હોવાથી તેનો અધિપતિ મંગળ છે એટલે ત્રિકોણાધિપતિ જે મંગળ તે **"સહાવસ્થાનસ્થિતસંબંધ"** થી રહેલો છે એટલે એ દશમા કેન્દ્રસ્થાનમાં રાહુ સાથે ત્રિકોણાધિપતિનો યોગ થવાથી તે એક રાજયોગ તરીકે ગણાઈ ઉત્તમ ફળ આપવાવાળો યોગ મનાય છે. એજ પ્રમાણે નવમા ભાગ્ય ભુવનમાં એટલે ત્રિકોણસ્થાનમાં રાહુ રહેલો છે અને તેની સાથે ચોથા કેન્દ્રસ્થાનમાં રહેલી તુલા રાશિનો સ્વામી જે શુક્ર છે તે "સહાવસ્થાનસ્થિતસંબંધ"થી રહેલો છે એટલે ત્રિકોણસ્થાનમાં રહેલા રાહુની સાથે કેન્દ્રાધિપતિનો યોગ થયેલો છે એટલે તે પણ એક રાજયોગ તરીકે માનવામાં

આવેલો છે અને તેથી તેવો યોગ એક ઉત્તમ પ્રકારનું ફળ આપવાવાળો થાય છે. આમાં રાહુના બે યોગની બે કુંડલી સમજવી.

અન્યત્ર કેટલેક ઠેકાણે રાહુનું ચોથા તથા દશમા સ્થાનમાં એટલે કેન્દ્ર-સ્થાનમાં તથા પાંચમા ત્રિકોણસ્થાનમાં રહેવાનું ફળ અનિષ્ટકારક આપવામાં આવેલું છે. જો કે ત્યાં પણ સામાન્ય રીતે "બીજો યોગ અમુક સ્થાનમાં પાપગ્રહ રહેલા હોય અથવા તો તેવો કોઇ જાતનો સંબંધ હોય તો" એમ જણાવવામાં આવેલું છે અને તેથી રાહુનું તેમાં અનિષ્ટ ફળ માનવામાં આવેલું છે. જેમકે "**चतुर्थे दशमे राहुर्लग्ने क्रूरस्तथैव च । निःस्वयोगं विजानीयात् स्वपक्षस्य भवेन्नरः ॥**" તો પણ આ ગ્રંથકારના મતમાં કેન્દ્ર અથવા ત્રિકોણસ્થાનમાં રહેલા પાપગ્રહો ઉત્તમ ફળ આપવાવાળા થાય છે એટલે તેથી સ્વાભાવિક રીતેજ, રાહુ કેતુનું ફળ કેન્દ્ર અથવા ત્રિકોણસ્થાનમાં રહેવાનું ઉત્તમ માનવામાં આવેલુ છે અને તેમાં પણ પછી આપણે ઉપર જોઈ ગયા તેમ જો કોઈ કેન્દ્રાધિપતિ અથવા ત્રિકોણાધિપતિનો યોગ કોઈ પણ પ્રકારના સંબંધથી થયેલો હોય તો વધારે ઉત્તમ એટલે કે રાજયોગ મનાય એમાં આશ્ચર્યકારક નથી.

આ ગ્રંથમાં ગ્રંથકારે ઘણા આવા રાજયોગો આપેલા છે તેમજ પહેલાંના શ્લોકોમાં કેટલોક ફલાદેશ પણ આપવામાં આવેલો છે, પરંતુ તેમાં કેટલીક વખત ખાસ કરી ગ્રંથાંતરકર્તાઓથી તે વિરૂદ્ધ જોવામાં આવે છે અને તેથી ફલાદેશ જોનારાઓએ કેટલીક વખત વિચાર કરવા જેવું થઈ પડે છે, પરંતુ અનુભવી ફલાદેશના પ્રેક્ષકો માટે કૈં કહેવાનું નથી. નહિં તો બીજાઓએ સ્વાભાવિક રીતે પરસ્પરના ફલાદેશ સંબંધમાં વિચાર કરી ત્યારપછીજ ફલકથન કરવું વધારે ઉત્તમ છે.

હવે નવમા અને દશમાસ્થાનના અધિપતિઓના સંબંધમાં જે કોઈ યોગભંગ થાય છે તેના સંબંધમાં જણાવે છેઃ


धर्मकर्माधिनेतारौ रन्ध्रलाभाधिपौ यदि ।
तयोः संबंधमात्रेण न योगं लभते नरः ॥ २२ ॥

ધર્મ અને કર્મસ્થાનના એટલે નવમા અને દશમા સ્થાનના અધિપતિઓ જો આઠમા અને અગીઆરમા સ્થાનના અધિપતિ હોય અથવા તો તેઓની સાથે સંબંધ ધરાવતા હોય તો પણ તે રાજયોગ થતો નથી. ૨૨.


આગળ શ્લોક ૧૯ મામાં કહેવામાં આવ્યું છે કે, **निवसेतां व्यत्ययेन तावुभौ धर्मकर्मणोः ॥ एकत्रान्यतरो वापि वसेच्चेद्योगकारकौ ॥**"

એટલે કે જો ભાગ્યભુવનનો અને દશમા ભુવનનો અધિપતિ પરસ્પર એકેકના સ્થાનમાં હોય અથવા તો સાથે રહેલા હોય તો તે રાજયોગ થાય છે. પરંતુ આ શ્લોકમાં તેનો બાધક યોગ બતાવવામાં આવેલો છે એટલે કે પૂર્વ પ્રમાણે હોવા છતાં પણ જો તે આઠમાના તથા અગીઆરમા સ્થાનના અધિપતિ થતા હોય તો અથવા તો તે સ્થાનોના અધિપતિઓની સાથે સંબંધ ધરાવતા હોય તો તે રાજયોગ માનવામાં આવતો નથી. આને માટે આપણે શ્લોક સોલમાની ઉપરની કુંડલી રાજયોગ માટે જોઈ ગયા છીએ હવે એના વિરોધની કુંડલી તપાસી જોઇએ.

રાજયોગના ભંગની કુંડલી




આ કુંડલીમાં શ્લોક સોલમામાં બતાવ્યા પ્રમાણે નવમા તથા દશમા ભુવનના અધિપતિઓ પરસ્પર એકેકના સ્થાનમાં રહેલા છે એટલે કે નવમાનો અધિપતિ શનિ દશમા સ્થાનમાં રહેલો છે અને દશમા સ્થાનનો અધિપતિ નવમાસ્થાનમાં રહેલો છે એમ પરસ્પર "અન્યોન્યરાશિસ્થિતસંબંધ" થી એમનો યોગ ઉત્તમ માનવામાં આવેલો છે, પરંતુ અહીંઆં ધર્મભુવનનો અધિપતિ તેજ આઠમા ભુવનનો એટલે મકર રાશિનો સ્વામી શનિ છે એટલે તે રાજયોગ માની શકાય નહી. આજ પ્રમાણે જ્યારે મેષ લગ્ન હોય અને ત્યારે પણ શનિ દશમા સ્થાનમાં હોય તો તે અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી પણ એ યોગ થવાનો સંભવ રહેતો નથી એટલે એવે વખતે એ યોગ રાજયોગ તરીકે ઉત્તમ મનાતો નથી અને તેથી તે ઉત્તમ ફળ આપવાવાળો થતો નથી. આગળ પણ શ્લોક સોલમાના વિવેચનમાં આજ કુંડલી આપવામાં આવેલી છે અને ત્યાં તેનો રાજયોગ માનવામાં આવેલો છે, પરંતુ આ ઉપરોક્ત શ્લોકથી તે રાજયોગની માન્યતા બરાબર હોય તેમ જણાતી નથી અને તેથી ત્યાં કુંડલીમાં તેવોજ બીજો યોગ ગોઠવવો જોઇએ, અને તો પછી તેને માટે નીચેની કુંડલી માનવી જોઇએ.




આ યોગમાં નવમાનો અધિપતિ દશમામાં અને દશમાનો અધિપતિ નવમામાં છે અને તેથી તે પરસ્પર "અન્યોન્યરાશિસ્થિતસંબંધથી" રહેલા છે અને તેથી તેમનો રાજયોગ શ્લોક ૧૬ મા પ્રમાણે માની શકાય. હવે આ ઉપરોક્ત શ્લોક પ્રમાણે આ બે નવમા તથા દશમાના અધિપતિઓ આઠમાના તથા અગીઆરમા સ્થાનના અધિપતિઓ નથી

અને તેમ તેમનો તે સ્થાનના અધિપતિઓ સાથે સંબંધ પણ નથી એટલે આ યોગનો ઉપરોક્ત શ્લોક નિષેધ કરી શકતો નથી, એટલે શ્લોક સોલમામાં જે કુંડલી આપવામાં આવેલી તે ખરી રીતે યોગહાનિકર યોગની સમજવી અને આ કુંડલીજ તેની યોગકારક કુંડલી સમજવી. આમાં સંબંધપરત્વે બે બે ત્રણ ત્રણ જાતની કુંડલીમાંના યોગો બનાવવામાં આવેછે પરંતુ તે વાંચકવર્ગે જાતેજ તેવી કુંડલીઓ કલ્પી સંબંધપરત્વેના યોગો સમજી લેવા જોઇએ.

આ ઉપરોક્ત શ્લોકનો અર્થ કેટલાક એવો કરે છે કે, "ધર્મ અને કર્મ સ્થાનના અધિપતિ એટલે કે નવમા અને દશમા સ્થાનના અધિપતિઓનો જો આઠમા અથવા અગીઆરમા સ્થાનના અધિપતિ સાથે સંબંધ હોય તો તે યોગકારક થતા નથી."

આ પ્રમાણેનો અર્થ ખરી રીતે થઈ શકતો નથી, કારણકે મૂળ શ્લોકમાં ચોખ્ખું લખેલું છે કે "**रन्ध्रलाभाधिपौ यदि । तयोः संबंधमात्रेण न योगं लभते नरः**" જો ધર્મ અને કર્મના અધિપતિઓ આઠમા અને અગીઆરમાના અધિપતિ હોય અથવા તો તેમનો પરસ્પર સંબંધ હોય ( તે તે સ્થાનના અધિપતિઓ સાથે સંબંધ હોય ) તો તે રાજયોગ થતો નથી, અને તેથીજ આ અર્થ બરાબર ઘટતો નથી. આમાં પણ ફલપ્રેક્ષણકારે **तयोःसंबंधमात्रेण** એનો અર્થ વિચારવા જેવો છે, કેમકે તે બેના સંબંધમાત્રથી એટલે આઠમા અથવા અગીઆરમાના અધિપતિઓના સંબંધથી કે ધર્મકર્મ– ત્રિકોણ અને કેન્દ્રના પરસ્પરના કોઈ પણ જાતના– સંબંધથી પણ આપણે તો અહીંઆં તે બેના એટલે આઠમા અથવા અગીઆરમાના અધિપતિ ગ્રહોના કોઈ પણ જાતના સંબંધથી એવો અર્થ લીધેલો છે અને તેજ કાંઇક યોગ્ય લાગે છે, છતાં જો બીજાઓને એનાથી ઉલટો અર્થ અષ્ટમ અને અગીઆરમાના અધિપતિઓ સંબંધમાં ઉચિત લાગતો હોય તો તે લેવામાં તેઓ સ્વતંત્ર હોવાથી તે તેમણે સ્વીકારી લેવો. આ પ્રમાણે રાજયોગાધ્યાયનું પ્રકરણ આપવામાં આવેલું છે.

---

## ( ग्रन्थान्तरमांना बीजा राजयोगो )

હવે પ્રસંગોપાત્ત ગ્રંથાંતરમાંના પણ કેટલાક ઉત્તમ રાજયોગો આપવામાં આવે છે કે જેથી ઉત્તમ ફળ આપનાર યોગોનું ફલાદેશ જોવું સુગમ થઇ પડે અને તે ફલકથનકારને ઉપયોગી થઈ પડે. આ યોગો કેટલાકના મતપ્રમાણે ફક્ત રાજા થવા માટેનાજ યોગો છે, પણ સામાન્ય માન્યતા પ્રમાણે રાજા થવા સાથે કવાચિત્ રાજા ન થાય તો તેવું સુખ આપનાર ઉત્તમ યોગ–રાજયોગ–તરીકે

પણ માની શકાય અને તેથીજ તે આપવામાં આવ્યા છે. આને માટેની કુંડલીઓ વિસ્તારભયથી આપવામાં આવી નથી અને તેથી તે સ્વતઃજ કલ્પી લેવી.

૧—જન્મકુંડળીમાં ત્રણ અથવા ચાર ગ્રહ પોતાના ઉચ્ચ વા મૂલત્રિકોણમાં બલવાન્ હોય તો રાજાના વંશમાં જન્મેલો રાજા થાય અથવા પાંચ કે છ ગ્રહ ઉચ્ચ વા મૂલત્રિકોણમાં બળવાન્ હોય તો હલકા કે ગરીબ કુળમાં જન્મેલો પણ રાજા થાય અથવા રાજા જેવું સુખ ભોગવે, પણ જો ઉચ્ચ કે મૂલત્રિકોણમાં બળ વિનાના ગ્રહો હોય તો રાજા જેવો થાય, પણ રાજા થતો નથી.

૨—સૂર્ય, શનિ, મંગળ અને ગુરુ એ ચાર અથવા ત્રણ ગ્રહ ઉચ્ચમાં હોય અને તેમાંનો એક ગ્રહ જો લગ્નમાં હોય તો જુદા જુદા સોળ રાજયોગો મહર્ષિયોએ કહ્યા છે અને બે અથવા એક ગ્રહ ઉચ્ચમાં હોય અને તેમાંનો એક લગ્નમાં હોય અને કર્ક રાશિનો ચંદ્ર હોય તો સોળ રાજયોગો યવનાચાર્યના મતમાં થાય છે. રાજયોગવાળો નીચ કુળમાં જન્મેલો હોય તો પણ તે એક વાટિકાની માફક પૃથ્વીનું પાલણ કરનારો થાય છે.

૩—લગ્નનો નવમાંશ તથા ચંદ્ર વર્ગોત્તમી હોય અને તે ચંદ્ર કે લગ્નને ચંદ્ર શિવાયના ચાર કે વધારે ગ્રહ જોતા હોય તો નીચ કુળમાં જન્મેલો હોય તો પણ તે રાજા થાય છે અથવા તેવું સુખ ભોગવે છે.

૪—જેની કુંડલીમાં મેષરાશિના ચંદ્ર, મંગળ અને ગુરુ જો ઉદયને પામેલા હોય તો તે રાજાધિરાજ, ત્રણ સમુદ્રપર્યન્તની પૃથ્વીનું પાલન કરનાર અને શત્રુઓનો નાશ કરી ચારે દિશાઓમાં સુખેથી ફરનાર રાજા થાય છે.

૫—હરકોઈ ઠેકાણે ગુરૂ ઉચ્ચ રાશિમાં હોય અને મેષ લગ્નમાં મંગળ હોય તો, કે મંગળ ગુરૂ સાથે મેષ લગ્નમાં હોય તો તે રાજાની તેમ તેના પ્રધાનની આગળ કોઈ શત્રુ ટકી શકતો નથી.

૬—ચંદ્રમા ધન રાશિમાં શુક્ર અને ગુરૂ સાથે હોય, મંગળ ઉચ્ચ રાશિમાં, શનિ મકર રાશિના પૂર્વ ભાગમાં અને કન્યા લગ્નમાં બુધ હોય તો મનુષ્ય અવશ્ય અનેક વિદ્યામાં કુશળ એવો રાજા થાય છે.

૭—શુક્લપક્ષમાં જન્મ હોય અને કર્ક રાશિનો ચંદ્રમા લગ્ને હોય તેમ સાતમે બુધ, છઠ્ઠે સૂર્ય, ચોથે શુક્ર, દશમે ગુરુ, ત્રિજામાં મંગળ અને શનિ હોય તો મનુષ્ય ચંદ્રમાની માફક સફેદ છત્રચામરસહિત રાજ્યલક્ષ્મી ભોગવનાર રાજા થાય છે.

૮—પૂર્ણ ચંદ્ર વૃષભ રાશિનો જન્મલગ્નમાં હોય અને કુંભ રાશિમાં શનિ, સિંહ રાશિમાં સૂર્ય તેમ વૃશ્ચિક રાશિમાં ગુરુ ઉદયને પામેલો હોય તો મનુષ્ય બહુ લક્ષ્મીવાળો અને વાહનોવાળો રાજા થાય છે.

૯—મકર લગ્નમાં શનિ હોય, ચંદ્ર મીનમાં, મંગળ મિથુનમાં, બુધ કન્યામાં અને ગુરૂ ધનરાશિમાં હોય તો ઇન્દ્ર જેવા મહિમાવાળો–સુખ ભોગવનાર રાજા થાય.

૧૦—મીનનો ચંદ્ર લગ્ને, મંગળ ઉચ્ચનો, સિંહનો સૂર્ય અને કુંભ રાશિમાં શનિ હોય તો સંપૂર્ણ કળાવાળો રાજા થાય.

૧૧—લગ્નમાં મંગળ અને ચંદ્ર બુધ સાતમે ઉદયના હોય તો શત્રુઓથી નહિ જીતાય તેવો, વેદના તત્ત્વને જાણનાર અને શતાવધાની રાજા થાય.

૧૨—જન્મમાં સૂર્ય અને ચંદ્ર ઉચ્ચ રાશિમાં હોય તો મનુષ્ય રાજાની માફક દરેક મનુષ્યોને આનંદ આપનાર થાય છે.

૧૩—કુંભમાં શુક્ર, મેષમાં મંગળ અને કર્કમાં ગુરૂ હોય તો પોતાના યશ-વડે ચારે દિશામાં પ્રસિદ્ધ રાજા થાય.

૧૪—લગ્નમાં ગુરૂ કર્કનો હોય તો તપેલા સોના જેવી કાંતિવાળો, અને દશમે મેષનો સૂર્ય હોય અને વૃષભ રાશિમાં ચંદ્ર, બુધ, શુક્ર હોય તો પોતાના હાથના બળવડે પૃથ્વીને જીતનાર રાજાધિરાજ થાય અથવા તેવું સુખ ભોગવે.

૧૫—ધનરાશિમાં ગુરુ ચંદ્ર સાથે હોય, મકરના પૂર્વભાગમાં મંગળ અને શુક્ર મીનમાં હોય અથવા કન્યા રાશિમાં બુધ હોય તો તે રાજા થાય.

૧૬—ધનરાશિના પૂર્વાર્ધમાં સૂર્ય અને ચંદ્ર હોય, લગ્નમાં બળવાન્ શનિ હોય અને મકર રાશિમાં મંગળ હોય તો તે પ્રતાપી રાજા થાય.

૧૭—લગ્ને કન્યાનો બુધ, મીનમાં ચંદ્ર અને ગુરૂ, મકરમાં શનિ અને મિથુનમાં શુક્ર હોય તો તે રાજાઓને મારનાર મોટો રાજા થાય છે.

૧૮—સિંહમાં સૂર્ય ગુરૂ, કુંભનો શનિ, વૃષભનો ચંદ્ર, વૃશ્ચિકનો મંગળ, મિથુનનો બુધ અને લગ્ન મેષનું હોય તો પણ રાજા થાય.

૧૯—ધનનો ગુરૂ, શનિ અને ચંદ્ર તુલાના અને લગ્નમાં મેષનો સૂર્ય હોય તો અત્યંત કીર્તિવાળો રાજા થાય.

૨૦—પોતપોતાની રાશિથી કેંદ્રમાં ગુરૂ, બુધ, શુક્ર હોય અને તેઓની સાથે અનુક્રમે શનિ, સૂર્ય, મંગળ હોય ( એટલે કે ગુરૂ પોતાની ધન કે મીન રાશિથી કેન્દ્રમાં હોય અને તેની સાથે શનિ હોય, બુધ પોતાની રાશિ મિથુન કે કન્યાથી કેન્દ્રમાં હોય અને તેની સાથે સૂર્ય હોય તેમ શુક્ર પોતાની રાશિ વૃષભ અથવા તુલાથી કેન્દ્રમાં હોય અને તેની સાથે મંગળ હોય તે પ્રમાણે જાણવું ) અને ચંદ્ર ઉચ્ચનો હોય તો બહુ યશવાળો રાજા થાય. વળી લગ્નમાં પરમ ઉચ્ચનો સૂર્ય હોય તો દુષ્ટ સ્વભાવવાળો રાજા થાય અને ચારે સમુદ્ર પર્યંત રાજ કરે છે.

૨૧—જલચર ( પેઝ નં. ૨૧, કોઠો જુઓ. ) રાશિના નવમાંશમાં ચોથે ચંદ્ર, લગ્નમાં શુભ ગ્રહ પોતાની રાશિમાં અને કેન્દ્રમાં પાપ ગ્રહ ન હોય તો કળાવાન્ ને યશસ્વી રાજા થાય.

૨૨—પૂર્ણ ચન્દ્રમાને શુક્ર, ગુરૂ અને બુધ જોતા હોય, લગ્નનો સ્વામી ઘણો બળવાન્ હોય અને લગ્ન વર્ગોત્તમી ( પેઝ નં. ૨૯, કોઠોજુઓ. ) હોય તો રાજા થાય.

૨૩—ત્રણ કે તેથી વધારે ગ્રહો વર્ગોત્તમી હોય અને તેઓ કેન્દ્રમાં કે શુભ ગ્રહ સાથે રહ્યા હોય અને તે રાશિની સંધિમાં, ધૂમ ગ્રહના ભેગા કે અસ્તના ન હોય તો પણ રાજા થાય.

૨૪—એક ગ્રહ ઉચ્ચમાં કે વર્ગોત્તમી હોય અને જો તેને બળવાન્ મિત્ર ગ્રહ જોતો હોય તો રાજા થાય.

૨૫—નીચ કે શત્રુની રાશિ શિવાય શિર્ષોદય ( પેઝ નં. ૨૬, કોઠો જુઓ. ) ( ૩ । ૫ । ૬ । ૭ । ૮ । ૧૧ ) રાશિમાં બધા ગ્રહો હોય અને પૂર્ણ કળાનો ચંદ્રમા કર્કનો–સ્વગૃહી થઇને શુભ ગ્રહની દૃષ્ટિવાળો લગ્નમાં હોય તો રત્ન, હાથી અને ઘોડાવાળો પૃથ્વીનો રાજા થાય.

૨૬—ચન્દ્રથી ઉપચય–( ૩ । ૬ । ૧૦ । ૧૧ ) મા સ્થાનમાં લગ્નનો સ્વામી શુભ ગ્રહની રાશિ અથવા શુભ ગ્રહના નવમાંશમાં હોય અને શુભ ગ્રહ કેન્દ્રમાં હોય તેમ પાપ ગ્રહ નિર્બલ હોય તો ઇન્દ્રસમાન રાજા થાય.

૨૭—બધા ગ્રહો પરમ ઉચ્ચમાં અને ઉદયના થઈ મિત્ર ગ્રહોની દૃષ્ટિવાળા હોય અને શત્રુ ગ્રહની દૃષ્ટિ ન હોય તો તે બળવાન, શત્રુઓ રહિત, બહુ ગર્વવાળો અને હાથીઘોડાવાળો રાજા થાય.

૨૮—પરમ ઉચ્ચમાં ચંદ્ર શુક્રની દૃષ્ટિવાળો હોય અને પાપ ગ્રહ આપો ક્લિમ ( ૩ । ૬ । ૯ । ૧૨ ) સ્થાનમાં હોય તો પણ રાજા થાય.

૨૯—શુભ કે પાપ ગ્રહ કેન્દ્ર સ્થાનમાં મિત્ર ગ્રહની દૃષ્ટિવાળા હોય અને શત્રુઓથી પરાજિત થએલા ન હોય અને જન્મલગ્ન અને જન્મરાશિના સ્વામીઓ બળવાન્ હોય તો રાજા થાય.

૩૦—જન્મરાશિ ( જેમાં ચંદ્ર રહ્યો હોય તે રાશિ ) નો સ્વામી નવમા સ્થાનમાં કર્ક રાશિમાં રહ્યો હોય તો યશવાળો રાજા થાય.

૩૧—શનિ બળવાન્ થઈ મકરના પાછલા ૧૫ અંશમાં રહેલો હોય, સૂર્ય સિંહમાં, શુક્ર તુલામાં, મંગળ મેષમાં, ચંદ્ર કર્કમાં કે બુધ કન્યામાં હોય તો સાર્વભૌમ રાજા થાય.

૩૨—સર્વ ગ્રહો વર્ગોત્તમી અને સ્વગૃહી હોય તેમ ઉદયવાળા હોય તો સમુદ્રપર્યંત પૃથ્વીનું પાલન કરનાર અને શત્રુઓને જીતનાર રાજા થાય.

૩૩—લગ્નનો સ્વામી કેન્દ્રમાં મિત્ર ગ્રહોની દૃષ્ટિવાળો હોય ને લગ્નમાં બુધ હોય તો રાજા થાય.

૩૪—ગુરૂ ચંદ્રમા સાથે વૃષભલગ્નમાં અને લગ્નનો સ્વામી બળવાન્ થઈ ત્રિકોણ ( ૫ । ૯ ) માં રહેલો હોય, સૂર્ય, શનિ, મંગળ બળવાન્ થઈ તેની ભેગા ન હોય કે તેને જોતા ન હોય તો સંપૂર્ણ યશવાળો અને શત્રુઓનો નાશ કરનારો રાજા થાય.

૩૫—ગ્રહો નીચ રાશિમાં કે શત્રુની રાશિમાં ન હોય અને પોતાની રાશિમાં, પોતાના નવમાંશમાં, પોતાના ઉચ્ચના નવમાંશમાં કે લગ્નમાં હોય અને ચંદ્ર પૂર્ણ કળાનો તેમ ગ્રહો મિત્ર ગ્રહોની દૃષ્ટિવાળા હોય તો રાજા થાય

૩૬—વર્ગોત્તમી નવમાંશમાં ઉચ્ચમાં રહેલા પૂર્ણ ચંદ્રને ઉદય પામેલો શુભ ગ્રહ જો જોતો હોય તો તેની દશામાં મનુષ્યને જગત્‌માં પ્રસિદ્ધિ અને રાજ્યની પ્રાપ્તિ થાય છે. તેમ પાપગ્રહો બલિષ્ઠ થઇને કંટક ( ૧ । ૪ । ૭ । ૧૦ ) સ્થાનોમાં ન રહેલા હોય તો પણ રાજા થાય.

૩૭—જન્મલગ્ન અને જન્મરાશિના સ્વામીઓ બળવાન્ થઈ કેન્દ્રમાં રહ્યા હોય અને ચંદ્ર ચોથે કે ત્રિકોણમાં ( ૫ । ૯ ) જલચર ( પેજ નં. ૨૧, કોઠો જુઓ. ) રાશિમાં હોય તો પણ રાજા થાય.

૩૮—સર્વ ગ્રહો પોતાના ઘરમાં, મિત્રના નવમાંશમાં, પોતાના નવમાંશમાં કે મિત્રની રાશિમાં રહેલા હોય તો સાર્વભૌમ રાજા થાય.

૩૯—જેના સર્વ ગ્રહો પરમ ઉચ્ચમાં હોય અને બુધ પોતાના ઉચ્ચના નવમાંશમાં હોય તો તે ત્રણ લોકનો સ્વામી અને દેવ દૈત્યોને નમસ્કાર કરવા યોગ્ય થાય છે.

૪૦—પૂર્ણ ચંદ્રમા વૃષભ રાશિમાં, પોતાના નવમાંશમાં કે કર્ક રાશિમાં હોય; ગુરૂ કેન્દ્રમાં શુક્રની દૃષ્ટિવાળો હોય, લગ્નમાં રહેલો સૂર્ય નવમાંશમાં સિંહ રાશિનો હોય અને બળવાન્ ગ્રહ તેને દેખતા હોય તો તે મહાન્ રાજા થાય.

૪૧—ચંદ્ર દરેક ગ્રહોની દૃષ્ટિવાળો હોય તો તે " કેમદ્રુમ " યોગ થાય છે અને તે બીજા અશુભ યોગનો નાશ કરે છે. આથી તે લાંબા આયુષ્યવાળો અને પૃથ્વીમાં શત્રુઓનો પરાજય કરી રાજ્ય કરનાર રાજા થાય.

૪૨—મીનથી મેષ રાશિ તરફ જતો ( ઉચ્ચાભિલાષી ) સૂર્ય ત્રિકોણમાં અને કર્કના ચંદ્ર અને ગુરૂ હોય તો પુરૂષ રત્નોવાળો પૃથ્વીપતિ રાજા થાય.

૪૩—૭ ગ્રહો અસ્ત શિવાયના ઉચ્ચના હોય અને નવમાંશમાં પોતાની રાશિના હોય, તો કુલિશ ( એક જાતનું વજ્ર ) વડે ઘાયલ હાથપગવાળો અને સગર, વેણુ, યયાતિ વિગેરે રાજાઓ જેવો રાજા થાય.

૪૪—લગ્નમાં શુભ ગ્રહોની રાશિમાં અને શુભ ગ્રહોના નવમાંશમાં શુભ ગ્રહો ઉદયના હોય અને પાપ ગ્રહ અસ્તના અને શત્રુ ગ્રહો સાથે હોય તો પર્વત અને વનમાં રહેનારો એવો તપસ્વી રાજા થાય.

૪૫—શુભ ગ્રહ–ચંદ્ર, બુધ, ગુરૂ, શુક્ર પણુફર ( ૨ । ૫ । ૮ । ૧૧ ) સ્થાનોમાં હોય અને પાપ ગ્રહ કેન્દ્ર ( ૧ । ૪ । ૭ । ૧૦ ) સ્થાનોમાં કે આપોક્લિમ ( ૩ । ૬ । ૯ । ૧૨ ) સ્થાનોમાં હોય તો તે હાથના બળથી શત્રુઓનો નાશ કરનાર, ગુરૂ જેવો બુદ્ધિવાળો રાજા થાય છે.

૪૬—લગ્નનો સ્વામી લગ્નમાં કે મિત્રના ઘરમાં મિત્રની દૃષ્ટિવાળો હોય અને લગ્નમાં શુભગ્રહ હોય તો પૃથ્વીનો રાજા થાય અને શત્રુઓનો નાશ કરે.

૪૭—પૂર્ણ ચંદ્રમા મેષના નવમાંશમાં હોય અને નવમાંશમાં તેને ગુરૂ જોતો હોય તેમ કોઇ નીચ ગ્રહ કે બીજા ગ્રહોની તેનાપર દૃષ્ટિ ન હોય તો યવનાચાર્યના મત પ્રમાણે તે રાજા થાય.

૪૮—લગ્નથી ચંદ્ર ત્રિજે, છઠ્ઠે, દશમે કે અગીયારમે બેઠો હોય અને તેનાપર ગુરૂની દૃષ્ટિ હોય અને બીજા ગ્રહો તેને ન જોતા હોય, તેમ લગ્નનો સ્વામી સાતમે કે દશમે હોય તો મજબૂત શરીરનો રાજા થાય.

૪૯—પૂર્ણ ચંદ્ર ઉચ્ચ નવમાંશમાં હોય અને તેને બધા ગ્રહો જોતા હોય તો જેની સેના, હાથી, ઘોડા વિગેરેના ચાલવાના ભારથી શેષનાગ પણ દુ:ખ પામે એવો તે રાજા થાય.

૫૦—શ્વેત બિંબવડે શોભાયમાન પૂર્ણ ચંદ્રમા સૂર્યના નવમાંશમાં હોય અને શુભ ગ્રહ કેન્દ્ર ( ૧ । ૪ । ૭ । ૧૦ ) સ્થાનોમાં પાપ ગ્રહોની દૃષ્ટિ વિનાનો હોય તો બહુ હાથીવાળો રાજા થાય.

૫૧—ચંદ્ર, બુધ અને મંગળ નીચના ન હોય, પોતાના નવમાંશમાં હોય અને બારમે અને ત્રિજે રહેલા ગ્રહો અસ્તના ન હોય તેમ પાંચમે ચંદ્ર અને ગુરૂ ભેગા હોય તો સારી કીર્તિવાળો રાજા થાય.

૫૨—ત્રણ ગ્રહ નીચ કે શત્રુની રાશિમાં ન હોય અને નવમાંશમાં બળવાન્ શુભ ગ્રહોની દૃષ્ટિવાળા હોય અને ચંદ્રમા શંખ અને ગાયના દુધ જેવા શ્વેત વર્ણવાળો ( પૂર્ણ કળાનો ) હોય તો તે શત્રુઓને જીતનાર રાજા થાય.

૫૩—ચંદ્રમા શુભ ગ્રહના નવમાંશમાં હોય અને તેને બળવાન્ ગ્રહ જોતો હોય તેમ લગ્નમાં પાપ ગ્રહ ન હોય તો તે સુંદર શરીરવાળો અને આખી પૃથ્વીનું રાજ્ય કરનાર રાજા થાય.

૫૪—જલચર રાશિના નવમાંશમાં ચંદ્ર લગ્નમાં હોય, શુભ ગ્રહ પોતાના નવમાંશમાં હોય અને પાપગ્રહ કેન્દ્ર સ્થાનમાં ન હોય તો બહુ હાથીઓ-વાળો રાજા થાય.

(નોંધ—સંપૂર્ણ ગ્રહોવડે રાજયોગ થયો હોય તો ચક્રવર્તી રાજા થાય અને એક એક ગ્રહથી થયેલા રાજયોગમાં માંડલિક રાજા થાય.)

૫૫—પૂર્ણચંદ્ર વર્ગોત્તમી અથવા પોતાના નવમાંશમાં હોય તો તે અત્યંત યશવાળો રાજા થાય.

૫૬—પૂર્ણ બળવાન્ થઈ એક ગ્રહ પણ પંચમાંશમાં (૧૩ અંશ અને ૨૦ કળાની ઉપર અને ૧૬ અંશ અને ૪૦ કળાનો અંદર) હોય તો તે ચક્રવર્તી રાજા થાય.

૫૭—ગુરૂની દૃષ્ટિવાળો વૃષભનો ચંદ્ર હોય તો મણિઓથી પ્રકાશિત ઉત્તરખંડની પૃથ્વીનું પાલન કરનાર રાજા થાય.

૫૮—ઉચ્ચ, મૂલત્રિકોણ કે સ્વગૃહી ગ્રહ ચંદ્રમાને દેખતો હોય તો મનુષ્ય ભિલ્લજાતિનો હોય તો પણ રાજા થાય.

૫૯—દ્રેષ્કાણમાં પોતાના ઘરમાં ચંદ્ર હોય તો રાજા થાય અને શુભ ગ્રહ પૂર્ણબલી હોય તો પણ રાજા થાય.

૬૦—પોતાના નવમાંશમાં સૂર્ય હોય અને ચંદ્ર સ્વગૃહી—કર્કનો હોય તો હાથીઓના મદથી પૃથ્વીને ભીંજાવનાર રાજા થાય.

૬૧—લગ્નમાં શનિ હોય, ઉદયનો ગુરૂ સાતમા ઘરમાં હોય અને શુક્રની તે પર દૃષ્ટિ હોય તો કોઈએક ગામનો રાજા થાય.

૬૨—લગ્નમાં શુક્ર ગુરૂની રાશિમાં (ધન મીનમાં) ગુરૂની દૃષ્ટિવાળો હોય ને બુધ ઉચ્ચનો હોય તો અવશ્ય રાજા થાય.

૬૩—શુક્ર, સૂર્ય અને ચંદ્ર એક નવમાંશમાં હોય અને ગુરૂની તેઓપર દૃષ્ટિ હોય તો રાજા થાય,

૬૪—લગ્નમાં શુક્ર, બુધ અને મંગળ હોય અને ચંદ્રમા ગુરૂ સાથે સાતમા શનિની દૃષ્ટિવાળો હોય તો યશવાળો રાજા થાય.

૬૫—ગુરુ મંગળના નવમાંશમાં મંગળની દૃષ્ટિવાળો પૂર્ણ બળી હોય અને મેષનો સૂર્ય દશમે હોય તો રાજા થાય પણ દુષ્ટ થાય.

૬૬—ત્રિજે શુક્ર, ચંદ્ર અને સૂર્ય હોય, મંગળ સાતમે હોય, ગુરુ નવમે હોય અને લગ્ન વર્ગોત્તમી હોય તો નીચ કુલનો પણ રાજા થાય.

૬૭—ગુરુ, બુધ, શુક્ર અથવા ચંદ્ર નવમે ઉદયને પામેલા હોય અને તેઓ મિત્ર ગ્રહો સાથે રહેલા હોય અથવા તેમની દૃષ્ટિવાળા હોય તો દેવ .વો મોટો રાજા થાય.

૬૮—નવમે ઉચ્ચ ગ્રહ હોય અથવા પોતાના ઉચ્ચને જોતો હોય અને એ ગ્રહો ઉચ્ચ રાશિમાં હોય તો બહુ કુટુંબવાળો રાજા થાય.

૬૯—પાંચમા ભાવમાં ચંદ્ર અને ગુરૂ પાંચમાના સ્વામીની દૃષ્ટિવાળા હોય અને શુક્ર મીનનો હોય તો હલકી જાતિમાં જન્મેલો હોય તો પણ તે રાજા થાય.

૭૦—ચંદ્ર ત્રિજે અથવા દશમે હોય અને ગુરૂ ઉચ્ચનો હોય તો યશસ્વી, લક્ષ્મીવાન્ એવો સર્વ પૃથ્વીનો રાજા થાય.

૭૧—કેન્દ્રમાં ઉચ્ચનો ગુરુ હોય અને દશમે શુક્ર હોય તો અવશ્ય રાજા થાય.

૭૨—ચંદ્ર ઉદયનો કર્કનો હોય અને બુધ, ગુરુ, શુક્ર પોતપોતાના નવમાંશમાં હોય અને તેઓ જન્મકુંડલીમાં ચોથે સૂર્યની દૃષ્ટિવાળા હોય તો બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય વર્ણનો હોય તોજ રાજા થાય.

૭૩—પોતાના મૂળત્રિકોણનો સૂર્ય દશમે હોય અથવા શુક્ર, ગુરૂ, બુધ પોતાની રાશિમાં ચંદ્રથી ત્રિજે, છઠ્ઠે, અગીઆરમે હોય તો ગોવાળ છતાં પણ રાજા થાય.

૭૪—સાતમે શુભ ગ્રહને તેના મિત્ર ગ્રહો જોતા હોય અને તે શુભ ગ્રહો મિત્ર ગ્રહના નવમાંશમાં હોય અને મંગળ ઉચ્ચ રાશિમાં હોય તો પૃથ્વીનું પાલન કરનાર રાજા થાય.

૭૫—સૂર્ય, ચંદ્ર, બુધ, મંગળ દશમે મિત્ર ગ્રહોના નવમાંશમાં હોય તેમ શત્રુ ગૃહના, અસ્તના કે નીચના ન હોય અને નવમે શુક્ર હોય તો યાત્રામાં હાથીઓના મદવડે ધૂળને ભીંજાવનાર રાજા થાય.

૭૬—ઉચ્ચનો બલવાન્ સૂર્ય દશમે ગુરૂ સાથે હોય, નવમે પોતાના નવમાંશનો બલવાન્ શુક્ર હોય અને નવમાંશ લગ્નમાં શુભ ગ્રહો હોય તેમ તે પર બુધની દૃષ્ટિ હોય તો પોતાના યશવડે પ્રસિદ્ધ પુરુષ થાય.

૭૭—પૂર્ણ ચન્દ્ર વૃષભ લગ્નમાં હોય અથવા તુલામાં શુક્રની દૃષ્ટિવાળો હોય અને બુધ ચોથે હોય તો અન્ય કુલમાં જન્મેલો પણ રાજા થાય.

૭૮—ઉચ્ચના મંગળ ઉપર સૂર્ય, ચંદ્ર અને ગુરુની દૃષ્ટિ હોય તો નીચ કુલમાં જન્મેલો પણ રાજા થાય અને તે પૃથ્વીનું રક્ષણ કરવામાં સમર્થ થાય.

૭૯—લગ્નમાં બુધ, સાતમે ગુરૂ, પૂર્ણ ચંદ્ર કર્ક રાશિમાં ચોથે અને શુક્ર દશમે હોય તો શત્રુરહિત પૃથ્વીપર રાજ્ય કરનાર રાજા થાય. ત્રે મેષ

૮૦—બધા ગ્રહો એક એક રાશિઓને અંતરે છ રાશિઓમાં હોય, (એટલે કે લગ્ને, ત્રિજે, પાંચમે, સાતમે, નવમે, અગીયારમે, અથવા બીજે, ચોથે, છટ્ઠે, આઠમે, દશમે કે બારમે સ્થાને હોય) અને શુભ ગ્રહની રાશિ લગ્નમાં હોય તો સર્વ પૃથ્વીનું પાલન કરનાર રાજા થાય.

૮૧—જો બે ગ્રહો લગ્નમાં હોય અને શુભ ગ્રહો કેન્દ્ર (૧।૪।૭।૧૦) માં હોય તો "સમુદ્ર" યોગ થાય છે. તેમાં જન્મેલો રાજાઓનો રાજા થાય.

૮૨—લગ્નથી છ ભાવ સુધીમાં સર્વ ગ્રહો એવી રીતે હોય કે, તે છ સ્થાનોમાંનું એક પણ સ્થાન ગ્રહ શિવાય ખાલી રહે નહિ તો તે "પંકિતયોગ" થાય ને તેમાં જન્મેલો રાજા થાય.

એજ પ્રમાણે ચોથા, સાતમા કે દશમા સ્થાનથી છ સ્થાનોમાં જો સર્વ ગ્રહો રહ્યા હોય તો પણ "પંકિતયોગ" થાય અને તેમાં જન્મેલો રાજાનો પ્રધાન થાય.

૮૩—પાંચમે, ચોથે અને ત્રીજે સર્વ ગ્રહો રહેલા હોય તો તે "કર્મયોગ" થાય છે અને તે યોગમાં મનુષ્ય બંધુ, પુત્ર, ધન, હાથીઓ અને બહુ સેવકવાળો રાજા થાય છે એમ યવનાચાર્ય કહે છે.

૮૪—લગ્ને, ચોથે, સાતમે અને દશમે એમ એ ચારે કેન્દ્ર સ્થાનોમાં સર્વ ગ્રહો એવા રીતે રહેલા હોય કે એકે કેન્દ્ર ખાલી ન રહે તો "નગરયોગ" થાય, તેમાં જન્મેલો માણસ રાજા થાય.

૮૫—લગ્ને, ચોથે, સાતમે અને દશમે એમ એ ચારે સ્થાનોમાં શુભ ગ્રહો હોય અને મંગળ, સૂર્ય, શનિ નવમે અથવા અગીયારમે હોય તો યવનાચાર્યના મતમાં શાંત સ્વભાવવાળો રાજા થાય.

૮૬—નવમે અને અગીયારમે શુભ ગ્રહ હોય ને પાપી ગ્રહ દશમે હોય તો "કલશ" નામનો રાજયોગ થાય છે.

૮૭—ત્રણ ગ્રહો બીજે, પાંચમે, અગીયારમે હોય ને બે શુભ ગ્રહો છટ્ઠે હોય અને બાકીના બે ગ્રહ સાતમે હોય તો "પૂર્ણકુંભ" રાજયોગ થાય.

ઉપર સારા વિસ્તારથી જુદાજુદા ભેદોવડે જે રાજયોગો કહેવામાં આવેલા છે તે નીચ કુળમાં જન્મેલો હોય તો પણ તેને રાજયોગ કરનારા થાય છે. હવે રાજાના કુળમાં જન્મેલાના રાજયોગ મુનિયોના કહેવા પ્રમાણે કહેવાય છે.

૮૮—સિંહ લગ્નમાં સૂર્ય, મેષમાં ચંદ્ર, કુંભનો શનિ, મીન કે ધનમાં ગુરૂ અને મકરમાં મંગળ હોય તો સર્વને નમસ્કાર કરવા યોગ્ય રાજા થાય.

૮૯—શુક્ર પોતાની રાશિનો ચોથે હોય, પૂર્ણ ચંદ્ર નવમે હોય અને બીજા ગ્રહ ત્રિજે અને લગ્નમાં હોય તો બહુ યશસ્વી, ધીર અને હાથીઘોડાઓવાળો રાજા થાય.

૯૦—લગ્નમાં ચંદ્ર ઉચ્ચનો, ગુરુ બીજે અને તુલામાં શુક્ર હોય તેમ બાકીના ગ્રહ મીન રાશિમાં હોય તો ચંદ્રમાના કિરણો જેવા નિર્મળ યશવાળો રાજા થાય.

૯૧—ચંદ્ર સાથે સૂર્ય દશમે, લગ્નમાં શનિ, ચોથે ગુરુ અને અગીઆરમે શુક્ર, બુધ, મંગળ હોય તો પોતાના ગુણોથી પ્રસિદ્ધ રાજા થાય.

૯૨—મકર શિવાયના લગ્નમાં જો ગુરુ હોય તો તે અવશ્ય મોટા હાથીયોવાળો રાજા થાય.

૯૩—સાતમે ઉચ્ચનો ચંદ્ર હોય તો રાજ્ય પ્રાપ્ત થાય, પણ પૂર્ણ કળાનો ઉચ્ચનો ચંદ્ર હોય તો બહુ પ્રતાપી રાજા થાય.

૯૪—લગ્ન શિવાય કેન્દ્રમાં પૂર્ણ ચંદ્ર હોય તો બહુ ધન, પરાક્રમ અને વાહનવાળો રાજા થાય.

૯૫—શુક્રપર ગુરુની દૃષ્ટિ હોય તો બહુ માણસોનો સ્વામી અને શેષનાગ જેવા પ્રતાપવાળો રાજા થાય.

૯૬—ઇન્દ્રનો મંત્રી ગુરુ બુધને જોતો હોય તો તેનો સર્વ રાજાઓ હુકમ માથાપર ચઢાવે એવો તે થાય.

૯૭—લગ્નનો સ્વામી ઉચ્ચમાં ચંદ્રને જોતો હોય તો બહુ હાથી, ઘોડા, સેના ને ઐશ્વર્યવાળો શત્રુઓ વિનાનો રાજા થાય.

૯૮—ઉચ્ચનો ચંદ્ર બુધ અને શુક્રને જુએ તો શત્રુઓથી નમસ્કાર કરાયલો, યશસ્વી અને સૌભાગ્યવાળો રાજા થાય.

૯૯—નવમાંશમાં અધિમિત્રની રાશિના ચંદ્રપર શુક્રની દૃષ્ટિ હોય તો નિશ્ચલ લક્ષ્મીવાળો અને ધજા, છત્ર તથા હાથીયોવાળો રાજા થાય.

૧૦૦—પોતાના નવમાંશ કે અધિમિત્રના નવમાંશમાં ચંદ્ર ગુરુની દૃષ્ટિવાળો હોય અને દિવસે જન્મ હોય તો અવશ્ય રાજા થાય.

૧૦૧—લગ્નનો સ્વામી બલવાન્ થઈ કેન્દ્રમાં હોય તો બ્રાહ્મણ છતાં પણ સમૃદ્ધિવાળો રાજા થાય તો રાજકુલમાં જન્મેલાની તો વાત જ શી કહેવી ?

૧૦૨—ઉચ્ચનો બુધ ચંદ્ર સાથે હોય તો હાથીઓના મદ વડે સુગંધીવાળી દિશાઓ કરનારો ( મગધ દેશનો ) રાજા થાય.

૧૦૩—પૂર્ણ ચંદ્ર ઉત્તમ બલવાન્ હોય તો શત્રુઓને દબાવનાર રાજા થાય.

૧૦૪—લગ્નનો સ્વામી કેન્દ્રમાં ઉત્તમ બલવાન્ હોય તો ગોવાળ છતાં પણ રાજા થાય તો રાજકુલમાં જન્મેલાની તો વાત જ શી કહેવી ?

૧૦૫—કેન્દ્રમાં કર્કનો ગુરૂ અને દશમે શુક્ર હોય તો ( ચાર સમુદ્ર સુધીની પૃથ્વીનો ) રાજા થાય.

૧૦૬—મેષનો સૂર્ય ચંદ્ર સાથે રહેલો હોય તો કેરલ, કર્ણાટક, તેલંગણ, કચ્છ, શોણ વિગેરે દેશોનો રાજા થાય.

૧૦૭—કર્કનો ગુરુ, ચંદ્ર સાથે હોય તો કાશ્મીરમંડલનો રાજા થાય.

૧૦૮—શુક્ર, ગુરુ ઉચ્ચમાં કે પોતાના ઘરમાં, નવમે, અગીઆરમે અથવા કેન્દ્ર ( ૧।૪।૭।૧૦ ) માં હોય તો રાજવંશમાં જન્મેલો અવશ્ય રાજા થાય.

૧૦૯—સૂર્યથી બીજે બુધ, ગુરુ અને શુક્ર હોય અને પાપગ્રહ ભેગા ન હોય કે તેમને જોતા ન હોય, તેમ બુધ, ગુરુ અને શુક્ર અસ્તના ( પેજ નં. ૨૭ નો કોઠો જુઓ. ) ન હોય ને ઉદયના હોય તો સમુદ્રપર્યન્ત પૃથ્વીનો રાજા થાય.

૧૧૦—ચંદ્ર શ્વેત કમળ સમાન નિર્મળ અને પૂર્ણ દૃષ્ટિવાળો હોય અને બલવાન્ લગ્નના સ્વામીપર શુભ ગ્રહોની દૃષ્ટિ હોય તો નીતિને જાણનાર, દયાળુ, યશવાળો અને સ્ત્રીઓના અભિમાનને તોડનાર રાજા થાય.

૧૧૧—શુક્ર અને ગુરુ બીજે હોય તો શત્રુઓનો નાશ કરનાર પૃથ્વીનું પાલન કરનાર રાજા થાય.

૧૧૨—કર્ક લગ્નમાં ગુરુ, ચંદ્ર હોય, મીનનો શુક્ર હોય અને પરમ ઉચ્ચમાં શનિ હોય તેમ મેષનો સૂર્ય અને મંગળ પોતાના નવમાંશમાં હોય તો રાજા થાય.

૧૧૩—ક્રૂર ગ્રહો નીચ અથવા શત્રુના ઘરના થઇ ત્રિજે કે છઠ્ઠે હોય અને શુભગ્રહ પરમ ઉચ્ચમાં ઉદયના અને કેન્દ્રસ્થાનમાં હોય તેમ રાત્રિમાં જન્મ હોય અને કર્કનો ચંદ્ર દશમે હોય તો ( ત્રણ ભુવનમાં ) ચક્રવર્તી રાજા થાય.

૧૧૪—ઉદયનો ગુરૂ લગ્નમાં હોય અને શુદિ આઠમનો ચંદ્ર અગીઆરમે બુધની દૃષ્ટિવાળો હોય તેમ ચંદ્રથી બીજે સૂર્ય મંગળની દૃષ્ટિ વિનાનો હોય તો બહુ હાથીઘોડાઓવાળો પૃથ્વીનો પાલન કરનાર રાજા થાય.

૧૧૫—સૂર્ય, ચંદ્ર, મંગળ મેષ લગ્નમાં હોય અને શુક્ર, શનિ, બુધ વૃષભમાં હોય, નવમે ધનનો ગુરુ હોય અને તે ગુરુ નવમાંશમાં પોતાના ઘરનો હોય તેમ સૂર્ય પોતાના ઉચ્ચના નવમાંશમાં બળવાન્ હોય તો શત્રુઓનો ના

રાજા થાય.

૧૧૬—ચંદ્ર, બુધ અને ગુરુ પાંચમે કે દશમે હોય, સૂર્ય શત્રુની રાશિમાં હોય તેમ મંગળ ઉચ્ચનો અને શનિ નવમે હોય તો દાનધર્મ કરવાથી કીર્તિ મેળવનાર રાજા થાય.

૧૧૭—લગ્ને કન્યાનો બુધ, મીનમાં ગુરુ અને બળવાન્ મંગળ લગ્નમાં હોય તેમ છઠ્ઠે શનિ અને શુક્ર ચોથે હોય તો પોતાના હાથો વડે વિજય પામનાર રાજા થાય.

૧૧૮—શનિ લગ્નમાં મકરનો, સૂર્ય સાતમે, શુક્ર આઠમામાં, વૃશ્ચિકરાશિમાં મંગળ અને કર્ક રાશિમાં ચંદ્ર હોય તો પ્રસિદ્ધ રાજા થાય.

૧૧૯—મકર લગ્નમાં ઉદયનો મંગળ, શનિ નવમે અને ચંદ્ર સાથે સૂર્ય સાતમે હોય તો ચંચળ સ્વભાવવાળો રાજા થાય.

૧૨૦—ચંદ્ર અને શનિ લગ્નમાં હોય, ગુરૂ તુલાનો હોય અને પોતાના ઉચ્ચમાં રહેલા બુધ ઉપર શુક્રની દૃષ્ટિ હોય તો બહુ ક્રૂર રાજા થાય.

૧૨૧—પાપગ્રહો અગીઆરમે ગુરુની દૃષ્ટિ વિનાના હોય, લગ્નમાં શુક્ર હોય અને ચંદ્ર કર્ક રાશિમાં હોય તો વાવ, કુવા, તલાવ, દેવતાનાં મંદિર વિગેરે બંધાવનાર તેમ બ્રાહ્મણ અને દેવતાઓનો ભક્ત રાજા થાય.

૧૨૨—એક પણ ગ્રહ ઉચ્ચનો હોય અને કેવળ સૂર્ય કેન્દ્ર (૧।૪।૭।૧૦) માં પૂર્ણ બલવાન્ હોય અને પાંચમે રહેલા ગુરૂની તેઓ પર દૃષ્ટિ હોય તેમ દિવસે જન્મ હોય તો બહુ હાથીયોવાળો, સર્વને નમસ્કાર કરવા યોગ્ય કૃતાર્થ રાજા થાય.

૧૨૩—મંદ મંદ પવન નિર્મળ આકાશમાં વાતો હોય, ગ્રહો બળવાન્, ઉપદ્રવ કે વેર વિનાના હોય, તારામંડળમાં ગુરૂ ઉદયને પામેલો હોય અને વૃષભ રાશિમાં શુક્ર હોય એ વખતમાં જન્મેલો રાજા થાય.

૧૨૪—કેન્દ્રમાં અધિમિત્રની રાશિમાં જન્મરાશિનો સ્વામી લગ્નના સ્વામી સાથે હોય અને બળવાન્ થઈ લગ્નને જુએ તો પુષ્કળ યોગ થાય, અને એ પુષ્કળ યોગવાળો લાંબો વખત રાજ્ય કરનાર, શત્રુઓનો નાશ કરનાર, હાથીયોના મદથી દિશાઓને સુગંધવાળી કરનાર રાજા થાય.

૧૨૫—લગ્નનો સ્વામી લગ્નમાં હોય અને રાશિના પહેલા ભાગમાં હોય તો ન્યાયાધીશ, મધ્ય ભાગમાં મંડળીનો રાજા અને અંત્ય ભાગમાં હોય તો ગામનો રાજા થાય.

૧૨૬—રેવતી, પૂર્વાફાલ્ગુની, મૂળ, પુષ્ય નક્ષત્રનો સૂર્ય લગ્નમાં હોય તો ૧૦૦ યોજન પૃથ્વીનો રાજા થાય.

૧૨૭—કૃત્તિકા, રેવતી, સ્વાતી, પુષ્ય, અશ્વિનીમાં શુક્ર હોય તો રાજાધિરાજ થાય.

૧૨૮—લગ્નનો સ્વામી ઉચ્ચનો થઈ કેન્દ્રમાં હોય તો આખી પૃથ્વીનો રાજા અથવા કેવળ લગ્નનો સ્વામી કેન્દ્રમાં હોય તો રાજા થાય અને જન્મરાશિનો સ્વામી કેન્દ્રમાં હોય તો સામાન્ય ધનની સમૃદ્ધિવાળો થાય.

## "જાતકી" માં આ પ્રમાણે "રાજયોગો" માનવામાં આવેલા છે.

૧૨૯—લગ્નમાં ગુરુ હોય અને પાંચમા અથવા દશમા સ્થાનમાં ચન્દ્રમા રહ્યો હોય તો તેને રાજયોગ જાણવો અને એવા યોગવાળો પુરુષ પોતાના કુળનો અગ્રેસર થાય છે.

૧૩૦—ત્રિજા સ્થાનમાં જો ગુરુ રહ્યા હોય અને અગીઆરમા લાભ સ્થાનમાં જો ચંદ્ર રહ્યો હોય તો તે યોગમાં જન્મેલો મનુષ્ય પ્રખ્યાત અને કુલદીપક થાય છે.

૧૩૧—ગુરુ અથવા શુક્રમાંનો એક પણ ગ્રહ જો કેન્દ્ર (૧।૪।૭।૧૦) સ્થાનમાં રહેલો હોય અથવા તો નવમે કે પાંચમે સ્થાને એટલે ત્રિકોણમાં હોય તો તે દરિદ્રી થતો નથી અર્થાત્ ધનવાન્ થાય છે.

૧૩૨—બીજા કે બારમા સ્થાનમાં તેમ લગ્નમાં કે સાતમા સ્થાનમાં સર્વ ગ્રહો રહેલા હોય તો તેને રાજયોગ જાણવો અને તે યોગવાળો પુરૂષ છત્રધારી રાજા થાય છે.

૧૩૩—લગ્નમાં ગુરુ હોય, ચોથા સ્થાનમાં ચન્દ્ર તથા બુધ હોય અને દશમા સ્થાનમાં મંગળ હોય તો તે રાજયોગ થાય છે.

૧૩૪—મકરરાશિ સિવાય કોઈપણ રાશિના લગ્નમાં જો ગુરૂ રહ્યો હોય તો તે મનુષ્યને રાજા બનાવે છે અથવા ધનવાન્ કરે છે.

૧૩૫—પૂર્ણ કળાવાળો ચંદ્ર જો લગ્ન શિવાય કોઇપણ કેન્દ્ર (૧।૪।૭।૧૦) સ્થાનમાં રહેલો હોય તો તે માણસ રાજાને પણ વશ કરવાવાળો થાય.

## રાજયોગોનું ફળ ક્યારે મળે ?

ઉપરોક્ત તથા એ શિવાયના રાજયોગોનું ફળ કયારે મળે છે એ જાણવું પણ જરૂરી હોવાથી ટુંકમાં તે જોઇએ. બૃહજ્જાતકમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

૧ દશમા સ્થાનમાં અને લગ્નમાં એમ બેઉ સ્થાનમાં રાજયોગ કરનાર ગ્રહોમાંથી એક એક અથવા વધારે ગ્રહ હોય તો તે સર્વમાંથી જે ગ્રહ વધારે બળવાન્ હોય તેની દશા અંતર્દશામાં રાજયોગનું ફળ મળે છે.

૨ દશમા સ્થાનમાં અને લગ્નમાં એમ બેઉ સ્થાનોમાં રાજયોગ કરનાર ગ્રહોમાંથી કોઈ પણ ગ્રહ ન હોય તો જન્મકુન્ડલીમાં સર્વથી બળવાન્ જે ગ્રહ હોય તેની દશા અંતર્દશામાં રાજયોગનું ફળ મળે છે.

૩ બળવાન્ ગ્રહની મહાદશામાં રાજયોગ કરનાર ગ્રહની અંતર્દશા આવે ત્યારે રાજયોગનું ફળ મળે, પણ રાજયોગ કરનાર ગ્રહો ઘણા હોય તો તેમાં જે વધારે બળવાન્ હોય તેની અંતર્દશામાં રાજયોગનું ફળ મળે છે.

૪ ક્વચિત્ રાજયોગ કરનાર ગ્રહની મહાદશા આવવાનો સંભવ ન હોય તો તે ગ્રહના મિત્ર ગ્રહની મહાદશામાં રાજયોગકારક ગ્રહની અંતર્દશા આવે ત્યારે રાજયોગનું ફળ મળે.

ઉપર પ્રમાણે ટુંકમાં રાજયોગનું ફળ ક્યારે મળે છે તે બતાવ્યું પણ હવે પછી પૂર્વોક્ત રાજયોગોનો ભંગ પણ કેટલાક ગ્રહોને આધારે થાય છે. તે ક્યારે અને કેવી રીતથી થાય છે તે પણ ફળાદેશ જોવામાં ઉપયોગી હોવાથી આપવામાં આવે છે. સારાવલી વિગેરે ગ્રંથોમાં આપ્રમાણે કહેવામાં આવ્યુ છે.

## રાજયોગોના ભંગકારક યોગો

૧ જન્મકુંડલીમાં મંગળ, સૂર્ય, ગુરુ અને શનિ એ ચાર ગ્રહો નીચ રાશિમાં હોય કે એમાંથી ૩, ૨ કે ૧ પણ હોય અને એમાંનો એક લગ્નમાં હોય અને ચંદ્ર વૃશ્ચિક રાશિનો હોય તો રાજયોગનો ભંગ થાય.

૨ સર્વ ક્રૂર ગ્રહો કેન્દ્રમાં નીચના કે શત્રુ રાશિમાં હોય અને શુભ ગ્રહો એમની સાથે ન હોય કે એમને જોતા ન હોય કે શુભ ગ્રહો ૬ । ૮ । ૧૨ મે રહેલા હોય તો રાજયોગનો ભંગ થાય છે.

૩ લગ્ન વર્ગોત્તમી ન હોય કે ગ્રહો લગ્નને ન જોતા હોય તો દારિદ્ર્યકારક રાજયોગનો ભંગ થાય.

૪ કુંભ લગ્નમાં જન્મ હોય, ત્રણ ગ્રહો નીચના હોય, ગુરુ અસ્ત કે નીચનો હોય, પાપગ્રહ દશમે હોય અને એક પણ ગ્રહ ઉચ્ચ રાશિમાં ન હોય તો સો રાજયોગોનો ભંગ થાય.

૫ સૂર્ય પોતાના નવમાંશમાં, ચંદ્રમા નિર્બળી, ચંદ્ર પાપ ગ્રહોથી દૃષ્ટ અને શુભ ગ્રહોથી અદૃષ્ટ હોય તો પહેલાં રાજયોગ કરે પણ પાછળથી તેનો ભંગ થાય.

૬ લગ્નમાં ચંદ્રનો શત્રુગ્રહ રહેલો હોય અને તેના પર ચંદ્રની દૃષ્ટિ હોય, સૂર્ય ત્રીજે, મંગળ છઠ્ઠે અને શનિ અગિઆરમે રહેલા હોય, કેન્દ્રસ્થાન શુભ ગ્રહો રહિત હોય અને શુભગ્રહો અસ્તના હોય તો ધીમે ધીમે રાજયોગનો ભંગ થાય.

૭ પાંચ ગ્રહો અસ્તના કે શત્રુ રાશિના હોય તો પણ રાજયોગનો ભંગ થાય છે.

૮ જે મનુષ્યનો જન્મ ઉલ્કાપાત, નિર્ઘાત, મહાપાત, વ્યતિપાત કે ધૂમકેતુના ઉદય વખતે થયો હોય તેના રાજયોગનો ભંગ થાય છે.

૯ ક્ષીણ ચંદ્ર (પેજ નં. ૨૯ ની નોટ જુઓ) પરમ નીચમાં હોય તો રાજયોગનો ભંગ થાય.

૧૦ જન્મકુંડલીમાં સૂર્ય તુલા રાશિનો હોય અને ત્રિંશાંશમાં એ દશમે હોય તો લોભ જેમ સર્વ ગુણનો નાશ કરે છે તેમ રાજયોગનો ભંગ થાય.

૧૧ તુલાના દશમાંશમાં એટલે કે પરમ નીચનો સૂર્ય હોય તો હજારો રાજયોગોનો ભંગ કરે.

૧૨ કેટલાક ગ્રહ મૂળત્રિકોણમાં, ઉચ્ચમાં કે સ્વગૃહી હોય પણ એકલો સૂર્ય જ જો પરમ નીચનો હોય તો રાજયોગનો ભંગ થાય.

૧૩ મકરનો ગુરુ લગ્ને હોય, અને ચંદ્ર કર્ક રાશિનો ન હોય તો રાજયોગ ભંગ થતાં માણસ દુઃખી થાય છે.

૧૪ એકલો ચંદ્ર "કેમદ્રુમ" યોગ પામવા છતાં શુભ ગ્રહોની દૃષ્ટિ વાળો ન હોય તો રાજયોગમાં ભંગ થાય અને માણસ અયોગ્ય આચરણવાળો બને.

૧૫ ત્રણ કે તેથી વધારે ગ્રહ નીચના હોય તો રાજયોગનો ભંગ થતાં માણસ ભીખમાગનાર, બહુ દુઃખી, રાજપુત્રોથી તિરસ્કાર પામનાર અને નિર્ધન થાય.

૧૬ પાંચ કે તેથી વધારે ગ્રહો અધિશત્રુરાશિના કે અસ્તના હોય અને સૂર્ય, ચંદ્ર ઉચ્ચના ન હોય તો રાજયોગનો ભંગ થાય.

૧૭ શુક્ર નીચ રાશિનો હોય તો રાજ્ય મળવા છતાં પણ રાજયોગનો ભંગ થાય.

૧૮ સર્વ ગ્રહો નવમાંશમાં વર્ગોત્તમી હોય પણ જન્મમાં શત્રુના ઘરમાં હોય તો, અથવા વધારે ગ્રહો નીચ રાશિના હોય તો રાજયોગનો ભંગ થાય.

૧૯ ચંદ્રમાને કે લગ્નને એક પણ ગ્રહ જોતો ન હોય તો સર્વ રાજયોગનો ભંગ થાય એમ પરાશર ઋષિનો મત છે.

૨૦ મકર લગ્નમાં ગુરુ પરમ નીચનો હોય તો રાજયોગ છતાં માણસ દરિદ્રી થાય.

૨૧ લગ્નમાં રાહુને ચંદ્ર દેખતો હોય, સૂર્ય, શનિ અને મંગળ અનુક્રમે ત્રિજે, છઠ્ઠે અને અગીયારમે હોય, શુભ ગ્રહ કેન્દ્રમાં ન હોય કે કેન્દ્રમાં અસ્તના હોય તો પણ રાજયોગનો ભંગ થાય.

૨૨ ચારે કેન્દ્ર સ્થાનોમાં કોઈ શુભ ગ્રહ ન હોય અથવા કેન્દ્રમાં બેઠેલ શુભગ્રહો અસ્તના કે નીચના હોય અથવા ચારે કેન્દ્રસ્થાનોમાં ગ્રહો શત્રુની રાશિના હોય તો પણ રાજયોગનો ભંગ થાય.

૨૩ જન્મમાં ૯ । ૧૦ । ૧૧ ભાવોના સ્વામી નીચ રાશિઓમાં પીડિત કે અસ્તના હોય તો પણ રાજયોગનો ભંગ થાય.

૨૪ રાજયોગ કરનાર ગ્રહો શત્રુના ઘરમાં છઠ્ઠા સ્થાનમાં કે અસ્તના હોય તો પણ રાજયોગનો ભંગ થાય.

૨૫ ચંદ્ર પરમ નીચ નવમાંશમાં હોય તો અવશ્ય રાજયોગોનો ભંગ થાય એમ મુનિઓનું માનવું છે.

આ પ્રમાણે આ રાજયોગોના ભંગ કરનાર યોગો પણ સાધારણ પ્રમાણમાં બતાવેલા છે. આ સર્વની કુંડલીઓ ફલાદેશ જોનારે પોતેજ કલ્પી લેવી. અથવા તેવા યોગોની કુંડલીઓ જોવામાં આવે તો તે પરથી ફળાદેશ કહેવું.

---

હવે આ પ્રકરણને "કારક" પ્રકરણ પણ કહેવામાં આવે છે અને તેથી કયા ગ્રહો શાના કારક છે તેમ વિશેષ અંશાદિથી અનિત્યકારક તરીકે શાના કારક બને છે તે પણ આપવું ઉચિત હોવાથી તે તરફ જોઇએ.

સામાન્ય રીતે સૂર્ય "પિતૃકારક", ચંદ્ર "માતૃકારક", મંગળ "ભ્રાતૃકારક", બુધ "મિત્રકારક", ગુરુ "પુત્રકારક", શુક્ર "સ્ત્રીકારક", શનિ "આયુષ્યકારક" અને રાહુ "જ્ઞાતિકારક" છે.

આ પ્રમાણે ગ્રહો સામાન્ય રીતે નિત્યકારક તરીકે ગણવામાં આવેલા છે પરંતુ તે વિશેષ અંશાદિથી નીચે પ્રમાણે અનિત્યકારક બને છે.

સૂર્ય થી શનિ સુધીના ગ્રહોમાં જે સર્વથી વધારે અંશવાળો હોય તે ગ્રહ "આત્મકારક", તેથી અનુક્રમે ઓછા ઓછા અંશવાળા ગ્રહ "અમાત્યકારક", "ભ્રાતૃકારક", "માતૃકારક", "પુત્રકારક", "જ્ઞાતિકારક" અને "સ્ત્રીકારક" સમજવા. રાહુ ગમે તેટલા વધારે અંશવાળો હોય તો પણ તે "સર્વકારક" અથવા "અંત્યકારક" માનવામાં આવેલો છે.

આ પ્રમાણે ફલાદેશ જોતી વખતે કયા કયા ગ્રહો શાના શાના કારક છે તે પણ જોઈ ફલાદેશ કહેવું વધારે યોગ્ય ગણાય તેથી આ ઉપરોક્ત વિભાગ આપવામાં આવેલો છે.

**इति "उडुदायप्रदीपे" "राजयोगाध्यायो" द्वितीयः समाप्तः ॥**

**આ પ્રમાણે "ઉડુદાયપ્રદીપ" માં "રાજયોગાધ્યાય" નામનો અધ્યાય બીજો સંપૂર્ણ.**

---

# ॥ अथ आयुर्दायाध्यायस्तृतीयः ॥

હવે ગ્રંથકર્તા આયુષ્યના સંબંધી કેટલાક યોગોનું કથન કરવા માટે "આયુર્દાયાધ્યાય" નામના ત્રિજા અધ્યાયનો આરંભ કરે છે. તેમાં સ્થાનની વિશેષ સંજ્ઞા જણાવવા માટે નીચેના શ્લોકનો આરંભ કરે છે.


## આયુષ્યસ્થાન અને મારકસ્થાનની સંજ્ઞા.

**अष्टमं ह्यायुषः स्थानमष्टमादष्टमं च यत् ।**
**तयोरपि व्ययस्थानं मारकस्थानमुच्यते ॥ २३ ॥**

**આઠમું સ્થાન એ આયુષ્યસ્થાન કહેવામાં આવે છે તેજ પ્રમાણે આઠમાથી જે આઠમું સ્થાન એટલે ત્રીજું સ્થાન તે પણ આયુષ્યસ્થાન કહેવાય છે; અને તે બને સ્થાનોથી જે વ્યયસ્થાન–બારમું સ્થાન એટલે સાતમું તથા બીજું સ્થાન એ મારકસ્થાન કહેવામાં આવે છે. ૨૩.**

આ પરથી એમ સમજાય છે કે આઠમું અને ત્રીજું સ્થાન તે આયુષ્યસ્થાન કહેવાય છે અને તે આઠમાથી બારમું એટલે સાતમું સ્થાન તેમજ ત્રિજાથી બારમું એટલે બીજું સ્થાન એ મારકસ્થાન તરીકે ઓળખવામાં આવે છે. એટલે આઠમા તથા ત્રિજાસ્થાનના સ્વામીઓ જેટલા પ્રમાણમાં બળવત્તર હોય તેટલા પ્રમાણમાં આયુષ્ય હોય અને બીજા અને સાતમાસ્થાનના સ્વામીઓ જેટલા પ્રમાણમાં બલવત્તર તેટલા પ્રમાણમાંજ તે પોતપોતાની દશામાં મારક થાય છે. એટલે હાનિકારક અથવા મૃત્યુકારક થાય છે.

## આયુષ્યસ્થાન તથા મારકસ્થાનદર્શક કુંડલી.




આગલના ભાગમાં ત્રિજા, છઠ્ઠા, આઠમા તથા અગીઆરમા સ્થાનમાં રહેલા ગ્રહો અનિષ્ટફળ આપવાવાળા ગણાવેલા છે અને તેજ પ્રમાણે બીજું તથા સાતમું સ્થાન તે મારકસ્થાન ગણાતું હોવાથી તે સ્થાનના અધિપતિઓના સંબંધમાં કેવું કેવું ફળ મળે છે તે પણ જણાવવામાં આવ્યું છે અને અહીં પણ તેવીજ રીતે આ આયુર્દાયાધ્યાય આપેલો હોવાથી આયુષ્યપરત્વે કેવું કેવું ફળ તેમનું મળે છે તે સંબંધમાં ખાસ જણાવવામાં આવશે. એટલે આયુષ્ય-ભુવનનું કથન કરી તેમની સાથેજ સંબંધ ધરાવતાં બીજા તથા સાતમા મારક ભુવનોનું પણ અહીં કથન કરવામાં આવ્યું છે. હવે એમાં કયા સ્થાનથી કયું સ્થાન

બલવત્તર છે તથા તેમાંના કયા કયા ગ્રહો અનિષ્ટ ફળ આપનારાળા છે તથા કેવા સંયોગમાં અનિષ્ટ ફળ મળી શકે છે તે સંબંધમાં ચોવીસમા શ્લોકના અર્થ પર આધાર રાખી આપણે ટુકમાં આયુષ્યભુવનના સંબંધનો કાંઇક વિશેષ વિચાર કરીએ.

સ્વાભાવિક રીતે જન્મકુંડલીપરથી બાળકના જન્મ પછી ફળનું પ્રેક્ષણ કરનારાઓ આયુષ્યભુવનનું ફળ સામાન્ય રીતે એક સરખુંજ જુએ છે, પરંતુ તેમાં કેટલોક ફરક માનવામાં આવેલો છે. જેમકે એક બાળક જન્મ્યા પછી તેના બાર વર્ષની અંદરના આયુષ્યનો સ્પષ્ટકાળ ચોક્કસ કરી શકાતો નથી. કારણકે તે અરસામાં જો તેનો નાશ થવાનો સંભવ હોય છે તો તેમાં તેનાં માતાપિતાનાં પાપ તથા તે બાળકના ગ્રહો એ સર્વનું એકીકરણજ તેના વિનાશ માટે યોજાયલાં હોય છે, અને તેમાં ગ્રંથાંતરના પ્રમાણમાં--જાતક પારિજાતકમાં--એમ ચોખ્ખુ લખવામાં આવ્યું છે કે, “ જો બાલક પોતાના જન્મ પછી ચાર વર્ષની અંદર મરણ પામે છે તો તેનું કારણ તેની માતાનાં પાપ હોય છે અને ત્યાર પછી જો પાંચથી આઠ વર્ષના કાળમાં તેનું મૃત્યુ થાય છે તો તે પિતાના પાપસમુદાયથી મૃત્યુપામે છે અને ત્યાર પછી નવમાથી બારમા વર્ષ પર્યંતમાં જો તેનો નાશ થાય છે તો તે પોતાનાં પાપોથી નાશ પામે છે એમ સમજવું. (જા. પા. અધ્યાય ૪, ૧--૨ )” એમાંજ આગળ ચાલતાં પછી જણાવવામાં આવ્યું છે કે, “ મનુષ્યનાં તેના જન્મકાળ પછી આઠવર્ષ બાલારિષ્ટ તરીકે માનવામાં આવેલાં છે, વિશવર્ષ સુધી ગ્રહોના યોગોથી અનિષ્ટ પ્રાપ્ત થાય છે એટલે તેને યોગારિષ્ટ માનવામાં આવેલ છે, બત્રીસ (૩૨) વર્ષ સુધીના આયુષ્યને અલ્પાયુષ કહેવામાં આવે છે, સિત્તેર (૭૦) વર્ષ સુધી મધ્યમાયુષ્ય કહેવામાં આવે છે અને ત્યાર પછી સો (૧૦૦) વર્ષ પર્યંતના આયુષ્યને પૂર્ણ આયુષ્ય માનવામાં આવલું છે. ”

આ પરથી સ્વાભાવિક રીતે સમજી શકાય છે કે આયુષ્યભુવનનું ફળ કુંડલીપરથી નક્કી કરવું ઘણું મુશ્કેલીભર્યું છે. કારણ કે ઉપરના કથન પ્રમાણે અલ્પાયુષ્ય, મધ્યમાયુષ્ય અને દીર્ઘાયુષ્ય એટલે એક દર ૩૨, ૭૦ અને ૧૦૦ વર્ષપર્યંતના જીવનક્રમનું યોગોપરત્વે બરાબર યોગાનુયોગ મેળવી સ્પષ્ટતાથી ફલાદેશનુ કથન કરવું જોઇએ. આયુર્દાના સંબંધમાં અનેક યોગો અનેક મહાન્ મહાન્ વિદ્વાનોએ આપેલા છે અને તે સર્વનું એક સાથે સંમેલન કરી યોગના ફળનું કથન કરવું પણ દુર્લભ છે, કારણ કે તે સર્વની પદ્ધતિ જુદી જુદી રીતની છે. કેમકે તેમાં શુભાશુભ ગ્રહો કયા સ્થાનપર કેવી રીતે પડેલા તેની સંકલના ભિન્ન ભિન્ન રીતે આપવામાં આવેલી હોય છે. કોઈ વખત પાપગ્રહ પણ અમુકસંયોગોમાં શુભતાને ધારણ કરે છે જ્યારે કેટલીક વાર શુભગ્રહ પણ સંયોગપરત્વે પાપગ્રહ થી ખરાબ ફળ આપવાવાળો થઈ શકે છે અને તેથીજ યોગાનુયોગ મેળવી કથન કરવું એ દુર્ઘટ છે.

આને માટે જો કે ગણિતકારો આયુર્દા લાવવા માટે ગણિતની ગણત્રી કરી તે પરથી જન્મપત્રિકામાં આયુર્દાની કુંડલી આપે છે, પરંતુ તેના એકલા પરથીજ સ્પષ્ટ આયુર્દા કર્યા પછી પણ ફલના પ્રમાણમાં બરાબર ( ચાહ્ય તો પ્રેક્ષકતાના અભાવે અથવા તો ગણિતની કે કાલની ન્યૂનતાને અંગે ) આયુર્દાકાલ મળી રહેવાનો સંભવ નથી. કારણ કે સ્વાભાવિક રીતે એમાં એવો એક પ્રશ્ન રહે છે કે આયુર્દા બરાબર રીતે કાઢવામાં આવેલું હોય છતાં પણ જો અમુક ગ્રહની મારક દશા ન આવેલી હોય તો તેના આયુષ્યને માટેની અમુકજાતની સ્પષ્ટતા કેવી રીતે સંભવી શકે ? અને આથીજ એમ માની શકાય કે અમુક દશા પરથી અથવા ગણિત પરથી પણ આયુર્દાના સંબંધમાં સ્પષ્ટ ખુલાસો કેટલીક રીતે થવો અસંભવિતજ જણાય છે, છતાં પણ જ્યારે પત્રિકા કરવામાં આવે છે ત્યારે તે સ્પષ્ટ પત્રિકામાં 'મધ્યમાયુઃ' 'સ્પષ્ટાયુઃ' વગેરે લખવામાં આવે છે, અને તેજ પ્રમાણે દશામાં મહાદશા તથા અંતર્દશાઓપર પણ આધાર રાખવામાં આવે છે. આ પ્રમાણે જ્યારે પત્રિકાકાર પત્રિકા બનાવે છે ત્યારે તેમાં તેણે આયુષ્યના સંબંધનું ફલકથન સ્પષ્ટરીતે લખેલું હોવું જોઇએ એવો નિયમ હોય છે, છતાં પણ આજે તેવો સંભવ બહુ ઓછોજ જોવામાં આવે છે. અને આથીજ સ્પષ્ટાયુ વગેરે લખેલાં હોવા છતાં પણ દશાઓ આપવામાં આવે છે અને તેના પરથી મારક-સ્થાનના અધિપતિ સંબંધી કેટલીક જાણવા જોગ પરિસ્થિતિનું એકીકરણ કરી ફળકથન કરવામાંઆવે છે. આ પ્રમાણે જો ગણિતની સ્પષ્ટતા બરાબર હોય તો અને ફલમાટેના યોગાનુયોગ જોનાર પણ અનુભવી હોય તો ઘણા અંશે તે મળે એમાં સંશય નથી.

આ આવરદા પણ નિસર્ગજ, પૈણ્ડજ, અંશજ, રશ્મિજ, ચક્રજ, નક્ષત્રજ, દાયજ અને અષ્ટકવર્ગથી ઉત્પન્ન થતાં એમ એકંદર આઠ પ્રકારનાં માનવામાં આવેલાં છે. અત્રે એ બધાનું વિવેચન પણ અત્યંત વિસ્તારવાળું હોવાથી આ પુસ્તકને અંગે કરવું અનુચિત છે અને તેથી તે સર્વ "જાતકપારિજાતક" વગેરે અનેક ગ્રંથોમાંથી જોઈ લેવાનીજ ભલામણ વાંચકને કરી હવે મૂળ વિષય તરફ વળીએ.

આગળ બીજા તથા સાતમા મારક સ્થાન સંબંધમાં કરેલા કથનમાં કૈંક વિશેષતા દાખવવામાટે હવે જણાવે છેઃ

तत्राप्याद्यव्ययस्थानाद् द्वितीयं बलवत्तरम् ।
तदीशितुस्तत्र गताः पापिनस्तेन संयुताः ॥२४॥

( આગળ કહેવામાં આવેલાં ) તે સાતમા તથા બીજા વ્યય-સ્થાનમાં–મારકસ્થાનમાં પહેલાં (સાતમા) કરતાં બીજું (બીજું) વધારે

બલવાન્ છે. તેમાં તે સ્થાનોના સ્વામી કરતાં તેમાં રહેલા પાપગ્રહો વધારે બલવાન્ અને તેવા ગ્રહો કરતાં પણ તે સ્થાનાધિપતિયુક્ત જો તે પાપીગ્રહો હોય તો તે તેમનાથી પણ વધારે બલવાન્ છે. ૨૪.

આઠમા સ્થાનનું તથા આઠમાના આઠમાસ્થાનનું એટલે ત્રિજાસ્થાનનું જે વ્યયસ્થાન એટલે સાતમું તથા બીજું સ્થાન તે મારકસ્થાન કહેવામાં આવ્યું છે, પરંતુ એ બે સ્થાનોમાં સાતમા કરતાં બીજું વધારે બલવત્તર ગણાય છે, એટલે જો સપ્તમ સ્થાન વખતે શુભફલદાયક હોય અને દ્વિતીયસ્થાનસંબંધી ફળ અશુભ મળી શકે તેવું હોય તો તેમાં બીજા સ્થાનથી મળતું અશુભ ફળજ મળવાનો સંભવ વધારે રહે. એજ પ્રમાણે જો કવચિત્ સપ્તમસ્થાન અશુભફળદાયક હોય અને બીજું સ્થાન શુભફળદાયક હોય તો તેમાં તેની બલવત્તા હોવાથી બીજા સ્થાનસંબંધી શુભફળ મળવાનો જ સંભવ વધારે રહે છે. વળી તેમાં પણ દ્વિતીય સ્થાનના સ્વામી કરતાં પણ પાપગ્રહો વધારે બલવાન્ હોય છે એટલે કે દ્વિતીય સ્થાનનો અધિપતિ શુભ હોય એટલે શુભ ગ્રહ હોય અથવા તો શુભગ્રહો સાથે પડેલો હોય કે બીજા કોઈ સંયોગોથી શુભફલદાયક થતો હોય તો પણ તેનાથી તે દ્વિતીયસ્થાનમાં જો પાપગ્રહો પડેલા હોય છે તો તે વધારે બલવાન્ ગણાય છે એટલે કે અશુભ ફળજ તે સ્થાનનું વધારે મળે છે. અને એજ પ્રમાણે જો બીજા સ્થાનનો સ્વામી અશુભ હોય અને તેમાં રહેલા ગ્રહો શુભગ્રહો હોય તો તેનું શુભફળજ વધારે પ્રમાણમાં મળે છે. પરંતુ બીજા સ્થાનમાં કવચિત્ શુભગ્રહ હોય તો પણ જો તે બીજા સ્થાનનો સ્વામી પાપગ્રહોથી યુક્ત હોય તો તે સર્વથી વધારે બલવાન્ ગણાય છે અને તેથી તેનું ફળ અનિષ્ટકારકજ આવે એમાં સંશય નહીં.

આજ પ્રમાણે સપ્તમ સ્થાનનું પણ સમજવું જોઈએ, એટલે કે સપ્તમ સ્થાનના સ્વામી કરતાં સપ્તમ સ્થાનમાં જો પાપગ્રહ પડેલા હોય તો તે સ્થાનનો સ્વામી શુભ હોય તો પણ અશુભ ફળજ સપ્તમસ્થાનના ફળ તરીકે પ્રાપ્ત થાય છે. અથવા તો સપ્તમસ્થાનનો સ્વામી અશુભ હોય છતાં તેમાં જો બધા શુભગ્રહો પડેલા હોય તો તે સ્થાનનું શુભફળ પ્રાપ્ત થાય છે, પરંતુ તે સપ્તમસ્થાનનો સ્વામી શુભહોય છતાં તે જો પાપગ્રહ યુક્ત હોય તો સાતમા સ્થાનમાં શુભગ્રહ હોવા છતાં પણ તેનું ફળ અનિષ્ટકારકજ મળી શકે. એટલે એ પ્રમાણે બીજા અથવા સાતમા સ્થાનના સ્વામી કરતાં તેમાં રહેલા પાપગ્રહો બલવાન્ અને તેમાં રહેલા શુભ ગ્રહો હોય છતાં પણ તેના સ્વામીની પાપગ્રહો સાથેની સ્થિતિ વધારે બલવતી ગણાય છે. આમ ઉત્તરોત્તર ફલના સંબંધમાં સમજી લેવું. તેમાં પણ ટુંકમાં આ સાતમા સ્થાન કરતાં બીજા સ્થાનની બલવત્તા વધારે સમજવી, એટલે કે સાતમા

સ્થાન તરફથી કવચિત્ શુભફળ પ્રાપ્ત થતું હોય તો પણ જો બીજા સ્થાન-નિમિત્તક ફળ અશુભ જણાતું હોય તો તેનું ફળ અશુભજ મળે અને એજ પ્રમાણે જો સાતમાસ્થાનનું ફળ અશુભ મળી શકે તેમ હોય અને બીજા સ્થાનનું ફળ શુભ પ્રાપ્ત થાય તેમ હોય તો તેમાં બીજા સ્થાનનું શુભ ફળજ વધારે પ્રમાણમાં મળે એમ ચોક્કસ સમજવું.

આ પરથી એમ માની શકાય છે કે એવા જ્યારે શુભ ફળનો કંઈક યોગ હોય ત્યારે સ્વાભાવિક રીતે મનુષ્યના આયુષ્યના સંબંધમાં કૈંક શુભ ઘટના એટલે દીર્ઘાયુષ્યપણું પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે અશુભ ફળના સંયોગો જોતાં તેવા ગ્રહોની બલવત્તામાં કૈંક અનિષ્ટકારક યોગ ઉભો થવા જેવો હોય તેવો સંભવ રહે છે અને તેમાં પણ ખાસ કરી મૃત્યુકારક યોગ ના હોય તો પણ તેની તેવી સ્થિતિ લાવવા જેવું પીડાકારક ફલ અપાવવાને તે યોગના ગ્રહો ચુકતા નથી એમ સમજી શકાય છે. એટલે તે પ્રમાણેના યોગના બલાબલપર વિચાર કરી આયુષ્યના સંબંધમાં વધારે અથવા થોડું કે અથવા તો પીડાકારક સ્થિતિનું પ્રેક્ષણ કરવામાં આવે છે.

<u>હવે ઉપર બતાવેલા ગ્રહાદિ ક્યારે અશુભ ફળ આપે છે તે સંબંધમાં જણાવે છેઃ</u>

**तेषां दशाविपाकेषु संभवेन्निधनं नृणाम् ॥**
**तेषामसंभवे साक्षाद् व्ययाधीशदशास्वपि ॥ २५ ॥**

**તે સાતમા અથવા બીજાસ્થાનના અધિપતિઓની સાથે રહેલા પાપગ્રહોની દશાના અંતમાં મનુષ્યોને મૃત્યુનો સંભવ રહે છે અને જો તેમાં મૃત્યુનો સંભવ ન હોય તો છેવટે (તે સ્થાનોના અધિપતિઓની) વ્યયાધીશોની દશામાં તો અવશ્ય રીતે માણસનું મૃત્યુ થાય છે. ૨૫.**

પૂર્વમાં ઉત્તરોત્તર એકેક યોગથી બીજાની જે બલવત્તા બતાવવામાં આવેલી છે તેમાં સાતમા તથા દ્વિતીયસ્થાનના સ્વામીઓ બલવાન્ અને તેથી પણ વધારે બલવાન્ તે સ્થાનમાં તેનાથી યુક્ત રહેલા પાપગ્રહો માનવામાં આવેલા છે એટલે તેવા ગ્રહોનું જ્યારે અશુભ ફળ મળવાનો સંભવ હોય ત્યારે જ્યારે તે ગ્રહોની દશા-ઓનો અન્ત હોય એટલે તે ગ્રહોની દશા ઉતરવાનો સમય હોય ત્યારે મનુષ્યનું મૃત્યુ થાય છે. અથવા તો જો તેવા સમયે કોઈ યોગાન્તરના સંબંધથી મૃત્યુની ઘટના અસંભવિત હોય છે ત્યારે તે સાતમા અથવા બીજા સ્થાનના અધિપતિની દશાના અંતમાં મૃત્યુનો સંભવ રહે છે. આમાં કેટલાકની માન્યતા એવી છે કે, એ મૃત્યુનો સંભવ પણ જો એ સ્થાનોનો અધિપતિ શુભ ગ્રહ હોય અથવા તો તેમાં શુભગ્રહ રહેલા હોય તો થતો નથી. પરંતુ સામાન્યરીતે એમમાની શકાય કે

તે સ્થાનનો અધિપતિ ભલે શુભ હોય તો પણ તેની દશાના અંતમાં મૃત્યુ થવાનો સંભવ રહેજ પછી યોગાન્તરથી ન થાય એ વાત બાજુ પર છે. અને તેથી કેટલાક અહીંઆં મૂળ શ્લોકમાં આપેલા '**निधन**' શબ્દનો અર્થ ખાસ મૃત્યુજ એમ કરતા નથી પણ મૃત્યુ થાય તેવો સંયોગ અથવા તો તેટલીજ પીડાકારક સ્થિતિ એમ કરે છે અને તે કેટલેક અંશે યોગ્ય પણ માની શકાય તેમ છે. કારણ કે પૂર્વોક્ત ગ્રહો અથવા સ્થાનાધિપતિની દશાના વિપાકમાં બીજા કોઈ યોગાન્તરને અંગે ખાસ મૃત્યુ થવાનો સંભવ ના પણ રહે પણ તેથી મૃત્યુ ન થતાં તેવીજ અનિષ્ટ સ્થિતિ લાવવા માટેનો સંભવ રહે ખરો, અને જ્યારે બીજા કોઇ ખાસ સારા યોગનો સંભવ ન રહે તો આ દશાવિપાક મૃત્યુકારક ઘટના લાવી શકે પણ ખરો. એટલે નિધન અર્થ ખાસ ફલના યોગ તરીકે શુભયોગાન્તરના અભાવે મૃત્યુકારક ઘટી પણ શકે જ્યારે તેના અભાવે અથવા અશુભ યોગાન્તરના સંયોગપરત્વે અથવા તો શુભાશુભ યોગના અભાવે મૂલ પૂર્વોક્ત શ્લોક પ્રમાણેના સંયોગમાં મૃત્યુકારક અનિષ્ટ ફલ લાવનાર પણ થાય ખરો એમાં સંદેહ નહીં.

પૂર્વોક્તસમયના અભાવમાં અનિષ્ટફળ મળવા માટેનો અન્ય સમય દેખાડે છે.

**अलाभे पुनरेतेषां संबंधेन व्ययेशितुः ॥**
**क्वचिच्छुभानां च दशास्वष्टमेशदशासु च ॥ २६ ॥**

સપ્તમેશ અથવા દ્વિતીયેશના અધિપતિઓની દશાઓમાં જો મૃત્યુનો સંભવ ન રહે તો તે ક્વચિત્ તે સ્થાનોના અધિપતિ સાથે સંબંધ ધરાવનારા શુભગ્રહોની દશામાં અથવા તો અષ્ટમસ્થાનના અધિપતિની દશાઓમાં મૃત્યુ થાય છે. એટલે આઠમા અને ત્રિજા સ્થાનના અધિપતિઓની દશા અંતર્દશાના સમયમાં મૃત્યુ થાય છે. ૨૬.

આગળના શ્લોકની છેવટમાં એમ કહેવામાં આવ્યું છે કે, "**तेषामसंभवे साक्षाद् व्ययाधीशदशास्वपि**" એટલે દ્વિતીય સ્થાનાધિપતિયુક્ત પાપી ગ્રહોની દશાઓના અંતમાં જો મૃત્યુયોગ ન થાય તો બીજા તથા સાતમા સ્થાનના સ્વામીઓની દશા અંતર્દશાઓમાં મૃત્યુ થાય છે. આ પ્રમાણે કહેવામાં આવ્યું છે છતાં જો બીજો એવો કોઈ યોગ અથવા શુભગ્રહના ફલના નિમિત્તે એ દ્વિતીયેશ અથવા સપ્તમેશની દશા અંતર્દશાઓમાં જો મૃત્યુયોગ ન થાય તો એ દ્વિતીયેશ અથવા સપ્તમેશના સ્વામી સાથે કોઈ પણ જાતના સંબંધથી યુક્ત થએલા શુભ ગ્રહોની દશાઓમાં પણ મૃત્યુયોગ થાય છે, એટલે કે એ બીજા તથા સાતમા સ્થાનના અધિપતિઓની સાથે સંબંધિત થએલા શુભ ગ્રહો મારક ગ્રહ તરીકે મનાય છે

અને તેથી તેમની દશાઅંતર્દશાઓમાં પણ એવો અરિષ્ટ યોગ પ્રાપ્ત થાય છે એમ ગ્રંથકારનું કહેવું છે. પરંતુ એવા મારક મનાતા એ દ્વિતીયેશ અથવા સપ્તમેશના સંબંધિત ગ્રહોની દશા અંતર્દશામાં પણ ( કોઈ યોગાન્તરના કારણવશાત્ ) જો વખતે મૃત્યુયોગ ન પ્રાપ્ત થાય તો પછી અષ્ટમેશ એટલે આઠમા સ્થાનનો અધિપતિ અથવા તો આઠમાથી આઠમું સ્થાન જે ત્રિજું સ્થાન તેનો અધિપતિ એટલે કે આઠમા તથા ત્રિજા સ્થાનના અધિપતિઓની દશા અંતર્દશાઓમાં મૃત્યયોગ થાય છે એટલે તે સમયમાં મનુષ્ય મૃત્યુ પામે છે. કેટલાકની માન્યતા પ્રમાણે મનુષ્યનો જો મૃત્યુયોગ હોય તો પણ તેને તેવો કોઈ યોગાન્તર પ્રાપ્ત થતો હોય અને તેથી તે યોગના કારણે મૃત્યુયોગનો અટકાવ થયો હોય અથવા થતો હોય તો પણ તે માણુસની મૃત્યુ જેવી સ્થિતિ તો તે ગ્રહો પોતાની દશા અંતર્દશામાં લાવ્યા સિવાય રહેતા નથી એટલે અત્યંત હાનિકારક સ્થિતિ લાવી મૂકે છે. છતાં વળી તેમાં પણ ખાસ જો કોઈ ઉત્તમ યોગનું અનુસંધાન હોય તો તેવી સ્થિતિ પણ પ્રાપ્ત ન થાય તો અને તદ્દન સારી સ્થિતિ રહ્યા કરતી હોય તો પછી તેમાં આ શ્લોકોમાં જે ઉત્તરોત્તર અમુક અમુક ગ્રહોની દશા અંતર્દશાઓમાં મૃત્યુયોગના યોગો આપવામાં આવેલા છે તે પ્રમાણે સમજવા માત્ર કે તેના કથન વખતે અથવા પ્રેક્ષણ વખતે યોગાન્તરની તરફ પણ દૃષ્ટિક્ષેપ કરવો જોઇએ.

<u>હવે પૂર્વોક્ત કહ્યા પ્રમાણે પણ જો મૃત્યુયોગ ન આવતો હોય તો વળી બીજા યોગસંબંધથી મૃત્યુનો યોગ જણાવે છે.</u>

केवलानां च पापानां दशासु निधनं क्वचित् ॥
कल्पनीयं बुधैर्नृणां मारकाणामदर्शने ॥ २७ ॥

**આ પ્રમાણે મારકગ્રહોની દશાઓમાં જો મૃત્યુ ન થાય તો કુંડળીમાં જે વધારેમાં વધારે પાપગ્રહો હોય તેમની દશાઓમાં મૃત્યુ થાય છે, એમ વિદ્વાન્ પુરુષોએ સમજવું. ૨૭.**

આમાં મારક ગ્રહોની દશામાં મૃત્યુયોગ ન હોતાં કુંડલીમાં રહેનારા વિશેષ પાપગ્રહોની દશા અંતર્દશામાં મૃત્યુયોગ થવા માટે જણાવવામાં આવ્યું છે. આ પરથી એમ જણાય છે કે કેટલીક વખતે મારકસ્થાનમાં બેઠેલા ગ્રહોનો યોગ એવો હોય છે અથવા તો મારકસ્થાનના અધિપતિઓનો પણ બીજા યોગાન્તરસંબંધથી એવો યોગ થાય છે કે તેઓ મારકગ્રહ તરીકે ફળ આપી શકતા નથી અને તેથી તેમના સંબંધે અનિષ્ટ ફળ મળવા કરતાં કેટલીક વખત શુભ ફળ મળવાનો પણ સંભવ રહે છે અને તે આગળ આ ગ્રંથમાંજ પૂર્વમાં જોવામાં આવશે તો જણાશે.

અને તેજ પ્રમાણે નિધન સ્થાનનો એટલે અષ્ટમસ્થાનના અધિપતિનો અથવા તો અષ્ટમના અષ્ટમસ્થાનના એટલે ત્રિજા સ્થાનના અધિપતિનો પણ એવોજ યોગ કોઇ વખત થઇ જાય છે. જો કે ત્રિજું તથા આઠમા સ્થાનનું એકંદર ફળ તો અનિષ્ટકારકજ માનવામાં આવેલું છે, છતાં કોઇ વખત અનિષ્ટ કરતાં શુભ ફળનો પ્રસંગ આવી જાય છે અથવા તો શુભફળ અથવા અશુભફળની મધ્ય દશામાં તેના ફળનું પરિણામ હોતાં તે ખાસ અનિષ્ટકારક યોગ ગણાતો જોવામાં આવતો નથી અને તેથીજ ગ્રંથકારની માન્યતા એવી છે કે જો એ પ્રમાણેના પૂર્વોક્ત મારક યોગોમાં મનુષ્યનું મૃત્યુ ન થાય તો પછી કુંડલીમાં જે વિશેષમાં વિશેષ પાપગ્રહો રહેલા હોય તેમની દશાઅંતર્દશાઓમાં મનુષ્યનું મૃત્યુ ક્વચિત્ થવાનો સંભવ રહે છે. કારણકે તેવા પાપગ્રહો સંયોગપરત્વે અત્યંત હાનિકારક એવું મૃત્યુસદૃશ ફળ આપવા ચુકતા નથી અને તેથીજ એ પ્રમાણે લખવામાં આવ્યું છે. એમાં પણ સર્વ પાપગ્રહોમાં જે ગ્રહ વધારે પાપગ્રહ ગણાતો હોય અને તેમાં પણ અલિષ્ટતા જેની વધારે હોય તેની દશાઅંતર્દશામાં અવશ્ય તેવું ફળ મળવાનો સંભવ રહેજ.

આ શિવાય એક બીજી રીતે પણ માનવામાં આવેછે અને તે એવી રીતે કે ચંદ્ર અથવા સૂર્ય સિવાયના મારકસ્થાનના એટલે બીજા અથવા સાતમા સ્થાનના અધિપતિ તેમજ ૬, ૮ અને ૧૨ મા સ્થાનના અધિપતિ તેમ રાહુ અને કેતુ એ સર્વમાંથી જે અગીઆરમા સ્થાનના નવમાંશનો સ્વામી હોય છે તે ગ્રહ મારક સમજવામાં આવેછે અને તેથી તેના તેવા યોગમાં પણ મનુષ્યનું મૃત્યુ થવાનો સંભવ રહે છે. એજ પ્રમાણે વળી ચંદ્ર જે રાશિનો થઇને રહેલો હોય તે રાશિનો નવમાંશ સ્વામી જો શત્રુસ્થાનનો, નીચ, અસંગત અથવા પાપગ્રહના ઘરનો હોય છે તો તે ગ્રહની દશામાં પણ મૃત્યુ થવાનો સંભવ રહે છે, અને તે જો શુભગ્રહના ઘરનો હોય છે તો માત્ર પીડાકારક થાય છે.

આ પરથી પણ બીજા મારક ગ્રહનો યોગ સમજવામાં આવે છે. એમાં ચંદ્ર તથા સૂર્યને બાદ કરી બીજા ગ્રહો સંબંધીજ આ યોગ કહેવામાં આવેલો છે. એટલે કે ઉપર જે બીજા તથા આઠમા સ્થાનના અધિપતિ અથવા તો છઠ્ઠા, આઠમા કે બારમા સ્થાનના અધિપતિ અથવા તો રાહુ કે કેતુમાંથી જો કોઇ અગીઆરમા સ્થાનના નવમાંશનો સ્વામી હોય તો તે ગ્રહ મનુષ્યને મૃત્યુકારક યોગ કરનાર થાય છે અને તેથી મનુષ્યનું મૃત્યુ થાય છે. એમાં પણ જો કોઇ યોગાન્તરનો સંબંધ આવીને ઉભો રહે છે તો તેના પ્રમાણમાં અનિષ્ટ ફલની ન્યૂનતા રહે છે નહીં તો ખાસ મૃત્યુકારકજ યોગ થાય છે. અને તેવી રીતે ચંદ્રની રાશિ સંબંધમાં પણ ઉપર લખવામાં આવ્યું છે કે, જે રાશિમાં ચંદ્ર હોય તે રાશિનો નવમાંશ સ્વામી શત્રુસ્થાનનો, નીચનો, અસંગત અથવા તો પાપગ્રહોની રાશિનો હોય તો

પણ ખાસ મૃત્યુકારક યોગ થાય છે, એટલે એવા યોગમાં પણ મનુષ્ય મૃત્યુ પામે છે. એટલે એવા અનિષ્ટકારક ગ્રહોની જ્યારે મહાદશા અથવા તો અંતર્દશા આવેછે ત્યારે મનુષ્યને મૃત્યુકારક સંયોગ આવવાનો સંભવ રહે છે. એમાં પણ ચંદ્રની રાશિવાળો જે ગ્રહ અનિષ્ટકારક ગણાવવામાં આવેલો છે તે જો શુભગ્રહના સ્થાનનો હોય તો મૃત્યુકારક ઘટના કરનારો થતો નથી, પરંતુ માત્ર તેવી સ્થિતિ લાવતાં પીડાકારકજ થાય છે.

આ પ્રમાણે ઉપર બે ત્રણ શ્લોકોથી મારક ગ્રહો સંબંધના યોગોમાં ઉત્તરોત્તર કેવા યોગો મૃત્યુકારક થાય છે તે બતાવવામાં આવ્યું છે. એપર ખાસ કરી મૃત્યુની ઘટના સંબંધનું કથન કરનારો અથવા સ્પષ્ટાયુર્દા વગેરેનું સ્પષ્ટીકરણ કરનાર જન્મપત્રિકારે ચારે તરફના સંયોગોનો વિચાર કરી ફલકથન કરવું જોઇએ. જો કે એમાં આપેલા યોગો સ્પષ્ટ આપવામાં આવેલા છે, છતાં પણ એમાં ઉત્તરોત્તર યોગ બતાવતાં પૂર્વ પૂર્વનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે કેવા સંયોગપરત્વે મૃત્યુકારક યોગનો પ્રતિબંધક છે, તે બરાબર તપાસી લેવું જોઇએ અને જ્યારે તેવો યોગ બરાબર મળી રહેતાં જો મૃત્યુનો અસંભવ હોય તો પછી ઉત્તરોત્તર આપવામાં આવેલા સર્વ નિષેધાત્મક યોગોનો પૂર્વની સાથેનો સંબંધ તપાસી લેવો.

<u>હવે પૂર્વોક્ત મારક ગ્રહોના યોગોમાં પણ શનિના સંબંધમાં ખાસ મારક યોગનું કથન કરે છે.</u>


**मारकैः सह संबधान्निहता पापकृच्छनिः ॥**
**अतिक्रम्येतरान् सर्वान् भवत्येव न संशयः ॥ १८ ॥**

પાપફલ આપનાર શનિ જયારે મારક ગ્રહોની સાથે સંબંધિત થાય છે (એટલે પૂર્વમાં કહેલા સંબંધમાંથી કોઇ પણ પ્રકારના સંબંધથી જોડાય છે) ત્યારે તે બીજા સર્વ ગ્રહોને ઓળંઘી મારક થાય છે–મૃત્યુ કરનાર થાય છે.

આ પરથી એમ માનવામાં આવે છે કે, બીજા મારકગ્રહોના સંબંધથી યુક્ત થયેલો શનિ કોઇ શુભયોગ હોય અથવા અશુભ યોગ હોય તો પણ તે સર્વ યોગોનો વિધ્વંસ કરી પોતે મનુષ્યનો મારક થાય છે એમાં સંશય નહીં, કારણ એ પોતે સ્વાભાવિક રીતેજ પાપગ્રહ છે. તેમાં પણ જો એ મારક સ્થાનમાં પડેલો હોય અથવા તો મારક ગ્રહો સાથે એનો સંબંધ થયો હોય તો વિશેષ પાપિષ્ઠતા તેનામાં આવેછે, અને તેથી તે અધિક બલવાન્ થતાં બીજા મારક ગ્રહોને પણ ન ગણકારતાં પોતાની સત્તાનો ઉપયોગ કરે છે અને તેથી એની મહાદશા અથવા અંતર્દશામાં મનુષ્ય અવશ્યરીતે મૃત્યુને શરણ થાય છે એમાં સંશય નહીં.

સ્વાભાવિક રીતે આપણી સામાન્ય માન્યતામાં પણ શનિ વિશેષ અનિષ્ટકારક ગ્રહ છે, એમ માનવામાં આવે છે અને તેથી જ્યારે જ્યારે શનિની ચંદ્ર પરત્વે મનાતી અશુભ પનોતી આવેછે ત્યારે મનુષ્યને તેનો ભય સ્વાભાવિક રીતેજ વિશેષ પ્રમાણમાં રહે છે અને તેથી તેની સેવાનો પ્રચાર સર્વ ગ્રહો કરતાં વિશેષ પ્રમાણે અદ્યાપિ પણ પ્રચલિત છે. અને શનિનું છે પણ એમજ કે, એ જો યોગપરત્વે ઉત્તમ ફળ આપવાવાળો થાય તો મનુષ્યને ઉંચામાં ઉંચી પાયરીપર એટલે કે મહત્તાના શિખરપર ચઢાવી દે છે પણ જ્યારે એજ શનિ અનિષ્ટ ગ્રહ તરીકે અથવા તો તેવો બીજો અનિષ્ટકારક યોગ કરનાર થાય છે ત્યારે મનુષ્યને તેવીજ રીતે અધમમાં અધમસ્થિતિમાં લાવી મૂકે છે અથવા તો એવીજાતની અનિવાર્ય્ય સ્થિતિમાં તેને સપડાવી મૂકે છે કે માણસો ત્રાહ્ય ત્રાહ્ય પોકારતાં પણ આપણી નજરે જોવામાં આવેછે અને એનું પ્રમાણ આજે કોઇ પણ વ્યક્તિથી અજાણ્યું નથી, અને તેથીજ ઉપરોક્ત શ્લોકમાં બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે શનિ પોતેજ અનિષ્ટકારક ગ્રહ હોવા સાથે મારક ગ્રહોના સંબંધથી વિશેષ અનિકારક ફળ આપનાર એટલે કે ખાસ મૃત્યુ કરનારો થાય છે એમ જણાવવામાં આવ્યું છે. તેના અનુભવજન્ય જ્ઞાનવાળાઓને તો તેનો અનુભવ હશે પણ ખરો એ નિસંશય છે. એટલે કે ટુંકમાં બીજા સર્વ ગ્રહો કરતાં શનિનો મારક થવાનો સંભવ વધારે હોવાથી તે વધારે અનિષ્ટ ફળ આપનારો થાય છે. એના યોગો માંહેના વિશેષ ખુલાસામાટે આપણે એક કુંડલી આપી તે પરથી એના મારક તરીકેના યોગો તપાસી ફલાનુસંધાનનો વિચાર કરીએ.

**શનિના મારકયોગની કુંડલી.**




આ કુંડલીમાં આઠમા સ્થાનમાં રહેલી ધન રાશિનો સ્વામી તથા અગીઆરમામાં રહેલી મીન રાશિનો સ્વામી ગુરુ હોવાથી સ્વાભાવિકરીતે તે આઠમા તથા અગીઆરમા સ્થાનનો અધિપતિ હોવાથી અનિષ્ટફળ આપનારો થાય તેમ છે. તેમજ વળી તે પોતે દશમા સ્થાનમાં બીજા મારક સ્થાનમાં પડેલી મિથુન રાશિનો સ્વામી એટલે કે મારક સ્થાનના સ્વામી—મારકેશ—બુધની સાથે પડેલો હોવાથી પણ અનિષ્ટફલ આપવાવાળો થવાનો સંભવ રહે છે. એ પ્રમાણે બીજા સ્થાનનો અધિપતિ બુધ મારકેશ છે તેમજ સાતમા મારક સ્થાનનો અધિપતિ મંગળ પણ મારકેશ છે એટલે તે પણ અનિષ્ટફલ આપવાવાળો થાય એ સ્વાભાવિક છે એટલે કે એ ગુરુ,

બુધ તથા મંગળની દશા અંતર્દશામાં મનુષ્યને મૃત્યુકારક ઘટના અથવા તો તેવી સ્થિતિ અથવા તો વિશેષ પણ પીડાકારક યોગ છે એમ માની શકવામાં શંકાને સ્થાન નથી પણ હવે તેથી પણ વિશેષ અનિષ્ટકારક યોગ આ કુંડલીમાં શનિનો છે તે તપાસીએ.

બીજા સ્થાનનો સ્વામી બુધ મારકેશ છે તથા સાતમા સ્થાનનો સ્વામી મંગળ પણ મારકેશ છે એ ઉપર કહેવામાં આવ્યું છે. હવે શનિ એ બીજા મારક સ્થાનમાં પડેલો છે એટલે એ પોતે મારક જેવોજ થયો છે અને એ બીજા મારક સ્થાનનો અધિપતિ બુધ દશમા સ્થાનમાં પડેલો છે. હવે દશમા સ્થાનમાં રહેલી કુંભરાશિનો સ્વામી શનિ હોવાથી તે સ્થાનનો અધિપતિ શનિ છે અને તેથી બુધના સ્થાનમાં—બીજા મારક સ્થાનમાં—શનિ અને શનિના સ્થાનમાં બુધ એમ પરસ્પર એકેકના સ્થાનમાં પડેલા છે અને તેથી શ્લોકમાં કહ્યા પ્રમાણે શનિનો મારક ગ્રહની સાથે એટલે કે બુધની સાથે "અન્યોન્યરાશિસ્થિત સંબંધથી" યોગ થએલો છે અને તેથી એ યોગ અનિષ્ટકારક હોતાં બીજા ઉપરમાં ગણાવેલા ગુરૂ વગેરેના યોગ કરતાં પણ શનિનો ખાસ કરી વિશેષ અનિષ્ટકારક એટલે કે મૃત્યુકારક યોગ માનવામાં આવેલો છે એ નિઃસંશય છે. અને તેમ તે ફળ પણ આપે એ પણ નિઃસંશય છે.

આજ પ્રમાણે શનિનો બીજો મારકયોગ પણ તપાસીએ. શનિનો બુધની સાથેનો એટલે મારકેશ સાથેનો સંબંધ તથા મારક સ્થાનમાં રહેવાપણું એ તેના મારકપણાના હેતુ સાથે બીજું એ કે લગ્નનો અધિપતિ શુક્ર આઠમા ભુવનને વિષે એટલે કે આયુષ્યભુવનને વિષે પડેલો છે અને તેનાપર એ મારક થએલા શનિની પોતાનાથી સાતમા સ્થાનપર એટલે આઠમા સ્થાનપર દૃષ્ટિ પડેલી છે એટલે "અન્યતરદૃષ્ટિસંબંધ"થી મારક શનિ આઠમા સ્થાનમાં રહેલા લગ્નાધિપતિ શુક્રને પૂર્ણ દૃષ્ટિથી જુએછે અને તેથી પણ આયુષ્યભુવનનું ફળ શનિના હેતુથી અનિષ્ટ-કારક આવે એટલે કે તેથી પણએ મનુષ્યનું મૃત્યુ થવાનો સંભવ રહે છે. આ પ્રમાણે બીજા બધા અનિષ્ટકારક યોગો કરતાં પણ શનિનો મારક યોગ વધારે પ્રમાણમાં બલિષ્ઠ હોવાથી તેને અંગે તે વધારે અનિષ્ટકારક થાય એમાં સંશય નથી. અને તે આ કુંડલીપરથી સામાન્યરીતે સમજી શકાય તેમ છે. એટલે કે એવી સ્થિતિ હોતાં જ્યારે વચમાં શનિની મહાદશા અથવા શનિની અંતર્દશા આવે ત્યારે મનુષ્યનું અવશ્ય રીતે મૃત્યુ થવાનો સંભવ રહે. અથવા જો બીજો કોઈ ખાસ યોગ આ યોગનો વિઘાતક થતો હોય તો પણ તેવી મૃત્યુની સ્થિતિ પુરતી પીડા લાવવા માટે તો શનિ અવશ્યરીતે બલવાન્ થાય છે એમાં સંશય નહીં.

આ રીતે આ ગ્રંથમાં આ આયુર્દાયાધ્યાયને માટે ફકત સામાન્ય રીતે ૭ શ્લોકથીજ ગ્રંથકર્તાએ અનિષ્ટયોગો કહેલા છે. માત્ર ખાસ કરી તેમાં જોવામાં

આવતા કેટલાક યોગો વધારે સૂચક છે, એમાં તો સંશય નથી ગ્રંથાંતરમાં આયુર્દાયમાટેના અનેક યોગો જોવામાં આવે છે અને તે કેટલાક ખાસ યોગો અમુક અમુક ગ્રંથકારોએ પોતાના અનુભવજન્ય જ્ઞાનથી અથવા તો પોતાના શાસ્ત્રપરત્વેના અભ્યાસને અંગે અનેક યોગોની સંકલનાથી ઉત્પન્ન થતા એકત્ર ફલના આધારે કહેલા જોવામાં આવેછે. આ યોગો પણ યદ્યપિ ટુંક અને ઓછા જેવા જણાય છે તો પણ વિચારપૂર્વક માનવામાં આવે તો અને એની આજુ-બાજુના સંયોગો ને સંકલના જો બરાબર ધ્યાનમાં લેવામાં આવે તો એ અનિષ્ટ-ફલના સૂચક તરીકે પ્રમાણને માટે ઓછા ઉપયોગી છે એમ કહી શકાય તેમ નથી અને તેથી વિચારપૂર્વક તેના ફલાદેશનું પ્રેક્ષણ અવશ્ય સત્યતાદર્શક થાય એ સ્વાભાવિક છે, છતાં પણ કવચિત્ કોઈને અનુભવ પ્રમાણે અન્યયોગોના આધારે આમાં ન્યૂનતા જણાતી હોય તો તેમાં તેના સંબંધે ફલકથન કરવા માટે સ્વતંત્રતા સેવવા કરતાં આની સાથે એકીકરણ કરી ફલ કહે તો તે વધારે શ્રેયસ્કર છે.

## "आयुष्यसंबंधी ग्रन्थान्तरना योगो."

પ્રસંગાનુસાર આયુષ્યસંબંધી ગ્રંથાંતરના કેટલાક યોગો પણ આપવા ઉચિત લાગવાથી તે આપવામાં આવે છે.

( ૧ ) ચંદ્ર આઠમા સ્થાનમાં હોય, પાપ ગ્રહો ( ૧, ૪, ૭, ૧૦ ) માં હોય અને રાહુ ચોથા સ્થાનમાં હોય તો ૧ વર્ષનું આયુષ્ય થાય. ( ચન્દ્રિકા ).

( ૨ ) મંગળની રાશિ ( ૧, ૮ ) માં વક્રગતિનો શનિ હોય, તેમજ ચંદ્રમા છઠ્ઠે, આઠમે કે કેન્દ્રમાં રહીને બલવાન્ મંગળ વડે જોવાયેલો હોય તો ૨ વર્ષનું આયુષ્ય થાય. ( સારાવલી ).

( ૩ ) કર્ક લગ્ન હોય અને તેમાં ચંદ્ર અને મંગળ પડયા હોય તેમજ બીજા કેન્દ્ર કે આઠમા સ્થાનમાં કોઇ પણ ગ્રહ ન હોય તો ૩ વર્ષનું આયુષ્ય થાય છે. ( જાતકાલંકાર ).

( ૪ ) કર્ક રાશિમાં બેઠેલો બુધ છઠ્ઠા કે આઠમા સ્થાનમાં બેઠેલો હોય અને તેને ચંદ્રમા જોતો હોય તો ૪ વર્ષનું આયુષ્ય થાય. ( સારાવલી ).

( ૫ ) લગ્નનો અધિપતિ આઠમે હોય અને અષ્ટમેશ લગ્નમાં હોય તો ૫ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૬ ) શુક્ર, ચંદ્ર અથવા સૂર્યની ( ૪, ૫ ) રાશિનો થઇને છઠ્ઠા, આઠમા, કે બારમા સ્થાનમાં બેઠો હોય અને શુભ ગ્રહો તેને જોતા હોય તો ૬ વર્ષનું આયુષ્ય થાય. ( સારાવલી )

(૭) સૂર્ય, મંગળ અને શનિ લગ્નમાં શુક્રના સ્થાનમાં રહ્યા હોય, અને સાતમા ભાવમાં ક્ષીણ ચંદ્રને ગુરુએ ન જોયો હોય તો ૭ વર્ષનું આયુષ્ય થાય. (સારાવલી).

(૮) ચંદ્ર અથવા મંગળ લગ્નમાં હોય, સાતમા સ્થાનમાં સૂર્ય હોય; અથવા સાતમા સ્થાનમાં સૂર્ય, રાહુ, ચંદ્ર કે નવમાંશનો સ્વામી હોય ને ક્રૂર ગ્રહો તેમને જોતા હોય તો ૮ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૯) બીજા અને પાંચમા સ્થાનમાં મંગળ અને સૂર્યની સાથે ચંદ્રમા રહેલો હોય ને શુભ ગ્રહો તેમને જોતા ન હોય તો ૯ વર્ષનું આયુષ્ય થાય. (સારાવલી).

(૧૦) રાહુ કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) માં હોય ને પાપ ગ્રહો તેને જોતા હોય તો ૧૦ વર્ષનું આયુષ્ય થાય. કોઈના મતમાં ૧૬ વર્ષનું આયુષ્ય થાય છે. (યોગસંગ્રહ).

(૧૧) બુધ, સૂર્ય અને ચંદ્ર સાથે રહેલો હોય અને શુભ ગ્રહોએ તેને જોયો હોય તો ૧૧ વર્ષનું આયુષ્ય થાય. (સારાવલી).

(૧૨) સૂર્ય શનિના સ્થાનમાં અને શનિ સૂર્યના સ્થાનમાં હોય તો ૧૨ વર્ષનું આયુષ્ય થાય. (ચન્દ્રિકા).

(૧૩) રાહુ બારમા સ્થાનમાં હોય ને શનિ વક્રગતિ પામેલો હોય તો ૧૩ વર્ષનું આયુષ્ય થાય. (સત્યમત).

(૧૪) ત્રિજા કે સાતમા સ્થાનમાં રાહુ કે બુધ હોય તો ૧૪ વર્ષનું આયુષ્ય થાય છે. (યોગસંગ્રહ).

(૧૫) ચોથા, છઠ્ઠા કે નવમા સ્થાનમાં પીડિત ચંદ્રમા હોય અને કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) માં કોઈ પણ ગ્રહ ન હોય તો ૧૫ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૧૬) શનિ ત્રિજા કે અગિઆરમા સ્થાનમાં હોય, સૂર્ય નવમા કે પાંચમા સ્થાનમાં હોય અને કેન્દ્રમાં ગુરુ કે શુક્ર ન હોય તો ૧૬ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૧૭) સૂર્ય કર્ક અને કુંભ રાશિમાં, શનિ મેષ રાશિમાં અને ગુરુ વૃષભ કે તુલા રાશિમાં હોય તો ૧૭ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૧૮) પાપ ગ્રહો લગ્નમાં સાતમા અને આઠમા સ્થાનમાં હોય અગર તે સ્થાનોમાં શુભ ગ્રહો નિર્બળ હોય તો ૧૮ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૧૯) મંગળ કર્ક રાશિમાં હોય, મકર રાશિમાં શુક્ર, શનિ ને સૂર્ય કે એકલો સૂર્ય હોય અને બુધ અસ્તનો હોય તો ૧૯ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૨૦) જો ચંદ્ર ક્ષીણુ હોય, પાપ ગ્રહ આઠમે હોય, અષ્ટમેશ કેન્દ્રમાં પડયો હોય અને લગ્નેશ બલવાન્ ન હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય થાય.(જાતકાલંકાર).

(૨૧) શુભ ગ્રહો આપોક્લિમ (૩, ૬, ૯, ૧૨) સ્થાનોમાં અને શનિ તેમજ બુધ છઠ્ઠે કે આઠમે હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૨૨) જો સૂર્ય અને શનિ કેન્દ્રમાં પડ્યા હોય અને મંગળ લગ્નમાં હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૨૩) શુભગ્રહયુક્ત લગ્નેશ લગ્નમાં હોય અને અષ્ટમેશ બીજા કોઈ પણ ગ્રહની દૃષ્ટિ વિનાનો આઠમે હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય થાય (જાતકાલંકાર).

(૨૪) પાપગ્રહ લગ્નથી આઠમા સ્થાનમાં હોય, સૂર્ય વૃષભ, કન્યા કે કુંભ રાશિમાં હોય, શનિ મેષ રાશિમાં હોય અને બુધ વૃષભ રાશિમાં હોય તો ૨૧ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૨૫) લગ્નમાં ગુરુ ચંદ્રથી જોવાયેલો થઈ પાપગ્રહ સાથે રહેલો હોય અને બીજો કોઇ પણ એક ગ્રહ આઠમે પડયો હોય તો ૨૨ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૨૬) ચોથા સ્થાનમાં ચંદ્ર, આઠમા સ્થાનમાં રાહુ, છઠ્ઠા સ્થાનમાં ગુરુ અને સાતમા સ્થાનમાં શનિ હોય અને તેની સાથે પાપગ્રહો ન હોય તો ૨૩ વર્ષનું આયુષ્ય થાય. (યોગસંગ્રહ).

(૨૭) આઠમાનો અધિપતિ નવમા સ્થાનમાં કે લગ્નમાં હોય અને ક્રૂર ગ્રહથી જોવાયેલો લગ્નેશ આઠમા સ્થાનમાં હોય તો ૨૪ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૨૮) શનિ દ્વિસ્વભાવ રાશિ (વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ) માં હોય અને બારમાના તથા આઠમાના સ્વામિઓ નિર્બળ હોય તો ૨૫ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૨૯) ચંદ્રમા પાપ ગ્રહોની સાથે અગર પાપ ગ્રહોની દૃષ્ટિવાળો થઈ લગ્નમાં કે છઠ્ઠા, સાતમા, આઠમા અથવા બારમા સ્થાનમાં હોય તો ૨૬ વર્ષનું આયુષ્ય થાય (જાતકાલંકાર).

(૩૦) ગુરૂ સ્વગૃહી હોય અને પોતાના દ્રેષ્કાણમાં હોય તો ૨૭ વર્ષનું આયુષ્ય થાય (યોગસંગ્રહ).

(૩૧) લગ્નેશ અને અષ્ટમેશ આઠમા ભાવમાં પડેલા હોય તો ૨૭ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૩૨) લગ્નથી કે ચંદ્રથી આઠમાનો અધિપતિ કેન્દ્ર સ્થાનમાં કે બારમામાં હોય તો ૨૮ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

( ૩૩ ) રાહુ અને ચંદ્ર શિવાયના બે પાપ ગ્રહ બીજે, આઠમે કે બારમે રહ્યા હોય તો ૨૯ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૪ ) નિર્બલ લગ્નેશ અને અષ્ટમેશ જો કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ ) સ્થાનમાં પડયા હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૫ ) જો શુભગ્રહો શુભ ગ્રહોના નવમાંશમાં રહેલા હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૬ ) કેન્દ્ર સ્થાન શુભ ગ્રહોથી રહિત હોય અને આઠમે કોઈ પણ એક ગ્રહ પડેલો હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૭ ) સૂર્ય પાપ ગ્રહોની વચમાં જો લગ્નમાં હોય તો ૩૧ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૮ ) ચંદ્ર અને લગ્નેશ બલહીન થઇને આપોક્લિમ ( ૩-૬-૯-૧૨ ) સ્થાનમાં પડ્યા હોય અને પાપ ગ્રહો જો તેમને જોતા હોય તો ૩૨ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૩૯ ) ચોથા સ્થાનમાં રાહુ, સાતમા સ્થાનમાં મંગળ અને લગ્નમાં ચંદ્ર અથવા તો ચંદ્ર પાપગ્રહોની વચમાં હોય તો મનુષ્યનું ૩૩ વર્ષનું આયુષ્ય થાય. ( સર્વાર્થચિંતામણિ ).

( ૪૦ ) વૃષભ રાશિમાં મંગળ, ત્રિજા સ્થાનમાં ગુરૂ, છઠ્ઠા કે આઠમા સ્થાનમાં બુધ અને સાતમા સ્થાનમાં શુક્ર હોય તો ૩૪ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકસંગ્રહ ).

( ૪૧ ) પાંચમા સ્થાનમાં રાહુ હોય અને નીચ રાશિમાં આઠમે કે બારમે મંગળ હોય તો ૩૫ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકસંગ્રહ ).

( ૪૨ ) પાંચ ગ્રહો એકજ રાશિમાં અથવા એકજ નક્ષત્રમાં હોય અથવા સૂર્યની સાથે હોય તો ૩૬ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકસંગ્રહ ).

( ૪૩ ) પાપ ગ્રહોની વચ્ચે ચંદ્ર હોય, અને સાતમા સ્થાનમાં મંગળ હોય તો ૩૭ વર્ષનું આયુષ્ય થાય. ( શુક્રમત ).

( ૪૪ ) ક્રૂર ગ્રહ છઠ્ઠા, આઠમા કે દશમા સ્થાનમાં હોય, અને સૂર્ય સાતમા સ્થાનમાં હોય તો ૩૮ વર્ષનું આયુષ્ય થાય. ( શુક્રમત ).

( ૪૫ ) રાહુ અને સૂર્ય એ સાથે હોય અને તેમને બધા પાપગ્રહો જોતા હોય તો ૩૯ વર્ષનું આયુષ્ય થાય. ( શુક્રમત ).

( ૪૬ ) અષ્ટમેશ લગ્નમાં હોય અને આઠમા સ્થાનમાં જો શુભ ગ્રહો ન હોય તો ૪૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૪૭ ) લગ્ન પાપગ્રહોના મધ્યમાં હોય અને લગ્ન અથવા બારમા ભાવમાં પાપગ્રહો રહેલા હોય તો ૪૧ વર્ષમાં મૃત્યુનો યોગ આવે છે. ( શુકમત ).

( ૪૮ ) લગ્નમાં ક્ષીણ ચંદ્રમા અને આઠમા સ્થાનમાં અગર કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ ) માં પાપગ્રહો હોય તો ૪૨ વર્ષનું આયુષ્ય થાય ( શુકમત ).

( ૪૯ ) લગ્નમાં સૂર્ય, આઠમા સ્થાનમાં ગુરૂ અને તુલા અથવા વૃશ્ચિક રાશિમાં શુક્ર હોય તો ૪૩ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૦ ) શનિ અને સૂર્ય ત્રિજા કે છઠ્ઠા સ્થાનમાં મકર રાશિના હોય અને અષ્ટમેશ જો કેન્દ્રમાં હોય તો ૪૪ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૫૧ ) આઠમા સ્થાનમાં કે લગ્નમાં સૂર્ય હોય, અને બારમા સ્થાનમાં મંગળ, શનિ હોય તો ૪૫ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૨ ) બારમા સ્થાનમાં ચંદ્ર, લગ્નમાં શનિ, મંગળ આઠમા સ્થાનમાં, અને કેતુ સાથે પાપગ્રહો હોય તો ૪૬ વર્ષનું આયુષ્ય થાય ( શુકમત ).

( ૫૩ ) બધા પાપગ્રહો કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ ) માં હોય, અને પાપગ્રહ સાથે ચંદ્રમા હોય તો ૪૭ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૪ ) શુભ ગ્રહો નિર્બળ હોય, પાપ ગ્રહ લગ્નમાં ન હોય અને વર્ગોત્તમ નવમાંશમાં ચંદ્ર લગ્ને હોય તો ૪૮ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૫ ) બુધ દશમા અથવા ચોથા સ્થાનમાં હોય, ચંદ્ર બારમે, આઠમે કે લગ્નમાં હોય અને શુક્ર અને ગુરૂ એકજ રાશિમાં કોઇ પણ સ્થાનમાં પડ્યા હોય તો ૫૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૫૬ ) જો શુભ ગ્રહ લગ્નમાં, ચોથા સ્થાનમાં અગર ધન રાશિમાં હોય તો ૫૧ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૭ ) લગ્ન મીન રાશિનું હોય ને શનિ આઠમા કે બારમા સ્થાનમાં હોય તો ૫૨ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૮ ) મેષ રાશિમાં સૂર્ય, લગ્નમાં ગુરુ અને વૃષભ રાશિમાં ચંદ્રમા હોય તો ૫૩ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૫૯ ) દશમા સ્થાનમાં ચંદ્ર હોય, શુક્ર મીન રાશિમાં હોય અને કર્ક રાશિમાં ગુરૂ હોય તો ૫૪ વર્ષનું આયુષ્ય થાય. ( શુકમત ).

( ૬૦ ) સૂર્ય કર્ક રાશિના લગ્નમાં, ચંદ્ર પાપ ગ્રહની સાથે દશમે તેમજ ગુરુ કેન્દ્રમાં હોય તો ૫૫ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૬૧ ) લગ્નમાં બુધ સાથે બળવાન્ શુક્ર હોય ને શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ૫૬ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકસંગ્રહ ).

(૬૨) કેન્દ્રમાં કે લગ્નમાં લગ્નનો સ્વામી હોય અને તેને શુભ ગ્રહો જોતા હોય તો ૫૭ વર્ષનું આયુષ્ય થાય. (જાતકસંગ્રહ).

(૬૩) લગ્નેશથી યુક્ત ચંદ્ર ૧૨, ૬ કે ૮ મા સ્થાનમાં હોય અને લગ્નનો અધિપતિ શનિના નવમાંશમાં હોય તો ૫૮ વર્ષનું આયુષ્ય થાય.(જાતકાલંકાર).

(૬૪) સૂર્ય ને રાહુ આઠમા સ્થાનમાં હોય અને પાપ ગ્રહનો આશ્રય કરી રહ્યા હોય તો ૫૯ વર્ષનું આયુષ્ય થાય. (જાતકસંગ્રહ).

(૬૫) ચંદ્રમા લગ્નમાં કે પોતાની રાશિમાં હોય તેમજ શુભ ગ્રહ સાતમા સ્થાનમાં હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૬૬) શુભ ગ્રહો સ્વગૃહી હોય અને ચંદ્રમા લગ્નમાં કે પોતાની ઉચ્ચ રાશિમાં પડેલો હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૬૭) જન્મ સમયે શુભ ગ્રહો કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) માં હોય, ચંદ્ર ઉચ્ચનો હોય અને લગ્નેશ બળવાન્ થઇને લગ્નમાંજ રહેલો હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૬૮) શુભ ગ્રહો અષ્ટમસ્થાન શિવાય કોઈ પણ સ્થાનમાં હોય અને પાપ ગ્રહોથી યુક્ત લગ્નનો અધિપતિ ૧૨ મે, ૬ ઠ્ઠે કે ૮ મે હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૬૯) સર્વ ગ્રહો પાંચમા ભાવમાં રહ્યા હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૭૦) જન્મરાશિનો સ્વામી અને લગ્નેશ સૂર્યની સાથે આઠમા સ્થાને તેમજ ગુરૂ કેન્દ્રમાં ન હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૭૧) બુધ લગ્નમાં, ગુરૂ બીજા સ્થાનમાં, શુક્ર ત્રિજા સ્થાનમાં અને શનિ ચોથા સ્થાનમાં હોય તો ૬૧ વર્ષનું આયુષ્ય થાય (જાતકભૂષણ).

(૭૨) ગુરુ લગ્નમાં અથવા કર્ક, ધન કે મીન રાશિમાં હોય તો ૬૨ વર્ષનું આયુષ્ય થાય. (જાતકભૂષણ).

(૭૩) ધન રાશિમાં શુક્ર, મીન રાશિમાં ગુરુ, બુધ કેન્દ્રમાં ને સૂર્ય સાથે ચંદ્ર નીચ રાશિનો હોય તો ૬૩ વર્ષનું આયુષ્ય થાય. (જાતકભૂષણ).

(૭૪) જન્મરાશિ અને જન્મલગ્નનો સ્વામી સૂર્ય જન્મનક્ષત્રમાં હોય અને ગુરુ કેન્દ્ર શિવાયના સ્થાનમાં હોય તો ૬૪ વર્ષનું આયુષ્ય થાય. (જાતકભૂષણ).

(૭૫) ચંદ્ર સિંહ રાશિમાં હોય ને બીજા ગ્રહો પણ ત્યાં હોય તો રક્ત વિકારવાળું ૬૫ વર્ષનું આયુષ્ય થાય. (જાતકભૂષણ).

( ૭૬ ) જો બધા ગ્રહો મકર રાશિના નવમાંશમાં હોય તો ૬૬ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૭૭ ) બધાની દૃષ્ટિવાળો એકલો ગુરૂ લગ્નમાં હોય અગર બુધ કે શુક્ર સાથે ગુરુ બેઠો હોય તો ૬૮ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૭૮ ) લગ્ન અને ચંદ્ર ક્રૂર ગ્રહથી રહિત હોય, ગુરુ લગ્નમાં હોય અને આઠમું સ્થાન ગ્રહ વગરનું હોય તેમજ કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ ) માં શુભ ગ્રહ હોય તો ૭૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૭૯ ) લગ્નથી કે ચંદ્રમાથી શુભ ગ્રહો કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ ) માં હોય, ગુરૂ લગ્ને હોય, અને આઠમા સ્થાને ગ્રહો ન હોય તેમજ આઠમું સ્થાન ગ્રહોથી જોવાયેલું ન હોય તો ૭૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૮૦ ) જો સૂર્ય શત્રુ ગ્રહ અને મંગળની સાથે લગ્નમાં પડયો હોય, ગુરૂ નિર્બલ હોય તેમજ ચંદ્ર છઠ્ઠા, આઠમા કે બારમા સ્થાનમાં હોય તો ૭૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૮૧ ) સાતમા સ્થાનમાં મંગળ હોય અને પાપ ગ્રહો લગ્નને જોતા હોય તો ૭૧ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૨ ) લગ્નમાં રહેલો કેતુ નવમાંશમાં શનિની રાશિનો હોય તો ૭૨ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૩ ) લગ્નનો અધિપતિ પાપ ગ્રહોથી જોવાયેલો હોય અને શુભ ગ્રહો બલવાન્ ન હોય અને ચંદ્ર શુભ ષડ્વર્ગમાં હોય તો ૭૩ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૮૪ ) ચંદ્રમાની દૃષ્ટિ આઠમા કે બારમા સ્થાનમાં રહેલા રાહુપર હોય અને ક્રૂર ગ્રહ શત્રુ અને નીચ રાશિના નવમાંશમાં હોય તો ૭૪ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૫ ) શુક્લ પક્ષનો ચંદ્ર લગ્નમાં હોય, ને શુભ ગ્રહો તેને જોતા હોય તો નૃપચંદ્રયોગ થવાથી ૭૫ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૬ ) લગ્નનો સ્વામી કેન્દ્રમાં હોય કે લગ્નમાં હોય અથવા લગ્નને જોતો હોય તો ૭૬ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૭ ) શુક્ર પાંચમા અને નવમા સ્થાનમાં હોય, સાતમા સ્થાનમાં ગુરુ હોય અને ચોથા કે દશમા સ્થાનમાં બુધ હોય તો ૭૭ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૮૮ ) જ્યારે ગ્રહ સ્થિર ( ૨, ૫, ૮, ૧૧ ) રાશિમાં અગર દ્વિસ્વભાવ (૩, ૬, ૯, ૧૨) રાશિમાં હોય તો ૭૮ વર્ષનું આયુષ્ય થાય. (જાતકભૂષણ).

( ૮૯ ) ઉચ્ચના થઈ ચાર ગ્રહો કેન્દ્રમાં રહ્યા હોય તો ૭૯ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૯૦ ) ગુરુ કર્ક લગ્નમાં હોય અને શુભ ગ્રહો ત્રિકોણ ( ૯, ૫ ) માં હોય તો ૮૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૧ ) શુભ ગ્રહો મૂળત્રિકોણ ( જુઓ પેજ નં. ૨૬ ) રાશિઓમાં હોય, ગુરૂ પોતાની ઉચ્ચ રાશિમાં હોય અને લગ્નનો અધિપતિ અત્યંત બલવાન હોય તો મનુષ્યનું ૮૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૨ ) બધા ગ્રહો પાપ ગ્રહોના નવમાંશમાં રહીને જો કેન્દ્ર સ્થાનમાં પડયા હોય તો ૮૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૩ ) ગુરુના નવમાંશમાં રહેલા સૂર્ય, મંગળ અને શનિ કેન્દ્રમાં રહેલા હોય, ગુરૂ લગ્નમાં હોય અને બીજા બધા ગ્રહો આઠમા સ્થાન શિવાયના સ્થાનોમાં હોય તો ૮૫ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૪ ) કેન્દ્રસ્થાનમાં શુભગ્રહ હોય અને આઠમા સ્થાન શિવાય બીજા કોઈ પણ સ્થાનમાં પાપગ્રહો રહેલા હોય ને ચંદ્ર છઠ્ઠે હોય તો ૮૬ વર્ષનું આયુષ્ય થાય. ( સર્વાર્થચિંતામણિ ).

( ૯૫ ) ધન રાશિના દ્વાદશાંશમાં જો ગ્રહો રહેલા હોય તો ૯૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકભૂષણ ).

( ૯૬ ) શુક્ર અને ગુરૂ જો કેન્દ્રમાં હોય તો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૭ ) જો શનિ લગ્નમાં કે નવમામાં અને ચંદ્ર નવમામાં અથવા બારમા સ્થાનમાં હોય તો પણ ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૮ ) લગ્ન ગુરુની ( ધન, મીન ) રાશિનું હોય તેમજ પાપગ્રહો પાંચમામાં, કેન્દ્રમાં, આઠમામાં કે નવમામાં ન હોય, શુક્ર અથવા ગુરુ કેન્દ્રમાં હોય અને નવમા અને આઠમા સ્થાનને શુભ ગ્રહો જોતા હોય તો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૯૯ ) લગ્નમાં મીન રાશિમાં શુક્ર, શુભ ગ્રહથી જોવાયેલ ચંદ્ર આઠમે અને ગુરૂ કેન્દ્રમાં હોય તો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૦ ) લગ્નાધિપતિ આઠમે, ચંદ્ર દશમે, ગુરુ બલવાન્ અને બીજા બધા ગ્રહો નવમામાં હોય તો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૧ ) લગ્ન કર્ક રાશિનું હોય, ગુરૂ અને ચંદ્ર ત્રિજે, છઠ્ઠે કે અગિયારમે હોય અને શુક્ર, બુધ કેન્દ્રમાં રહેલા હોય તો પણ ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૨ ) જો પાપ ગ્રહો નવમા અને ચોથા સ્થાનમાં હોય, શુભ ગ્રહો ગુરૂના અથવા સમ રાશિના નવમાંશમાં રહીને બારમે કે બીજે ભાવે હોય અને સંપૂર્ણ ચંદ્ર લગ્નમાં હોય તો મનુષ્યનુ લક્ષ્મીથી સમૃદ્ધિવાળું ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૩ ) જો લગ્નમાં ધન રાશિનો અંત્ય નવમાંશ હોય અને શુભ ગ્રહો ધનના પ્રથમ નવમાંશમાં હોય તો ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય.( જાતકાલંકાર ).

( ૧૦૪ ) મીન રાશિના છેલ્લા નવમાંશમાં લગ્ન હોય અને ચાર ગ્રહો કેન્દ્ર (૧,૪,૭,૧૦) માં હોય તો૧૦૮વર્ષનું આયુષ્ય થાય.(સર્વાર્થચિંતામણિ).

( ૧૦૫ ) લગ્ન કે ચંદ્રમાથી આઠમા સ્થાને ગ્રહો ન હોય અને ગુરુ તેમ શુક્ર બલવાન્ હોય તો ૧૨૦ વર્ષનું આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૬ ) લગ્ન ધન રાશિના પાછલા ભાગનું ( એટલે ૧૬ થી ૩૦ અંશ સુધીનું ) હોય અને બુધ વૃષભ રાશિના ૨૪ અંશનો હોય તેમજ તે શિવાયના અન્ય ગ્રહો પોતાના પરમ ઉચ્ચના ( પેજ નં. ૨૬ ) હોય તો ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૭ ) ગુરૂ અને શુક્ર કેન્દ્રમાં હોય અને ચંદ્ર લાભ સ્થાનમાં એટલે ૧૧ મે હોય તો પણ ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૦૮ ) પરાજિત થયેલા પાપગ્રહો શુભગ્રહના નવમાંશમાં અને ઉપચય ( ૩, ૬, ૧૦, ૧૧ ) સ્થાનમાં પડેલા હોય અને શુભ ગ્રહો કેન્દ્રમાં પડેલા હોય તો પણ ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. ( આ યોગમાં લગ્નેશ અને મંગળ જો આઠમે પડેલા હોય તો પૂર્ણ આયુષ્યનો ભંગ થાય છે. ) ( જાતકાલંકાર ).

( ૧૦૯ ) લગ્નેશ અને ગુરૂ કેન્દ્રમાં હોય અને પાપગ્રહો નવમે, પાંચમે, આઠમે કે કેન્દ્રમાં ન હોય તો ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. (જાતકાલંકાર).

( ૧૧૦ ) બધાજ ગ્રહો નવમે હોય તો ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૧૧ ) ક્રૂર રાશિ (૧, ૩, ૫, ૭, ૯, ૧૧) માં ક્રૂર ગ્રહો ( સૂર્ય, મંગળ, શનિ રાહુ અને કેતુ ) અને શુભ રાશિમાં શુભ ગ્રહો હોય તેમજ લગ્નેશ બહુ બલિષ્ઠ હોય તો ૧૨૦ વર્ષનું પૂર્ણ આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

( ૧૧૨ ) કેન્દ્રમાં શુભ ગ્રહો હોય અને તેમની બળવાન્ લગ્નેશ પર દૃષ્ટિ હોય તો મનુષ્ય સમૃદ્ધિમાન્, સદ્ગુણી અને દીર્ઘ આયુષ્યવાળો થાય છે. ( જાતકાલંકાર ).

( ૧૧૩ ) જો બધાજ ગ્રહો આઠમા, ત્રિજા કે ચોથા સ્થાનમાં હોય તો દીર્ઘ આયુષ્ય થાય. ( જાતકાલંકાર ).

(૧૧૪) ચંદ્રથી આઠમે પાપગ્રહો રહેલા હોય અને જન્મ દિવસે હોય તો મધ્યમ આયુષ્ય થાય એટલે કે ૩૨ થી ૬૪ વર્ષ પર્યંતનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૧૧૫) અત્યંત બલિષ્ઠ બુધ કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) માં હોય અને આઠમું સ્થાન જો ગ્રહ વગરનું હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય થાય. પણ જો તેમાં આઠમા સ્થાન પર શુભ ગ્રહની દૃષ્ટિ હોય તો ૪૦ વર્ષનું આયુષ્ય થાય. (જાતકાલંકાર).

(૧૧૬) શુક્ર અને ગુરૂ લગ્નમાં હોય અને પાંચમા ભાવમાં મંગળ પાપ ગ્રહો સાથે રહેલો હોય તો માણસ આયુષ્યહીન થાય. (જાતકાલંકાર).

(૧૧૭) લગ્નમાં સૂર્ય અને બીજા પાપ ગ્રહ તેમજ શુભ ગ્રહની સાથે જન્મ રાશિનો સ્વામી હોય અને બીજા કોઈ ગ્રહની તેના પર દૃષ્ટિ હોય તો માણસ આયુષ્યહીન થાય. (જાતકાલંકાર).

## પૂર્ણ આયુષ્યના યોગો.

૧ ગુરુ અને શુક્ર કેન્દ્રમાં હોય અને અગીઆરમા ભાવમાં ચંદ્ર હોય તો પૂર્ણ આયુષ્ય જાણવું. (જગન્મોહન).

૨ શુભગ્રહો નવમાંશમાં અને પાપગ્રહો ત્રીજે, છટ્ઠે, અગીઆરમે હોય અથવા શુભગ્રહો કેન્દ્રમાં હોય તો પણ પૂર્ણ આયુષ્ય જાણવું (જગન્મોહન).

૩ લગ્નનો સ્વામી અને ગુરુ કેન્દ્રમાં હોય, નવમા પાંચમા, આઠમા અને કેન્દ્ર (૧, ૪, ૭, ૧૦) સ્થાનોમાં ક્રૂર ગ્રહ હોય તો પણ પૂર્ણ આયુષ્ય જાણવું. (જગન્મોહન).

૪ ક્રૂર ગ્રહો ક્રૂર રાશિમાં અને શુભગ્રહો શુભ રાશિમાં હોય તેમ લગ્નનો સ્વામી બલવાન્ હોય તો પણ પૂર્ણ આયુષ્ય સમજવું. (જગન્મોહન).

આ પ્રમાણે આ પુસ્તકને અંગે ગ્રંથાંતરના અનેક યોગોમાંથી થોડા ઉચિત યોગો વર્ષોના ક્રમથી આપવામાં આવેલા છે. એ પ્રમાણે યોગો જોઈ યોગ્ય કલ્પનાથી ફલ કથન કરવું વિદ્વાન્ જ્યોતિષીઓ માટે ઉચિત છે એટલે તે પ્રમાણે અનુભવજન્ય જ્ઞાનથી યોગો મેળવી ફલાદેશ કહેવો.

**॥ इति "उडुदायप्रदीपे" "आयुर्दायाध्यायः" तृतीयः समाप्तः ॥**

**આ પ્રમાણે "ઉડુદાયપ્રદીપમાં" "આયુર્દાયાધ્યાય" નામનો અધ્યાય ત્રિજો સંપૂર્ણ.**

# ॥ अथ अंतर्दशाध्यायश्चतुर्थः ॥

હવે આ અંતર્દશાધ્યાયમાં ગ્રહો પોતાની મહાદશા અથવા અંતર્દશામાં પણ ક્યારે કેવી રીતે શુભાશુભ ફલ આપે છે તે સંબંધમાં વિશેષ જાણવા જેવું હોવાથી તે આપવામાં આવે છે.

## ગ્રહોના શુભાશુભફલોનો સમય

**न दिशेयुर्ग्रहाः सर्वे स्वदशासु स्वभुक्तिषु ।**
**शुभाशुभफलं नृणामात्मभावानुरूपतः ॥ २९ ॥**

**સર્વ ગ્રહો પોતાના ભાવને અનુસરીને અર્થાત્ પોતાના બલાબલને અનુસરીને મનુષ્યોને જે શુભાશુભફલ આપવાનું હોય છે તે પોતાની મહાદશા અથવા અંતર્દશામાંજ આપે છે એમ નથી. ૨૯.**

સામાન્યરીતે જ્યોતિષશાસ્ત્રમાં જ્યારે ફલનું દિગ્દર્શન કરવામાં આવેછે ત્યારે તેમાં અનેક જાતના સંયોગો અથવા યોગો જોવામાં આવે છે. માત્ર ફલ-કથન એકજ વસ્તુને આધારે અથવા તો અમુક શ્લોકમાં અમુક રીતિએ કહેલું છે માટે તેજ પ્રમાણે માનવું એમ કંઇ નથી. એમાં ગ્રહોના અનેક પ્રકારનાં બલો જોવામાં આવે છે અને તે બળને આધારે તે પર વિચાર કરી ત્યાર પછીજ અમુક જાતના એક ચોક્કસ નિર્ણયપર આવી શકાય છે. એમાં બળ એ અનેક પ્રકારનાં માનવામાં આવે છે જેમકે: "સ્થાનબલ, રાશિબલ, દૃષ્ટિબલ, દૃષ્ટબલ, યોગબલ" વગેરે. એમાં જેમકે કોઈ કેન્દ્રાદિ શુભસ્થાનોમાં અમુક ગ્રહ રહેલા હોય તો વધારે બલિષ્ઠ ગણાય છે. કોઇ ત્રિકોણમાં રહેલો બલિષ્ઠ ગણાય છે. કોઇની પર અમુક શુભ ગ્રહની દૃષ્ટિ પડેલી હોય તો તે અમુકાંશે વધારે બલિષ્ઠ ગણાય. એજ પ્રમાણે અમુક ગ્રહ પોતાના મિત્રના સ્થાનમાં અથવા અધિમિત્રના સ્થાનમાં કે તેની સાથે રહેલો હોય તો વધારે બલિષ્ઠ ગણાય છે. અમુક ગ્રહો અમુક શુભ ગ્રહોના સંયોગમાં અમુક સંબંધથી જોડાયો હોય છે તો તેનું બલ વધારે ગણાય છે. અમુક પોતાની મહાદશા અંતર્દશામાં વધારે બલવાન્ મનાય છે. અમુક ગ્રહ અથવા ચંદ્ર ક્ષીણ હોય તો નિર્બલ ગણાય છે. બુધ નિર્બલ ગ્રહો સાથે હોય તો નિર્બલ ગણાય. એ પ્રમાણે વિવિધ રીતિએ ગ્રહોનું બલાબલ

જ્યોતિષશાસ્ત્રમાં મનાયલું છે અને તે પ્રમાણેજ ફલકથન માનવામાં આવે છે. ગ્રંથકાર પણ એ પર આધાર રાખી આ શ્લોકોક્તભાવ કહેવા માગે છે અને તેથી અમુક ગ્રહ બલી અથવા નિર્બલ અમુક સમયે અમુક જાતનું વધારે ઉત્તમ અથવા અધમ ફળ પોતાની મહાદશા અથવા અંતર્દશામાંજ આપે છે એમ સમજવાનું નથી. પરંતુ એ ગ્રહ બલિષ્ઠ થઇને અથવા નિર્બલ થઇને જન્મથીજ તેવો હોય તો પણ જન્મથી માંડીને ભિન્ન ભિન્ન સમયે કોઇક વખત વધતા ઓછા પ્રમાણમાં ઉત્તમ અધમ ફળ આપે છે. મનુષ્યના જન્મથી માંડીને મરણપર્યંત સમયાનુકુલતાએ ગ્રહોને સંયોગપરત્વે શુભાશુભ ફલ આપવાનું કર્તવ્ય રહેલું હોય છે, અને તેથી તે પોતાના સમયમાં યોગ્ય ઉત્તમ અથવા અધમ ફલ પોતાની સ્થિતિ અથવા સ્વરૂપના પ્રમાણમાં આપે છે. પણ તે માત્ર કોઇ મહાદશા અંતર્દશામાંજ તે ગ્રહો ફલો આપેછે એમ સમજવાનું નથી, એમ મુખ્ય તાત્પર્ય છે. અર્થાત્ ગ્રહો પોતાના કાળમાં મનુષ્યની જીંદગી પર્યંત નિયમસર ફલ આપતાજ રહે છે એમાં સંશય નથી.

આના ઉદાહરણ તરીકે સ્વાભાવિક રીતે આપણે જોઇએ તો જણાશે કે, જેમકે સૂર્ય સ્વગૃહી એટલે સિંહ રાશિનો થઇને અથવા તો ઉચ્ચનો એટલે મેષ રાશિનો થઈ કોઈ શુભ ભાવમાં પડેલો હોય તો તેથી કોઈપણ માની શકે કે તે સૂર્ય સ્વગૃહી અથવા ઉચ્ચનો હોવાથી પોતાની દશા અંતર્દશામાં તે શુભ ફલ આપનારો થવોજ જોઇએ અને તેથી તેની દશા અંતર્દશામાં શુભ ફલ મનુષ્યને મળવુંજ જોઇએ અને તેજ પ્રમાણે ક્વચિત્ શત્રુના ગૃહમાં રહેલો હોય અથવા તો નીચનો એટલે તુલા રાશિનો થઇને પડેલો હોય તો તે તેની દશા અંતર્દશામાં અશુભ ફલ પણ આપનારો થવોજ જોઈએ; પરંતુ આ ગ્રંથની ફલાદેશની રીતિ જુદી હોવાથી ગ્રંથકારના મત પ્રમાણે એ સૂર્ય માત્ર સ્વગૃહી અથવા તો ઉચ્ચ થયો તેટલા માત્રથીજ શુભ ફલ આપનારો થાય અને નીચ અથવા શત્રુગૃહી થવા માત્રથીજ અશુભફળ આપનારો થાય એમ માની શકાય નહી અને તેથીજ ગ્રંથકારે ઉપર પ્રમાણે કથન કરેલું છે અને તેને ઉદ્દેશીનેજ ગ્રંથકારે પોતાની આરંભની પરિભાષામાં અથવા ત્યારપછીના અધ્યાયોમાં અમુક ગ્રહ અમુક સમયે અથવા અમુક સંયોગમાં શુભ અથવા અશુભ ફળ આપેછે એમ જણાવેલું છે. અને તેથી આ ગ્રંથના આધાર પરથી ફલપ્રેક્ષણ કરનાર વિદ્વાન્ જ્યોતિષીઓએ આની પરિભાષા વગેરેનો બરાબર વિચાર કરવો ઘટેછે; સાથે એમાં આપેલા બીજા મેષાદિ લગ્નોના સંબંધોપર પણ વિચાર કરવો યોગ્ય છે અને એ રીતે સર્વ વિચાર કરીને સાથે કેટલાક બહારના પણ બલાબલનો વિચાર કરી ફલકથન કરવું ઉચિત છે. જો કે કેટલીક બાબતમાં અમુક અમુક સંયોગોમાં ગ્રંથાન્તરથી આ ગ્રંથની વિરૂદ્ધતા સ્પષ્ટ માલૂમ પડી આવે તેવી છે છતાં પણ આ ગ્રંથના ફલોને

આધારે અનુભવ લેવા માટે એનાજ ઉદ્દેશે માન્ય રાખવા યોગ્ય હોવાથી તે પર આધાર રાખવોજ વધારે ઉચિત છે. અને તેથી ઉપરોક્ત કથન પ્રમાણે ગ્રહો પોતાની મહાદશા અંતર્દશામાંજ શુભાશુભ ફલ આપેછે એ માન્યતા માનવી ઉચિત નથી.

હવે કયા ગ્રહોની મહાદશા અથવા અંતર્દશામાં ગ્રહો પોતાની દશાનું શુભાશુભ ફળ આપે છે તે સંબંધમાં જણાવે છે :

**आत्मसंबंधिनो ये च ये वा निजसधर्मिणः ।**
**तेषामन्तर्दशास्वेवं दिशन्ति स्वदशाफलम् ॥ ३० ॥**

જે ગ્રહો પોતાની સાથે કોઇ પણ સંબંધથી યુક્ત થએલા હોય અથવા તો પોતાના સમાનધર્મી હોય તેમની અંતર્દશાઓમાં ગ્રહો પોતાની દશાનું ( શુભાશુભ ) ફલ આપેછે. ૩૦.

આગળ ઉપર "અન્યોન્યરાશિસ્થિતસંબંધ," "પરસ્પરદૃષ્ટિ-સંબંધ" "અન્યતરદૃષ્ટિસંબંધ" અને "સહાવસ્થાનસંબંધ" તથા (વિશેષમાં)"સહસ્થાનસ્થિતાધિપત્યસંબંધ"એ પ્રકારના સંબંધો ગણાવવામાં આવેલા છે. હવે ગ્રહો પોતાની દશા અંતર્દશામાંજ શુભાશુભ ફલ આપતા નથી એ પણ ઉપરના શ્લોકમાં સ્પષ્ટ રીતે જણાવેલું છે અને તેથી એવા સંબંધથી જે ગ્રહો પોતાની સાથે કોઈ પણ જાતના સંબંધથી જોડાયલા હોય અથવા તો પોતાના સમાનધર્મી હોય એટલે કે પોતે શુભ હોય અને પોતે જે ભાવમાં બેઠેલો હોય તેનો સ્વામી પણ શુભ હોય અથવા તો પોતાની બલિષ્ઠતા પ્રમાણે બીજા પણ તેવા શુભગ્રહની બલિષ્ઠતા હોય અને પોતે ઉચ્ચનો કે સ્વગૃહી હોય તેવોજ બીજો ઉચ્ચનો કે સ્વગૃહી હોય અને તેમાં કંઇ દૃષ્ટિસંબંધ કે એવો બીજો સંબંધ હોય તો તેવા ગ્રહની દશામાં તે ગ્રહ પોતાની દશાનું શુભ ફલ આપેછે. અને તેજ પ્રમાણે પોતે અશુભ હોય અને બીજો પણ તેવો અશુભ અથવા પોતે નીચનો હોતાં બીજો પણ નીચનો કે શત્રુગૃહી અથવા તો એવી જાતના બીજા સંબંધથી યુક્ત હોય તો તે ગ્રહની દશામાં એ ગ્રહ પોતાની દશાનું અશુભ ફળ આપેછે. એ પ્રમાણે તે ગ્રહ બીજા સંબંધિત ગ્રહ અથવા તો સમાનધર્મી ગ્રહની દશામાં પોતાની દશાનું ફલ આપેછે. એટલે કે ટુંકમાં ગ્રહો પોતાની ઉત્તમતા અધમતા પર આધાર રાખવા સાથે બીજા ગ્રહોની સાથેના સંયોગપરત્વે પણ શુભાશુભ ફળ આપવાવાળા થાય છે.

આમાં જો કે બીજા સંબંધી અથવા સમાનધર્મી ગ્રહના શુભાશુભત્વ પર આધાર રાખી ગ્રહની પોતાની દશાના શુભાશુભત્વનું સૂચન કરેલું છે, છતાં પણ ખાસ કરી જે ગ્રહનું શુભાશુભ ફળ સમજવાનું છે તે ગ્રહના શુભાશુભત્વ પર પણ વધારે આધાર રાખવો ઇષ્ટ છે એટલે કે તે પોતે શુભ છે કે અશુભ, શુભભાવનો સ્વામી

છે કે અશુભ ભાવનો, ઉચ્ચનો છે કે નીચનો, સ્વગૃહી છે કે શત્રુગૃહી, શુભગ્રહથી દષ્ટ છે કે અશુભ ગ્રહથી વગેરે સર્વ બાબતનો વિચાર કરી ત્યાર પછી બીજા ગ્રહના સંબંધ વગેરેનો વિચાર કરી ફલકથન કરવું જોઇએ એ વધારે ઉચિત છે.

દશાના સ્વામીથી વિરૂદ્ધ ફલ આપનાર બીજા ગ્રહોથી ફલાનુસંધાન કરવા સંબંધમાં કહેછે :

**इतरेषां दशानाथविरुद्धफलदायिनाम् ।**
**तत्तत्फलानुगुण्येन फलान्यूह्यानि सूरिभिः ॥ ३१ ॥**

**દશાના સ્વામીથી વિરૂદ્ધ ફલ આપનારા જે અન્ય ગ્રહો તેમના ફલની યોગ્યતા પ્રમાણેનાં ફલોની કલ્પના વિદ્વાન્ પુરુષોએ કરવી- તેના ફલનું અનુસંધાન મેળવી બરાબર ફલ સમજવું. ૩૧.**

આ પરથી એમ સમજવામાં આવેછે કે દશાનો સ્વામી જો કવચિત્ શુભફળ આપનારો હોય પરંતુ બીજો ગ્રહ જો અશુભ ફળ આપનારો હોય તો તેની દશામાં આ ચાલુ ગ્રહની અંતર્દશાનું ફલ ઘણે ભાગે અશુભ ન સમજવું. અને તેજ પ્રમાણે જો દશાપતિ અશુભ ફલ આપનારો હોય અને બીજો ગ્રહ શુભફલ આપનારો હોય તો તેની દશામાં ચાલુ ગ્રહની અંતર્દશાનું ફલ શુભ સમજવું જોઇએ. અથવા તો કોઇ વખત તે બંને ગ્રહોના શુભાશુભત્વનું બલ જોઇ તે પ્રમાણે માનવું જોઇએ. જો કે નિર્બળ છતાં ગ્રહ શુભ હોવાથી ચાલુ ગ્રહની દશાનું ફલ તે બલવાન્ હોવા છતાં એકદમ અશુભ મળી શકે નહિ. એજ પ્રમાણે કવચિત્ નિર્બળ પણ ચાલુ ગ્રહ શુભ હોય અને બીજો બલિષ્ઠ અને અશુભ ગ્રહ હોય તો તેના પ્રમાણમાં તેની દશામાં ચાલુ ગ્રહની અંતર્દશાનું ફલ અશુભજ-ખાસ કરી વિશેષ પ્રમાણમાં અશુભજ-મળવું જોઇએ એમાં સંશય નહિ. ટુંકમાં શુભાશુભત્વપરત્વે બલાબલની સ્થિતિ પણ જોવી જોઇએ અને તેના આધારે ઇતર ગ્રહની અપેક્ષાપૂર્વક ચાલુ ગ્રહની દશાનું ફળ મળી શકે છે એમ સમજવું જોઇએ અને તેથીજ ગ્રંથકાર દશાનાથની વિરુદ્ધ ફલ આપનારા ગ્રહોના ફલને અનુસરીને ચાલુ ગ્રહની દશાના ફલનું મંતવ્ય માનવા માટે જણાવે છે. ટુંકમાં દશાનું ફલ જ્યારે જોવું હોય ત્યારે તેના સંબંધીઓ અન્ય વિરુદ્ધ ગ્રહોની દશાના ફલનું અનુસંધાન મેળવવું જોઇએ અને તે મેળવી અમુક ગ્રહનું શુભાશુભ ફળ અમુક ઇતર ગ્રહના આધાર પરત્વે કેવું અને કયારે શુભ અથવા અશુભ આવેછે તેની કલ્પના વિદ્વાનોએ કરવી અને એ પ્રમાણે અનુસંધાન મેળવી ફલ કથન કરવું અથવા માનેલા દશાઅંતર્દશાના ફલનું સત્ય સ્વરૂપ દૃષ્ટિગોચર થવું વિશેષાંશે સંભવિત હોય તેમ જણાય છે અને તેથી તેમજ માનવું યોગ્ય છે.

હવે કેન્દ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિની અંતર્દશામાં કયારે કયારે શુભાશુભ ફલ પ્રાપ્ત થાય છે તે સંબંધનું કથન કરેછે :

**स्वदशायां त्रिकोणेशो भुक्तौ केन्द्रपतेः शुभम् । ***
**दिशेत्सोपि तथा नोचेदसंबंधेऽपि पापकृत् ।। ३२ ।।**

ત્રિકોણાધિપતિ પોતાની મહાદશામાં કેન્દ્રાધિપતિની અંતર્દશા હોય ત્યારે શુભફલ આપેછે તેજ પ્રમાણે કેન્દ્રાધિપતિની મહાદશામાં ત્રિકોણાધિપતિની અંતર્દશા હોય તો પણ શુભફળ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે તેને કોઈ જાતનો સંબંધ ન હોય અને તેથી તે પાપગ્રહ ન થયો હોય તો. ૩૨.

કેન્દ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિનો કોઇ પણ જાતના સંબંધનો યોગ ઉત્તમ મનાયલો છે, એમ આગળ શ્લોક ૧૫ તથા ૧૬ મામાં કહેવામાં આવ્યું છે. જેમકે ત્યાં કહ્યું છે કે : " કેન્દ્રાધિપતિ અથવા તો ત્રિકોણાધિપતિ પોતે કોઈ પણ પ્રકારે અશુભ હોય તો પણ તે પરસ્પરના સંબંધમાત્રથી બલવાન્ થઈ રાજ યોગ કરનારા થાય છે. અને તેજ પ્રમાણે જ્યારે કેન્દ્રાધિપતિ અથવા ત્રિકોણાધિપતિ ધર્મ અને કર્મ સ્થાનમાં એટલે નવમા અને દશમા સ્થાનમાં એકેકની રાશિમાં પરસ્પર પડેલા હોય અથવા તો એમાંથી એકાદ હોય તો પણ રાજયોગ કરનારા થાય છે. "

આ પ્રમાણે એ બંને કેન્દ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિ સ્વાભાવિક રીતેજ સંબંધથી શુભકારક હોવાથી તેમની પરસ્પરની અંતર્દશાઓમાં તે શુભફલ આપનારા થાય છે. અથવા તો એકેકની મહાદશામાં બીજાની અંતર્દશા હોય છે ત્યારે

---

* અહીંઆં નીચે પ્રમાણેનો પણ પાઠાન્તર છે.

**स्वदशायां त्रिकोणेशभुक्तौ केन्द्रपतिः शुभम् ।**
**दिशेत्सोपि तथा नोचेदसंबंधेपि पापकृत् ॥ ३२ ॥**

કેન્દ્રાધિપતિ પોતાની મહાદશામાં ત્રિકોણાધિપતિની અંતર્દશા હોય ત્યારે શુભફલ આપેછે અને તે ત્રિકોણાધિપતિ પણ પોતાની મહાદશામાં કેન્દ્રાધિપતિની અંતર્દશામાં શુભ ફલ આપેછે પરંતુ જો તે કોઇપણ જાતના સંબંધ વિના પાપગ્રહ ન થએલો હોય તો. ૩૨.

આ પ્રમાણે પાઠાન્તરથી પણ અર્થ લેવામાં આવેછે એમાં જેને જે યોગ્ય લાગે તે અર્થ લેવો. કોઈ એક ગ્રંથકારે આનો ભલતોજ અર્થ કરેલો છે અને તેથી તે અહીં લેવામાં આવ્યો નથી.

પણ તે શુભફલ આપનારા થાય છે. પરંતુ જો તેમની સાથે કોઇપણ જાતનો પાપગ્રહ કોઇપણ પ્રકારના સંબંધથી સામાન્ય રીતે ન જોડાયો હોય તો, અર્થાત બીજો જો કોઈપણ પાપગ્રહ ન રહેલો હોય અથવા તો તેમનો પોતાનો પણ નીચ, અસ્ત, વક્રી કે શત્રુગ્રહ વગેરે કારણથી અશુભ યોગ ન થયો હોય ત્યારેજ તે શુભફળ આપવાવાળા થાય છે. અથવા તો એ બંને કેન્દ્રાધિપતિ અથવા ત્રિકોણાધિપતિ જો પરસ્પર કોઇપણ પ્રકારના સંબંધથી ન જોડાયા હોય ત્યારે અને તેમની અંતર્દશા જો કોઇ પાપગ્રહની મહાદશામાં આવતી હોય અથવા તો એમની મહાદશામાં કોઈ પાપગ્રહની અંતર્દશા આવતી હોય ત્યારે એમની દશા અશુભફલ આપવાવાળી થાય છે એમાં સંશય નથી. અર્થાત્ કોઇપણ અશુભ યોગ સિવાય કેન્દ્રાધિપતિની મહાદશામાં ત્રિકોણાધિપતિની અંતર્દશા તથા ત્રિકોણાધિપતિની મહાદશામાં કેન્દ્રાધિપતિની અંતર્દશા એકંદરે શુભફલ આપવાવાળી થાય છે, એમ ગ્રંથકર્તાનો આશય છે. માત્ર એમની દશાના પ્રેક્ષણસમયે અન્ય ગ્રહોનો યોગ એમની સાથે થાય છે કે કેમ તે બરાબર તપાસી લેવું જોઇએ કે જેથી એ બંનેના શુભાશુભ ફલની પ્રાપ્તિ સંબંધની સ્પષ્ટતા માલુમ પડે.

હવે મારક ગ્રહોની દશામાં મળતાં શુભાશુભ ફલોના સંબંધના સમયનું કથન કરેછે :

**आरंभो राजयोगस्य भवेन्मारकभुक्तिषु ।**
**प्रलयन्ति तमारब्धं क्रमशः पापभुक्तयः ॥ ३३ ॥**

**મારક ગ્રહોની દશામાં રાજયોગનું ફળ મળવાનો આરંભ થાય છે, પરંતુ તે શુભફલના આરંભનો ક્રમથી પાપગ્રહની દશાઓમાં વિનાશ થાય છે, અર્થાત્ પાપગ્રહની દશાઓમાં તે રાજયોગનું ફલ મળતું નથી. ૩૩.**

સ્વાભાવિક રીતે મારક ગ્રહોની દશા મનુષ્યને વિનાશકારક થાય છે, એમ સામાન્ય માન્યતા છે અને તેથી મારક ગ્રહની દશામાં રાજયોગનું ફળ કેવી રીતે મળે એ સંબંધમાં સ્વાભાવિકરીતે સર્વને શંકા થઇ શકે, પરંતુ મારક ગ્રહની દશા અશુભજ ફળ આપેછે અથવા તો મારકગ્રહો પણ મનુષ્યને અશુભ ફળ આપનારાજ થાય છે એમ સર્વથા માની લેવાની જરૂર નથી. અલબત્ત મારક ગ્રહો અશુભફળ આપનારા થાયછે એ સ્વાભાવિક છે તો પણ જ્યારે તે અશુભ ભાવના અધિપતિ હોય છે ત્યારેજ તે વિશેષ અશુભ ફળ આપનારા થાય છે અને ત્યારેજ તેમના રાજયોગનું ફળ મળી શકતુ નથી; પરંતુ જ્યારે તે શુભ ભાવના અધિપતિ હોય છે અથવા તેમનો જ્યારે. બીજા કોઈ સંબંધથી શુભ ગ્રહો સાથેનો અથવા તો શુભ યોગો સાથેનો સંબંધ હોય છે ત્યારે તે માત્ર અશુભફળ આપ-

વાળાજ થતા નથી પરંતુ તેમના રાજયોગનું ફલ પણ તેઓ આપેછે એટલે તે તદ્દન ઉત્તમ ફળજ આપતા નથી પણ મધ્યમ ફળ આપી શકે છે અને તેથી તે પોતાની મહાદશા અથવા તો અંતર્દશામાં પોતાના યોગનું ઉત્તમ ફળ આપેછે. માત્ર પાપગ્રહોની દશામાંજ તે પોતાના રાજયોગનું ફલ આપતા નથી. અથવા તો પોતાની મહાદશામાં પાપગ્રહની અંતર્દશા જ્યારે આવેછે ત્યારે પણ તેજ પ્રમાણે પોતાનું શુભફલ આપી શકતા નથી. અર્થાત્ પ્રથમ ગ્રહોની મારકસ્થિતિ જોઈ ત્યાર પછી તે કેવા સંયોગમાં રાજયોગ કરનારા થાય છે તે તપાસવું જોઇએ. એ સંબંધમાં આગળ ઉપર રાજયોગોનું કથન કરેલું છે એટલે તેમાં જો એનો સમાવેશ થતો હોય તો ઠીક નહીં તો બીજા રાજયોગ તરફ પણ ધ્યાન આપી તેમની દશા અંતર્દશાના ફલનું કથન કરવું અને ત્યાર પછી બીજા પાપગ્રહોની અંતર્દશા કયારે આવેછે અથવા તો પાપગ્રહોમાં મારકગ્રહોની અંતર્દશા કયારે આવેછે તે તપાસી ફલનો નિશ્ચય કરવો જોઇએ. એ પ્રમાણે પરસ્પરના સંયોગો તપાસતાં તેમની શુભ રાજયોગની અથવા તેમની વિઘાતક પ્રવૃત્તિ ખ્યાલમાં આવી જશે અને તેથી મારક ગ્રહોની દશાઅંતર્દશાનું એ શુભાશુભ ફળ તપાસવું વધારે સુગમ પડશે. આ પરથી મારક ગ્રહો શુભ ફળ પણ આપવાવાળા થાય છે અને રાજયોગ પણ કરી શકે છે અને તેમની દશામાં શુભ ફલ પણ આપેછે એમ આશય સમજાય છે.

દશાના સ્વામીના સંબંધિત અન્ય ગ્રહોની દશાઅંતર્દશામાં કેવા પ્રકારનું ફળ મળે છે તે સંબંધમાં કહેછે.

**तत्संबंधिशुभानां च तथा पुनरसंयुजाम् ।**
**शुभानां तु समत्वेन नासंयुग्योगकारिणाम् ॥ ३४ ॥**

દશાના સ્વામીની સાથે સંબંધિત થયલા ગ્રહોનું તથા તેની સાથેના સંબંધ વિનાના ગ્રહોનું પણ શુભ અથવા સાધારણ શુભફળ પ્રાપ્ત થાય છે, પરંતુ જે ગ્રહો તેમની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ ધરાવતા નથી અથવા તો કોઇપણ પ્રકારના યોગ કરનારા પણ નથી એવા અન્ય ગ્રહોનું ફળ ઉત્તમ મળતું નથી. ૩૪.

દશાનો સ્વામી કે જે કોઇપણ પ્રકારનો રાજયોગ કરનારો હોય છે તેની સાથે જ્યારે પૂર્વોક્ત કોઇપણ પ્રકારના શુભગ્રહો જોડાયલા હોય છે એટલે કે તેમનો કોઇપણ પ્રકારનો ઉત્તમ યોગ થયેલો હોય છે ત્યારે તે દશાના સ્વામીની દશામાં મનુષ્યને ઉત્તમ પ્રકારનું ફળ મળે છે એટલે કે તે દશાસ્વામીની મહાદશામાં સંબંધિત થયેલા ગ્રહની અંતર્દશા હોય છે ત્યારે શુભફળ પ્રાપ્ત થાય છે.

( અથવા તો સંબંધિત ગ્રહની મહાદશામાં જ્યારે તેની અંતર્દશા આવેછે ત્યારે પણ એકંદર શુભફલ પ્રાપ્ત થવાનો સંયોગ આવેછે ) અથવા તો તેજ પ્રમાણે જ્યારે કોઇપણ પ્રકારના સંબંધથી દશાના સ્વામી સાથે ન જોડાયલા હોય એવા પણ શુભગ્રહો હોય છે ત્યારે એની મહાદશામાં પણ જ્યારે તે શુભગ્રહની અંતર્દશા આવેછે ત્યારે પણ મનુષ્યને શુભફળ પ્રાપ્ત થાય છે. અને તેજ પ્રમાણે જ્યારે બીજા કોઇ એવા ઉત્તમ યોગ કરનારા સારા ગ્રહો હોય છે અને જ્યારે તેમની અંતર્દશાએ હોય છે ત્યારે પણ અથવા તો તેમની મહાદશામાં આ ગ્રહની પણ અંતર્દશા હોય ત્યારે એકંદર મનુષ્ય ઉત્તમ ફળ મેળવી શકે છે. પરંતુ એ દશાના સ્વામી સાથે જ્યારે કોઇપણ સંબંધથી જોડાયલા ન હોય એવા ગ્રહો હોય અથવા તો એની સાથેનો કોઈ યોગ પણ ન થએલો હોય એવા ગ્રહો હોય અને તેમની જ્યારે દશાઅંતર્દશા હોય ત્યારે ઉત્તમ ફળ મળતું નથી.

આ પરથી સ્વાભાવિક એમ સમજી શકાય છે કે એમની સાથે સંબંધિત ન થએલા હોય એવા જે ગ્રહો અથવા તો કોઇપણ પ્રકારના યૌગિક સંબંધમાં પણ જે ગ્રહો ન આવેલા હોય એવા જે ગ્રહો લેવાના છે તે પાપગ્રહજ હોવા જોઇએ, કારણ કે અશુભ ફળ આપનારા બનતા પ્રયત્ને તેવાજ ગ્રહો થાય છે. એટલે એમાં દશાસ્વામી સાથે સંબંધિત ન થએલા અથવા તો યૌગિક સંબંધથી પણ ન જોડાયલા એવા જે પાપગ્રહો હોય તેમની દશા અંતર્દશામાં મનુષ્યને શુભ-ફળ પ્રાપ્ત થતું નથી પણ અશુભફળ પ્રાપ્ત થાય છે. અને આવો અર્થ લેવાથી સ્વાભાવિક રીતે અર્થસંગતિ ઘટેછે એટલે એજ પ્રમાણે અર્થ લેવો વધારે ઉચિત છે.

આ શ્લોકમાં મૂળ શ્લોકમાં આપેલા **તત્સંબંધિ** એ પદનો અર્થ તેના સંબંધી એટલે દશાના સ્વામીના સંબંધી ગ્રહો એવો અર્થ થાય છે જ્યારે કેટલાક તેના સંબંધી એટલે રાજયોગકારક ગ્રહોના સંબંધી જે ગ્રહો એવો અર્થ કરે છે. અને જો પૂર્વનો સંબંધ લેવામાં આવે તો ખરી રીતે મારક ગ્રહોના શુભાશુભ ફલનું કથન આગલા શ્લોકમાં કરેલું હોવાથી તેના સંબંધને લઇને તો એવો અર્થ થઇ શકે કે, મારક ગ્રહથી સંબંધિત થએલા જે શુભ ગ્રહો અથવા તો અસંબંધ-યુક્ત પણ જે શુભગ્રહો તેમની દશા અંતર્દશામાં મનુષ્યને શુભ ફળ પ્રાપ્ત થાય છે અને તેની સાથે સંબંધવિનાના અથવા યોગરહિત પાપગ્રહોની દશા અંતર્દશામાં મનુષ્યને અશુભ ફળ પ્રાપ્ત થાય છે. આ અર્થ લેતાં પણ પૂર્વશ્લોકને મળતો વિશેષાર્થ નિકળી શકે છે એટલે અર્થ અસંગત લાગતો નથી છતાં પણ થોડું પિષ્ટપેષણ જેવું થતું હોવાથી અને પ્રકરણમાં દશાનાથનીજ ફલકથનની રીતિનું અનુસરણ થએલું હોવાથી દશાનાથના સંબંધી એવોજ અર્થ અહીંઆં લીધેલો છે, છતાં પણ વિશેષ સ્પષ્ટાર્થ માટે જેને જે યોગ્ય લાગે તે અર્થ લેવાની છુટ છે

અને અનુભવજન્ય જ્ઞાન પ્રમાણે જે અર્થ વધારે સંગતિભર્યો લાગે તેજ લેવો વધારે યોગ્ય છે એમ માની શકાય.

હવે રાજયોગ કરનારા ગ્રહનું રાજયોગસંબંધનું ફલ પોતાની દશામાં ક્યારે પ્રાપ્ત થાય છે તે સંબંધમાં ખાસ કરીને કહે છે.

**शुभस्यास्य प्रसक्तस्य दशायां योगकारकाः ।**
**स्वभुक्तिषु प्रयच्छन्ति कुत्रचिद्योगजं फलम् ॥ ३५ ॥**

**સંબંધિત થએલા દશાસ્વામી એવા શુભ ગ્રહની મહાદશામાં બીજા યોગકારક ગ્રહો જ્યારે પોતાની અંતર્દશા આવેછે ત્યારે ક્યારેક ક્યારેક પોતાના યોગથી ઉત્પન્ન થતું ઉત્તમફળ આપેછે. ૩૫.**

દશાના સ્વામી સાથે જે જે ગ્રહો કોઇપણ પ્રકારે અમુક જાતના ઉત્તમ રાજયોગ તરીકેના યોગો કરવાવાળા થએલા હોય છે તે ગ્રહો જ્યારે એ પોતાની દશાનો સ્વામી શુભ ગ્રહ હોય છે અને તેની મહાદશામાં એ યોગકારક ગ્રહોની અંતર્દશા આવેછે એટલે જેટલા યોગકારક ગ્રહો છે તે સર્વની જ્યારે જ્યારે અંતર્દશાઓ આવેછે ત્યારે ત્યારે તે યોગકારક ગ્રહો પોતે મનુષ્યને પોતાના યોગનું ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. અર્થાત્ એ સમયે મૂળ મહાદશા જે ગ્રહની ચાલતી હોય છે તે ગ્રહ પણ દશાસ્વામી તરીકે શુભ હોવાથી અને બીજા યોગકારક ગ્રહોનો યોગ પણ શુભ હોવાથી તે સમયે એ સર્વ એકંદર શુભ ફળને આપવાવાળા થાય છે અને તેથી એ ગ્રહોની મહાદશા અંતર્દશામાં મનુષ્ય ઉત્તમ પ્રકારનું સુખ મેળવી શકે છે.

અહીંઆં યોગકારક ગ્રહોમાં સ્વાભાવિક રીતે રાજયોગકારક ગ્રહોની ગણના થતી હોવાથી ઉત્તમ ફળનુંજ અનુસંધાન લેવામાં આવ્યું છે.

આ શ્લોક સંબંધમાં ગ્રંથાંતરમાં પાઠાન્તરનો ઘણો ફેર છે. આમાં જ્યારે "**शुभस्यास्य प्रसक्तस्य**" એમ લખવામાં આવ્યું છે જ્યારે બીજામાં "**शुभस्य स्वावियुक्तस्य**" એ પ્રમાણે લખવામાં આવ્યું છે. આમાં અર્થમાં કેટલોક ફેર પડી જાય છે. કારણ કે મૂળ શ્લોકના આધાર પર અર્થ લેતાં 'સંબંધિત થએલા દશા સ્વામી એવા શુભ ગ્રહની મહાદશામાં' એવો અર્થ લઈ શકાય છે જ્યારે આ પાઠાન્તર પ્રમાણે જો અર્થ કરવામાં આવે તો 'કોઇપણ પ્રકારના સંબંધથી રહિત એવા શુભગ્રહની મહાદશામાં' એવો અર્થ થાય છે અને ત્યારે તેની સાથેના યોગકારક ગ્રહો પોતાની અંતર્દશાઓમાં ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. તેમજ છેલ્લા પદમાં મૂળમાં "**योगजं फलम्**" એ પ્રમાણે આપવામાં આવેલું છે જેનો અર્થ એવો કરવામાં આવ્યો છે કે 'તે યોગકારક ગ્રહો પોતપોતાની અંતર્દશાઓમાં પોતાના યોગથી ઉત્પન્ન થતું ઉત્તમફળ આપેછે!' જ્યારે

પાઠાંતરમાં "**योगकारिणाम्**" એમ પદ આપવામાં આવ્યું છે અને આખો ઉત્તરાર્ધ "**स्वस्वभुक्तिषु चेच्छन्ति कुत्रचित् योगकारिणाम्** ।" 'એટલે સંબંધરહિત એવા શુભગ્રહની મહાદશામાં યોગકારક ગ્રહો પોતપોતાની અંતર્દશાઓમાં ફલ આપવાનું ઇચ્છે છે.' ત્યારે કયારેક બીજા તેમની સાથે યોગ કરવાવાળા જે ગ્રહો છે તેમની અંતર્દશાઓમાં ફલ આપવાને ઇચ્છેછે.' આ પ્રમાણે અર્થ કરે છે. આમાં અર્થમાં ઘણો ફેરફાર છે. આવા ઘણા શ્લોકોમાં પાઠાંતરનો ભેદ ઘણોજ છે છતાં જ્યાં ખાસ વિરોધાર્થ જણાવવાળા પાઠાંતરો આપવામાં આવેલા છે અથવા જણાય છે ત્યાં ખાસ ખુલાસો કરવામાં આવ્યો છે અથવા જ્યાં કવચિત્ ખુલાસો ન કરવામાં આવ્યો હોય તો ત્યાં વાંચક પોતે તે પાઠાંતર પ્રમાણે અર્થ સમજી લેવો ઉચિત છે.

આમાં યોગકારક ગ્રહો કવચિત્ પાપગ્રહો હોય તો પણ તે શુભગ્રહોની સાથે સંબંધિત થએલા હોય છે તો ઉત્તમફળ આપવાવાળા થાય છે, એમ શ્લોક ૧૯ મામાં જણાવવામાં આવ્યું છે. તેમાં ક છે કે, "યોગકારક ગ્રહની સાથે સંબંધિત થએલા પાપી ગ્રહ હોય તો પણ તે પોતપોતાની અંતર્દશામાં તે યોગનું ઉત્તમફળ આપવાવાળા થાય છે." આપરથી એટલું પણ સમજવું જરુરનું છે કે સામાન્યરીતે અહીંઆં જે યોગોનું ફળ આપવામાં આવ્યું છે તે બહુધા ઉત્તમ યોગોનું ફળજ ફળ આપવામાં આવ્યું છે અને તેથી ગમે તે ગ્રહની દશા અંતર્દશાનાં ફળ પણ સામાન્યરીતે ઉત્તમજ આપવામાં આવેલાં છે. આ પરથી બીજા પાપગ્રહોનાં ફળો તેના યોગકારક ગ્રહોના સંબંધથી અથવા તો તેની મહાદશા અંતર્દશાના યોગથી અશુભ હોય તો તે પણ સમજી લેવાં. તો પણ તેવા પાપગ્રહો સંબંધી મહાદશા અંતર્દશાઓનાં ફળનું કથન આમાં કરેલું ન હોવાથી તે ગ્રંથાંતરમાંથીજ અથવા તો કલ્પનાદ્વારાજ સમજી લેવું વધારે શ્રેયસ્કર છે.

આમાં આપેલા પાઠાંતરના અર્થ પ્રમાણે જેને જે ફલ ગ્રહોની મહાદશામાં અથવા અંતર્દશાઓમાં ઉચિત લાગે તે સમજી લેવાં અથવા તો અનુભવસિદ્ધ પ્રમાણોથી જે માન્યતા ઉચિત લાગે તેનો સ્વીકાર કરી લેવો.

<u>રાહુ તથા કેતુ ગ્રહો જ્યારે યોગકારક થાય છે ત્યારે તેનું ફલ કયારે મળે છે તે સંબંધમાં હવે જણાવે છે :</u>

**तमौग्रहौ शुभारूढावसंबंधेन केनचित् ।**
**अन्तर्दशानुसारेण भवेतां योगकारकौ ॥ ३६ ॥**

રાહુ અને કેતુ જ્યારે કોઇપણ જાતના સંબંધવિના શુભસ્થાનમાં રહેલા હોય છે ત્યારે તે પોતાની અંતર્દશા જ્યારે આવેછે ત્યારે યોગકારક થાય છે એટલે કે રાજયોગનું ઉત્તમફળ આપેછે. ૩૬.

આ પરથી એમ સમજી શકાય છે કે, જ્યારે રાહુ અને કેતુ શુભસ્થાનમાં રહેલા હોય એટલે કેન્દ્ર સ્થાનમાં અથવા ત્રિકોણસ્થાનમાં રહેલા હોય અને તેમનો કોઈનોપણ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ થએલો ન હોય એટલે કે શુભગ્રહ નહીં પણ અશુભ ગ્રહની સાથે કોઇપણ પ્રકારના સમ્બંધથી તે જ્યારે જોડાયલા ન હોય ત્યારે તે પોતાની અંતર્દશામાં યોગકારક બની અર્થાત રાજયોગ કરી તેનું ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. પરંતુ જો તેઓ અશુભ ગ્રહની સાથે સંબંધિત થએલા હોય છે ત્યારે ઉત્તમફળ આપતા નથી પણ અશુભફળજ આપે છે.

આ બંને ગ્રહો કયારે યોગકારક થાય છે એ આગળ શ્લોક ૨૦ મામાં કહેવામાં આવ્યું છે કે, "જો રાહુ અને કેતુ કેન્દ્ર અથવા ત્રિકોણસ્થાનમાં રહેલા હોય છે અથવા તો ત્રિકોણાધિપતિ અથવા કેન્દ્રાધિપતિની સાથે કોઇપણ પ્રકારના સંબંધથી જોડાયલા હોય છે તો તે યોગકારક થાય છે અર્થાત્ રાજયોગકર્તા થઇ ઉત્તમફળ આપવાવાળા થાય છે." એટલે એ પ્રમાણે એ બંને ગ્રહો કેન્દ્ર અથવા ત્રિકોણસ્થાનમાં હોવા જોઇએ અને તે સાથે પાપગ્રહોથી સંબંધિત થએલા ન હોવા જોઇએ પણ વખતે સંબંધિત થએલા હોય તો ત્રિકોણાધિપતિ કે કેન્દ્રાધિપતિની સાથે ચાર પ્રકારના સંબંધમાંથી કોઇ એક પ્રકારના સંબંધથી યોગકારક થએલા હોવા જોઇએ તોજ તે યોગકારક થઈ પોતાની અંતર્દશા જ્યારે આવેછે ત્યારે શુભફળ આપવાવાળા થાય છે.

આ રાહુ તથા કેતુ અથવા તો રાહુના એ કેન્દ્રસ્થાનમાં હોવા સાથે પણ જો અશુભ યોગો જોવા હોય તો "જાતકીવિજય" નામના ગ્રંથમાં તપાસી લેવું. તેમાં શ્લોક ૩૫ થી ૪૦ સુધીમાં રાહુના કેન્દ્રસ્થાનમાં હોવા છતાં અન્યસ્થાનોમાં બીજા શુભ અથવા અશુભગ્રહના પણ યોગો થએલા હોય છે તો તે કેવળ મૃત્યુકારકજ નીવડે છે એમ તેમાં જણાવવામાં આવ્યું છે. એકાદ બે ઉદાહરણ તરીકે જોઇએ તો ત્યાં જણાવવામાં આવ્યું છે કે:, "૧. સાતમામાં રાહુ હોય અને બીજા કેન્દ્ર સ્થાનોમાં પાપગ્રહો રહેલા હોય અને ચંદ્ર ક્રૂર ગ્રહની સાથે રહેલો હોય; ૨. દશમામાં રાહુ તથા ચંદ્ર છઠ્ઠે અથવા આઠમે હોય; ૩. લગ્નમાં રાહુ અને બુધ છઠ્ઠે તથા આઠમે હોય, વગેરે અનેક કેન્દ્રમાં રાહુ રહેવા સાથે બીજા ગ્રહોના અશુભ યોગો હાનિકારક ગણાવેલા છે એટલે તે પરથીજ સર્વ સમજી લેવું.

હવે કેટલાક પાપી દશાના સ્વામીઓનું ફલ તથા બીજા કેટલાક ગ્રહોની દશાના મિશ્રફલના સંબંધમાં કહેછે.:

पापा यदि दशानाथाः शुभानां तत्संयुजाम् ।
भुक्तयः पापफलदास्तत्संयुक्शुभभुक्तयः ॥ ३७ ॥

**भवन्ति मिश्रफलदा भुक्तयो *योगकारिणाम् ।**
**अत्यंतपापफलदा भवन्ति तदसंयुजाम् ॥ ३८ ॥**

દશાના સ્વામી જો પાપગ્રહ હોય અને તેમની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ ન ધરાવનારા શુભગ્રહોની અંતર્દશા જ્યારે આવેછે ત્યારે તે અશુભ ફળ આપવાવાળી થાય છે. તેમજ સંબંધ ધરાવનારા શુભ ગ્રહોની અંતર્દશા આવેછે ત્યારે તે શુભ અને અશુભ એમ મિશ્ર ફળ આપવાવાળી થાય છે અને તેમની સાથે સંબંધ ન ધરાવનારા પણ યોગકારક એટલે બલવાન્ એવા ( પાપ ) ગ્રહોની જ્યારે અંતર્દશા આવેછે ત્યારે તે અત્યંત અશુભફલ આપવાવાળી થાય છે. ૩૭-૩૮.

દશાના સ્વામીઓ જ્યારે પાપગ્રહ હોય છે એટલે કે જ્યારે પાપગ્રહોની મહાદશા ચાલતી હોય અને તેમાં જો કોઇપણ પ્રકારના સંબંધથી ન જોડાયલા એવા શુભગ્રહોની અંતર્દશા આવતી હોય છતાં પાપગ્રહનું બળ વિશેષ પ્રમાણમાં હોવાથી તેમજ તેની મહાદશા ચાલતી હોવાથી એકંદર એનું ફલ અશુભજ મળે એમ ગ્રંથકારનું માનવું છે. એટલે કે તેમાં અંતર્દશાવાળા શુભગ્રહનું બીલકુલ ફળ મળવુંજ નથી. પરંતુ જો તેવા શુભગ્રહો જો કોઇપણ જાતના સંબંધથી એ દશાધિપતિ સાથે જોડાયલા હોય છે તો તે સંબંધના યોગપરત્વે તે શુભગ્રહની અંતર્દશાના નિમિત્ત તેવું તેમની અંતર્દશામાં શુભફલ તેમજ મૂળ મહાદશા પાપ-ગ્રહની હોવાથી તેનું અશુભફળ એમ એકંદરે તે પાપગ્રહની મહાદશામાં તેની સાથે સંબધિત થએલા શુભગ્રહની અંતર્દશા મિશ્રફળ આપવાવાળી થાય છે. આ પ્રમાણે જ્યારે કોઇપણ પ્રકારના સંબધથી ( પાપ ) ગ્રહો એ દશાના સ્વામી સાથે જોડાયલા ન હોય અને તેવા (પાપ) યોગકારક ગ્રહોની જ્યારે એ મહાદશામાં અંત-ર્દશા આવેછે ત્યારે તે દશા તો અત્યંત અનિષ્ટ ફલને આપનારી થાય છે, કારણકે મૂળ પાપગ્રહનીજ મહાદશા અને તેમાં અસંબંધિત યોગકારક ગ્રહો પણ પાપગ્રહ એટલે એકંદર મહાદશા અથવા તો અંતર્દશા એ સર્વ પાપગ્રહોનીજ હોવાથી અત્યંત અનિષ્ટફલદાયક તે દશાઓ થાય એમાં સંશય નથી. આ પરથી કવચિત્ યોગકારક અર્થાત્ સંબંધિત થએલા હોય તો પણ જો પાપગ્રહ હોય તો પણ તે ઓની અંતર્દશાનું ફલ એકંદર મહાદશા તથા અંતર્દશાના સ્વામીઓ સર્વ પાપ-ગ્રહો હોવાથી અત્યંત હાનિકારક આવે એ સ્વાભાવિક છે અને તેથી તેમનું ફળ કલ્પનાથી તેવુંજ સમજી શકાય છે. એટલે તેમની દશા અંતર્દશા પણ ખરાબ ફલજ આપી શકે છે.

* **भुक्तयोऽयोगकारिणाम्**-પાપી દશાનાથ સાથે યોગ ન કરનાર અને સંબંધરહિત એવા ગ્રહોની અંતર્દશા અત્યંત પાપફળ આપનારી થાય છે. આવો પાઠાન્તર પણ છે.

હવે મારકગ્રહની મહાદશામાં અન્ય શુભગ્રહોની અંતર્દશા આવતાં કેવું ફલ પ્રાપ્ત થાય છે તે સંબંધમાં જણાવે છે :

**सत्यपि स्वेन संबंधे न हन्ति शुभभुक्तिषु ।**
**हन्ति सत्यप्यसंबंधे मारकः पापभुक्तिषु ॥ ३९ ॥**

મારક ગ્રહ જ્યારે દશાધિપતિ હોય છે ત્યારે તે પોતાની સાથે સંબંધિત થએલા શુભગ્રહોની અંતર્દશામાં પોતે મારક થઈ વિનાશક થતો નથી, પરંતુ તેની પોતાની સાથે સંબંધિત ન થએલા પણ પાપગ્રહોની અંતર્દશાઓમાં તે મારક થાય છે અર્થાત્ વિનાશક બને છે.૩૯.

મારક ગ્રહો જો કે બીજા અથવા સાતમા સ્થાનના અધિપતિ તરીકે મારક હોવાથી અનિષ્ટકારક ગણાય છે અને તેથી તેમની મહાદશા તથા અંતર્દશા અશુભફળ આપવાવાળી થાય એમ સ્વાભાવિક રીતે માની શકાય. પરંતુ ખરી રીતે મારક ગ્રહની મહાદશા તથા અંતર્દશા ખરાબ ફળજ આપવાવાળી છે એમ નથી એ આ શ્લોક પરથી તથા આગળ ગએલા શ્લોક તેત્રીસમા પરથી સમજી શકાય છે. કારણ તે ગ્રહ મારકસ્થાનાધિપતિ હોવાથી મારક ગણાતાં પણ જ્યારે બીજા શુભગ્રહની સાથે કોઇપણ પ્રકારના સંબંધથી જોડાયલા હોય છે ત્યારે તેમનો યોગ સારો માનવામાં આવેછે અને તેથી તે રાજયોગ ગણાતાં અથવા તે તેવો યોગ ન ગણાય તો પણ એ મારક ગ્રહની મહાદશામાં જ્યારે તેવા શુભગ્રહોની અંતર્દશા આવેછે ત્યારે તે યોગના પ્રભાવથી તે પોતાના મારકપણાનું ફલ ન આપતાં તે શુભગ્રહની અંતર્દશાનું યૌગિક ઉત્તમ ફલ આપેછે. અર્થાત્ એ પોતે ઉત્તમ ફળ ન આપે તો પણ શુભગ્રહોનો યોગ તે શુભગ્રહોની અંતર્દશામાં ઉત્તમ ફળ આપવાવાળો થાય છે અને તેથી તેનું ફળપ્રાધાન્ય રહેતું નથી; પરંતુ જ્યારે એજ મારકગ્રહની મહાદશામાં ભલે કોઇપણ પ્રકારના સંબંધથી ન જોડાયલા હોય એવા પણ પાપગ્રહોની અંતર્દશા આવે છે ત્યારે તે મારકગ્રહની પોતાની મહાદશાના નિમિત્તે અથવા તો તે પાપગ્રહોની અંતર્દશાના નિમિત્તે પણ એકંદર તે મારકગ્રહની મહાદશામાં તે પાપગ્રહોની અંતર્દશા અવશ્ય અનિષ્ટ ફળ આપવાવાળી થાય છે.

આ પરથી એમ પણ સમજી શકાય છે કે આ મારકગ્રહની મહાદશામાં અસંબંધિત પાપગ્રહોની અંતર્દશા પણ જ્યારે અનિષ્ટ ફળ આપવાવાળી થાય છે ત્યારે એ મારકગ્રહ ( દશાધિપતિ ) સાથે કોઈ પણ પ્રકારના સંબંધથી જોડાયલા જો પાપગ્રહો કોઇ અનિષ્ટ યોગકારક થએલા હોય તો એ મારક ગ્રહની મહાદશામાં તેવા સંબંધિત પાપગ્રહોની અંતર્દશા અત્યંત વિનાશક ફળ આપવાવાળી થાય એમાં સંશય નહીં, અને એ ફલના ધ્વનિમાત્રથીજ સમજી શકાય તેવું છે.

હુવે શનિ તથા શુક્રની દશા અંતર્દશાના સંબંધમાં ક્યારે કેવું ફળ મળે છે તે સંબંધમાં જણાવે છે. :

परस्परदशायां च स्वभुक्तौ सौरिभार्गवौ ॥
प्रदिशेतां व्यत्ययेन विशेषेण शुभाशुभम् ॥ ४० ॥

શનિ તથા શુક્ર એ પોતપોતાની પરસ્પરની મહાદશામાં પોતપોતાની અંતર્દશા આવેછે ત્યારે તે એકેકની સામસામા વિશેષ શુભ અથવા અશુભફળ એટલે મહાદશા પ્રમાણે ફળ આપેછે.

આ પરથી એમ સમજાય છે કે જ્યારે શનિની મહાદશા હોય અને તેમાં જ્યારે શુક્રની અંતર્દશા આવે અને તેમાં જ્યારે શનિની દશા શુભ હોય તો શુક્રની અંતર્દશાનું ફળ પણ શુભજ મળે છે. તેજ પ્રમાણે શનિની અશુભ દશા આવેલી હોય અને તેમાં શુક્રની જ્યારે અંતર્દશા આવે ત્યારે એકંદર ફલ અશુભજ મળે છે. એજ પ્રમાણે જ્યારે શુક્રની મહાદશા શુભ આવેલી હોય અને તેમાં જ્યારે શનિની અંતર્દશા આવી હોય ત્યારે પણ ફળ શુભજ મળે છે અને શુક્રની મહાદશા જો અશુભ હોય અને તેમાં જો શનિની અંતર્દશા આવી હોય તો ફળ અશુભજ મળે છે, આ પ્રમાણે સામાન્ય રીતે શુભાશુભ ફળ મળે છે.

આમાં જો કે શનિની દશા એકંદર કેટલાકની માન્યતા પ્રમાણે અશુભ તથા શુક્રની દશા શુભ માનવામાં આવે છે તો પણ તે પ્રમાણે તે અશુભ અથવા શુભ છે એમ માની શકાય નહીં, કારણ કે યોગપરત્વે કેટલીક વખત શનિની દશા ઉત્તમ મનાય છે જ્યારે યોગપરત્વે શુક્રની દશા અશુભ ફળ પણ આવે છે અને તેથીજ ઉપરોક્ત માન્યતા માનવામાં આવેલી છે.

આમાં મૂળમાં જો કે વિશેષ કંઇ ન દેખાડતાં સામાન્યરીતે તે શનિ તથા શુક્ર પરસ્પર પોતપોતાની દશા અંતર્દશામાં સામસામા શુભાશુભ ફલ આપેછે એ પ્રમાણે લખવામાં આવ્યું છે તો પણ વિશેષમાં એમ પણ માની શકાય ખરું કે જ્યારે શનિની અશુભ મહાદશામાં શુક્રની અશુભ અંતર્દશા હોય તો અત્યંત અશુભ ફળ પ્રાપ્ત થઈ શકે તેજ પ્રમાણે જ્યારે શનિની શુભ મહાદશા હોય અને તેમાં શુક્રની પણ શુભ અંતર્દશા હોય તો તેનું ફળ પણ એકંદર શુભજ આવે. એજ પ્રમાણે જ્યારે શુક્રની અશુભ મહાદશા હોય અને તેમાં શનિનો પણ અંતર્દશા અશુભ હોય તો તેનું ફળ અશુભજ તેમ શુક્રની શુભ મહાદશા હોય અને તેમાં શનિની પણ શુભ અંતર્દશા આવે તો શુભફળજ પ્રાપ્ત થાય એમાં સંશય નહી. તો પણ અહીં મૂળ શ્લોકમાં વ્યત્યયથી એટલે પરસ્પર વિરૂદ્ધ ફળ આપવાનું લખેલું હોવાથી ઉપરોક્ત પહેલા શ્લોકમાં જે ખુલાસો આપવામાં આપેલો છે તે

પ્રમાણે જેની મહાદશા હોય તેના પ્રમાણમાં તેમની વિરૂદ્ધમાં બીજા ગ્રહની અંતર્દશા શુભાશુભ હોય તો પણ ફળ તે મહાદશા પ્રમાણેજ મળી શકે.

અહીંઆં જો કે સામાન્યરીતે મહાદશામાં આવતી અંતર્દશા બાબતનું શનિ તથા શુક્રનું શુભાશુભ ફળ આપવા સંબંધમાં લખવામાં આવ્યું છે, પરંતુ તેમાં કોની કઈ દશા શુભ છે અથવા કોની અંતર્દશા કયા ગ્રહની દશામાં અશુભ છે તે બરાબર રીતે તપાસવું જોઇએ અને તેથી તેને માટે જ્યાં સુધી યોગો જોવામાં ન આવ્યા હોય અને તેથી શનિ અથવા શુક્ર પોતે શુભ અથવા અશુભફળ આપવા છે કે કેમ તે તપાસવામાં આવ્યું ન હોય ત્યાં સુધી એ દશાઓનું ફળ ચોકકસ કહીં શકાય નહીં. અને તેથી સૂક્ષ્મ દૃષ્ટિએ તે બંને ગ્રહોનું શુભાશુભત્વ જોઈ આ બંનેની દશાઅંતર્દશાનાં વ્યત્યય રૂપમાં બતાવેલાં શુભાશુભ ફલનું કથન કરવું જોઇએ.

હવે પછીના બે શ્લોકો. રાજયોગ સંબંધના છે તે બીજે ઠેકાણે મુદ્રિત થએલા આ ગ્રંથમાં આ ઠેકાણે આપવામાં આલેલા નથી છતાં આ પુસ્તકમાં આપવામાં આવેલા હોવાથી તે રાજયોગ બતાવવામાં આવેછે.

**कर्मलग्नाधिनेतारावन्योन्याश्रयसंस्थितौ ।**
**राजयोगाविति प्रोक्तं विख्यातो विजयी भवेत् ॥ ४१ ॥**

**કર્મસ્થાનનો એટલે દશમા સ્થાનનો અધિપતિ તથા લગ્નનો સ્વામી એ બંને જો પરસ્પર એકેકના સ્થાનને વિષે રહેલા હોય તો બંને રાજયોગ કરનાર થાય છે અને તેવા રાજયોગથી મનુષ્ય પ્રસિદ્ધ થાય છે તથા પ્રત્યેક બાબતમાં વિજયી થાય છે. ૪૧**

દશમું કર્મ સ્થાન તથા લગ્ન એ બંને કેન્દ્રસ્થાન તરીકે માનવામાં આવેલાં છે અને તેથી તે બંને કેન્દ્રાધિપતિઓ જો પરસ્પર એકેકેના સ્થાનમાં રહેલા હોય છે તો તે સ્વાભાવિક રીતે ઉત્તમ ફળ આપવાવાળા થાય છે. આ બંને પરસ્પર અન્યોન્યરાશિસ્થિતસંબંધથી જોડાયલા કહેવામાં આવેછે અને તેથી એવા સંબંધે જોડાયલા એ ઉત્તમ ફળ આપનારા થઈ શકે છે.

આમાં આ બંને સ્થાનોના અધિપતિ શુભગ્રહ કે પાપગ્રહ એ સંબંધમાં કંઈ જણાવવામાં આવ્યું નથી. તો પણ સ્વાભાવિક રીતે પૂર્વના કથન પ્રમાણે જો માનવામાં આવે તો કેન્દ્ર સ્થાનમાં રહેલા પાપગ્રહો પણ શુભ ફલ આપવાવાળા થાય છે એ રીતિએ પાપગ્રહો પણ શુભફળ આપવાવાળા થાય અને તેથી તેમનો યોગપણ ઉત્તમ માની શકાય, તો પણ બીજો જો કોઇ એવો અયોગ્ય યોગ ન હોય તો તે અવશ્યરીતે યોગકારક થાયજ એમાં સંશય નહી. સાથે પહેલા સ્થાનમાં

રહેલા ગ્રહની દશમા સ્થાનપર પાપદૃષ્ટિ તેમજ શનિ જેવો ગ્રહ તેમાં હોય તો તેની પૂર્ણ દૃષ્ટિ પડે છે અને તેજ પ્રમાણે દશમા સ્થાનમાં બેઠેલા ગ્રહની ચતુર્થ સ્થાનપર પોણી દૃષ્ટિ તેમજ મંગળ જેવો ગ્રહ તેમાં બેઠો હોય તો પોતાનાથી ચોથા સ્થાનપર એટલે લગ્નપર પૂર્ણ દૃષ્ટિ પડે છે અને તેથી દૃષ્ટિસંબંધથી પણ તેમનો યોગ સારો મનાય છે એટલે તે રાજયોગ તરીકે માનવામાં આવો અને તેથીજ તે શ્લોકોક્ત ફળ આપવાળો થાય છે.

ઉપરોક્ત પ્રમાણેજ આ બીજા રાજયોગનું કથન કરવામાં આવેછે

**धर्मकर्माधिनेतारावन्योन्याश्रयसंस्थितौ ।**
**राजयोगाविति प्रोक्तं विख्यातो विजयी भवेत् ॥ ४२ ॥**

**ધર્મસ્થાનના એટલે નવમા સ્થાનનો અધિપતિ જો કર્મસ્થાનમાં એટલે દશમા સ્થાનમાં અને દશમા સ્થાનનો અધિપતિ જો નવમા સ્થાનમાં એમ પરસ્પર એકેકના સ્થાનમાં રહેલા હોય તો તે રાજયોગ કરનારા થાય છે અને તેથી મનુષ્ય પ્રસિદ્ધ થાય છે તથા પ્રત્યેક બાબતમાં વિજય મેળવવાવાળો થાય છે.**

આ શ્લોક અહીંઆં અપ્રાસંગિક હોય તેમ જણાય છે. જોકે પહેલાંનો બીજો શ્લોક પણ ખરીરીતે રાજયોગ–અધ્યાયમાંજ આપવો જોઇતો હતો, છતાં અહીંઆં આપવામાં આવ્યો છે તે અપ્રાસંગિકજ છે. આ બેતાલીસમા શ્લોકનો ભાવ આગળ ઉપર રાજયોગાધ્યાયમાં સોળમા શ્લોકમાં આપવામાં આવેલો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે “ **निवसेतां व्यत्ययेन तावुभौ धर्मकर्मणोः । एकेनान्यतरो वापि वसेच्चेद्योगकारकौ ॥**—એટલે તે બંને નવમા તથા દશમા સ્થાનના અધિપતિઓ પરસ્પર ધર્મ તથા કર્મસ્થાનમાં રહેલા હોય અથવા તો એકજ પડેલો હોય તો પણ તે યોગ કરનારા થાય છે.” આ પરથીજ આ શ્લોકનો ભાવ તેમાં આવી જાય છે એમ સમજી શકાય તેમ છે અને તેથીજ એ અપ્રાસંગિક છે.

વળી આ શ્લોકનો ભાવ વિશમા શ્લોકમાં પણ આવી જાય છે. ત્યાં પણ કહેવામાં આવ્યું છે કે “ **केंद्रत्रिकोणाधिपतयोरेकत्वे योगकारकौ**—કેન્દ્રાધિપતિ તથા ત્રિકોણાધિપતિ પરસ્પર કોઈ પણ સંબંધથી એકેકની સાથે જોડાયલા હોય તો તે યોગ કરનારા થાય છે–રાજયોગ કરનારા થાય છે.” એટલે આમાં પણ નવમું સ્થાન ત્રિકોણ અને દશમું કેન્દ્ર હોવાથી તેના અધિપતિઓનો પરસ્પરની એકેક રાશિમાં રહેવાનો રાજયોગ માનવામાં આવેલો છે. આ પરથી આ શ્લોક પણ અપ્રાસંગિકજ માની શકાય.

વળી શ્લોક સોળમામાં એના રાજયોગને માટે શ્લોકોકત ફળનું સ્પષ્ટપણું જણાવવા માટે ત્યાં કુંડલી પણ આપવામાં આવેલી છે સાથે તેનામાં શ્લોક બાવીસમા પ્રમાણે કાંઈ ભિન્નતા જણાતાં તે કુંડલીની વિરૂદ્ધ કુંડલી શ્લોક બાવીસમાના ખુલાસામાં આપવામાં આવેલી છે. તે સર્વ જોવાથી તથા વાંચવાથી એના એ રાજયોગસંબંધી ફલનું સ્પષ્ટીકરણ થઇ શકશે. અન્યપણ કેટલાક આ બંને શ્લોક અપ્રાસંગિક ગણેછે અને તેથીજ તે અન્યપ્રતમાં આપવામાં આવેલા નથી.

હવે પછીના છ શ્લોક જે પુસ્તક પરથી આ ગ્રંથનું ભાષાંતર કરવામાં આવેલું છે તેમાં નથી, છતાં પણ તે ગ્રંથાંતરમાં એટલે બીજી પ્રતમાં હોવાથી અહીંઆં તે અર્થસહિત આપવામાં આવ્યા છે.

જ્યાં સુધી કોઇ પણ ગ્રહની દશા ન આવી હોય ત્યાં સુધી તે ગ્રહનું શુભાશુભ ફલ મળતું નથી એમ જણાવવા કહેછે :

पापत्वे सति नीचत्वमुच्चत्वे वाऽपि किं फलम् ।
ते योगाः किं करिष्यन्ति स्वदशानामनागमे (॥ ४३ ॥)

ગ્રહો પાપી હોય, નીચ હોય અથવા તો ઉચ્ચ હોય તો પણ તેનું શું ફલ? તેમજ તેના સારા અથવા નઠારા થએલા યોગો પણ શું કરી શકે કે જ્યાં સુધી તે ગ્રહોની દશાઓ--મહાદશા અથવા અંતર્દશા-ન આવી હોય. અર્થાત્ જયાં સુધી ગ્રહોની દશાઓ ન આવી હોય ત્યાં સુધી તે ગ્રહ પાપી, નીચ કે ઉચ્ચનો હોય તો પણ તે ગ્રહ તેમ તેના શુભાશુભ યોગો પણ શુભાશુભ ફળ આપી શકતા નથી. (૪૩.)

આ બાબતમાં કેટલાક મતમતાંતર છે. કેટલાકનું માનવું એવું છે કે ગ્રહની મહાદશા અથવા અંતર્દશા આવે કે ન આવે તો પણ સામાન્ય રીતે ગ્રહો પાપી અથવા નીચ હોય તો તે પોતાનું અશુભ ફળ અમુક ઓછાવત્તા પ્રમાણમાં પણ આપ્યા સિવાય રહેતા નથી અને તેજ પ્રમાણે ઉચ્ચના અથવા શુભ ગ્રહો પોતાનું શુભફળ પણ ઓછેવત્તે અંશે આપ્યા સિવાય રહેતા નથી તેમજ તેમના સંયોગપરત્વે થએલા યોગો પણ પોતાનું ફળ પોતાના પ્રમાણમાં દશાનો અભાવ હોય તો પણ આપેછે. અને તેથી ગ્રહો પોતાના અશુભપણાનું ફળ બીજા કોઇ શુભ યોગોને લીધે ઓછું પણ આપેજ તેમજ પોતાના શુભપણાનું ફળ પણ બીજા કવચિત્ અશુભ યોગો હોય તો પણ થોડું આપેજ અને તેથી એ પોતાનું સારું અથવા અશુભ ફળ થોડે અંશે પણ આપ્યા સિવાય રહેતા નથી. અને જ્યોતિષશાસ્ત્રમાં તે સામાન્યરીતે સર્વ સંમતજ છે, એમ તેમનું માનવું છે. પરંતુ આ ગ્રંથકારના

મત પ્રમાણે તો જ્યારે ગ્રહોની મહાદશા અથવા અંતર્દશાઓ આવે ત્યારેજ તે પોતાના શુભાશુભત્વનું અથવા તો પોતાના યોગોસંબંધનું ફળ આપેછે નહીં તો આપતા નથી એમ ચોક્કસ છે.

હવે આ ઉભય મતમાં ખરી રીતે જોતાં ગ્રંથકારનો મત બરાબર હોય તેમ લાગતો નથી જો કે ક્વચિત્ તેમના અનુભવ પ્રમાણે અથવા તો તેમની માન્યતા પ્રમાણે તે બરાબર હશે પણ ઉપલો બીજો મત વધારે યોગ્ય હોય તેમ જણાય છે અને તેથી માની શકાય કે ગ્રહો પોતાની દશા અંતર્દશા આવ્યા સિવાય પણ થોડાવત્તા અંશે પોતાના શુભાશુભત્વનું અથવા યોગોનું ફળ આપી શકે છે. જો કે જ્યારે તેમની મહાદશા અથવા અંતર્દશાઓ આવે ત્યારે તે ખાસ કરીને પોતાનું સારૂં નરસું અથવા તો પોતાના યોગો પ્રમાણેનું શુભાશુભ ફળ વિશેષ પ્રમાણમાં આપતા હશે પરંતુ તેથી તે દશામાંજ ફળ આપી શકે અને તે સીવાય ન આપી શકે એમ નો માની શકાય નહીં. વળી અન્ય પ્રતમાં આ શ્લોક ન હોવાથી પણ સ્વાભાવિક રીતે ગ્રંથકારની આ માન્યતા પર વધારે આધાર રાખી શકાય નહીં, છતાં પણ અન્યને તે સંબંધમાં જે પ્રમાણભૂત અનુભવસિદ્ધ જણાતું હોય તે માનવું વધારે ઉચિત છે.

હવે ખાસ કરી કોઈ વિશેષ યોગ માટેનું કથન કરે છેઃ

**मित्रशत्रुसमायोगे फलं मिश्रं शुभं विदुः**
**केन्द्रत्रिकोणेऽप्युच्चत्वे मित्रग्रहसमन्विते (॥४४॥)**

કોઇ પણ ગ્રહનો જ્યારે પોતાના મિત્ર અથવા શત્રુની સાથે સમાયોગ થયો હોય છે તો તેનું ફલ મિશ્ર અર્થાત્ શુભાશુભ કહેલું છે અને જ્યારે તે કેન્દ્ર કે ત્રિકોણસ્થાનમાં અથવા ઉચ્ચનો થઇને મિત્રગ્રહથી યુક્ત થએલો હોય તો તેનું ફળ શુભ જણાવેલું છે. (૪૪.)

આમાં મિશ્રિત અર્થાત્ શુભાશુભ ફલ કહેવાનો હેતુ એટલોજ છે કે જે ગ્રહ મિત્ર અને શત્રુ બંનેના સંબંધમાં આવેલા હોય તે ગ્રહનું મિત્રની સાથના સંબંધના અંગે શુભફલ તથા શત્રુની સાથના સંબંધને અંગે અશુભ પ્રાપ્ત થાય છે અને તેથી તે બંનેના સંબંધપરત્વે મિશ્ર ફળ મળે છે. પરંતુ ગ્રહ જ્યારે કોઈ પણ કેન્દ્ર સ્થાનમાં, ત્રિકોણસ્થાનમાં કે મિત્રની સાથે રહેલો હોય તો ઉત્તમ પ્રકારનું ફળ આપેછે તેમજ જો ઉચ્ચનો થઇને પણ મિત્રની સાથે રહેલો હોય છે તો વિશેષ ઉત્તમ ફળ આપનારો થાય છે.

અહીંઆં જો કે પહેલા મિશ્ર ફલના સામાન્ય રીતે મિત્રશત્રુનો સાથેના યોગમાં ગ્રહનું મિશ્ર–શુભાશુભ ફલ કહેલું છે, પરંતુ તેમાં ગ્રહના શુભાશુભત્વ પર ધ્યાન આપવામાં આવેલું નથી છતાં એમ માની શકાય કે જો ગ્રહ પોતે શુભ હોય અને મિત્રશત્રુ બંને સાથે સંબંધમાં આવ્યો હોય તો શુભ ફળ વિશેષ પ્રમાણુમાં મળેછે અને તેજ પ્રમાણે ગ્રહ પોતે અશુભ હોય અને મિત્ર શત્રુની સાથે સંબંધમાં આવ્યો હોય તો તેનું અશુભ ફળ વિશેષ પ્રમાણુમાં મળી શકે છે. છતાં પણ તેમાં ગ્રહનું પોતાનું તથા મિત્ર તથા શત્રુનું બલાબલ જોવામાં આવે તો તેના પ્રમાણમાં તેના શુભાશુભ ફલનું ઓછાવત્તાપણું થવાનો સંભવ રહે છે.

હવે અન્ય રાજયોગનું કથન કરેછેઃ


**मित्रराशिगते वापि मन्त्रिणा यदि वीक्षिते ।**
**मित्रयुक्ते बलवति राजतुल्यो भवेन्नरः (॥ ४५ ॥)**

કોઇ પણ ગ્રહ જ્યારે મિત્રની રાશિમાં રહયો હોય, ગુરુથી જોવાયલો હોય, મિત્ર ગ્રહથી યુક્ત થએલો અને બળવાન્ હોય તો તે મનુષ્ય રાજા જેવો થાય છે એટલે તેવું સુખ માણુવાવાળો થાય છે. (૪૫.)

આમાં સામાન્યરીતે કોઇ પણ ગ્રહ રાજયોગ કરવાવાળો થાય છે અને તે મિત્ર ગ્રહ ગમે તે હોય તો પણ તેના ઘરમાં રહેલો હોય કે તેનાથી યુકત હોય એમ જણાવવામાં આવેલું છે. પરંતુ સામાન્યરીતે શુભગ્રહ હોય તો તે વધારે ઇષ્ટ-માની શકાય અર્થાત્ કોઇ પણ શુભગ્રહ પોતાના કોઈ પણ મિત્ર ગૃહમાં રહ્યો હોય એટલે કે શુભમિત્રગ્રહના રાશિમાં રહેલો હોય તો અને તેના પર ગુરુની દૃષ્ટિ પડતી હોય તો તેમજ તે મિત્રગ્રહથી યુકત થઇ બલવાન્ થએલો હોય એટલે કે તે પણ જો શુભગ્રહ હોય તો તેવા ગ્રહનો રાજયોગ થાય છે.

આપરથી ખાસ શુભગ્રહોજ રાજયોગ કરનારા થાય છે એમ માની લેવાનું નથી, પાપગ્રહોના પણ રાજયોગ થાય છે અને તે શુભ ફળ આપવાવાળા થાય છે, એમ આગળના ઘણા યોગો પરથી જણાય છે, અને તેથી જો તેવા યોગો વખતે પાપગ્રહોના પણ ઉત્તમયોગ હોય તો રાજયોગ માની શકાય એટલે આમાં પાપગ્રહ કવચિત્ અશુભ હોય અથવા મિત્ર ગ્રહ અશુભ હોય તો પણ તે ચાલી શકે છે માટે તેઓનો યોગજ સારો હોવો જોઇએ. આના સ્પષ્ટ ખુલાસા માટે નીચેની કુંડલી પરથી જોઇ શકાશે.

રાજયોગની કુંડલી.




આ કુંડલી પરથી સમજી શકાસે કે પાંચમા ત્રિકોણસ્થાનમાં શુક્ર રહેલો છે એ શુક્ર શુભગ્રહ છે સાથે તે મિત્રના સ્થાનમાં બેઠેલો છે એટલે બુધ શુક્રનો મિત્ર હોવાથી તે મિત્રના સ્થાનમાં પણ બેઠેલો છે અને તે સ્થાનમાં આવેલી કન્યા રાશિનો બુધ સ્વામી હોવાથી તથા કન્યાનો બુધ ઉચ્ચનો હોવાથી એ શુક્ર બલવાન્ એવા મિત્રની એટલે બુધની સાથે પણ રહેલો છે સાથે તેના પર, નવમા અને પાંચમા સ્થાનપર ગુરુની સંપૂર્ણ દૃષ્ટિ પડતી હોવાથી સંપૂર્ણ દૃષ્ટિ પડે છે એટલે શ્લોકમાં જે રાજયોગ જણાવેલો છે તેવો રાજયોગ અહીંઆં જોવામાં આવેછે અને જો તેવો યોગ હોય તો મનુષ્ય રાજા જેવું સુખ ભોગવનારો થાય છે એમાં સંશય નથી. આ જો કે સામાન્યજ કુંડલી આપેલી છે પરંતુ એ સીવાય બીજા એવા શુભાશુભગ્રહોના યોગો કલ્પનાથી બનાવી તેનું ફળ સરખાવી લેવું જોઇએ.

કયો ગ્રહ કોનો મિત્ર થાય છે વગેરે બાબત આગળના ભાગમાં આપવામાં આવેલી છે એટલે તે પરથી મિત્રનું સ્થાન તથા મિત્રનો સહવાસ એ સરખાવી લેવા, અને તેમાં ગ્રહો નીચના કે નિર્બળ હોય તે પર પણ ધ્યાન આપી આ રાજયોગની અન્યકાલ્પનિક કુંડલી કરી લેવી.

ગ્રહો શુભાશુભ ફલ કયારે આપેછે તે સંબંધમાં હવે પછીના શ્લોકમાં સામાન્ય રીતે જણાવે છે.

**शुभपापात्मकतया निर्दिष्टेभ्यः फलं ग्रहाः ॥**
**प्रदिशन्ति शुभं वान्यत्स्वदशासु स्वभुक्तिषु (॥ ४६ ॥)**

ગ્રહો પોતે ઉપર અથવા આગળ બતાવેલા નિયમાનુસાર પોતે જેવા હોય તે પ્રમાણે એટલે શુભ હોય કે અશુભ હોય તે પ્રમાણે પોતાનું શુભ અથવા અશુભ ફલ પોતાની મહાદશામાં અથવા તો પોતાની અંતર્દશાઓમાં આપેછે. (૪૬)

આ શ્લોક પૂર્વમાં આપેલા શ્લોકથી વિરુદ્ધ કથન કરનાર હોય તેમ જણાય છે, કારણ કે આગળ શ્લોક ૨૯ મા માં જણાવવામાં આવ્યું છે કે " **न दिशेयुर्ग्रहाः सर्वे स्वदशासु स्वभुक्तिषु। शुभाशुभफलं नृणामात्मभावानुरूपतः ॥** ગ્રહોને પોતાના ભાવને અનુસરીને અર્થાત્ પોતાના બલાબલને અનુસરીને મનુષ્યોને

શુભાશુભફલ આપવાનું હોય છે તે પોતાની મહાદશા અથવા અંતર્દશામાંજ આપેછે એમ નથી." આ સંબંધમાં પૂર્વમાં શ્લોક ૨૯ મા પર વિગતવાર ઉદાહરણ સહિત ખુલાસો આપવામાં આવ્યો છે તે વાંચવાથી સમજી શકાશે.

હવે આ પૂર્વોક્ત શ્લોકમાં સ્પષ્ટ રીતે ગ્રહો મહાદશા અથવા અંતર્દશાઓમાંજ પોતાનું શુભાશુભફળ આપેછે એમ નથી જ્યારે આ ઉપરોક્ત શ્લોકમાં પોતાની મહાદશા તથા અંતર્દશાઓમાંજ ફલ આપવાસંબંધનું લખવામાં આવ્યું છે. આ પરથી આ શ્લોક ગ્રંથાંતરનો અથવા ક્ષેપક હોય તેમ જણાય છે કારણ એકજ ગ્રંથકર્તા પોતાના કથનમાં વદતોવ્યાઘાત કરી શકે નહીં તેમજ બીજી પ્રતમાં આ પાછલા શ્લોકો મળતા ન હોવાથી પણ એમ અનુમાન કરી શકાય છે.

## વિંશોત્તરી મહાદશાન્તર્દશા ફલકથન માટે ગ્રંથાન્તરવિભાગ.

હવે ગ્રંથનો વિભાગ સંપૂર્ણ થયો હોવા છતાં પ્રકરણવશાત્ ગ્રંથકારને વિંશોત્તરી દશા માન્ય હોવાથી તે વિંશોત્તરી મહાદશાનું તથા અંતર્દશાનું ફલકથન કરવા માટે ક્વચિત્ ગ્રંથાંતરમાંનો થોડો ઉપયોગી વિભાગ આપવામાં આવે તો અનુચિત નથી એમ માની તે આપવામાં આવે છે.

### ગ્રહોનું વિંશોત્તરી મહાદશાઓનું ફળ. (જાતકપારિજાત.)

**સૂર્યની મહાદશામાં** ચોરી, ઉચ્ચાટ વિગેરેથી ધન મળે અને અગ્નિ તથા ઢોરોથી પીડા, આંખોનો રોગ, પુત્ર સ્ત્રી વિગેરેના પોષણ માટે ચિન્તા, ગુરૂ ને બાપનું મરણ તેમ ચાકર, ગાય ને ધનનો નાશ થાય. (વર્ષ ૬)

**ચંદ્રની** દશામાં મન્ત્ર, દેવ ને બ્રાહ્મણની ભક્તિ, બળવાન્, સ્ત્રીવાળો, સંપત્તિ ને જમીનનું મળવું, ફૂલ, કપડાં અલંકાર, અત્તર વિગેરે સુગંધી પદાર્થો ને ઘણા પ્રકારના ધનવાળો થાય. જો નિર્બલ હોય તો ધનનો નાશ, ને વાયુનો રોગી થાય. (વર્ષ ૧૦)

**મંગળની** દશામાં શસ્ત્ર, અગ્નિક્રિયા અને વાહન વિગેરેથી, તેમજ દવા, ખોટો પ્રપંચ ને ઘણાં ઘાતકી કામોથી ધન મળે. પિત્ત ને લોહીનો બગાડો, તાવની પીડા ને નીચ પુરૂષોની સ્ત્રીયોની ચાકરી કરનાર, છોકરાં, સ્ત્રી, ભાઇ ને ગુરૂઓથી ધિક્કાર પામનાર ને ખરાબ અનાજ ખાનાર થાય છે. (વર્ષ ૭)

**રાહુની** દશામાં સુખ, શાંતિ ને ધનનો નાશ, સ્ત્રીપુત્રોના વિયોગથી દુઃખી, બહુ રોગી, પરદેશ રહેનાર ને વિવાદ કરનારી બુદ્ધિવાળો થાય છે. (વર્ષ ૧૮)

ગુરૂની–સ્થાનની પ્રાપ્તિવાળો, પૈસા, ગાડી અને કપડાંવાળો, રાજ્યની પ્રીતિવાળો, શુદ્ધ ચિત્તનો, વૈભવવાળો, જ્ઞાની તેમજ પુત્ર અને સ્ત્રી વિગેરેના લાભવાળો થાય.

શનિની–બકરાં, ગધેડાં, ઊંટ, વૃદ્ધ સ્ત્રીઓ, પક્ષી અને ખરાબ અનાજનો લાભ થાય. નીચ વર્ગનો અધિકારી થઇ અને શેરીઓ, શહેર અને ગામડાંઓમાંથી ધન મેળવે.

બુધની–મુરબ્બી (ગુરૂ) સગાંવહાલાં અને મિત્રોથી ધન મેળવે, કીર્તિ ને સુખવાળો, રાજ્ય દરબારી સંદેશો લઇ જનાર; સોના રૂપાના દાગીના વેચવાથી ધનવાન, વાયુનો રોગી અને સારાં કામ કરનાર થાય.

કેતુની–ગરીબ, બુદ્ધિ અને વિવેક વિનાનો, રોગોથી પીડાનાર, શરીરે બહુ દુઃખી, પાપને વધારનાર, બહુ ખરાબ કામ કરનાર અને કંઇક સુખી થાય.

શુક્રની–સ્ત્રી, છોકરાં, દોલતવાળો, બહુ સુખી, સુગંધ, પુષ્પ, માળાઓ, પોશાકો, ઘરેણાં, ગાડીઓ, પાલખી વિગેરે ભોગવનાર, રાજા જેવો કીર્તિવાળો થાય,

## અંતર્દશા બાબત (સર્વાર્થચિન્તામણિ.)

જે ગ્રહની મહાદશા ચાલતી હોય, તેની સાથે રહેલા ગ્રહની અંતર્દશામાં સ્ત્રી, પુત્ર, ચાકર, ધન અને ખેતીવાડી તથા ઉદ્યોગનો નાશ, પોતાના માણસોથી વિરોધ અને ન ધારેલું તહોમત આવે.

દશાધિપતિથી ૨ જે રહેલા ગ્રહની અંતર્દશામાં, હલકુ ખાનાર પીનાર, સારાં અને જીર્ણાં વસ્ત્ર પહેરનાર, ચંદન અને પુષ્પના માળા ધારણ કરનાર, બીજા ઉપર ઉપકાર કરનાર, પોતાના માણસો સાથે મિત્રતા વધારનારો, સ્ત્રી, પુત્ર અને ભાંડુથી સુખી અને આનંદમાં રહેનાર થાય.

દશાધિપતિથી ૩ જે રહેલા ગ્રહની અંતર્દશામાં રાજાઓથી માન અને ધનની પ્રાપ્તિ, સુગંધિ વસ્તુઓ, પુષ્પ, વસ્ત્ર અને આભૂષણ ધારણ કરનાર, મિત્રનો વધારો અને તે તરફથી ભોજનનું સુખ મળે.

દશાધિપતિથી ૪ થે રહેલા ગ્રહની અંતર્દશામાં, સ્ત્રી, પુત્ર, ધન, ઘર, ધર્મ, વાહનવાળો, મીઠું ખાનાર પીનાર, વસ્ત્ર અને આભૂષણ ધારણ કરનાર થાય પણ જો તે અંતર્દશાપતિ શુભગ્રહ હોય તો તેનાથી વિપરીત ફળ પ્રાપ્ત થાય છે. મહાદશાધિપતિથી ૪ થે રહેલો ગ્રહ સ્વગૃહી કે ઉચ્ચાદિક બળ પામેલો હોય અને તે પાપગ્રહ હોય તો પણ શુભ ફળ આપે છે; પણ સ્વગૃહી અને ઉચ્ચાદિક બળને પામેલો ન હોય એવો શુભ ગ્રહ હોય તો અશુભ ફળ આપે છે.

દશાધિપતિથી ૫ મે રહેલા શુભગ્રહની અંતર્દશામાં પુત્રાદિનું સુખ અને પાપગ્રહની અંતર્દશામાં પુત્રનો નાશ થાય છે.

દશાધિપતિથી ૬ ઠ્ઠે રહેલા પાપગ્રહની અંતર્દશામાં ચોર ને લેણદારથી ભય, પુત્ર ને દેહથી પીડા અને પદભ્રષ્ટ થાય, પણ તે શુભગ્રહ હોય તો તે દરેકથી સુખ મળે છે, તેમ તે ઉચ્ચનો કે મૂળત્રિકોણાદિ બળ પામ્યો હોય તો પુત્ર અને મિત્રની વૃદ્ધિ થાય છે.

દશાધિપતિથી ૭ મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં સ્ત્રી, ધન, પુત્ર, બંધુ વિગરેનો નાશ અને રાજાથી ભય થાય, અને તે શુભગ્રહ હોય તો તે દરેકથી સુખ મળે અને જો નીચ કે શત્રુની રાશિનો ન હોય તો, સારાં રત્ન, વસ્ત્ર અને આભૂષણ મળે.

દશાધિપતિથી ૮ મે રહેલા શુભગ્રહની અંતર્દશામાં પ્રથમ સુખ અને શુભ ફળ થાય પણ અંતમાં કષ્ટ થાય છે. અને તે પાપગ્રહ હોય તો, ભય, મૃત્યુ, ખરાબ અન્ન, ચોર, અગ્નિ અને રાજાથી ભય થાય છે.

દશાધિપતિથી ૯ મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, અશુભ કર્મ, સ્થાનનો નાશ અને મનની વ્યાકુળતા થાય અને તે શુભગ્રહ હોય તો, વિવાહ, યજ્ઞ અને દાનાદિક કરનાર થાય.

દશાધિપતિથી ૧૦ મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, કર્મનો નાશ, ખરાબ કીર્તિવાળો અને ઘણા પ્રકારની આપદા થાય પણ તે શુભગ્રહ હોય તો સુખ, તલાવ, ગામનો દરવાજો અને પુણ્ય કર્મો કરવામાં વધારો થાય.

દશાધિપતિથી ૧૧ મે રહેલા પાપગ્રહની દશામાં, પુત્ર, મિત્ર, ધન, સ્થાન, (જમીન ઘર) ની પ્રાપ્તિ થાય અને તે શુભગ્રહ હોય તો સુખ, ભાગ્યની વૃદ્ધિ, રાજાથી પ્રીતિ, સ્ત્રી અને પુત્રનો વધારો થાય.

દશાધિપતિથી ૧૨ મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, દુઃખ, ધનનો નાશ, રાજાનો કોપ, સ્થાનનો નાશ અને યાદ શક્તિનો ઘટાડો થાય અને તે શુભગ્રહ હોય તો વાહન, વૈભવ અને ભાગ્યનો વધારો થાય તેમ વસ્ત્ર અને આભૂષણ મળે.

ઉપર પ્રમાણે દરેક નિયમોનો અષ્ટોત્તરી, વિંશોત્તરી કે યોગિની કોઈ પણ દશા જોતી વખતે વિચાર કરીને જ દશા ફળ કહેવું.

## વિંશોત્તરી મહાદશાઓમાં દરેક ગ્રહોની અંતર્દશાઓનું ફળ.

### (જાતક પારિજાતક)

### સૂર્યની મહાદશામાં બીજા ગ્રહોની અંતર્દશાઓનું ફળ.

**સૂર્યમાં સૂર્યની**—બ્રાહ્મણ, રાજા અને શસ્ત્ર વિગરેથી ધનની પ્રાપ્તિ, માનસિક ચિંતા, પરદેશ કે વનમાં ભટકવું થાય.

**ચંદ્રની**—સગાં વહાલાં અને મિત્રોથી ધનની પ્રાપ્તિ, મિત્ર અને સજ્જનોથી દોષિત, પાંડુ વિગરે રોગથી પીડા થાય.

**મંગળની**—રત્ન, સોનું અને ધનની પ્રાપ્તિ, રાજાનો બહુજ સ્નેહ અને પિત્ત વિગેરે રોગ થાય.

**રાહુની**—કાળ વિનાની મૃત્યુપીડા, સગાંવહાલાં અને શત્રુઓથી દુઃખ, સ્થાનનો નાશ અને મનનું દુઃખ થાય.

**ગુરૂની**—સર્વને પૂજવા લાયક, છોકરાથી ધનની પ્રાપ્તિ, દેવબ્રાહ્મણની ભક્તિ, સારાં કર્મ અને આચારવાળો અને સારી વાતો કરનાર થાય.

**શનિની**—સર્વ જગ્યાએ શત્રુપણું, આળસ, ખરાબ વૃત્તિ, મનનું દુઃખ, અને રાજા કે ચોરથી ભય થાય.

**બુધની**—ભાઇઓની પીડા, મનનો દુઃખી, યજ્ઞ વિગરે કામોમાં ઉત્સાહી, ધનનો નાશ અને કંઇક સુખી થાય.

**કેતુની**—કંઠ રોગ, મનને પીડા, આંખોનો રોગી તેમજ કાળ વિનાનું અકાળ મરણ થાય.

**શુક્રની**—બહુ મહેનતથી અને પાણીથી ધન મળે, ખરાબ સ્ત્રીની સાથે સંભોગ કરનાર તેમ મિથ્યા વિવાદ કરનાર થાય.

## ચંદ્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**ચંદ્રમાં ચંદ્રની**—વિદ્યા, સ્ત્રી, ગાય અને વાજામાં પ્રીતિવાળો, સારાં રેશમી કપડાં પહેરનાર, સારા પુરુષોની સોબત કરનાર, લાંબા આયુષ્યવાળો, રાજા, પ્રધાન, અને સેનાધિપતિઓ વડે વખણાતો, સારી કીર્તિવાળો, પોતાના કુટુંબ અને મિત્રો સાથે સારાં યાત્રા સ્થાનોમાં ફરનાર, પૃથ્વી, ગાય, ઘોડા વિગેરે મેળવનાર અને બહુ ધનવાન થાય.

**મંગળની**—રોગથી વિરોધી બુદ્ધિ, સ્થાનનો નાશ, પૈસાની ખુવારી અને મિત્રોથી ને ભાઇઓથી કલેશ થાય.

**રાહુની**—શત્રુ અને રોગના ભયથી કલેશ, ભાઇઓનો નાશ, ધનનો નાશ અને કંઈ પણ સુખનો અભાવ.

**ગુરૂની**—ગાડી, વાહન, ઘણા પ્રકારના પૈસા, (ઝવેરાત વિગરે) કપડાં, ઘરેણાં, સંપત્તિ વિગરે આપે અને મહેનતથી પોતાની ઇચ્છા પૂર્ણ થાય.

**શનિની**—માતાને પીડા, પોતાના મનને કલેશ, કફ ને વાયુનો રોગ, દઢ ભાષા અને શત્રુઓ સાથે સંવાદ કરાવે.

**બુધની**—માતાના તરફના સગાંઓથી ધન, વિદ્વાનોનો મેળાપ, વસ્ત્ર અને અલંકારની પ્રાપ્તિ કરાવે.

**કેતુની**—સ્ત્રીને રોગ, ભાઇઓનો નાશ, પેટના રોગથી પીડા અને ધન મિલકતનો નાશ.

**શુક્રની**—સ્ત્રી તરફથી ધન, ખેતીવાડી ને ઢોરાંથી સુખ, પાણી અને કપડાંનું સુખ અને માતાને રોગી કરે છે.

**સૂર્યની**—રાજા જેવું ઐશ્વર્ય મેળવાવે, રોગ શત્રુનો નાશ કરી સારું સુખ આપે.

## મંગળની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**મંગળમાં મંગળની**—બહુ ગરમી, મિત્રોનો દ્વેષ, ભાઇઓને દુઃખ; રાજાથી ભય અને દરેક કામનો નાશ કરે.

**રાહુની**—રાજા અને ચોર વિગરેથી ભય, ધન તથા અનાજનો નાશ અને દુષ્ટ કામની સિદ્ધિ કરે.

**ગુરૂની**—બ્રાહ્મણો તરફથી પૈસા અને જમીનના લાભવાળો, નિરોગી સર્વ માણસોથી પૂજાનાર, જયવાળો અને સુખી કરે.

**શનિની**—દુઃખી, રોગી, શત્રુ, ચોર અને રાજાથી ભય અને ધનનો નાશ કરે.

**બુધની**—વૈશ્ય કે વેપારથી ધન મળે, ઘર, ગાય અને અનાજની સંપત્તિ મળે, શત્રુથી દુઃખ અને મનને કલેશ કરે.

**કેતુની**—પેટના રોગથી સંતાપવાળો, સગાં ને ભાઇઓથી દુઃખી અને ખરાબ માણસોથી શત્રુપણું કરાવે.

**શુક્રની**—સ્ત્રી, દાગીના, કપડાં, ભાઇઓથી ધન વિગેરેનું સુખ આપે અને સ્ત્રીયોના દ્વેષની વાર્તા કરનાર થાય.

**સૂર્યની**—અપવાદ ભોગવનાર, ગુરુનો દ્વેષ કરનાર, કલેશ કરનાર, રોગી તથા કુટુંબથી મનમાં દુખી થાય.

**ચંદ્રની**—ઘણા પ્રકારનું ધનનું સુખ, વસ્ત્ર, મોતી, મણિઓ, ઝવેરાત, દાગીના આપે; ગર્વ, નિદ્રા અને આળસ ઉત્પન્ન કરે.

## રાહુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**રાહુમાં રાહુની**—રોગી સ્ત્રીવાળો, મારામારી કરનાર, બુદ્ધિનો નાશ, ધનનો નાશ, દુર દેશ ફરનાર તેમજ બહુ દુઃખી કરે.

**ગુરૂની**—રોગ અને શત્રુનો નાશ, રાજાનો માનીતો, ધનવાન્, છોકરાના લાભવાળો અને બહુ ઉત્સાહી થાય.

**શનિની**—વાયુ અને પિત્તનો રોગી, ભાઈ અને મિત્રોથી પીડા, દૂર દેશે ફરનાર થાય.

**બુધની**—મિત્ર, સગાંવહાલાં, બંધુ, સ્ત્રી વિગેરેના સુખવાળો, ધન મેળવનાર અને રાજાની પ્રીતિવાળો થાય.

**કેતુની**—ચોરી કરનાર, માનનો નાશ, પુત્ર નાશ, ઢોરાંનાં મરણ અને દરેક રીતે ઉપદ્રવ થાય.

**શુક્રની**—પરદેશથી ગાડી, છત્ર, ચામર ને સંપત્તિ મેળવનાર તેમજ રોગી, શત્રુ અને ભાઇઓથી ભયવાળો થાય.

**સૂર્યની**—દાન અને ધર્મમાં પ્રીતિવાળો, સંતોષી, સર્વ પ્રકારની ચિન્તાઓનો નાશ અને સંસાર સંબંધથી રોગી કરે છે.

**ચંદ્રની**—સ્ત્રીના લાભવાળો, કલેશી, ધનનો નાશ, ચંચળ અને ભાઇઓ સાથે વિરોધ કરનાર કરેછે.

**મંગળની**—સર્વ ઉપદ્રવ, બધા કામોમાં મૂઢ અને યાદશક્તિ વિનાનો કરે છે.

## ગુરૂની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

ગુરૂમાં ગુરૂની—રાજાની પ્રીતિવાળો, બહુ આનન્દી, દરેક કામમાં ફત્તેહ મેળવનાર, વિદ્વાન, જ્ઞાની અને હુન્નરવાળો બનાવે છે.

શનિની—દ્વેષ બુદ્ધિવાળો, મનમાં સંતાપવાળો, પુત્રથી ધનનો નાશ અને ચાલુ કામમાં ધંધાનો નાશ કરે.

બુધની—વાણીઆથી ધનની પ્રાપ્તિ, રાજાનો સ્નેહ, સુખી અને સારાં કર્મથી સિદ્ધિ મેળવનાર કરે છે.

કેતુની—મોતી, પરવાળાં અને ભૂષણવાળો, તીર્થ યાત્રામાં ફરનાર.ધનવાળો, ગુરુ અને રાજાથી દુઃખી કરે છે.

શુક્રની—ગાડીઘોડા અને ધનવાળો, છત્ર અને ચામરના વૈભવવાળો, સ્ત્રીથી પીડાનાર અને માણસોમાં અપમાન પામનાર કરે છે.

સૂર્યની—શત્રુનો નાશ, જયવાળો, સુખી, બહુ આનંદી, ધનવાન્ રાજા સાથે પ્રીતિવાળો અને તંદુરસ્ત કરે છે.

ચંદ્રની—સ્ત્રીએ કરેલા કામોથી આનંદ અને ઐશ્વર્યવાળો, રાજાની પ્રીતિવાળો, સુખી, સુંદર કપડાં અને ઘરેણાંવાળો કરે છે.

મંગળની—ધંધામાં નુકશાન, ભટકનાર, તાવ અને બહુ ભયવાળો, ધનનો નાશ અને નિરુત્સાહી કરે છે.

રાહુની—સર્વ રીતે કલેશ, ભય, રોગ, ધનનો નાશ અને ઉપદ્રવ કરે છે.

## શનિની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

શનિમાં શનિ—કલેશ ને પીડાથી દુઃખી, અદેખાઇ અને ગર્વ કરવાથી બહુ શોકવાળો, રાજા અને ચોરોથી ધન તથા અનાજનો નાશ, બીજા માણસો પોતાની સાથે વિરોધ કરે એવો, રાજાના માણસોથી દુઃખી, ચાકર અને વૃદ્ધ સ્ત્રીની પ્રાપ્તિવાળો, પશુઓ અને ઝેરના ભયવાળો, દુઃખી સ્ત્રી અને છોકરાંવાળો, તાવ, વાયુ, કફ અને શૂળનો રોગી કરે છે.

બુધની—સુખ, ધન અને યશનો વધારો, સત્કર્મ કરનાર, આચારવાળો, સંપત્તિવાળો, ખેતીવાડી અને વેપાર કરનાર કરે છે.

કેતુની—વાયુ અને પિત્તનો રોગી, નીચ અને દુર્જનો સાથે કલેશ કરનાર અને ખરાબ સ્વપ્નોથી ભયવાળો કરે છે.

શુક્રની—સગાંવહાલાંઓનો સ્નેહ, લોકોની પ્રીતિ, સ્ત્રીઓથી ધન અને મીલકતવાળો, ખેતીવાડી અને બીજા એવા ધંધાઓથી સુખી કરે છે.

સૂર્યની—સ્ત્રી છોકરાંનો નાશ, રાજા અને ચોરોથી પીડા અને મનમાં ભય કરે.

ચંદ્રની—ગુરુની સ્ત્રીનું મરણ, દુઃખ, સગાં વહાલાંઓનો અણગમો, ધનની આવક અને વાયુનો રોગી કરે.

**મંગળની**—જમાનનો નાશ, મહારોગ, ઘણા પ્રકારનો મનમાં ભય અને ભાઇઓ અને મિત્રોથી પીડા કરે.

**રાહુની**—આખા શરીરમાં રોગ, સંતાપ, ચોરો, શત્રુઓ અને રાજાઓથી બહુજ ખરાબી અને પૈસાનો નાશ કરે.

**ગુરૂની**—દેવ અને બ્રાહ્મણોને પૂજનારો, રાજપ્રીતિ, બહુ સુખ અને હોદ્દાઓવાળો કરે છે.

## બુધની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**બુધમાં બુધની**—સુંદર ઘર અને ધનવાળો, બ્રાહ્મણો અને સગાં વહાલાંઓથી પૈસો મળે અને દરેક કામમાં સિદ્ધિ કરે.

**કેતુની**—સગાંઓથી પીડા, મનમાં સંતાપ અને સુખનો નાશ, દુશ્મનોથી ભય રહે અને દરેક કામધંધામાં નુકશાની કરે.

**શુક્રની**—ગુરુ, દેવ, અગ્નિ અને બ્રાહ્મણોને દાન આપનાર, ધર્મમાં પ્રીતિ રાખનાર, તપ કરનાર તેમજ ધન, વસ્ત્રો અને દાગીના વાળો કરે.

**સૂર્યની**—વસ્ત્રો, દાગીનાઓ અને ધનવાળો, રાજાની પ્રીતિવાળો, બહુ સુખી અને ધર્મનાં ભાષણ સાંભળનાર કરે.

**ચંદ્રની**—રોગી, શત્રુઓથી અદેખાઈ કરતો, દરેક કામનો નાશ અને ઢોરાંથી ભય કરે.

**મંગળની**—રોગ ને શત્રુઓના ભયનો નાશ, પુણ્ય કર્મોથી યશવાળો અને રાજ્યની પ્રીતિવાળો કરે.

**રાહુની**—મિત્રો અને સગાંવહાલાંથી ધન મેળવનાર, સુખ, વિદ્યા, દાગીના અને રાજ્યની પ્રીતિવાળો કરે.

**ગુરૂની**—મિત્રો, સગાં વહાલાંઓ અને ગુરુથી ધિક્કાર પામનાર, ધન અને છોકરાંઓનો વધારો અને રોગના ભયવાળો કરે.

**શનિની**—ધર્મ, સારાં કામ અને પૈસાનો વધારો, નાના નાના ઉમરાવોથી સુખી અને ખેતીવાડી વિગેરેનો નાશ કરે છે.

## કેતુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**કેતુમાં કેતુ**—સ્ત્રીયો અને છોકરાનું મરણ, સુખ અને ધનનો નાશ તેમ શત્રુથી ભય કરે છે.

**શુક્રની**—સ્ત્રી પુત્રના રોગથી ક્લેશી, બંધુઓ અને મિત્રોનો નાશ તેમ તાવ અને સંગ્રહણીનો રોગી કરે.

**સૂર્યની**—ઇચ્છાનો ભંગ, શરીરે દુઃખ, પરદેશ જવું, ભય અને દરેક કામમાં વિરોધ કરે.

**ચંદ્રની**—સ્ત્રી, પુત્રો અને નોકરોનો નાશ, આળસુ, ધન અને અનાજનો નાશ અને મનમાં સંતાપ કરે.

**મંગળની**—પોતાના છોકરાઓ, સ્ત્રી અને નાના ભાઇઓથી ધિક્કાર પામનાર, રોગ, શત્રુ અને રાજાઓથી પીડા અને સગાં વહાલાંનું મરણુ કરે.

**રાહુની**—રાજા ને ચોરોથી ભય, દુઃખ, દરેક કામનો નાશ અને ખરાબ માણુસ સાથે વિવાદ કરનાર કરે.

**ગુરૂની**—દેવ, બ્રાહ્મણુ અને ગુરૂની પ્રીતિ, રાજાઓથી સ્નેહ, રોગ વિનાનો, અને જમીન ને છોકરાંવાળો કરે.

**શનિની**—મનમાં ભય, સંતાપ, પોતાના ભાઇઓ અને સગાં વહાલાંએ સાથે કજીઓ કરનાર અને દેશનો ત્યાગ કરનાર કરે.

**બુધની**—સગાંવહાલાં અને મિત્રોનો મેળાપ, પુત્ર અને સ્ત્રી તરફથી ધનની આવક અને વિદ્યાથી સુખી કરે છે.

## શુક્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ.

**શુક્રમાં શુક્રની**—સુવાના છત્ર પલંગો, સ્ત્રી, ધન, સારાં કપડાં વિગેરેનું સુખ ભોગવનાર, ધર્મ અને સુખસંપત્તિવાળો, શત્રુનો નાશ અને કીર્તિનો લાભ કરે.

**સૂર્યની**—માથાનો, પેટનો વા આંખોનો રોગી, ખેતીવાડી, ઢોરાં અને ધનનો નાશ અને રાજાનો ક્રોધ કરાવે.

**ચંદ્રની**—નખ અને હાડકાંથી થયેલી માથાની પીડા અને કામલાદિ રોગ અને શરીરમાં કલેશ વિગેરે કરે.

**મંગળની**—પિત્ત, લોહી અને આંખોનો રોગી, બહુ આનન્દી, ધનની આવકવાળો અને સ્ત્રી જમીનના લાભવાળો કરે છે.

**રાહુની**—કાળી વસ્તુથી ધનનો લાભ અને બંધુઓ સાથે કલેશવાળો, મિત્રોથી ભય અને અગ્નિથી નુકશાન કરે.

**ગુરૂની**—ધન, વસ્ત્ર, ઘરેણાંવાળો, ધર્મ પ્રમાણે વર્ત્તનાર, સુખી, રોગી સ્ત્રી અને રોગી છોકરાંવાળો, અથવા ઘરમાં કલેશ કરનાર કરે.

**શનિની**—ઘરડી સ્ત્રીઓ ભોગવનાર, ઘર, જમીન અને ધનની આવકવાળો અને શત્રુનો નાશ કરે.

**બુધની**—છોકરાં અને મિત્રથી સારૂ સુખ, ધનવાન્, રાજા સાથે પ્રીતિવાળો, બહુ સુખી અને નિરોગી કરે.

**કેતુની**—કલેશ, સગાં સ્નેહીઓમાં મરણુ, શત્રુથી પીડા અને મનમાં ભય કરે છે.

હવે ગ્રંથકાર છેવટે પોતાનું નિરભિમાનપણું બતાવે છે.

**फलानि ग्रहचारेण सूचयन्ति मनीषिणः ॥**
**को वक्ता तारतम्यस्य तमेकं वेधसं विना (॥ ४७ ॥)**

બુદ્ધિમાન્ પુરુષો ગ્રહોના ફરવાપર આધાર રાખી ફલોનું સૂચન કરેછે, કારણ કે તારતમ્યને કહેનાર એક બ્રહ્મા વિના કોણ છે ? (૪૭)

જ્યોતિષશાસ્ત્રને જાણનારા વિદ્વાન્ પુરુષો મનુષ્યના જન્મમાં શું થવાનું છે અને તે ક્યારે થશે તે સંબંધમાં ગ્રહો પર આધાર રાખી સર્વ કથન કરેછે.

એ ગ્રહોના સંબંધમાં મોટા મોટા આ દેશના અથવા દેશાન્તરના પંડિતોએ અનેક ગ્રંથો રચ્યા છે. આપણા ત્રિકાળજ્ઞ ઋષિ મુનિઓએ તો તેમનું પ્રમાણ, ચલન, ગતિ, સ્થિતિ વગેરે સર્વ આગળથીજ જણાવી આપેલું છે કે જેને માટે આજે આપણે તેમના ઋણી છીએ. તેમના ગ્રંથો જોવાથી વાચકોને સ્વાભાવિક રીતેજ એ ગ્રહોના સંબંધની સર્વ હકીકત જણાશે, છતાં પણ તે સર્વની સૃષ્ટિના વિધાતાની ગતિ જુદીજ છે એટલે તેના જેવી શક્તિમત્તા તો બીજામાં નજ હોય એ સ્વાભાવિક છે. વિશેષ એ બાબતમાં શું કહી શકાય !

ગ્રંથકારનું નામ વગેરે આ છેલ્લા શ્લોકપરથી જણાવવામાં આવેછે.

**यज्ञनारायणाभिख्यमायजूकतनूभुवा ।**
**श्रीवेंकटेश्वरार्येण कृता जातकचन्द्रिका (॥ ४८ ॥)**

યજ્ઞનારાયણદીક્ષિતના અને માયજૂકમાતાના પુત્ર શ્રી વેંકટેશ-શર્માએ આ જાતકચંદ્રિકા–ઉડુદાયપ્રદીપ–નામનો ગ્રંથ રચ્યો છે.(૪૮).

ગ્રંથકારના સંબંધમાં બે ત્રણ પ્રતો મળવા છતાં પણ તે ક્યાંના રહેવાશી અથવા ક્યારે આ ગ્રંથ તેમણે કર્યો તે સંબંધમાં કોઇ હકીકત મળી શકી નથી, તો પણ આ છેલ્લા શ્લોકથી જે પ્રમાણ મળ્યું તે અત્રે આપવામાં આવ્યું છે.

**॥ इति " उडुदायप्रदीपे " " अंतर्दशाध्यायः "चतुर्थः समाप्तः ॥**

**આ પ્રમાણે " ઉડુદાયપ્રદીપમાં " " અંતર્દશાધ્યાય " નામનો અધ્યાય ચોથો સંપૂર્ણ.**

ઇતિશ્રી ગુર્જરપ્રદેશાન્તર્ગત "રાજપિપલા" સંસ્થાનાન્તર્વર્તિ નર્મદાતટસ્થ " ભાલોદ " ગ્રામનિવાસી " શાસ્ત્રી તુલજાશંકર ધીરજરામ પંડ્યા " કૃતગુર્જરવિવરણસહિત " ઉડુદાયપ્રદીપ " સમાપ્ત.

॥ શ્રીઃ ॥

પોતે વાંચો ] **" હિરણ્યગર્ભ-કાર્યાલય. "** ] બીજાને વંચાવો

સંચાલક :- **શાસ્ત્રી તુલજાશંકર ધીરજરામ પંડ્યા.**
ઠે. (કાંદાવાડી,) ખાડીલકર રોડ, કલ્યાણ મોતીની ચાલ નં. ૧, ૩જે માળે, **મુંબઈ, ૪.**

આ કાર્યાલયમાં સંસ્કૃત, હિંદી તથા મરાઠીમાંથી **ગુજરાતી ભાષાંતર** કરી આપવામાં આવે છે તેમ પુસ્તકોનું **સંશોધન** વિગેરે કરી આપી પુસ્તકો છપાવી તૈયાર કરાવી આપવામાં તેમ વેચાતાં પણ **મેળવી આપવામાં** આવે છે.

થોડા પૈસા માટે લોભ કરી ધાર્મિક પુસ્તકો અશુદ્ધ છપાવી પુણ્યને બદલે પાપ વ્હોરવા કરતાં **તેનું સંશોધન કરાવી** પુણ્ય મેળવવા પ્રયત્ન કરો, અને તેથી તે સંશોધનનું કાર્ય અલ્પ મૂલ્યે પણ ઉત્તમ રીતે કરાવવા ઇચ્છા હોય તો અમારા કાર્યાલયમાં એક વખત આપવા અમારી ખાસ ભલામણ છે.

## અમારી ધાર્મિક ગ્રંથમાળાનાં પુસ્તકો

**સ્તોત્રચિન્તામણિ** :—ભાગ ૧ લો-( સચિત્ર ) પંચાયતન દેવનાં ૭૫ સુપ્રસિદ્ધ સ્તોત્રો ગુજરાતી અર્થ સહિત. મૂલ્ય રૂ. ૪. પો. ૦॥= ( નથી )

**શ્રીગોપિકાગીત** :—લલિત છંદમાં ગુજરાતી ભાષાંતરસહિત કિં. ૦।= પો. ૦)=

**શ્રીત્ર્યંબકમાહાત્મ્ય** :—સચિત્ર શ્રીત્ર્યમ્બકક્ષેત્રનો અલૌકિક મહિમા દર્શાવનાર કથાઓથી ભરપૂર ગુજરાતી ભાષાંતર, કિં. ૦-૧૦-૦ પો. ૦-૩-૦.

**શ્રીરુદ્રાક્ષમાહાત્મ્ય** :—રુદ્રાક્ષનું માહાત્મ્ય બતાવનાર રુદ્રાક્ષજાબાલો-પનિષદ્‌નું અન્ય શ્લોકો સહિત ગુજરાતી ભાષાંતર. કિં. ૦-૪-૦ પો. ૦-૨-૦.

**શ્રીગોવિંદ-દામોદર-માધવસ્તોત્ર** :—ભક્તરાજ બિલ્વમંગલકૃત ભગવાન્ શ્રીકૃષ્ણની ભક્તિરૂપ ભાવવાહી કાવ્ય-ગુજરાતી ભાષાંતર સાથે કિં. ૦-૬-૦ પો. ૦-૨-૦.

**શ્રીદેવીસ્તોત્રો** :—( ચંડીપાઠનાં ) ચંડીપાઠમાં આવેલાં દેવીસૂક્ત, રાત્રિસૂક્ત તથા શક્રાદિસ્તુતિનું મૂલસહિત ગુજરાતી ભાષાંતર કિં. ૦-૩-૦ પો. ૦-૨-૦.

**શ્રીરામરક્ષા અને નવગ્રહસ્તોત્રો**:—(જપાદિવિધિસહિત) ગ્રહોની પીડાની શાંતિ માટે અવશ્ય પાઠ કરવા યોગ્ય. ગુજરાતી અર્થ સાથે મૂલ્ય ૦-૧૨-૦ પો. ૦-૨-૦.

**સંક્ષિપ્તનિત્યકર્મપ્રયોગ** :—અંગ્રેજી ભણનાર દ્વિજ બાળકો માટે ખાસ ઉપયોગી, કિં. ૦-૬-૦ પો. ૦-૨-૦. ( નથી )

**शुक्लयजुर्वेदीयरुद्राष्टाध्यायी (परिशिष्टयुक्ता) ગુજરાતી ભાષાંતર સહિત (નથી)**

**पाणिग्रहणसंस्कारप्रयोग** :—અનુપનીતોને લગ્ન કરાવવા માટેનો અત્યુત્તમ ગ્રંથ, (ગણપતિપૂજન, પુણ્યાહવાચન, વાગ્દાન તથા મંગલાષ્ટક અને સપ્તપદીના ભાષાંતર સહિત) વિનામૂલ્ય (બહાર ગામવાળાએ ૩ આનાની ટીકીટ મોકલવી.)

**पुराणोक्तश्रीमहालक्ष्म्यादिपूजाप्रयोग** :—દીવાળીમાં લક્ષ્મીપૂજન તથા ચોપડા પૂજન માટે ઉપયોગી મૂલ્ય ૦-૪-૦. પો. ૦-૨-૦ (૬ આનાની પોષ્ટની ટીકીટ મોકલવી)

**शुक्लयजुःशाखीयषड्पिंडविधि** :—ગુજરાતી સમજણ સાથે મૂલ્ય ૦-૮-૦. પો. ૦)=

શ્રદ્ધાપૂર્વક પાઠ કરનાર સ્ત્રીપુરુષને ઉત્તમ પ્રજા, આયુષ્ય, સંપત્તિ અને આત્મજ્ઞાનની ચમત્કારિક રીતે પ્રાપ્તિ થાય છે માટે નીચેનું ચમત્કારિક પુસ્તક 'માર્કંડેયપુરાણ" સચિત્ર–ગુજરાતી ભાષાંતર આજેજ મંગાવો.

**હજી સુધી આ પુસ્તક ગુજરાતી ભાષામાં બહાર પડયું નથી.**

રોયલ આઠ પેજી ] **શ્રીમાર્કંડેયપુરાણ** [ લગભગ ૪૫૦ પેજ

**૫૦ (સચિત્ર ગુજરાતી ભાષાંતર) ચિત્રો**

**પાકું પુઠું :-રૂ. ૮-૦-૦ પોષ્ટેજ રૂ. -૧-૪-૦**

જેમાં **જગદમ્બિકાના માહાત્મ્યરૂપ** આખો **ચંડીપાઠ** આવી જાય છે.

**તા. ક:**—કોઇનો ફોટો કે જીવનચરિત્ર મૂકવા ઇચ્છા હશે તો કેટલીક કોપી વગર બંધાવેલી પણ છે, માટે પિતા, માતા, ભાઈ કે કોઇનો ફોટો મૂકી પુસ્તકો તૈયાર કરાવી દાનમાં, ભેટમાં, કે જ્ઞાતિમાં લહાણી કરી પૈસાનો સદુપયોગ અને જીવનનું સાફલ્ય કરો.

**શાસ્ત્રી તુલજાશંકર ધીરજરામ પંડ્યા**

સનાતનધર્મમાર્તંડ

ખાડીલકર રોડ (કાંદાવાડી), કલ્યાણ બીલ્ડીંગ નં. ૧, ત્રીજે માળે, મુંબઈ નં. ૪.

પુસ્તકો ઉપલે સરનામેથી મળશે.

---

આ પુસ્તક **સંયોજક** તથા **પ્રકાશકને** ત્યાંથી મળશે. બહારગામવાળાએ **૦-૧૨-૦** પોષ્ટની ટીકીટ મોકલવી.



પ્રકાશક :—**શ્રી. કનૈયાલાલ મણિલાલ ઝવેરી,** સેન્ડહર્સ્ટ રોડ, પારેખ હોસ્પીટાલ સામે, માખરીઆ હાઉસ, ત્રીજે માળે, મુંબઈ નં. ૪

મુદ્રક :—**દત્તાત્રય વિશ્વનાથ પાઠક,** જગદીશ્વર પ્રીન્ટીંગ પ્રેસ, ગિરગાંવ ગાયવાડી, મુંબઈ નં. ૪